॥ ઉઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી કાર્યરત રહો. ॥

# વિવેકાનંદ એકેડમી

VIVEKANAND ACADEMY

## June-2021

# કરન્ટ અફેર્સ

































# વિવેકાનંદ એકેડમી

VIVEKANAND ACADEMY

700, મુખ્ય શોપીંગ સેન્ટર, ઇન્કવાયરી ઓફિસ સામે, સેક્ટર-22, ગાંધીનગર.

**M:9925698721 | 8490927713**

ખાસ નોંધ : સંસ્થાની એપ્લિકેશન "Vivekanand Academy" પર રોજેરોજનું કરન્ટ મુકવામાં આવે છે.જેની વિઝીટ કરવા વિનંતી

## સ્થાનિક બાબતો

**1. નિમણૂક : ગુજરાત કેડરના IAS ડૉ. જયંતિ રવિની તામિલનાડુના ઓરોવિલ આશ્રમના સચિવ તરીકે નિમણૂક**

- ✓ ગુજરાત કેડર : 1991 બેચ
- ✓ ત્રણ વર્ષ માટે પ્રતિ નિયુક્તિ

**એરોવિલ ફાઉન્ડેશન વિશે :**




- ✓ માતા મીરાં અલફાસા દ્વારા સ્થપાયેલા ઓરોવિલ આશ્રમ ફાઉન્ડેશન અંગે કેન્દ્ર સરકારે અલાયદો એક્ટ બનાવી સુપ્રીમ કોર્ટની સૂચનાથી તેને જાન્યુઆરી-91માં નોટિફાય કરેલું છે અને અત્યારે તે ફાઉન્ડેશન કેન્દ્રના માનવ સંસાધન મંત્રાલય હેઠળ સ્વાયત્ત સંસ્થા તરીકે કાર્યરત છે.
- ✓ પોંડિચેરી નજીક તામિલનાડુના વિલુપુરમ જિલ્લામાં આવેલા ઓરોવિલનો અર્થ 'સિટી ઓફ ડોન' થાય છે, જે એક આધ્યાત્મિક સમુદાય છે અને માનવ એકતાના ઉદ્દેશથી સ્થાપિત છે.
- ✓ **'ધ મધર' નામના ફ્રેન્ચ મહિલા મીરા રિચર્ડ દ્વારા 1968માં સ્થાપના કરવામાં આવી હતી.**
- ✓ તેઓ અરોબિંદોના અનુગામી હતા અને એક જાણીતા ભારતીય આધ્યાત્મિક નેતા હતા.
- ✓ ઓરોવિલ ફાઉન્ડેશન ભારત સરકારના નિયંત્રણમાં છે અને તેના બોર્ડના સભ્યો માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા નિયુક્ત થાય છે.
- ✓ ડૉ. જયંતી રવિ આ આશ્રમના ચુસ્ત અનુયાયી છે.

**2. કેન્દ્ર સરકાર : CBSE બોર્ડની ધો-12ની પરીક્ષાઓ કોરોનાને કારણે રદ કરાઈ (શિક્ષણ)**

**CISCE અને ISCની પરીક્ષાઓ પણ રદ**

- ✓ કોરોનાની સ્થિતિ સુધર્યા બાદ વિદ્યાર્થીઓની ઈચ્છા હશે તો તે પરીક્ષા આપી શકશે
- ✓ અંદાજે 1.5 કરોડ વિદ્યાર્થીઓને અસર
- ✓ CBSE સુવ્યાખ્યાયિત વૈકલ્પિક માપદંડો અપનાવીને પરિણામ નિશ્ચિત સમયમર્યાદામાં જાહેર કરાશે
- ✓ **CBSE: સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકેન્ડરી એજ્યુકેશન**
- ✓ **CISCE: કાઉન્સિલ ફોર ઈન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ એક્ઝામિનેશન**
- ✓ **ISC : ઈન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ**

**3. માઈન્ડ ફોગિંગ : કોરોના શિક્ષણ-પરીક્ષા અંગે અનિશ્ચિતતાથી વિદ્યાર્થીઓ માઈન્ડ ફોગિંગનો ભોગ બન્યા (મનોવિજ્ઞાન)**

**માઈન્ડ ફોગિંગ શું છે ?**

- ✓ વિદ્યાર્થીઓ આગળનું ઘણું બધું વિચારે છે, પરીક્ષા કેવી લેવાશે? પરીક્ષાની તૈયારી સાથે જોડાયેલા પ્રશ્નો અને કોરોના સમયની જિંદગીમાં બનેલી ઘટનાઓ, જેવી ઘણી બાબતો મનમાં ઘર્ષણ કરાવે છે. જેના પરિણામ રૂપે વિચારવાની ક્ષમતા ઘટવાના લીધે ફોકસ ના કરી શકવું, વિચારો વ્યક્ત કરવા માટેના શબ્દો ન મળવા, બેચેની થવી, ચીડિયાપણું, ગભરામણ થવી જેવી માનસિક તકલીફને માઈન્ડ ફોગિંગ કહે છે.

**માઈન્ડ ફોગિંગના લક્ષણો :**

- ✓ ફોકસ ના કરી શકવું, ધ્યાન નાં રહેવું. મગજ એક બાબત અને બીજી બાબતમાં તેમજ જુદા જુદા ટોપિકમાં વિચારોના લીધે જે બિનજરૂરી હોય છે. કોરોના સંબંધી વિચારો અને જે ઘટનાઓ થઈ હોય તેના રિલેટેડ વિચારો, પરીક્ષાની તારીખ બાબતે, જુદી જુદી બાબતે જુદા જુદા વિચારોમાં રહેવાને લીધે અભ્યાસ પર જોઈએ એટલું ફોક્સ નથી કરી શકતા અને જેના કારણે ઘણીવાર રીઝલ્ટમાં પણ એની અસર પડે છે. વાંચેલું યાદ રહેતું નથી, આગળ વાંચે છે અને બીજું ઘણું બધું ભૂલાતું જાય છે આ વર્ષે વાચન માટે પણ ઘણો લાંબો સમય રહ્યો હોવાથી રિવિઝનમાં પણ આળસ થવી.

**માઈન્ડ ફોગિંગથી બચવા શું કરવું જોઈએ :**

- ✓ મેડિટેશનથી એકાગ્રતા વધારવામાં સુધારો થાય
- ✓ પ્લાનિંગથી વાંચવું જેથી ટ્રેક ઉપર રહેવાય, કેટલા દિવસ બાકી છે, કેટલા વિષયો ને કેવી રીતે વાંચવાના છે, વાંચવાનો કેટલો સમય આપવાનો છે, રિવિઝન કયા ટાઇમે કરવાનું છે, બ્રેક ક્યારે લેવાની છે જુદી જુદી પ્રવૃત્તિ બાબતનું ધ્યાન રાખવાથી ઘણો ફાયદો થાય છે.

**પરીક્ષાનો ડર ઘટાડવાની ટિપ્સ :**

- ✓ યાદ રાખવાના મુદ્દા બરાબર સમજવા લખવા અને મગજમાં યાદ રાખવા.
- ✓ પૂરતી ઊંઘ લેવી - ડિસ્ટ્રેક્શન ઘટાડવું જેથી ફોકસ વધી શકે
- ✓ તમારું ફોકસ લિમિટેડ કરવું - વધુ પડતું ના વિચારવું
- ✓ શોર્ટ બ્રેક લેવા - પ્રેક્ટિસ રેગ્યુલર કરતા રહેવું

**4. નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-2005**

- ✓ વર્ષ 2004માં સુનામીમાં હજારો માણસોના મૃત્યુ થયાં ત્યારે રચવામાં આવ્યો હતો. 24 માર્ચ 2020ના દિવસે તેને કોરોના મહામારી સંદર્ભે પહેલી વખત અમલમાં મૂકવામાં આવ્યો હતો.
- ✓ કાયદો કહે છે કે કેન્દ્ર દ્વારા કે કેન્દ્ર વતી નેશનલ એક્ઝિક્યુટીવ કમિટી, રાજ્ય કમિટી અથવા જિલ્લા અધિકારીની સૂચનાનું કર્મીઓએ પાલન કરવાનું રહે છે. જો તેમ ન કરવામાં આવે તો તે ગુનો બને છે.
- ✓ કલમ 51માં કેન્દ્રના સૂચનને ના માનવા બદલ બે વર્ષની કેદ અને દંડ અથવા બંને સજા થઈ શકે.

**5. ભારતીય ચૂંટણીપંચ-નવી દિલ્હી : આગામી વર્ષ 2022માં પાંચ રાજ્યોના વિધાનસભા ચૂંટણી યોજાશે**

**1. ગોવા 2. મણિપુર 3. પંજાબ**
**4. ઉત્તરાખંડ 5. ઉત્તરપ્રદેશ**

**મુદત :**

- ✓ ગોવા, મણિપુર, પંજાબ અને ઉત્તરાખંડ વિધાનસભાની મુદ્દત માર્ચ, 2022માં સમાપ્ત થશે જ્યારે ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણીની મુદત મે, 2022માં સમાપ્ત થશે.

## આંતરરાષ્ટ્રીય બાબતો

## 6. ચીન : જિયાંગસુ પ્રાંતમાં માનવીમાં બર્ડ ફ્લૂ-H10N3નો પ્રથમ કેસ (આરોગ્ય)




✓ શહેર : ઝેનજિયાંગ

**શું છે બર્ડ લૂનો H10N3 સ્ટ્રેન :**

✓ H10N3 સ્ટ્રેન મરઘાંમાં ફેલાતો ઓછો ઘાતકી બર્ડ ફ્લૂનો વાઇરસ છે. તેનું સંક્રમણ મોટાપાયે પ્રસરવાનું જોખમ ઘણું ઓછું છે.

✓ H5N8 ઇન્ફ્લૂએન્ઝા એ વાઇરસનો જ પ્રકાર છે જેને બર્ડ ફ્લૂના વાઇરસ તરીકે ઓળખાય છે. આ વાઇરસ માનવી માટે ઓછો જોખમી છે પરંતુ જંગલી પક્ષીઓ અને મરઘાં માટે ઘાતકી પુરવાર થાય છે.

**H10N3 સ્ટ્રેન સામાન્ય વાઇરસ નથી : નિષ્ણાત**

✓ સેન્ટર ફોર ટ્રાન્સ બાઉન્ડ્રી એનિમલ ડિસીઝની એશિયા-પેસિફિક રિજિયોનલ ઓફિસ ખાતેના ઇમર્જન્સી સેન્ટરના કોઓર્ડિનેટર ફિલિપ ક્લસે જણાવ્યું હતું કે, બર્ડ ફ્લૂનો આ સ્ટ્રેન સામાન્ય પ્રકારનો વાઇરસ નથી. 2018 સુધીના છેલ્લા 40 વર્ષોમાં વાઇરસના 160 સ્ટ્રેન સામે આવ્યા છે જેમાંના મોટાભાગના એશિયાના જળચર અને જંગલી પક્ષીઓમાં નોંધાયાં છે.

## 7. માનવતાવાદી મિશન : USA

**બીજા વિશ્વ યુદ્ધમાં ભારતમાં ગૂમ USના 400 સૈનિકોના અવશેષો શોધવા મિશન**

✓ **MOU :** નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી-ગાંધીનગર અને US ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સ વચ્ચે MOU

NFSU
National Forensic Sciences University
Knowledge | Wisdom | Fulfilment
An Institution of National Importance
(Ministry of Home Affairs, Government of India)
विद्या अमृतं अश्नुते

✓ અમેરિકાએ જુદા જુદા યુધ્ધ દરમિયાન તેના ગુમ થયેલા મનાતા 81,800 સૈનિકોના અવશેષો શોધીને તેમના પરિવારોને પરત સોંપવા માનવતાવાદી મિશન હાથ ધર્યું.

✓ જેના ભાગરૂપે ભારતમાં બીજા વિશ્વયુધ્ધ દરમિયાન અમેરિકાના 400 સૈનિકો ગુમ થયા હતા.

✓ આ સૈનિકોના અવશેષો શોધી, તેની સાયન્ટિફિક ઓળખ પ્રસ્થાપિત કરવા માટે ગાંધીનગર સ્થિત નેશનલ ફોરેન્સિક યુનિવર્સિટી સાથે યુનિવર્સિટી ઓફ નેબ્રાસ્કા-લીંકને એમઓયુ કર્યા.

✓ યુનિવર્સિટીના પાર્ટનર યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સની અંડરમાં ડિફેન્સ પ્રિઝનર ઓફ વોર-મિસીંગ ઇન એક્શન એકાઉન્ટીંગ એજન્સી આ કાર્યવાહી કરશે.

**સૈનિકોના અવશેષો કેવી રીતે શોધવામાં આવશે**

✓ નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના ફોરેન્સિક ડેન્ટીસ્ટ ડૉ.ગાર્ગી જાની આ મિશનના પ્રોજેક્ટ મેનેજર છે. તેમણે કહ્યું કે, એન્થ્રોપોલોજી, ફોરેન્સિક આર્કિયોલોજી અને ફોરેન્સિક ડેન્ટીસ્ટ્રી એમ ત્રણ પ્રકારે શોધખોળ થશે.

✓ જે સૈનિકો કે ડિફેન્સ પર્સોનલ ગુમ છે તેમનો ડેટા યુએસની એજન્સી પાસે હોય જ છે. હાડકા, દાંત વગેરે થકી તેની ઓળખ કરવામાં આવશે. આ ઓળખ સાયન્ટિફિક રીતે કરવામાં અમે યુએસ એજન્સીને મદદ કરીશું.

✓ નોર્થ-ઇસ્ટના અરૂણાચલ પ્રદેશ સહિતના રાજ્યોમાં આ સૈનિકો ગયા હોય શકે છે. તેના આધારે સૌપ્રથમ ત્યાં શોધખોળ હાથ ધરીશું.

**આટલા વર્ષો બાદ શોધખોળ શા માટે ? :**

✓ પ્રોજેક્ટ મેનેજર ડૉ.ગાર્ગી જાનીએ કહ્યું કે જે સૈનિકો કે ડિફેન્સ પર્સોનલ વોરમાં ગયા હોય તેમના કોઇ અવશેષ મળ્યાં નથી. તેઓ પાછા ફર્યા નથી. આ સંવેદનશીલ બાબત છે.

✓ હાડકા, દાંત વગેરે અવશેષો મળશે તેને સાયન્ટિફિક રીતે ચકાસીને મૃતક સૈનિકના પરિવારને સોંપવામાં આવશે જેથી તેમને સાંત્વના મળશે.

**ગાંધીનગરની યુનિવર્સિટી જ શા માટે ? :**

✓ નેશનલ ફોરેન્સિક યુનિવર્સિટી વિશ્વમાં એકમાત્ર ફોરેન્સિક યુનિવર્સિટી છે કે જ્યાં ફોરેન્સિક સાયન્સના કોર્સ ભણાવાય છે. આ ક્ષેત્રના નિષ્ણાતો તૈયાર કરવામાં આવે છે.

✓ ગુજરાતની એફએસએલ લેબ સમગ્ર દેશમાં જાણીતી છે. આ લેબોરેટરીએ ઘણા મહત્વના કેસમાં સાયન્ટિફિક રીતે કેસ પુરવાર કરવામાં મદદ કરી છે.

## 8. એશિયન બોક્સિંગ ચેમ્પિયન-2021




✓ યજમાન : દુબઇ

**ભારતની સિદ્ધિ :**

**પુરુષ કેટેગરી**

✓ ગોલ્ડ : 02 - સિલ્વર : 05 - બ્રોન્ઝ : 08

✓ કુલ : 15 મેડલ્સ

**મહિલા કેટેગરી**

✓ ગોલ્ડ : 01 - સિલ્વર : 03 - બ્રોન્ઝ : 06

✓ કુલ : 10

✓ આયોજનનો સમયગાળો : તા. 24થી 31 મે-2021

## 9. WHO : કોરોનાના નવા વેરિઅન્ટના નામ રાખવાની નવી પદ્ધતિનો અમલ (આરોગ્ય)

✓ નવી પદ્ધતિ મુજબ નવા વેરિઅન્ટને ગ્રીક ભાષાના શબ્દો ઉપરથી નામ અપાશે

**ભારતમાં મળેલા નવા વેરિઅન્ટના નામ :**

✓ વેરિઅન્ટ B.1.617.1 : **કપ્પા** - વેરિઅન્ટ B.1.617.2 : **ડેલ્ટા**

✓ બ્રિટન વેરિઅન્ટનું નામ : આલ્ફા

✓ દક્ષિણ આફ્રિકાના વેરિઅન્ટનું નામ : બીટા

| WHO label | Pango lineage | GISAID clade/lineage | Nextstrain clade | Earliest documented samples | Date of designation |
|---|---|---|---|---|---|
| Epsilon | B.1.427/B.1.429 | GH/452R.V1 | 20C/S.452R | United States of America, Mar-2020 | 5-Mar-2021 |
| Zeta | P.2 | GR | 20B/S.484K | Brazil, Apr-2020 | 17-Mar-2021 |
| Eta | B.1.525 | G/484K.V3 | 20A/S484K | Multiple countries, Dec-2020 | 17-Mar-2021 |
| Theta | P.3 | GR | 20B/S:265C | Philippines, Jan-2021 | 24-Mar-2021 |
| Iota | B.1.526 | GH | 20C/S:484K | United States of America, Nov-2020 | 24-Mar-2021 |
| Kappa | B.1.617.1 | G/452R.V3 | 21A/S:154K | India, Oct-2020 | 4-Apr-2021 |

| WHO label | Pango lineage | GISAID clade/lineage | Nextstrain clade | Earliest documented samples | Date of designation |
|---|---|---|---|---|---|
| Alpha | B.1.1.7 | GRY (formerly GR/501Y.V1) | 20I/S:501Y.V1 | United Kingdom, Sep-2020 | 18-Dec-2020 |
| Beta | B.1.351 | GH/501Y.V2 | 20H/S:501Y.V2 | South Africa, May-2020 | 18-Dec-2020 |
| Gamma | P.1 | GR/501Y.V3 | 20J/S:501Y.V3 | Brazil, Nov-2020 | 11-Jan-2021 |
| Delta | B.1.617.2 | G/452R.V3 | 21A/S:478K | India, Oct-2020 | VOI: 4-Apr-2021 VOC: 11-May-2021 |

**કોવિડ-19ના નામનો ઈતિહાસ :**

- ✓ કોવિડ શબ્દ ત્રણ અક્ષરનું કોમ્બિનેશન
- ✓ **કોવિડમાં કો કોરોનાનો છે, વી વાઇરસનો છે અને ડી ડિસીઝનો** છે.
- ✓ **COVID-19 = CO-CORONA, VI-VIRUS અને D-DISEASE.**
- ✓ કોરોના વાઇરસ ડિસીઝને કોવિડ કહેવાયો અને તેની સાથે જે વર્ષમાં પેદા થયો એ વર્ષ 2019માંથી 19 લેવાયું. આમ કોવિડ-19 વાઇરસનું નામકરણ થયું.
- ✓ કોરોનાનો કોઇ નવો વેરિએન્ટ મળે એટલે તેને જે તે દેશના નામ સાથે જોડી દેવામાં આવે છે પણ જ્યાંથી કોરોના પેદા થયો છે એ ચીન કે વુહાનનું નામ શેનીયે સાથે લગાવવામાં આવતું નથી.

**ભારતનો વિરોધ :**

- ✓ આપણા દેશમાં કોરોનાના જે વેરિએન્ટ મળ્યા છે એ બંને B.1.617.1 અને B.1.617.2ની જ્યારે પણ દુનિયામાં વાત થાય છે ત્યારે તેને ઇન્ડિયન વેરિએન્ટ કહેવામાં આવે છે.
- ✓ દુનિયાના મીડિયામાં પણ ભારતીય વેરિએન્ટ જેવા શબ્દો વાપરીને ભારતને બદનામ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે.
- ✓ આપણા દેશે તેની સામે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનમાં વિરોધ નોંધાવ્યો અને કહ્યું કે, કોરોનાના કોઇ વેરિએન્ટ સાથે કોઇ દેશનું નામ જોડવું વાજબી નથી.
- ✓ ડબલ્યુએચઓએ ભારતના વિરોધ પછી કોરોનાના વેરિએન્ટનાં નામ રાખવાની પદ્ધતિ જ બદલાવી નાખી છે.

**10. કાળા સમુદ્રમાં યુરોપ-અમેરિકા નાટોનું શક્તિ પ્રદર્શન-યુદ્ધ અભ્યાસ**

- ✓ વિશ્વના 11 દેશોના 19 યુદ્ધ જહાજો અને 5 હજાર સૈનિકો જોડાયા



- ✓ આંતરરાષ્ટ્રીય તખ્તા પર રાજકારણ ગરમાયેલું છે. અમેરિકા અને યુરોપીયન દેશોની સામે ચીન તેમજ રશિયા જેવા દેશો બાંયો ચઢાવી રહ્યા છે.
- ✓ ઈરાન તેમજ નોર્થ કોરિયા જેવા દેશો પણ પોતાની સૈન્ય શક્તિમાં વધારો કરવાની સાથે તીખા તેવર બતાવી રહ્યા છે.
- ✓ આવી પ્રવાહી પરિસ્થિતિની વચ્ચે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ જો બાઇડેન અને રશિયાના સુપ્રીમો વ્લાદિમીર પુટિન વચ્ચે ઉચ્ચ સ્તરીય મુલાકાત થવાની છે.
- ✓ બંને દેશોના સત્તાધીશોએ એકબીજા પર શાબ્દિક મિસાઇલના હૂમલા તો અગાઉ કર્યા છે, પણ હવે ટેબલ પર આમને સામનેની સૌજન્યસભર મુલાકાત પૂર્વે શક્તિ પ્રદર્શનનો સિલસિલો શરૂ થયો છે.
- ✓ કુલ 19 યુદ્ધ જહાજો પોર્ટુગલની નજીક આવેલા કાળા સમુદ્રને ધમરોળી રહ્યા છે.
- ✓ એરક્રાફ્ટ કેરિયર્સ, ડિસ્ટ્રોયર્સ, ફ્રિગેટ્સ જેવા જહાજોની સાથે રોયલ એરફોર્સના એફ-3 પૂબી લાઇટનિંગ સ્ટેલ્થ ફાઇટર્સ પોર્ટુગીઝ એફ-16 ફાઇટિંગ ફાલ્કન્સ અને સ્પેનિશ એફ-18 હોર્નિટ્સ જેવા આધુનિક ફાઇટર વિમાનો પણ આ અભ્યાસમાં જોડાયા છે.
- ✓ અમેરિકાએ તેના એન્ટિ-સબમરીન વોરપ્લેન્સ જેવા કે પોસૅડોન અને ઓરિઓનને પણ કાળા સમુદ્રમાં ઉતાર્યા છે.
- ✓ બ્રિટનના રોયલ નેવીનું ત્રણ અબજ પાઉન્ડનું એચએમએસ ક્વિન એલિઝાબેથ પણ નાટોની નૌસેનાની કવાયતમાં સામેલ થયું છે.
- ✓ આ યુદ્ધાભ્યાસ પૂર્વે રશિયાએ તેની તમામ સબમરીન્સ તેમજ નૌસેના અને વાયસેનાને આ વિસ્તારમાં દેખરેખ માટે ઉતાર્યા છે .

**નાટો વિશે :**

- ✓ નોર્થ એટલાન્ટિક ટ્રિટી ઓર્ગેનાઇઝેશને જે નાટો તરીકે ઓળખાય છે, તેણે કાળા સમુદ્રમાં યુદ્ધાભ્યાસનો પ્રારંભ કર્યો છે.
- ✓ અમેરિકાની સાથે સાથે બ્રિટન, કેનેડા, ડેનમાર્ક, ફ્રાન્સ, જર્મની, ઇટાલી, સ્પેન અને તુર્કીના યુધ્ધજહાજો, સબમરીન્સ તેમજ જાંબાઝ કમાન્ડોની મોટી ફોજ આ યુદ્ધાભ્યાસમાં સામેલ.
- ✓ **NATO: નોર્થ એટલાન્ટિક ટ્રિટી ઓર્ગેનાઇઝેશન**

**11. જન્મ દિન વિશેષ : 01 જૂન**

**પહેલાં મહિલા સ્નાતક : વિધાગૌરી નીલકંઠ**

**જન્મ : 1 જૂન-1876 અવસાન : 7 ડિસેમ્બર-1958**




- ✓ અમદાવાદમાં જન્મેલાં વિધાબેનનાં લગ્ન માત્ર 9 વર્ષની વયે રમણભાઈ નીલકંઠ સાથે થયાં હતાં.
- ✓ તેઓ સાક્ષર ભોળાનાથ દિવેટિયાના પૌત્રી થાય. તથા સાહિત્યકાર વિનોદિની નિલકંઠ અને સરોજિની મહેતા તેમની સુપુત્રીઓ છે.
- ✓ 1901માં તેઓ ગુજરાત કોલેજમાંથી બહેન શારદાબેન સાથે વિનયન સ્નાતક થયાં ત્યારે તે ગુજરાતી સમાજમાં ઐતિહાસિક ઘટના બની હતી.

✓ વિદ્યાબેન મોરલ ફિલોસોફી અને લોજિક જેવા વિષયો સાથે સ્નાતક થયાં હતાં. તેમણે નેતાગીરીની કમાન પણ સંભાળી હતી.

✓ 1902માં અમદાવાદમાં હિન્દી રાષ્ટ્રીય મહાસભાનું અધિવેશન યોજાયું ત્યારે તેમણે મંચ પરથી વંદે માતરમ્ ગીત ગાયું હતું.

✓ વર્ષ 1946માં વડોદરામાં આયોજિત ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનમાં તેઓ પરિષદના પહેલાં મહિલા પ્રમુખ બન્યાં હતાં. અને અહીં ગુજરાત યુનિ. સ્થાપવી જોઈએ તેવો મજબૂત ઠરાવ થયો હતો.

✓ પ્રાર્થના સમાજ અને અનાથ આશ્રમમાં મંત્રી તેમજ અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં મેમ્બર રહી ચૂક્યા છે.

✓ **વર્ષ 1926માં તેમને કેસરે હિંદ પુરસ્કાર મળ્યો.**

**સાહિત્ય સર્જન :**

✓ ફોરમ, ગૃહદીપિકા, નારીકુંજ, જ્ઞાનસુધા, ધોંડુ કેશવ કર્વેનું જીવનચરિત્ર જેવાં મૌલિક પુસ્તકો અને હિન્દુસ્તાનમાં સ્ત્રીઓનું સ્થાન જેવું અનુવાદના પુસ્તક લખ્યા છે.

✓ તેમનું 7 ડિસે. 1958નાં રોજ 82 વર્ષની ઉંમરે અવસાન થયું હતું.

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (01-06-2021)

1. મે 2021માં ગુજરાત કેડરના કયા IAS અધિકારીની ભારત સરકાર દ્વારા ઓરોવિલ ફાઉન્ડેશનના સચિવ તરીકે નિમણૂક કરવામાં આવી છે - **ડૉક્ટર જયંતિ રવિ**
2. ઓરોવિલ ફાઉન્ડેશન- આશ્રમ ક્યાં આવેલો છે - **વિલુપ્પુરમ, તમિલનાડુ**
3. ઓરોવિલ ફાઉન્ડેશન- આશ્રમની સ્થાપના કયારે અને કોના દ્વારા કરાઇ હતી - **1968 અને મા મીરા અલફાન્સા, ફ્રાંસ**
4. ઓરોવિલ ફાઉન્ડેશન આશ્રમની સ્થાપના કયા આધ્યાત્મિક ગુરુની પ્રેરણાથી કરાઇ હતી - **મહર્ષિ અરવિંદ ઘોષ**
5. ઓરોવિલનને કયા શહેર તરીકે ઓળખવામાં આવે છે - **સૂર્યોદય**
6. ઓરોવિલ ફાઉન્ડેશન ભારત સરકારના કયા મંત્રાલય હેઠળ કાર્યરત છે - **માનવ સંસાધન વિકાસ મંત્રાલય**
7. ઓરોવિલનો અર્થ જણાવો – **સિટી ઓફ ડૉન**
8. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા કયા ત્રણ બોર્ડની ધોરણ 12ની પરીક્ષાઓ કોરોનાના કારણે રદ કરી - **CBSE, CISCE અને ISC**
9. CBSEનું વિસ્તૃત નામ જણાવો - **સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકેન્ડરી એજ્યુકેશન**
10. CISCEનું વિસ્તૃત નામ જણાવો - **કાઉન્સિલ ફોર ઈન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ એક્ઝામિનેશન**
11. ISCનું વિસ્તૃત નામ જણાવો – **ઈન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ**
12. માઇન્ડ ફોગીંગનો ખાસ કરીને કોણ ભોગ બને છે - **વિદ્યાર્થીઓ**
13. નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ કયા વર્ષથી અમલમાં આવ્યો - **વર્ષ 2005**
14. આગામી વર્ષ 2022માં માર્ચથી મે દરમિયાન કયા કયા રાજ્યોની વિધાનસભાની ચૂંટણી યોજાશે - **ગોવા, મણિપુર, પંજાબ, ઉત્તરાખંડ અને ઉત્તર પ્રદેશ**
15. મે-2021માં ચીનના જિયાંગસુ પ્રાંતના ઝેનજિયાંગ શહેરમાં માનવીમાં બર્ડ ફ્લૂના કયા સ્ટ્રેનનો પ્રથમ કેસ નોંધાયો - **H10N3**
16. H10N3 સ્ટ્રેન કયા પક્ષીમાં ફેલાતો ઓછો ઘાતકી બર્ડ ફ્લૂનો વાઇરસ છે – **મરઘાં**
17. 2018 સુધીના છેલ્લા 40 વર્ષોમાં વાઇરસના કેટલા સ્ટ્રેન સામે આવ્યા છે જેમાંના મોટાભાગના એશિયાના જળચર અને જંગલી પક્ષીઓમાં નોંધાયાં છે - **160**
18. USA દ્વારા બીજા વિશ્વ યુદ્ધમાં ભારતમાં ગૂમ USના 400 સૈનિકોના અવશેષો શોધવા કયુ મિશન હાથ ધરાયું છે - **માનવતાવાદી મિશન**
19. મે-2021માં USA દ્વારા બીજા વિશ્વ યુદ્ધમાં ભારતમાં ગૂમ USના 400 સૈનિકોના અવશેષો શોધવા હાથ ધરાયેલા માનવતાવાદી મિશન માટે કોના વચ્ચે MOU કરાયા - **નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી-ગાંધીનગર અને US ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સ**
20. વિશ્વની એકમાત્ર ફોરેન્સિક યુનિવર્સિટીનું નામ જણાવો કે જ્યાં ફોરેન્સિક સાયન્સના કોર્સ ભણાવાય છે - **નેશનલ ફોરેન્સિક યુનિવર્સિટી, ગાંધીનગર**
21. એશિયન બોક્સિંગ ચેમ્પિયન-2021 સ્પર્ધા ક્યાં યોજાઇ હતી - **દુબઈ**
22. એશિયન બોક્સિંગ ચેમ્પિયન-2021 પુરુષ કેટેગરીમાં ભારતે કુલ 15 મેડલ મેળવ્યા હતા તે પૈકી કેટલા ગોલ્ડ, સિલ્વર તથા બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા – **અનુક્રમે 2,5 અને 8**
23. એશિયન બોક્સિંગ ચેમ્પિયન-2021 મહિલા કેટેગરીમાં ભારતે કુલ 10 મેડલ મેળવ્યા હતા તે પૈકી કેટલા ગોલ્ડ, સિલ્વર તથા બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા – **અનુક્રમે 1, 3 તથા 6**
24. WHO દ્વારા નવી પદ્ધતિ મુજબ નવા વેરિઅન્ટને કઈ ભાષાના શબ્દો ઉપરથી નામ અપાશે - **ગ્રીક**
25. WHO દ્વારા કોરોનાના નવા વેરિઅન્ટના નામ રાખવાની નવી પદ્ધતિ અનુસાર ભારતમાં મળેલા નવા વેરિઅન્ટ B.1.617.1 તથા B.1.617.2ને શું નામ આપવામાં આવ્યું છે - **કપ્પા તથા ડેલ્ટા**
26. WHO દ્વારા કોરોનાના નવા વેરિઅન્ટના નામ રાખવાની નવી પદ્ધતિ અનુસાર બ્રિટન તથા દક્ષિણ આફ્રિકાના વેરિઅન્ટનું શું નામ આપવામાં આવ્યું છે - **આલ્ફા તથા બીટા**
27. COVID-19ના ત્રણ અક્ષરના કોમ્બિનેશનનો અર્થ જણાવો અથવા કોવિડ-19 વાઇરસનું નામકરણ કઈ રીતે થયુ તે જણાવો - **CO-CORONA, VI-VIRUS અને D-DISEASE જે વર્ષમાં પેદા થયો એ વર્ષ 2019માંથી 19**
28. મે-2021માં કયા સમુદ્રમાં યુરોપ-અમેરિકા નાટોનું શક્તિ પ્રદર્શન-યુદ્ધ અભ્યાસ યોજાયુ - **કાળા**
29. મે-2021માં કાળા સમુદ્રમાં યુરોપ-અમેરિકા નાટોના શક્તિ પ્રદર્શન-યુદ્ધ અભ્યાસમાં વિશ્વના કેટલા દેશોના કેટલા યુદ્ધ જહાજો અને 5 હજાર સૈનિકો જોડાયા – **11 તથા 19**
30. NATOનું વિસ્તૃત નામ જણાવો - **નોર્થ એટલાન્ટિક ટ્રિટી ઓર્ગેનાઇઝેશન**
31. ગુજરાતના પ્રથમ મહિલા સ્નાતકનું નામ જણાવો - **વિદ્યાગૌરી નીલકંઠ**
32. ગુજરાતી સાહિત્ય પરિષદના પહેલાં મહિલા પ્રમુખનું નામ જણાવો – **વિદ્યાગૌરી નીલકંઠ**
33. ગુજરાતના પ્રથમ મહિલા સ્નાતક વિદ્યાગૌરી નીલકંઠને વર્ષ 1926માં બ્રિટશ સરકાર તરફથી ક્યો ઈલ્કાબ મળ્યો હતો – **"કૈસરે હિન્દ"**

## 1. ગુજરાત સરકાર : તાઉ-તે વાવાઝોડામાં અસરગ્રસ્ત વિસ્તારના સાગરખેડૂ અને મત્સ્ય બંદરો માટે કુલ રૂ. 105 કરોડનું રાહત પેકેજ જાહેર (આર્થિક)




### રાહત પેકેજમાં સમાવિષ્ટ જિલ્લા :

✓ અમરેલી, ગીર-સોમનાથ અને ભાવનગર

### સહાય પેકેજ :

✓ રાજ્ય સરકારે નુકસાનગ્રસ્ત થયેલા જાફરાબાદ-નવા બંદર - સૈયદ રાજપરા - શિયાલબેટ ખાતેના મત્સ્ય બંદરોના નવીનીકરણ પાછળ રૂ. 80 ખર્ચાશે.

✓ જયારે એક હજાર જેટલી નાની-મોટી બોટને થયેલા નુકસાન સામે ધારાધોરણ મુજબ અંદાજે રૂ. 25 કરોડની સહાય ચૂકવવામાં આવશે.

### રાહત પેકેજના મહત્ત્વના મુદ્દા

✓ નુકસાન પામેલી બોટના તમામ ખલાસીઓને ઉચ્ચક રૂ. 2 હજારની સહાય તેમના ખાતામાં અપાશે.

✓ નાની બોટના સંપૂર્ણ નુકસાનના કિસ્સામાં બોટના 50 ટકા અથવા રૂ. 75 હજાર-બેમાંથી જે ઓછું હશે તે.

✓ અંશતઃ નુકસાનગ્રસ્ત ટ્રોલર, ડોલનેટર, ગીલનેટર બોટના કિસ્સામાં તેની કિંમતના 50 ટકા અથવા રૂ. 2 લાખ-બેમાંથી જે ઓછી રકમ હશે તે ઉચ્ચક અપાશે.

✓ નાની બોટને અંશતઃ નુકસાનમાં તેની કિંમતના 50 ટકા અથવા રૂ. 35 હજાર-બેમાંથી જે ઓછી રકમ હશે તે.

✓ બોટજાળ-સાધનસામગ્રીના નુકસાનના કિસ્સામાં તેની કિંમતના 50 ટકા અથવા રૂ. 35 હજાર-બેમાંથી જે રકમ ઓછી હશે તે અપાશે.

✓ નુકસાનગ્રસ્ત ટ્રોલર, ડોલનેટર, ગીલનેટર બોટના કિસ્સામાં તેની કિંમતના 50 ટકા અથવા રૂ. 5 લાખ- બેમાંથી જે ઓછી રકમ હશે તે.

✓ માછીમાર રૂ. 5 લાખની લોન લે તો 10 ટકા સુધીની વ્યાજ સહાય બે વર્ષ માટે ઘટતી જતી રકમ ઉપર.

✓ માછીમાર રૂ. 10 લાખની લોન લે તો 10 ટકા સુધીની વ્યાજ સહાય બે વર્ષ માટે ઘટતી જતી રકમ ઉપર.

## 2. દેશનો પ્રથમ નવતર પ્રયોગ : સૂર્યમંદિર મોઢેરા ટૂંક સમયમાં દિવસ-રાત સૂર્ય ઊર્જાથી ઝગમગશે (સૂર્યઊર્જા)



✓ PM મોદી રૂ. 69 કરોડના ખર્ચે તૈયાર થનારા દેશના પ્રથમ નવતર પ્રોજેક્ટને ખુલ્લા મૂકશે

✓ **ખાસ :** દક્ષિણ કોરિયન ટેકનોલોજી-બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમનો ઉપયોગ

### પ્રોજેક્ટ વિશે :

✓ સૂર્ય 'દેવ'ની આરાધના માટે ચૌલુક્ય વંશના રાજા ભીમ પહેલા દ્વારા 11મી સદીમાં મહેસાણા જિલ્લાના મોઢેરા ગામ ખાતે બંધાયેલા ઐતિહાસિક સૂર્યમંદિરને સૂર્યઊર્જાથી જ પ્રજ્વલ્લિત કરવાનો નવતર પ્રોજેક્ટ ગુજરાત સરકાર કેન્દ્રના સહયોગથી હાથ ધરી રહી છે, જે આ મહિનાના અંત સુધીમાં પૂર્ણ કરવાનો ટાર્ગેટ.

✓ વિશેષતા એ છે કે, બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ-બીઇએસએસ ધરાવતા આ પ્રોજેક્ટમાં ઉત્પાદિત સોલર એનર્જીનો ઉપયોગ રાત્રે પણ થશે.

✓ ભારતમાં પહેલીવાર આ પ્રકારની ટેક્નોલોજીનો ઉપયોગ થઈ રહ્યો હોવાનો દાવો કરાઈ રહ્યો છે.

✓ રૂ. 69 કરોડનો કુલ ખર્ચ ધરાવતો આ પ્રોજેક્ટ, રાજ્ય સરકારની નોડલ એજન્સી-ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડએ ટેન્ડરિંગ દ્વારા મહિન્દ્રા જૂથની કંપની મેસર્સ મહિન્દ્રા સસ્ટેન પ્રાઇવેટ લિમિટેડને સોંપાયો છે, જેણે દક્ષિણ કોરિયાથી ટેક્નોલોજી આયાત કરી છે.

✓ સૂર્યમંદિરથી ત્રણ કિલોમીટર દૂર સુજાનપુરા ખાતે રાજ્ય સરકારે 12 હેક્ટર જમીન ફાળવી છે, જ્યાં જમીનમાં પિલર ઉપર સોલર ફોટોવોલ્ટેઇક પેનલો લગાવી ત્રણ મેગાવોટના એક એવા બે યુનિટ કુલ ૬ મેગાવોટ ક્ષમતાવાળા ઊભા થશે, સાથોસાથ લિથિયમ બેટરીવાળી બીઇએસએસ ટેક્નોલોજી સર્જાશે.

✓ અહીં ઉત્પાદિત સોલર એનર્જી મોઢેરા ગામના કુલ 1,610 ઘરોને તથા સૂર્યમંદિરને દિવસરાત પૂરી પાડવામાં આવશે.

✓ કુલ ઘરો પૈકીના 271 ઘરો ઉપર એક-એક કિલોવોટની રૂફટોપ સિસ્ટમ પણ લાગી રહી છે, જે વીજળી ઘરમાલિકો ગ્રીડમાં વેચી પણ શકશે, જેને માટે સ્માર્ટ મીટર પણ લાગશે.

✓ કેન્દ્રના બિનપરંપરાગત ઊર્જા પ્રભાગે આ પ્રોજેક્ટ માટે 50 ટકા લેખે રૂ. 32.5 કરોડ ફાળવ્યા છે, જ્યારે સૂર્યમંદિર આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયા હસ્તક હોઈ તેની પરમિશન મેળવાઈ છે અને મંદિરના પરિસરમાં પાર્કિંગ પ્લોટ ખાતેથી સમગ્ર સિસ્ટમ ઓપરેશનલ થશે.

✓ અત્યારે મોઢેરા ગામવાસીઓની તથા મંદિરની વીજળીની જરૂરિયાત કલાકદીઠ માત્ર દસેક હજાર યુનિટની જ છે, પરંતુ ભવિષ્યની જરૂરિયાત ધ્યાને રાખી કલાકદીઠ 150 લાખ યુનિટનું વીજઉત્પાદન આ પ્રોજેક્ટમાં થશે.

## 3. ગુજરાત સરકાર : નિર્ણય

## CBSEને પગલે ગુજરાતમાં પણ ધો.12 સાયન્સની પરીક્ષાઓ રદ




## 4. ભારત સરકાર : મોડેલ ટેનન્સી એક્ટને મંજૂરી (બંધારણ)

**મુખ્ય જોગવાઇ :**

- ✓ ભાડૂઆત અને મકાન માલિકોને સમાન અધિકાર આપતો કાયદો
- ✓ રાજ્યો આ કાયદાના આધારે કાયદા ઘડી અથવા સુધારી શકશે

**હેતુ :**

- ✓ દેશમાં પ્રવર્તી રહેલી રહેણાંકોની અછત દૂર કરવા ભાડાનાં મકાનોમાં ખાનગી ભાગીદારીને યોગ્ય બિઝનેસ મોડેલ આ કાયદા દ્વારા ઉપલબ્ધ થશે.
- ✓ પીએમ મોદીનાં નેતૃત્વમાં હાલના ભાડાનાં મકાનના કાયદાઓમાં સુધારા કરવા અથવા તો નવા કાયદા ઘડવા માટેનો માર્ગ તૈયાર કરવા દેશના તમામ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોને મદદરૂપ થવા માટે મોડેલ ટેનેન્સી એક્ટને મંજૂરી અપાઇ.
- ✓ આ કાયદો રેન્ટલ હાઉસિંગનું સંસ્થાકરણ કરવામાં મદદ કરશે અને ભાડાનાં મકાનના બિઝનેસને વિધિવત માર્કેટ બનાવશે.
- ✓ મોડેલ ટેનેન્સી એક્ટ દેશમાં વાઇબ્રન્ટ રેન્ટલ હાઉસિંગ માર્કેટનું સર્જન કરશે. તે ઉપરાંત આ કાયદાની મદદથી દેશમાં રહેણાંકોની અછત દૂર કરવા માટે તમામ આવકજૂથના લોકો માટે પૂરતા પ્રમાણમાં મકાનો ઉપલબ્ધ કરાવી શકાશે.
- ✓ આ કાયદો ખાલી પડેલાં મકાનોને ભાડાં પર ચડાવવા માટેના માર્ગ ખુલ્લા કરશે.

**મોડેલ ટેનન્સી એક્ટ એટ એ ગ્લાન્સ**

- ✓ દેશમાં ભાડાનાં મકાનોનું ધમધમતું બજાર ઊભું કરી શકાશે, મોટા પ્રમાણમાં રહેણાંકો ઉપલબ્ધ કરાવી શકાશે
- ✓ રેન્ટલ હાઉસિંગનું સંસ્થાકરણ થઇ શક્શે અને સાથે વિધિવત બજાર તરફનો માર્ગ મોકળો બનશે
- ✓ માલિકો અને ભાડુઆતોના હિતોની સુરક્ષા અને મકાનોનાં ભાડાં નિયંત્રિત કરવા યોગ્ય સત્તામંડળ બનાવી શકાશે
- ✓ પ્રસ્તાવિત સત્તામંડળ વિવાદોના ઝડપી નિકાલ માટેની વ્યવસ્થા પૂરી પાડશે
- ✓ નવા કાયદાથી સિક્યુરિટી ડિપોઝિટની રકમ પર મર્યાદા લાદી શકાશે
- ✓ રહેણાંક માટે બે મહિનાનું ભાડું અને કોમર્શિયલ યૂઝ માટે ૬ મહિનાનું ભાડું મહત્તમ સિક્યુરિટી ડિપોઝિટ રાખી શકાશે
- ✓ જો ભાડુઆત નિર્ધારિત સમયમાં મકાન ખાલી કરવામાં નિષ્ફળ જશે તો માલિક બે મહિના માટે બમણું અને ત્યારબાદ ચાર ગણું ભાડું વસૂલી શકશે
- ✓ મકાન ખાલી કરવાની નોટિસ આપ્યાના ૨૪ કલાક પછી માલિક ભાડાના મકાનમાં પ્રવેશી શકશે.

**મકાન કે પ્રોપર્ટી બજારનો હિસ્સો બનશે :**

- ✓ નવો કાયદો અમલમાં આવ્યા બાદ મકાન કે પ્રોપર્ટી બજારનો હિસ્સો બની જશે. નવો કાયદો આ પ્રોપર્ટીઓને ભાડે ચડાવવાનો અધિકાર આપશે.
- ✓ પ્રોપર્ટી પણ સુરક્ષિત રહે અને મકાન માલિકના અધિકારોનું પણ રક્ષણ થાય તે પ્રકારની સુવિધા મળશે.
- ✓ હવે રેન્ટલ હાઉસિંગમાં લોકોની વ્યક્તિગત અથવા કંપનીઓની ભાગીદારીમાં વધારો થશે. નવા કાયદાથી રેન્ટલ બિઝનેસને વેગ મળશે, ખાલી પડેલાં મકાનો મુખ્ય પ્રવાહમાં ભળશે.
- ✓ મંત્રાલય : આવાસ અને શહેરી બાબતો

## 5. નિમણૂક : SCના નિવૃત્ત જજ અરુણકુમાર મિશ્રાની રાષ્ટ્રીય માનવાધિકાર પંચના ચેરમેન તરીકે નિમણૂક




- ✓ પસંદગી સમિતિના અધ્યક્ષ : વડાપ્રધાન

## 6. ન્યુક્લિયર ફ્યૂઝન રિએક્ટર : કૃત્રિમ સૂર્ય



**ચીનના કૃત્રિમ સૂર્યએ ગરમી મુદ્દે કુદરતી સૂર્યનો રેકોર્ડ તોડયો**

- ✓ ખાસ : ક્લિન એનર્જીની દિશામાં મહત્વની સિદ્ધિ
- ✓ ચીનમાં વિકસાવવામાં આવેલા ન્યુક્લિયર ફ્યૂઝન રિએક્ટર એટલે કે કૃત્રિમ સૂર્ય દ્વારા સૌથી વધુ ગરમી ધારણ કરવાનો વર્લ્ડ રેકોર્ડ બનાવાયો હતો.
- ✓ આ રીએક્ટરમાં 100 સેકન્ડ સુધી 216 મિલિયન ફેરનહિટ તાપમાન નોંધાયું હતું. આ કૃત્રિમ સૂર્ય દ્વારા 288 મિલિયન ફેરનહિટ તાપમાન પહોંચાડવાનો પણ રેકોર્ડ છે જે કુદરતી સૂર્ય કરતાં 10 ગણી વધારે ગરમી થાય છે.
- ✓ સંશોધકોએ જણાવ્યું કે, આ રીતે ગરમી ઉત્પન્ન થતી રહેશે તો ટૂંક સમયમાં જ ચીન દ્વારા ક્લીન એનર્જીની દિશામાં અદ્વિતીય સિદ્ધિ હાંસલ કરવામાં આવશે.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (02-06-2021)**

1. તાઉ'તે વાવાઝોડામાં અસરગ્રસ્ત વિસ્તારના સાગરખેડૂઓ અને મત્સ્ય બંદરોના વિકાસ માટે જૂન 2021માં ગુજરાત સરકાર દ્વારા કુલ કેટલા કરોડનું રાહત પેકેજ જાહેર કરાયું -**રૂ.105 કરોડ**
2. તાઉ'તે વાવાઝોડામાં અસરગ્રસ્ત વિસ્તારના સાગરખેડૂઓ માટે ગુજરાત સરકારે કેટલા કરોડનું રાહત પેકેજ જાહેર કર્યું છે - **રૂ. 25 કરોડ**
3. તાઉ'તે વાવાઝોડામાં કયા વિસ્તારના અસરગ્રસ્ત બંદરો માટે ગુજરાત સરકારે રૂ. 80 કરોડનું રાહત પેકેજ જાહેર કર્યું છે - **જાફરાબાદ, નવાબંદર, સૈયદ રાજપરા, શિયાળ બેટ**

4. તાઉ'તે વાવાઝોડામાં અસરગ્રસ્ત વિસ્તારના સાગરખેડૂઓ-ખલાસીઓના ખાતામાં ઉચ્ચ કેટલી રકમ સહાય પેટે જમા કરાશે - **રૂ. 2000**
5. ભારતમાં સૌપ્રથમ નવતર પ્રયોગના ભાગરૂપે આગામી સમયમાં કયા મંદિરને રૂ. 69 કરોડના ખર્ચે સૂર્ય ઊર્જાથી પ્રકાશિત કરાશે - **સૂર્યમંદિર મોઢેરા**
6. સૂર્યમંદિર મોઢેરા કયા વંશના રાજાએ તૈયાર કરાવ્યું હતું - **11 મી સદી અને ચાલુક્ય વંશના રાજા ભીમદેવ પહેલો**
7. કોરોનાના કારણે 02 જૂનના રોજ ગુજરાત સરકારે કયા ધોરણના બોર્ડની પરીક્ષા કરવાનો નિર્ણય કર્યો - **ધોરણ 12**
8. મોડેલ ટેનન્સી એક્ટનો ભારત સરકારના કયા મંત્રાલય અંતર્ગત અમલ કરવામાં આવશે – **આવાસ અને શેહરી બાબતો**
9. જૂન-2021માં કેન્દ્ર સરકારે ભાડૂઆત અને મકાન માલિકોને સમાન અધિકાર આપતા કયા કાયદાને મંજૂરી આપી - **મોડેલ ટેનન્સી એક્ટ**
10. કયા કાયદાથી દેશમાં પ્રવર્તી રહેલી રહેણાંકોની અછત દૂર કરવા ભાડાનાં મકાનોમાં ખાનગી ભાગીદારીને યોગ્ય બિઝનેસ મોડેલ ઉપલબ્ધ થશે - **મોડેલ ટેનન્સી એક્ટ**
11. મોડેલ ટેનન્સી એક્ટ દ્વારા રહેણાંક માટે કેટલા મહિનાનું ભાડું અને કોમર્શિયલ યૂઝ માટે કેટલા મહિનાનું ભાડું મહત્તમ સિક્યુરિટી ડિપોઝિટ રાખી શકાશે – **2 તથા 6**
12. મોડેલ ટેનન્સી એક્ટની જોગવાઈ અનુસાર જો ભાડુઆત નિર્ધારિત સમયમાં મકાન ખાલી કરવામાં નિષ્ફળ જશે તો માલિક બે મહિના માટે કેટલું અને ત્યારબાદ કેટલા ગણું ભાડું વસૂલી શકશે – **2 તથા 4**
13. જૂન-2021માં વડાપ્રધાનની અધ્યક્ષતાવાળી પસંદગી સમિતી દ્વારા સુપ્રીમ કોર્ટના કયા નિવૃત્ત જજની રાષ્ટ્રીય માનવાધિકાર પંચના ચેરમેન તરીકે નિમણૂક કરાઈ - **અરુણકુમાર મિશ્રા**
14. જૂન-2021માં ક્યા દેશ દ્વારા વિકસાવવામાં આવેલા ન્યુક્લિયર ફ્યૂઝન રિએક્ટર એટલે કે કૃત્રિમ સૂર્ય દ્વારા સૌથી વધુ ગરમી ધારણ કરવાનો વર્લ્ડ રેકોર્ડ બનાવાયો હતો - **ચીન**
15. ચીન દ્વારા વિકસાવવામાં આવેલા ન્યુક્લિયર ફ્યૂઝન રિએક્ટરમાં 100 સેકન્ડ સુધી કેટલું ફેરનહિટ તાપમાન નોંધાયું હતું - **216 મિલિયન**
16. ચીને વિકસાવેલા ન્યુક્લિયર ફ્યૂઝન રિએક્ટર દ્વારા 288 મિલિયન ફેરનહિટ તાપમાન પહોંચાડવાનો રેકોર્ડ છે જે કુદરતી સૂર્ય કરતાં કેટલા ગણી વધારે ગરમી થાય છે - **10**

## DATE : 03-06-2021

### 1. ગુજરાત સરકાર : નિર્ણય

**રાજ્યમાં કૃષિ પાક ધિરાણ પર ભરપાઈ કરવાની તા.31 માર્ચ 2021ની મુદત તા. 30 જૂન 2001 સુધી લંબાવાઈ (કૃષિ)**




**વિગત :**

- ✓ આ મુદત વધવાથી વ્યાજ પેટે જે ખર્ચ થશે તે ગુજરાત સરકાર ચૂકવશે.
- ✓ ગુજરાત સરકાર દ્વારા ખેડૂતો માટે પાક ધિરાણ ભરપાઈ મુદત 30 જૂન સુધી લંબાવવામાં આવી. અને 4 ટકા વ્યાજ રાહત કે જે અંદાજે 241 કરોડ રૂપિયા થાય છે તે ગુજરાત સરકાર ચૂકવશે.
- ✓ રાજયની નેશનલાઇઝ્ડ, રિજિયોનલ રૂરલ બેંક, સહકારી કે ખાનગી કોઇપણ બેંકમાંથી ખેડૂતોએ લીધેલા ટુંકી મુદતના પાક ધિરાણ ભરપાઇ કરવાની સમય મર્યાદાની મુદત 30 જૂન સુધી લંબાવવામાં આવી છે.
- ✓ રાજ્યના આવા તમામ ખેડૂતો માટે 30 જૂન સુધીની રાજ્ય સરકારની 4 ટકા વ્યાજ રાહત ગુજરાત સરકાર ચૂકવશે.
- ✓ આ કૃષિ હિતલક્ષી નિર્ણયના પરિણામે રાજ્ય સરકાર ખેડૂતો પરના વ્યાજ રાહતનો વધારાનો અંદાજિત રૂ.241.50 કરોડનો ખર્ચ ભોગવશે.
- ✓ **લાભ :** દર વર્ષે 17 લાખ ખેડૂતો આશરે રૂ. 35 હજાર કરોડનું પાક ધિરાણ ટૂંકી મુદત માટે મેળવતા હોય છે.

### 2. ગુજરાત સરકાર : નિર્ણય (જીવદયા)

**ગૌશાળા-પાંજરાપોળના પશુ દીઠ દૈનિક રૂ. 25 સહાય અપાશે**

- ✓ કોરોના સંક્રમણની બીજી લહેરને પરિણામે સર્જાયેલી સ્થિતિને કારણે મૂંગા-અબોલ જીવોને ઘાસચારો-પશુ આહાર મેળવવામાં મુશ્કેલી ન પડે તેવી સંવેદના સાથે રજિસ્ટર્ડ ગૌશાળા, પાંજરાપોળના નોંધાયેલા પશુઓ માટે પશુદીઠ દૈનિક રૂ.25 સહાય આપવાનો નિર્ણય કર્યો છે.




- ✓ ગૌશાળા, પાંજરાપોળના આશરે 4.50 લાખ જેટલા પશુઓ માટે જૂન-જુલાઇ એમ બે મહિના સુધી પશુદીઠ રોજના રૂ.25ની સહાય સરકાર આપશે. પરિણામે સરકાર ઉપર અંદાજે રૂ. 70 કરોડનો વધારાનો બોજ પડશે.

### 3. ગુજરાત સરકાર : ધોરણ 10માં માસ પ્રમોશનની ગાઇડલાઇન જાહેર (શિક્ષણ)

**આ પદ્ધતિ મુજબ 80 માર્કસ ગણાશે :**

**20 ગુણ** ધો.9ની પ્રથમ સામયિક કસોટી (કુલ ગુણ-50) માંથી મેળવેલ ગુણને 40 ટકામાં રૂપાંતરીત કરેલ ગુણ

**20 ગુણ**ધો.9 ની દ્વિતીય સામયિક કસોટી (કુલગુણ 50) માંથી મેળવેલ ગુણમાંથી 40 ટકામાં રૂપાંતરીત કરેલ ગુણ

**30 ગુણ**

- ✓ ધો.10ની 19 માર્ચથી 27 માર્ચ દરમિયાન ઓનલાઇન-ઓફલાઇન યોજાયેલ પ્રથમ સામાયિક કસોટી (કુલ ગુણ-80)માંથી મેળવેલ ગુણને 37.5 ટકામાં રૂપાંતરીત કરેલ ગુણ

**10 ગુણ** ધો.10ની એકમ કસોટી (કુલ ગુણ-25)માંથી મેળવેલ ગુણને 40 ટકા રૂપાંતરીત કરેલ ગુણ




**ગાઇડલાઇનની મુખ્ય બાબતો**

- ✓ કોઇપણ પ્રકારની ગેરરીતિ માટે શાળા કમિટી જવાબદાર રહેશે. પરિણામ તૈયાર કરતા પહેલા આચાર્યની અધ્યક્ષતામાં માધ્યમિક સ્કૂલના શિક્ષકોની કમિટી બનશે.
- ✓ સ્કૂલો કૃપા ગુણ આપી નહીં શકે. ખૂટતા ગુણના બદલે પરિણામમાં ફૂદડી મૂકી ડી-ગ્રેસ સાથે આગળના ધોરણમાં પ્રમોશન અપાશે.
- ✓ પરિણામ પ્રક્રિયા દરમિયાન સ્કૂલે જે આધારો ધ્યાને લીધા હશે તેની ખરાઇ જિલ્લા શિક્ષણાધિકારી કરશે.

**4. રાજકોટ પોલીસ : દેશમાં પ્રથમ રાજકોટમાં પેપરલેસ, કોન્ટેક્ટલેસ કેશલેસ દંડનો પ્રારંભ (ટેકનોલોજી)**

- ✓ પ્રક્રિયા ઝડપી બનાવવા ચાલકોને દંડ ભરવાના ત્રણ વિકલ્પ મળશે

**નવી સિસ્ટમ વિશે :**

- ✓ રાજકોટ શહેર પોલીસે શરૂ કરેલી પેપરલેસ, કોન્ટેક્ટલેસ, કેશલેસ ટ્રાફિક ચલણ સિસ્ટમનો ઉપયોગ કરીને 2000થી વધુ કેસો કરવાની કામગીરી કરી છે.
- ✓ રાજકોટ શહેરમાં ઘણા સમયથી ટેકનોલોજીનો ઉપયોગ કરી જુની પદ્ધતિમાં સુધારો લાવવા એક નવો પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો.
- ✓ જેમાં રાજકોટ શહેરના પોલીસ કમિશનર મનોજ અગ્રવાલના માર્ગદર્શન હેઠળ એક નવા ટ્રાફિક ચલણ સિસ્ટમ શરૂ કરવા રચના કરવામાં આવી હતી.
- ✓ આ સિસ્ટમ તા.21-01-2021ના રોજ શરૂ કરવામાં આવી હતી. આ પ્રકારની સિસ્ટમ શરૂ કરનાર રાજકોટ શહેર પોલીસ ભારતમાં પ્રથમ છે.
- ✓ રાજકોટ સિટી પોલીસે તેની આરટીપી એપ્લિકેશન અપડેટ કરી છે. જે મૂળ ટ્રાફિક ચલણ મોડ્યુલ અને હાજરી મોનિટરિંગ એપ્લિકેશન હતી.
- ✓ જેમાં ટ્રાફિક પોલીસ યુપીઆઇ આધારિત ક્યુઆર કોડનો ઉપયોગ કરીને દંડ આપી શકે છે અને ઓનલાઇન કેસ રીસીપ્ટ, મેસેજ તથા ઓનલાઇન ચલણ અને પેમેન્ટની વ્યવસ્થા જે સંપર્ક વિહોણી અને કેશલેસ ચુકવણીની રીત છે.
- ✓ ટ્રાફિક ચલણની ચુકવણી કરવા માટે ઇન્ટરનેટ બેંકિંગ મારફતે ઓનલાઇન અને રોકડમાં ચુકવણી જેવા અન્ય માધ્યમો પણ ઉપલબ્ધ છે.
- ✓ પોલીસે ભૂતકાળમાં પોઇન્ટ ઓફ સેલ (POS) સિસ્ટમ્સ પર દંડની સ્થળ ચૂકવણી માટે આધાર રાખ્યો છે.

**5. કેન્દ્ર સરકાર : નિર્ણય**

**પ્રાથમિક શિક્ષકની TETની માર્કશીટ હવે આજીવન માન્ય ગણાશે (શિક્ષણ)**




- ✓ નિર્ણય વર્ષ 2011થી લાગુ થશે.

**નવી જોગવાઇ :**

- ✓ પ્રાથમિક શાળાના શિક્ષક બનવા માટે લેવાતી એલિજિબિલીટી ટેસ્ટ (ટેટ)ની માર્કશીટ હવે સાત વર્ષના બદલે આજીવન માન્ય ગણવામાં આવશે તેવી ભારત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા જાહેરાત.
- ✓ વર્ષ-2011થી ટિચર એલિજિબિલીટી ટેસ્ટ (ટેટ) લેવામાં આવે છે. આ પરીક્ષાના નિયમો અને માળખુ ભારત સરકારની ગાઇડ લાઇન પ્રમાણે તૈયાર કરવામાં આવેલુ છે.
- ✓ પરીક્ષાનું પ્રમાણપત્ર સાત વર્ષ માટે માન્ય ગણવાનો નિયમ હતો. પરંતુ ગુજરાતમાં સુધારો કરીને પ્રમાણપત્રને 5 વર્ષ માટે ગણવામાં આવતું હતુ.
- ✓ હવે દેશના તમામ વિદ્યાર્થીઓની સાથે ગુજરાતના હજારો વિદ્યાર્થીઓ કે જેઓએ વર્ષ-2011થી લઈને કોઈપણ સમયે પરીક્ષા પાસ કરી હશે તો તેમનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.
- ✓ આ નિર્ણયથી ગુજરાતના 2 લાખથી વધુ વિદ્યાર્થીઓને ફાયદો થશે.
- ✓ અત્યાર સુધીમાં અંદાજે 3 લાખથી વધુ વિદ્યાર્થીઓએ ટેટની પરીક્ષા પાસ કરી છે. પરંતુ ઘણા વિદ્યાર્થીઓ બે વખત પણ ઉત્તીર્ણ થયા હોય તેમજ કેટલાક વિદ્યાર્થીઓ શિક્ષકમાં લાગી ગયા છે. જેથી 2 લાખથી વધુ વિદ્યાર્થીઓને આ નિર્ણયનો લાભ મળશે.

**TAT વિશે :**

- ✓ પ્રાથમિક શિક્ષકની ભરતી માટે ટેટ જ્યારે હાઇસ્કૂલના શિક્ષકની ભરતી માટે ટાટ પરીક્ષા લેવાય છે.
- ✓ ટાટની પરીક્ષામાં નિયમો ગુજરાત સરકારે ઘડેલા છે. જેથી હાલના નિયમ પ્રમાણે ટાટ અને એચ-ટાટ પરીક્ષાનું પ્રમાણપત્ર પાંચ વર્ષ માટે જ માન્ય ગણવામાં આવે છે.
- ✓ ટાટ અને એચ-ટાટના ઉમેદવારોની માંગ છે કે, તેમનું પ્રમાણપત્ર પણ આજીવન માન્ય ગણવામાં આવે.
- ✓ TET : ટીચર એલિજિબિલીટી ટેસ્ટ TAT : ટીચર એપ્ટિટ્યૂટ ટેસ્ટ

**6. સુપ્રીમ કોર્ટ : દરેક પત્રકારને સુરક્ષા મેળવવાનો અધિકાર (કાયદો)**



**કેસની વિગત :**

- ✓ સુપ્રીમ કોર્ટે દરેક પત્રકારને સુરક્ષા મેળવવાનો અધિકાર છે તેવી ટકોર કરીને વિનોદ દુઆ સામેનો રાજદ્રોહનો કેસ ફગાવ્યો હતો.
- ✓ કોર્ટે આ આદેશના સંદર્ભમાં કેદારનાથ સિંહ કેસના ચુકાદાને ટાંક્યો હતો. જેમાં દરેક પત્રકારને સુરક્ષા માટેના અધિકારો અને હકો આપવામાં આવ્યા છે.
- ✓ ગયા વર્ષે દિલ્હીમાં થયેલાં કોમી રમખાણો અંગે યૂ-ટ્યૂબ શોમાં કેન્દ્ર સરકાર અને પીએમની ટીકા કરીને લોકોને ઉશ્કેરણીજનક માહિતી આપવા માટે સિમલાના રહીશ દ્વારા દુઆ સામે FIR કરવામાં આવી હતી.
- ✓ આ કેસમાં દુઆએ એવી માગણી કરી હતી કે, 10 વર્ષ કે તેથી વધુ સમયથી પત્રકાર હોય તેની સામે FIR કરતા પહેલાં હાઈકોર્ટની સમિતિ દ્વારા મંજૂરી મળવી જરૂરી બનાવવા માગ કરી હતી.

**દસ વર્ષથી વધુ અનુભવી પત્રકાર સામે રાજદ્રોહની FIR થઈ ન શકે તેવી અરજી ફગાવી**

- ✓ વિનોદ દુઆ દ્વારા એક અરજીમાં તેમની સામેની FIR રદ કરવા માગણી કરાઈ હતી અને બીજી અરજીમાં 10 વર્ષથી વધુ અનુભવી પત્રકાર સામે રાજદ્રોહની FIR ન થઈ શકે તેવી માગણી સુપ્રીમના જસ્ટિસ યુ યુ લલિત તેમજ જસ્ટિસ વિનીત સરન દ્વારા ફગાવવામાં આવી હતી.
- ✓ દુઆએ એવી માગણી કરી હતી કે, 10 વર્ષ કે તેથી વધુ સમયથી પત્રકાર હોય તેની સામે FIR કરતા પહેલાં હાઈકોર્ટની સમિતિ દ્વારા મંજૂરી મળવી જરૂરી છે તેવી જોગવાઈ કરવામાં આવે. ત્યારે બેન્ચે કહ્યું કે આ કેસમાં બીજી વખત કોઈ રજૂઆત કરાઈ હશે તો તે કાયદા પર તરાપ મારવા સમાન ગણાશે.

**1962ના કેદારનાથ સિંહ કેસ હેઠળ દરેક પત્રકારને રક્ષણ**

- ✓ ઉલ્લેખનીય છે કે, બેન્ચે કહ્યું હતું કે 1962ના કેદારનાથ સિંહ કેસ હેઠળ દરેક પત્રકારને રક્ષણ તેમજ સુરક્ષાનો અધિકાર આપવામાં આવ્યો છે.
- ✓ IPC હેઠળ રાજદ્રોહનો કાયદો માન્ય છે અને તેની વ્યાખ્યાને સ્પષ્ટ કરે છે.
- ✓ ભારતીય દંડ સંહિતાની કલમ 124 A (દેશદ્રોહનો ગુનો) ફક્ત એ શબ્દોને દંડિત કરે છે જે કાયદો અને વ્યવસ્થાને ભડકાવવાની મંશા દર્શાવે છે કે હિંસાને ભડકાવે છે. આ પરિભાષાને ત્યારથી કલમ 124 Aના સંદર્ભમાં તમામ કેસમાં ઉદાહરણ તરીકે મૂલવવામાં આવે છે.

**1962નો કેસ શું છે**

- ✓ કેદારનાથ વિરુદ્ધ બિહાર રાજ્યનો કેસ દરેક પત્રકારને સુરક્ષાનો અધિકાર આપે છે. જેમાં સરકાર સામે કરવામાં આવેલી ટિપ્પણીને રાજદ્રોહ ગણી શકાય નહીં તેવું ઠરાવાયું છે.
- ✓ કાશ્મીરના પૂર્વ સીએમ ફારુક અબ્દુલ્લા સામેના કેસમાં પણ કોર્ટે ઠરાવ્યું હતું કે સરકારના વિચારો સાથે સંમત ન થવું તેને રાજદ્રોહ ગણી શકાય નહીં
- ✓ 1995માં બળવંતસિંહ વિરુદ્ધ પંજાબ સરકારના કેસમાં પણ એવું ઠરાવાયું હતું કે નારેબાજી કરવી એ પણ રાજદ્રોહ નથી.

## 7. નીતિ આયોગ : SDG ઈન્ડિયા ઈન્ડેક્ષ 2020-21 જાહેર




- ✓ ઓવરઑલ રેન્કિંગમાં ગુજરાત 10માં ક્રમે

**SDG વિશે :**

- ✓ નીતિ આયોગ દ્વારા શરૂ કરવામાં આવેલા સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDG) ઈન્ડિયા ઈન્ડેક્સના ત્રીજા વર્ષનાં તારણો રજૂ કરવામાં આવ્યાં.
- ✓ ત્રીજા વર્ષે રાજ્યનાં સાતત્યપૂર્ણ વિકાસમાં કેરળ પહેલા નંબર પર હતું જ્યારે બિહારનો ક્રમ સૌથી છેલ્લો હતો.
- ✓ સરકારની થિંક ટેન્ક નીતિ આયોગે વર્ષ 2020-21નાં ઈન્ડેક્સ જાહેર કર્યા હતા. જેમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની સામાજિક, આર્થિક અને પર્યાવરણીય કામગીરીનું મૂલ્યાંકન કરીને જે તે રાજ્યને ક્રમ આપવામાં આવે છે.
- ✓ આ વખતના ઈન્ડેક્સમાં કેરળ ટોચ પર હતું જ્યારે બિહાર સૌથી છેલ્લે હતું. ઝારખંડ છેલ્લેથી બીજા ક્રમે એટલે બિહારથી ઉપર હતું.
- ✓ આ વખતે 17 ગોલ્સ, 70 ટાર્ગેટ અને 115 ઈન્ડિકેટર્સને આધારે રાજ્યોની વિકાસ કામગીરીનું મૂલ્યાંકન કરાયું હતું.




**કયા રાજ્યની શેમાં સારી કામગીરી?**

- ✓ ગરીબી નાબૂદીમાં તામિલનાડુ અને દિલ્હી
- ✓ લોકોની ભૂખ દૂર કરવામાં કેરળ, ચંડીગઢ
- ✓ સારી આરોગ્ય સેવા માટે ગુજરાત અને દિલ્હી
- ✓ ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે કેરળ અને ચંડીગઢ
- ✓ ઉદ્યોગ, આવિષ્કાર અને ઈન્ફ્રાસ્ટ્રકચર માટે ગુજરાત અને દિલ્હી

**17 માપદંડોને આધારે વિકાસનું મૂલ્યાંકન**

- ✓ નીતિ આયોગના ઉપાધ્યક્ષ રાજીવકુમાર દ્વારા ઈન્ડેક્સનો રિપોર્ટ જાહેર કરાયો હતો. તેમણે કહ્યું કે SDG ઈન્ડિયા ઈન્ડેક્સ અને ડેશબોર્ડ પર તેની સતત દેખરેખથી આખા વિશ્વમાં તેની નવી ઓળખ ઊભી થઈ છે.
- ✓ આ ડેટાનો ઉપયોગ વિકાસનાં કાર્યો માટે કરાય છે. રિપોર્ટમાં 17 માપદંડોને આધારે 36 રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશોને વિકાસની કામગીરીનું મૂલ્યાંકન કરાય છે.
- ✓ જેમાં ટોચના પાંચ રાજ્યોમાં પહેલા નંબરે કેરળ, બીજા નંબરે હિમાચલપ્રદેશ અને તામિલનાડુ, ત્રીજા નંબરે આંધ્રપ્રદેશ, ગોવા,

કર્ણાટક અને ઉત્તરાખંડ, ચોથા નંબરે સિક્કિમ તેમજ પાંચમા નંબરે મહારાષ્ટ્ર છે.

- ✓ ગુજરાત આ યાદીમાં 10મા ક્રમાંકે રહ્યું હતું. 2019 કરતાં તે એક ક્રમ પાછળ ધકેલાયું હતું.

**વૈશ્વિક સ્તરે ભારતનો સ્કોર 6 પોઇન્ટ સુધર્યો**

- ✓ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સમાં ભારતનો સ્કોર 2019માં 60 હતો તે 2021માં વધુ 6 પોઇન્ટ સુધરીને 66 થયો હતો. ભારતનો દેખાવ એકંદરે સુધરી રહ્યો છે.

**મહત્વનાં લક્ષ્યોમાં ટોપર રાજ્યો**

- ✓ આરોગ્ય જીવનસ્તર : ગુજરાત , દિલ્હી
- ✓ ઉદ્યોગ, ઈનોવેશન, ઈન્ફ્રા : ગુજરાત, દિલ્હી
- ✓ દુર્ઘટના સામેની તૈયારી : ગુજરાત, મહારાષ્ટ્ર
- ✓ ઓછી ગરીબી : તમિલનાડુ, દિલ્હી
- ✓ ભૂખમરનો ખાત્મો : કેરળ, ચંડીગઢ
- ✓ ગુણવત્તાયુક્ત શિક્ષણ : કેરળ, ચંડીગઢ
- ✓ લૈંગિક સમાનત : છત્તીસગઢ, આંદામાન
- ✓ શુદ્ધ પાણી, સ્વચ્છતા : ગોવા, લક્ષદ્વીપ
- ✓ સ્વચ્છ ઊર્જા : હરિયાણા, પંજાબ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, ચંડીગઢ, દિલ્હી સહિત 20 રાજ્ય
- ✓ આર્થિક વિકાસ કાર્યો : હિમાચલ, ચંડીગઢ
- ✓ અસમાનતામાં ઘટાડો : ચંડીગઢ, મેઘાલય
- ✓ ટકાઉ શહેર-સામાજિક વિકાસ : પંજાબ, ચંડીગઢ
- ✓ ક્લાઈમેટ ચેન્જને લગતા કામ : ઓડિશા, આંદામન-નિકોબાર
- ✓ શાંતિ, ન્યાય, મજબૂત સંસ્થાઓ : ઉત્તરાખંડ, પુડુચેરી.
- ✓ SDG : સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ

**8. નિર્ણય : કેન્દ્ર સરકાર પેટ્રોલમાં વર્ષ 2023 સુધીમાં 20 ટકા ઈથોનેલ ભેળવવાની છૂટ અપાઈ**




**હેતુ :**

- ✓ ક્રૂડ આયાતના બિલમાં ઘટાડવાના ઈરાદા સાથે કેન્દ્ર સરકારે વર્ષ 2025ને બદલે વર્ષ 2023માં જ પેટ્રોલમાં 20 ટકા ઈથોનેલ ભેળવવાનો નિર્ણય કર્યો

**કારણ :**

- ✓ આયાતના સતત વધી રહેલા બિલને ધ્યાનમાં ઇથેનોલ ભેળવવાની ટકાવારી વર્ષ 2023 સુધીમાં 10થી વધારીને 20 ટકા કરવાનો સરકારે નિર્ણય લીધો છે.
- ✓ વર્ષ 2020માં ભારત સરકારે 165.59 મેટ્રિક મિલિયન ટન એટલે કે 16.66 કરોડ ટન ક્રૂડની આયાત કરી હતી.
- ✓ ક્રૂડની આયાત પાછળ ભારત વરસે દહાડે રૂપિયા આઠ લાખ કરોડથી વધારેનો ખર્ચ કરે છે. આ ખર્ચ ઘટાડવાના ઇરાદાથી આ પગલું લેવામાં આવ્યું.

**9. મેક્સિકો : 7.3 કરોડ વર્ષ પૂર્વેના અવશેષો ડાયનોસરની નવી પ્રજાતિના હોવાનું વૈજ્ઞાનિકોનું તારણ**




- ✓ **સ્થળ : ઉત્તરીય મેક્સિકો**
- ✓ ઉત્તરીય મેક્સિકોમાં આશરે 7.3 કરોડ વર્ષો પૂર્વે અસ્તિત્વ ધરાવતી ડાયનોસૌરની નવી પ્રજાતિના અવશેષો શોધી કાઢ્યા હોવાની જાહેરાત પુરાતત્વ વિજ્ઞાનિકોએ કરી.
- ✓ વર્ષ 2013માં સૌપ્રથમ વખત આ ડાયનોસૌરની પૂંછડીનો ભાગ મળી આવ્યા બાદ ધીરે-ધીરે તેના મોટાભાગના હાડપિંજરને બહાર કાઢવામાં આવ્યું છે, તેના પરના સંશોધનો બાદ એવું પણ તારણ કાઢવામાં આવ્યું છે કે, આ ડાયનોસૌર શાકાહારી હતા અને બહુ અવાજ કરતાં હતા.
- ✓ **મેક્સિકોના ઈતિહાસ અને માનવ શાસ્ત્રના રાષ્ટ્રીય સંસ્થાનના વૈજ્ઞાનિકો ઉત્તરીય પ્રાંત કોહુઈલાના જનરલ સેપેડા વિસ્તાર**માંથી મળેલા વિશાળ ડાયનોસૌરના હાડપિંજર પર કામ કરી રહ્યા છે. તેમણે **ડાયનોસોરની આ નવી પ્રજાતિને તલાતોલોફસ ગૈલોરમ નામ** આપ્યું છે.
- ✓ વર્ષ 2013થી શરૂ કરવામાં આવેલા સાવચેતીપૂર્વકના ખોદકામ બાદ અત્યાર સુધી ડાયનાસૌરના માથાના 80 ટકા હિસ્સાની સાથે સાથે 1.32 મીટરની કલગી, ખભા અને જાંઘના ભાગના હાડકાને બહાર કાઢવામાં આવ્યા છે.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**10. દિન વિશેષ : 03 જૂન વિશ્વ સાયકલ દિવસ**




**પ્રારંભ :**

- ✓ 2018માં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વિશ્વ સાયકલ દિનની શરૂઆત કરવામાં આવી હતી

**શોધક:**

- ✓ સાયકલની શોધ મેકમિલને (સ્કોટલેન્ડ) 1840માં કરી હતી.
- ✓ બાઇસિકલ ( ટાયર, હવા) 1888
- ✓ જે.બી.ડનલોપ સ્કોટલેન્ડ

**અન્ય વિગત :**

- ✓ ઇ.સ. 1817માં કાર્લ વોન ડેરિસ નામના જર્મન વિજ્ઞાનીએ માત્ર બે પૈડાંનું વાહન બનાવ્યું તેમાં પેડલ નહોતા પરંતુ સવારી કરીને પગ વડે જમીનને ધક્કો મારી ચલાવાતું. આ વિશ્વની પ્રથમ સાઇકલ હતી.
- ✓ ઇ.સ. 1840માં સ્કોટલેન્ડના કર્કપેટ્રિક મેકમિલન નામના કારીગરે સાઇકલના પૈડા વચ્ચે ધરી સાથે પેડલ બનાવ્યા. તેના પેડલ આગળના વ્હીલની વચ્ચે હતા અને તે વ્હીલ ખૂબ જ મોટું હતું. આ સાઇકલને 'વેલોસીપેડ' કહેતા.
- ✓ ઇ.સ. 1879માં હેનરી લોસન નામના કારીગરે વચ્ચે પેડલ અને ચેઇનવાળી સાઇકલ બનાવી. આ સાઇકલને સેફટી બાઈસિકલ કહેતા.

✓ ઇ.સ. 1888માં જોહન ડનલોપ નામના વિજ્ઞાનીએ રબરના ટાયરની શોધ કરી ત્યાં સુધી સાઇકલના પૈડા લાકડા કે લોખંડના બનતા.

✓ ઈ.સ. 1903માં 'ધ ટુર ડી ફ્રાન્સ' નામની શરૂ થયેલી સાઈકલ રેસ વિશ્વભરમાં જાણીતી છે.

✓ વર્ષ-1950ના સમયગાળા પછી સાઈકલને વાહન ગણવામાં આવતુ હતુ અને સાઈકલ ચલાવવા માટે લાયસન્સ લેવુ પડતુ હતુ

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (03-06-2021)

1. જૂન-2021માં ગુજરાત સરકારે ખેડૂતો માટે કૃષિ પાક ધિરાણ ભરપાઇ કરવાની તા.31 માર્ચ 2021ની મુદત ક્યાં સુધી લંબાવી – **તા. 30 જૂન 2001**
2. જૂન-2021માં ગુજરાત સરકારે ખેડૂતો માટે કૃષિ પાક ધિરાણ ભરપાઈની મુદત 30 જૂન સુધી લંબાવી તે માટેના કેટલા ટકાની અંદાજે કેટલી રકમની વ્યાજ રાહત ગુજરાત સરકાર ચૂકવશે – **4 ટકા તથા રૂ. 241 કરોડ**
3. ગુજરાતમાં દર વર્ષે 17 લાખ ખેડૂતો આશરે કેટલા રૂપિયાનું પાક ધિરાણ ટૂંકી મુદત માટે મેળવતા હોય છે - **રૂ. 35 હજાર કરોડ**
4. જૂન-2021માં ગુજરાત સરકારે મૂંગા-અબોલ જીવોને ઘાસચારો-પશુ આહાર મેળવવામાં મુશ્કેલી ન પડે તે માટે રજિસ્ટર્ડ ગૌશાળા, પાંજરાપોળના નોંધાયેલા પશુઓને જૂન-જૂલાઇ માટે પશુદીઠ દૈનિક કેટલી સહાય આપવાનો નિર્ણય કર્યો - **રૂ.25**
5. જૂન-2021માં કેન્દ્રીય શિક્ષણ વિભાગે પ્રાથમિક શાળાના શિક્ષક બનવા માટે લેવાતી TET પરીક્ષાની માર્કશીટ સાત વર્ષના બદલે ક્યાં સુધી માન્ય ગણવાની જાહેરાત કરી હતી - **આજીવન**
6. જૂન-2021માં કેન્દ્રીય શિક્ષણ વિભાગે TET પરીક્ષાની માર્કશીટ સાત વર્ષના બદલે આજીવન માન્ય ગણવાની જાહેરાત કરી હતી તે કયા વર્ષથી માન્ય ગણાશે – **વર્ષ 2011**
7. પ્રાથમિક શિક્ષકની ભરતી માટે લેવાતી TET પરીક્ષાનું વિસ્તૃત નામ જણાવો - **ટીચર એલિજિબિલીટી ટેસ્ટ**
8. દેશમાં પ્રથમ પેપરલેસ, કોન્ટેક્ટલેસ કેશલેસ દંડનો પ્રારંભ કરનાર શહેર પોલીસનું નામ જણાવો – **રાજકોટ શહેર પોલીસ**
9. જૂન 2021માં સુપ્રીમ કોર્ટે ક્યા કેસમાં દરેક પત્રકારને સુરક્ષા મેળવવાનો અધિકાર હોવાની ટકોર કરી હતી – **પત્રકાર વિનોદ દુઆ સામેનો રાજદ્રોહનો કેસ**
10. વર્ષ 1962ના કયા કેસ હેઠળ દરેક પત્રકારને રક્ષણ તેમજ સુરક્ષાનો અધિકાર આપવામાં આવ્યો છે - **કેદારનાથ વિરુદ્ધ બિહાર રાજ્ય**
11. ભારતીય દંડ સંહિતાની કઈ કલમમાં દેશદ્રોહનો ગુનો ગણાય છે - **124 A**
12. જૂન 2021માં નીતિ આયોગ દ્વારા જાહેર કરાયેલા SDG ઈન્ડિયા ઇન્ડેક્ષ 2020-21ના ઓવરઑલ રેન્કિંગમાં ગુજરાત કેટલા અંક સાથે કયા ક્રમે હતુ – **69 તથા 10**
13. જૂન 2021માં નીતિ આયોગ દ્વારા કેટલામો SDG ઇન્ડિયા ઇન્ડેક્ષ 2020-21 જાહેર કરાયો હતો – **ત્રીજો**
14. નીતિ આયોગ દ્વારા જાહેર કરાતા SDG ઈન્ડેક્ષનું વિસ્તૃત નામ જણાવો - **સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ**
15. નીતિ આયોગના SDG ઇન્ડિયા ઇન્ડેક્ષ 2020-21માં ત્રીજા વર્ષે રાજ્યનાં સાતત્યપૂર્ણ વિકાસમાં કયુ રાજ્ય કેટલા અંક સાથે પહેલા નંબર પર તથા કયુ રાજ્ય કેટલા અંક સાથે છેલ્લાં ક્રમે હતુ – **કેરળ-75 તથા બિહાર-52**
16. SDG ઇન્ડિયા ઇન્ડેક્ષ 2020-21માં આ વખતે કેટલા ગોલ્સ, કેટલો ટાર્ગેટ અને કેટલા ઇન્ડિકેટર્સને આધારે રાજ્યોની વિકાસ કામગીરીનું મૂલ્યાંકન કરાયું હતું – **17, 70 તથા 115**
17. સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ 2019-20માં ભારતનો સ્કોર કેટલો હતો – **60**
18. સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ 2020-21માં ભારતનો સ્કોર કેટલો હતો - **66**
19. સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ 2020-21માં આરોગ્ય જીવનસ્તર મામલે ટોપર રાજ્યોનું નામ જણાવો – **ગુજરાત અને દિલ્હી**
20. સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ 2020-21માં સારી આરોગ્ય સેવા માટે ટોપર રાજ્યોનું નામ જણાવો – **ગુજરાત અને દિલ્હી**
21. સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ 2020-21માં ઉધોગ, આવિષ્કાર અને ઇન્ફ્રાસ્ટ્રકચર માટે ટોપર રાજ્યોનું નામ જણાવો –**ગુજરાત અને દિલ્હી**
22. જૂન 2021માં કેન્દ્ર સરકારે પેટ્રોલમાં વર્ષ 2023 સુધીમાં કેટલા ટકાથી વધારી કેટલા ટકા ઈથોનેલ ભેળવવાની છૂટ આપી – **10 તથા 20**
23. જૂન 2021માં ક્રૂડ આયાતના બિલમાં ઘટાડવાના ઈરાદા સાથે કેન્દ્ર સરકારે કયા વર્ષને બદલે વર્ષ 2023માં જ પેટ્રોલમાં 20 ટકા ઈથોનેલ ભેળવવાનો નિર્ણય કર્યો - **વર્ષ 2025**
24. વર્ષ 2020માં ભારત સરકારે 165.59 મેટ્રિક મિલિયન ટન એટલે કે કેટલા ટન ક્રૂડની આયાત કરી હતી - **16.66 કરોડ**
25. જૂન 2021માં કયા સ્થળે આશરે 7.3 કરોડ વર્ષો પૂર્વે અસ્તિત્વ ધરાવતી ડાયનોસૌરની નવી પ્રજાતિના અવશેષો શોધી કાઢ્યા હોવાની જાહેરાત પુરાતત્વ વૈજ્ઞાનિકોએ કરી - **ઉત્તરીય મેક્સિકો**
26. મેક્સિકોના કયા રાષ્ટ્રીય સંસ્થાનના વૈજ્ઞાનિકો ઉત્તરીય પ્રાંત કોહુઈલાના જનરલ સેપેડા વિસ્તારમાંથી મળેલા વિશાળ ડાયનોસૌરના હાડપિંજર પર કામ કરી રહ્યા છે - **ઈતિહાસ અને માનવ શાસ્ત્ર**
27. જૂન 2021માં મેક્સિકોમાં આશરે 7.3 કરોડ વર્ષો પૂર્વે અસ્તિત્વ ધરાવતી ડાયનોસૌરની નવી પ્રજાતિના અવશેષો શોધી કાઢ્યા તેને શું નામ અપાયું છે - **તલાતોલોફસ ગૈલોરમ**
28. વિશ્વ સાયકલ દિવસ કયારે મનાવવામાં આવે છે - **3 જૂન**
29. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વિશ્વ સાયકલ દિવસ મનાવવાની શરૂઆત કયારે કરવામાં આવી – **વર્ષ-2018**
30. સાયકલની શોધ કોણે અને કયારે કરી હતી - **મેકમિલને (સ્કોટલેન્ડ) તથા વર્ષ-1840**
31. કયા વર્ષમાં 'ધ ટુર ડી ફ્રાન્સ' નામની શરૂ થયેલી સાયકલ રેસ વિશ્વભરમાં જાણીતી બની – **વર્ષ-1903**

**DATE : 04-06-2021**

**1. ગુજરાત સરકાર : નિર્ણય**

**ગુજરાતના પાંચ જિલ્લામાં રૂ. 1-1 કરોડના ખર્ચે સ્માર્ટ લાયબ્રેરી વિકસાવાશે (શિક્ષણ)**




**જિલ્લા : અમદાવાદ, વડોદરા, રાજકોટ, મહેસાણા અને જૂનાગઢ**

- ✓ કુલ રૂ. 5 કરોડના ખર્ચે જિલ્લા મથકોના ગ્રંથાલયોને સ્માર્ટ બનાવાશે

**નવીન સુવિધાઓ :**

- ✓ આ તમામ ગ્રંથાયલોમાં વાઇફાઇ નેટવર્ક, આરએફઆઇડી સિસ્ટમ, કમ્પ્યુટર હાર્ડવેર- સૉફ્ટવેર, ઓડિયો વિઝ્યુઅલ સિસ્ટમ, સીસીટીવી કેમેરા, અધતન ફર્નિચર, આરઓ પ્લાન્ટ, ફાયર સિસ્ટમ, રિફ્રેશમેન્ટ ઝોન ઉપલબ્ધ કરવામાં આવશે. સ્માર્ટ લાઈબ્રેરીના કારણે આગામી સમયમાં વાચકવર્ગમાં વધારો થશે.

## 2. ગુજરાત સરકાર : રસીકરણ અંગે મહત્વનો નિર્ણય (આરોગ્ય)




- ✓ ગામડામાં રસી નોંધણી માટે VCEને પ્રતિ નોંધણીએ રૂ. 5ની પ્રોત્સાહક રકમ અપાશે
- ✓ રાજ્યભરમાં 18 થી 44 વર્ષના વયજુથને રસી આપવાનો નિર્ણય કર્યા બાદ ગ્રામ્ય વિસ્તારોમાં નોંધણીને લઈને કેટલી રજૂઆતો સરકાર સુધી પહોંચી હતી.
- ✓ ગ્રામિણ વિસ્તારોમાં 18 થી 44 વર્ષના નાગરિકોને કોવિન એપમાં રસીકરણની નોંધણી માટે ગામ પંચાયતમાં કાર્યરત વિલેજ કમ્પ્યુટર આંતરપેન્યોર- VCE ને એક નોંધણી પેટે સરકાર તરફથી રૂપિયા પાંચ ચૂકવવાનો નિર્ણય લીધો હતો. જેથી વેક્સિનેશની ઝડપ વધશે.

## 3. ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) અધિનિયમ-2021નો ગુજરાતમાં તા. 15મી જૂન 2021થી અમલ (કાયદો)




**જૂનુ નામ : ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય સુધારા વિધેયક-2003**

**હેતુ :** ગુજરાતમાં લવ જેહાદ પર રોક લગાવવા

**ધર્મ સ્વાતંત્ર્યના કાયદામાં નવા સુધારા :**

- ✓ માત્ર ધર્મ પરિવર્તનના હેતુથી કરેલા લગ્નના કિસ્સા અથવા લગ્નના હેતુથી કરેલા ધર્મ પરિવર્તન વાળા લગ્નના કિસ્સા ફેમિલી કોર્ટ અથવા ન્યાયક્ષેત્ર ધરાવતી કોર્ટ દ્વારા રદ કરવામાં આવશે.
- ✓ કોઇ પણ વ્યક્તિ સીધી રીતે અથવા લાલચ, કપટ-બળપૂર્વક લગ્ન કરી કરાવી કે મદદગારી કરી ધર્મપરિવર્તન કરી- કરાવી શકશે નહીં.
- ✓ ગુનો સાબિત કરવાની બાબત યાને બર્ડન ઓફ પ્રૂફની જવાબદારી આરોપી, ધર્મ પરિવર્તન કરાવનાર તથા સહાયક ઉપર રહેશે.
- ✓ ગુનો કરનાર, કરાવનાર, મદદ કરનાર, સલાહ આપનાર તમામ એકસરખા દોષિત ગણાશે.
- ✓ કાયદાનું ઉલ્લંઘન કરનારને 3 થી 5 વર્ષ સુધીની કેદની સજા તથા ઓછામાં ઓછા રૂ. બે લાખના દંડની જોગવાઇ.
- ✓ સગીર-સ્ત્રી-અનુસૂચિત જાતિ- અનુસૂચિત જનજાતિના કિસ્સામાં 4થી 7 વર્ષની જેલની સજા તથા ઓછામાં ઓછા રૂ. 3 લાખના દંડની જોગવાઇ.
- ✓ આવા લગ્નથી નારાજ થયેલી વ્યક્તિ, માતા-પિતા, ભાઈ-બહેન અથવા લોહીની સગાઈથી, લગ્નથી અથવા દત્તક સ્વરૂપે હોય તેવી બીજી કોઇ વ્યક્તિ દ્વારા આવા કિસ્સામાં એફઆઈઆર દાખલ થઈ શકશે.
- ✓ કાયદાનું પાલન નહીં કરનાર સંસ્થાનું રજિસ્ટ્રેશન રદ થશે તેમજ આવી સંસ્થાના સંચાલકને 3થી 10 વર્ષ સુધીની જેલની સજા તથા રૂ. પાંચ લાખ સુધીનો દંડ થશે. આવી સંસ્થાને ચાર્જશીટ ફાઇલ થયાની તારીખથી રાજ્ય સરકાર દ્વારા અપાતી નાણાકીય મદદ-ગ્રાન્ટ બંધ થશે.

## 4. પ્રવાસન : ગુજરાત સરકાર

**ગુજરાતના પાંચ રક્ષિત સ્માસ્કોની આજુબાજુ પ્રવાસનની સુવિધા વિકસાવાશે**

**સ્મારક અને સ્થળ :**

- ✓ આ પાંચ મોન્યુમેન્ટ્સમાં લૂણાવાડાના તાલુકાના લવાણા ગામના **કલેશ્વરી સ્મારક સમૂહ**, કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકાના **મંજલ ગામનું પુઅરેશ્વર મંદિર**, સુરેન્દ્રનગરના ચોટીલા તાલુકાના **થાન ગામના તરણેતરના મંદિર**, જૂનાગઢ જિલ્લાના **પ્રભાસ પાટણ ગામના પ્રાચીન જૈન મંદિર**, રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના ખંભાલીડ ગામની **ખંભાલીડા બૌદ્ધ ગુફાઓ**.

## 5. RBI : આર્થિક સમીક્ષા-વર્ષ 2021-22

**રેપોરેટ 4.0 ટકા, રિવર્સ રેપોરેટ 3.35 ટકા અને બેન્ક દર 4.25 ટકા યથાવત**

**મહત્વના નિર્ણયો : ગ્રોથરેટ**

- ✓ વર્ષ 2021-22 માટે ભારતીય અર્થતંત્રના ગ્રોથરેટનો અંદાજ અગાઉના 10.5 ટકાથી ઘટાડીને 9.5 ટકા મૂકાયો

**હવે નેશનલ ઓટોમેટેડ ક્લીયરિંગ હાઉસ વર્ષના 365 દિવસ કાર્યરત રહેશે**

- ✓ તા. 1 ઓગસ્ટ 2021થી રવિવાર અને બેન્ક હોલીડે સહિતના તમામ દિવસે નેશનલ ઓટોમેટેડ ક્લીયરિંગ હાઇસ કાર્યરત રહેશે. તેનો અર્થ એ થયો કે હવે રવિવાર અને બેન્ક હોલીડેના દિવસોમાં પણ બેન્ક ખાતામાં પગાર જમા થઇ શકશે.
- ✓ ઉપરાંત મ્યુચ્યુઅલ ફંડના એસઆઇપી, હોમ-કાર-પર્સનલ લોનના ઇએમઆઇની ઓટો ડેબિટ સુવિધા અને ટેલિફોન બિલ, ગેસના

પેમેન્ટ, વીજળી બિલના પેમેન્ટ આ દિવસોમાં કરી શકાશે. અત્યારે રવિવાર અને બેન્ક હોલીડેના દિવસે ઓટો ડેબિટ વ્યવહારો થઇ શક્તાં નથી.

**MSMEsને RBIની રૂપિયા 16,000 કરોડની સૌગાત, નાના વેપાર-ધંધાને રિફાઈનાન્સ કરાશે**

- ✓ MSMEsને રાહત આપવા આરબીઆઇએ સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બેન્ક ઓફ ઇન્ડિયા (સિડબી)ને રૂપિયા 16,000 કરોડની વિશેષ સહાય જાહેર કરી છે.
- ✓ સિડબી આ સહાયથી નાના વેપાર, ધંધા અને ઉદ્યોગોને લોન અને રિફાઇનાન્સ આપી શક્શે. આ સુવિધા એક વર્ષ માટે પ્રવર્તમાન રેપોરેટ પર ઉપલબ્ધ રહેશે. આ ભંડોળના ઉપયોગને આધારે સુવિધાને લંબાવવામાં આવી શકે છે.
- ✓ મેના પ્રારંભે જાહેર કરેલ રિઝોલ્યુશન ફ્રેમવર્ક 2.0ની સુવિધા વધારતા હવે આ યોજના અંતર્ગત આવતા MSMEs, નોન MSMEs સ્મોલ બિઝનેસ અને બિઝનેસ માટે લોન લેનારા લોનધારકો રૂપિયા 25 કરોડના સ્થાને રૂપિયા 50 કરોડની લોન રિસ્ટ્રક્ચર કરાવી શક્શે.

**હોટેલ, રેસ્ટોરન્ટ, ટૂરિઝમ માટે રૂપિયા 15,000 કરોડનું ભંડોળ**

- ✓ રિઝર્વ બેન્કે કોરોના મહામારીના કારણે લદાયેલા લોકડાઉનથી આર્થિક સંકટમાં સપડાયેલા હોટેલ, રેસ્ટોરન્ટ, ટૂરિઝમ, એવિએશન એન્સિલરી સેવાઓ, પ્રાઇવેટ બસ ઓપરેટરો, કાર રિપેર સેવાઓ, કાર રેન્ટ પ્રોવાઇડર્સ, ઇવેન્ટ ઓર્ગેનાઇઝર, સ્પા ક્લિનિક અને બ્યૂટી પાર્લર-સલૂન ઉધોગોને આર્થિક સપોર્ટ આપવા માટે રૂપિયા 15,000 કરોડની સ્પેશિયલ લિક્વિડિટી વિન્ડો શરૂ કરવાની જાહેરાત કરી.
- ✓ કોરોનાના કારણે આર્થિક સંકટમાં ફસાયેલા આ સેક્ટરોને 3 વર્ષ માટે રેપોરેટ દરે બેન્કો દ્વારા આ ધિરાણ અપાશે.

**ભારતનું વિદેશી હૂંડિયામણ 600 બિલિયન ડોલરને પાર**

- ✓ ભારતનું વિદેશી હૂંડિયામણ 600 બિલિયન અમેરિકન ડોલરને પાર કરી ગયું હોવું જોઇએ. આરબીઆઇ ફોરેન એક્સચેન્જ માર્કેટ અને તેના વિવિધ સેગમેન્ટમાં સક્રિય ખરીદી અને વેચાણ કરતી રહે છે.
- ✓ આ પ્રયાસોના કારણે માર્કેટ કન્ડિશનમાં સ્થિરતા આવી છે અને ડોલર સામે રૂપિયાના એક્સચેન્જ રેટ સ્થિર બન્યાં છે.
- ✓ **RBI ગવર્નર :** શક્તિકાન્તા દાસ
- ✓ **વડુમથક :** મુંબઇ

**6. કોરોનાની બીજી લહેર : ડેલ્ટા વેરિએન્ટ -ભારત (આરોગ્ય-સંશોધન)**

**બીજી લહેરનું પ્રથમ જીનોમ સિકવન્સિંગ : દેશમાં 32 ટકા કોરોના સંક્રમણ માટે ડેલ્ટા વેરિએન્ટ જવાબદાર**

**પ્રથમ પાંચ રાજ્યો :**

| રાજ્ય | સેમ્પલ | ડેલ્ટા વેરિયેન્ટ |
|---|---|---|
| ઉત્તરપ્રદેશ | 22 | 81.8 % |
| ગુજરાત | 438 | 77.4 % |
| ઝારખંડ | 363 | 67.2 % |
| ત્રિપુરા | 18 | 50 % |
| આંધ્ર પ્રદેશ | 855 | 47.3 % |

**જીનોમ સિકવન્સિંગ શું છે :**

- ✓ કોરોના સંક્રમણમાં ઘટાડો જરૂર થયો છે પણ હજુય દેશમાં મળી રહેલા કુલ કેસોમાંથી 32% બી.1.617 સ્ટ્રેન તથા તે જ સમૂહના એટલે કે ડેલ્ટા વેરિયન્ટના છે.
- ✓ કોઇ વાઇરસના સ્વરૂપમાં ફેરફારની ઓળખ જીનોમ સિક્વન્સિંગથી કરાય છે.
- ✓ દેશમાં 28 મે સુધીમાં કોરોના વાઇરસના 21,471 સેમ્પલનું જીનોમ સિક્વન્સિંગ થયું.
- ✓ વસતીની દ્રષ્ટિએ દેશના સૌથી મોટા રાજ્ય યુપીમાં આ દરમિયાન માત્ર 22 સેમ્પલનું જીનોમ સિક્વન્સિંગ થયું. તેમાં સૌથી વધુ 82% ડેલ્ટા વેરિયન્ટથી સંક્રમિત મળ્યા છે.

**7. સંરક્ષણ મંત્રાલય : ભારત સરકાર નૌકાદળમાં રૂ. 43,000 કરોડના ખર્ચે નવી 6 સબમરિન નિર્માણ કરાશે (મેઇક ઇન ઇન્ડિયા)**

**વિગત :**

- ✓ ડિફેન્સ મિનિસ્ટ્રી દ્વારા સ્વદેશી સબમરીનના ઉત્પાદન માટેના પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી.
- ✓ ચીન સામે મહત્વપૂર્ણ ગણાતા આ પ્રોજેક્ટમાં હાલ છ સબમરિનનું ઉત્પાદન કરવામાં આવશે. જેનો કુલ ખર્ચ આશરે 43,000 કરોડ માનવામાં આવે છે.
- ✓ સરહદે ચીન સાથે તકરાર વચ્ચે ભારતીય સંરક્ષણ મંત્રાલયે 6,000 કરોડના હથિયારોની ખરીદીને પણ મંજૂરી આપી. જેમાં એર ડિફેંસ ગન અને ગોળા બારુદની ખરીદી કરવામાં આવશે.

**નેવીની વર્તમાન શક્તિ :**

- ✓ નેવી પાસે હાલમાં 15 સબમરીન.
- ✓ 2 પરમાણુ સબમરીન આઇએનએસ અરિહંત અને આઇએનએસ ચક્ર પણ.
- ✓ નેવીએ પરમાણુ હુમલો કરી શકે તેવી 6 સહિતની કુલ 24 સબમરીનું નિર્માણ કરવાનું લક્ષ્યાંક
- ✓ હિંદ મહાસાગરમાં ચીનની વધતી હાજરીને કારણે ભારત સજ્જ થઇ રહ્યું છે.

**8. નિધન : મૉરિસિયસના પૂર્વ PM-રાષ્ટ્રપતિ મૂળ ભારતીય પદ્મ વિભૂષણ અનિરુદ્ધ જગન્નાથનું 91 વર્ષે અવસાન**



**પરિચય :**

- ✓ તેમણે વિદેશમાં હિન્દીને સન્માન અપાવવામાં અને મોરેશિયસની અર્થવ્યવસ્થાને બહેતર બનાવવા માટે યાદ કરવામાં આવે છે.
- ✓ ભારત સરકારે તેના માનમાં શનિવારે એક દિવસનો રાજકીય શોક જાહેર કર્યો છે.
- ✓ **વતન : બલિયા-ઉત્તરપ્રદેશ** **પદ્મ વિભૂષણ : 2020**
- ✓ **રાજધાની : પોર્ટલૂઇસ**

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (04-06-2021)

1. જૂન 2021માં ગુજરાતના કયા પાંચ જિલ્લામાં રૂ.1-1 કરોડના ખર્ચે સ્માર્ટ લાઇબ્રેરી વિકસાવવાનો નિર્ણય સરકાર દ્વારા કરાયો છે - **અમદાવાદ, વડોદરા, રાજકોટ, મહેસાણા અને જુનાગઢ**

2. ગ્રામ્ય વિસ્તારમાં 18 થી 44 વર્ષના નાગરિકોમાં રસીકરણમાં ઝડપ લાવવા નોંધણી માટે મદદરૂપ થવાના હેતુથી ગ્રામ પંચાયતમાં કોને જવાબદારી અપાઈ છે - **VEC**
3. ગ્રામ્ય વિસ્તારમાં 18 થી 44 વર્ષના નાગરિકોમાં રસીકરણમાં ઝડપ લાવવા નોંધણી માટે મદદરૂપ થવાના હેતુથી ગ્રામ પંચાયતમાં VECને પ્રત્યેક નોંધણી કેટલી પ્રોત્સાહન અપાશે - **રૂ. 5**
4. ગ્રામ પંચાયતમાં કાર્યરત VECનું નામ જણાવો - **વિલેજ કમ્પ્યુટર આંત્રપ્રિન્યોર**
5. માર્ચ 2021માં ગુજરાત વિધાનસભામાં પસાર કરાયેલ ગુજરાત ધર્મ સ્વાતંત્ર( સુધારા) અધિનિયમ 2021નો અમલ ક્યારથી કરાશે - **15 જૂન 2021**
6. ગુજરાત ધર્મ સ્વાતંત્ર( સુધારા) અધિનિયમ 2021નો મુખ્ય હેતુ જણાવો - **લવ જેહાદ પર રોક લગાવવા**
7. જૂન 2021માં RBI દ્વારા યોજાયેલી આર્થિક સમીક્ષા વર્ષ 2021-21 મુજબ રેપો રેટ, રિવર્સ રેપો રેટ અને બેંક રેટ કેટલા ટકા યથાવત રખાયો - **RR 4.0, RRR 3.35 બેંક રેટ 4.25 ટકા**
8. RBI દ્વારા વર્ષ 2021-22 માટે ભારતીય અર્થતંત્રના ગ્રોથ રેટનો અંદાજ અગાઉના 10.5 ટકા ઘટાડીને કેટલો કરાયો છે - **9.5 ટકા**
9. RBIના તાજેતરના નિયમ મુજબ હવે નેશનલ ઓટોમેટેડ ક્લિયરિંગ હાઉસ આગામી 01 ઓગસ્ટ 2021થી વરસના કેટલા દિવસ સુધી કાર્યરત રહેશે - **365 દિવસ**
10. MSMEsને રાહત આપવા આરબીઆઈ દ્વારા કેટલા કરોડની સહાય આપવાની જૂન 2021માં તાજેતરમાં જાહેરાત કરાઇ છે - **રૂ.16,000 કરોડ**
11. -જૂન 2021માં તાજેતરમાં RBI દ્વારા હોટલ, રેસ્ટોરેન્ટ, ટુરિઝ્મમાં કેટલા કરોડનું ભંડોળ આપવાની જાહેરાત કરાઇ છે - **રૂ. 15**
12. ગુજરાતના કયા પાંચ રક્ષિત સ્મારકો ને રૂ. 5 કરોડથી વધુના ખર્ચે વિકસાવાશે - **લૂણાવાડા તાલુકાના લવાણા ગામના કલેશ્વરી સ્મારક સમુહ, કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકાના મંજલ ગામનું પુઅરેશ્વર મંદિર, સુરેન્દ્રનગરના ચોટીલા તાલુકાના થાન ગામના તરણેતરના મંદિર, જૂનાગઢ જિલ્લાના પ્રભાસ પાટણ ગામના પ્રાચીન જૈન મંદિર તથા રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના ખંભાલીડ ગામની ખંભાલીડા બૌદ્ધ ગુફાઓ**
13. ભારતમાં કોરોનાની બીજી લહેરમાં કેટલા ટકા લોકોમાં કોરોના સંક્રમણ માટે ડેલ્ટા વેરિએન્ટ જવાબદાર હતો - **32**
14. કોઇ વાઇરસના સ્વરૂપમાં ફેરફારની ઓળખ શાના દ્વારા કરવામાં આવે છે - **જીનોમ સિક્વન્સિંગ**
15. જૂન-2021માં ભારતીય સંરક્ષણ મંત્રાલયે નૌકાદળ માટે કેટલા રૂપિયાના ખર્ચે નવી 6 સબમરિન નિર્માણ કરવાના પ્રોજેક્ટને મંજૂરી આપી - **રૂ.43,000 કરોડ**
16. જૂન-2021ની સ્થિતિએ ભારતીય નૈકાદળ પાસે કેટલા સબમરીન તથા ક્યા બે પરમાણુ સબમરીનની તાકાત છે - **15 તથા આઈએનએસ અરિહંત અને આઈએનએસ ચક્ર**
17. જૂન-2021માં મૉરેસિયસના ક્યા પૂર્વ PM-રાષ્ટ્રપતિ મૂળ ભારતીયનું 91 વર્ષે અવસાન થયું - **અનિરુદ્ધ જગન્નાથ**
18. જૂન-2021માં મૉરેસિયસના પૂર્વ PM-રાષ્ટ્રપતિ અનિરુદ્ધ જગન્નાથનું અવસાન થયુ તેનું વતન જણાવો - **બલિયા-ઉત્તરપ્રદેશ**
19. તાજેતરમાં જેમનુ નિધન થયુ તે મૉરેસિયસના પૂર્વ PM-રાષ્ટ્રપતિ અનિરુદ્ધ જગન્નાથનને ભારત સરકારે વર્ષ 2020માં ક્યા એવોર્ડથી સન્માનિત કર્યાં હતા - **પદ્મ વિભૂષણ**
20. મૉરેસિયસની વર્તમાન રાજધાનીનું નામ જણાવો - **પોર્ટલૂઈસ**

**DATE : 05-06-2021**

## સ્થાનિક બાબતો

**1. ગુજરાત સરકાર : ક્લાયમેટ ચેન્જ**

**વિશ્વ પર્યાવરણ દિવસે 10 વર્ષનો "સ્ટેટ એક્શન પ્લાન ઓન ક્લાયમેટ ચેન્જ"-2030 લોન્ચ**

✓ **ખાસ :** પર્યાવરણ અંગે સ્ટેટ એકશન પ્લાન તૈયાર કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય.




**એકશન પ્લાનમાં સમાવિષ્ટ બાબતો :** રિન્યુએબલ એનર્જી, એનર્જી સેવિંગ, વોટર કન્વર્ઝશન, પશુપાલન, ખેતી અને આરોગ્ય.

**હેતુ :**

✓ ગુજરાતમાં ક્લાયમેટ ચેન્જના પડકારો ઝિલવા લાંબાગાળાનું આયોજન ઘડવા



આબોહવા પરિવર્તન વિરુદ્ધ લડાઈ

**હવામાન અને આબોહવા વચ્ચે શું તફાવત છે ?**

- હવામાન એટલે ચોક્કસ સ્થળે અને સમયે વાતાવરણની સ્થિતિ. ઉદાહરણ તરીકે, દિવસ ઠંડો, ગરમ, વરસાદવાળો, સૂકો, વાદળછાયો કે સૂર્યપ્રકાશવાળો હોઈ શકે છે અને આ અલગ અલગ સ્થળોએ અલગ અલગ હોય છે.
- લાંબા સમયગાળા માટે કોઈ સ્થળના હવામાનની કુલ સરેરાશ એ તેની આબોહવા છે. ઉદાહરણ તરીકે કોઈ સ્થળે ઉનાળો ગરમ અને સૂકો હોઈ શકે છે, જયારે શિયાળો ખૂબ જ ઠંડો પણ હોઈ શકે છે.
- પૃથ્વીની આબોહવા એટલે દુનિયાભરના તમામ પ્રદેશોની આબોહવાનો સરવાળો

**ક્લાઈમેટ ચેન્જ એટલે શું ?**

- ક્લાઈમેટ ચેન્જ એટલે લાંબા સમયગાળા દરમિયાન જે તે સ્થળના સામાન્ય હવામાનમાં આવતું પરિવર્તન ઉદાહરણ તરીકે વરસાદ પડવાની રીતભાત, ઋતુઓમાં તાપમાન, હિમવર્ષાનું પ્રમાણ, ભેજનું પ્રમાણ વગેરેમાં થતો ફેરફાર
- હવામાન થોડા જ કલાકોમાં બદલાઈ જાય છે જયારે આબોહવામાં ફેરફાર થતાં સદીઓથી લઈ ને લાખો વર્ષ સુધીનો સમય લાગે છે.

**ક્લાઈમેટ ચેન્જની કેવી અસરો જોઈ શકાય છે ?**

- સમુદ્રના સ્તરમાં વધારો
- વૈશ્વિક તાપમાનમાં વધારો
- ધ્રુવપ્રદેશનો બરફ પીગળવો અને હિમનદીઓ લુપ્ત થવી
- હવામાનનું આક્રમક સ્વરૂપ જેમ કે હીટ વેવ્સ, ચક્વાત, પૂર અને વાવાઝોડા
- સમુદ્રનું એસિડીકરણ
- જૈવ વિવિધતા અને નિવસનતંત્ર પર વિનાશક અસરો

**ક્લાઈમેટ ચેન્જના કારણો કયા કયા છે?**

- ક્લાઈમેટ ચેન્જના પ્રાકૃતિક કારણોમાં સૌર રેડિયેશનમાં ફેરફાર, દરિયાનાં મોજાંઓમાં પરીવર્તન, જ્વાળામુખી ફાટવા અને ટેક્ટોનિક પ્લેટસ (પૃથ્વીના પડ)માં હિલચાલનો સમાવેશ થાય છે.
- ક્લાઈમેટ ચેન્જ માટે જવાબદાર માનવસર્જિત કારણોમાં પરિવહન, ઊર્જાનું ઉત્પાદન, વન નાબૂદી, ઘન કચરાના પ્રમાણમાં વધારો ઓદ્યોગિક પ્રવૃત્તિઓ અને કૃષિ તથા પશુપાલનનો સમાવેશ થાય છે.

**કોની મદદથી એક્શન પ્લાન તૈયાર કરાયો**

✓ IIM અમદાવાદ IIT ગાંધીનગર

**અન્ય બાબતો**

**ભારત સરકારે વર્ષ 2008માં ક્લાઈમેટ ચેન્જ પર નેશનલ એક્શન પ્લાન (NAPCC) તૈયાર કર્યો છે. જેમાં આઠ રાષ્ટ્રીય મિશન છે**

**ક્લાયમેટ ચેન્જ વિભાગ-ગુજરાત વિશે**

✓ ગુજરાત સરકારે સપ્ટેમ્બર-2009માં સ્વતંત્ર રીતે ક્લાયમેટ ચેન્જ વિભાગનું નિર્માણ કર્યું
✓ એશિયામાં સૌપ્રથમ અને વિશ્વમાં ચોથો રાજ્યકક્ષાનો સ્વતંત્ર સરકારી વિભાગ

**2. ગુજરાત સરકાર : મુખ્યમંત્રીશ્રીના હસ્તે "પ્રોજેક્ટ ફોર ઇકોસિસ્ટમ રિસ્ટોરેશન ઈન ગુજરાત"નો પ્રારંભ**



**પ્રોજેક્ટ વિશે**
✓ કુલ ખર્ચ : 1,072 કરોડ
✓ સમયગાળો : વર્ષ 2029 સુધી
✓ સહયોગ : જાપાન ઇન્ટરનેશનલ કો-ઓપરેશન એજન્સી-JICA

**હેતુ :**
✓ ગુજરાત પાસે દરિયો, રણ, પર્વતો, ખૂલ્લા મેદાનો જેવી અનેકવિધ વિવિધતાઓ છે તે સંદર્ભમાં આ પ્રોજેક્ટથી આખીયે ઇકોસિસ્ટમને સુદ્રઢ કરવાની પહેલ ગુજરાતે કરી છે.
✓ આ પ્રોજેક્ટ અન્વયે ચેર અને મેન્ગ્રુવ્ઝનો વિકાસ, ઘાસના મેદાનો, ભેજવાળી જમીન અને જંગલોની પૂનઃ સ્થાપના જેવા પ્રકલ્પો હાથ ધરાવાના છે.

**3. ઈથોનેલ બ્લેન્ડિંગ : લક્ષ્યાંક**

**કેન્દ્ર સરકાર દ્વારા રોડ મેપ-2025 જાહેર**
✓ ભારત વર્ષ 2025 સુધીમાં પેટ્રોલમાં 20%ઈથોનેલ બ્લેન્ડિંગનું લક્ષ્ય પ્રાપ્ત કરશે
✓ લક્ષ્ય પ્રાપ્ત મુદત વર્ષ 2030થી પાંચ વર્ષ ઘટાડીને વર્ષ 2025 કરાઈ

**વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના સંબોધનના મહત્વના અંશો**
✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિશ્વ પર્યાવરણ દિવસ પ્રસંગે પેટ્રોલમાં ઇથેનોલ બ્લેન્ડિંગને મુદ્દે નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલો વર્ષ 2025 સુધીનો રોડમેપ જારી કરતાં જણાવ્યું હતું કે પ્રદૂષણમાં ઘટાડો કરવા અને આયાત પરની નિર્ભરતાને ઘટાડવા માટે પેટ્રોલમાં 20 ટકા ઇથેનોલ ભેળવવાના લક્ષ્યપ્રાપ્તિની મુદત 2030થી ટૂંકાવીને વર્ષ 2025 કરવામાં આવી છે. આમ લક્ષ્ય પ્રાપ્તિની મુદતમાં પાંચ વર્ષનો ઘટાડો કરવામાં આવ્યો છે.
✓ વડાપ્રધાન મોદીએ પૂણેમાં ત્રણ સ્થાને ઇથેનોલના ઉત્પાદન અને વિતરણ સાથે સંકળાયેલા ઇ-100 પાયલોટ પ્રોજેક્ટ પણ લોન્ચ કર્યા હતા.

**કેવડિયાકોલોની ઇલેક્ટ્રિક વ્હીકલ સિટી બનશે**

**આ પ્રકારનું દેશનું પહેલું ઈનિશિયેટિવ**
✓ કેવડિયામાં બે વર્ષ પહેલાં દેશનું પહેલું ઇલેક્ટ્રિક વ્હિકલ ટુરિઝમ ઈનિશિએટિવ લૉન્ચ કરાયું હતું.
✓ અહીં સ્ટેચ્યુ ઓફ યુનિટી પર ઇકો ફ્રેન્ડલી ઈ- બાઇક્સનું પણ ઉદ્દઘાટન કરાયું હતું. એ વખતે તત્કાલીન પ્રવાસન મંત્રી અલફોન્સ કહ્યું હતું કે, " હવે અહીં સ્વાભાવિક રીતે પ્રવાસન વધશે . પ્રવાસીઓ ઇ-બાઇક્સની મદદથી જ સ્ટેચ્યુ જશે અને અહીંના ઈતિહાસને સમજશે.
✓ હાલ કેવડિયામાં બી-લાઇવ તરફથી ઈ-બાઇક્સ સર્વિસ અપાય છે. આ માટે તેઓ બે કલાકનું રૂ.1500 ભાડું વસૂલે છે.

**કેવડિયાના વાગડિયાથી પ્રદૂષણ ઓકતાં વાહનો પર કેન્દ્ર સરકારે પ્રતિબંધ મૂક્યો**
✓ **કેવડિયા નો પોલ્યુશન ઝોન જાહેર**
✓ નર્મદા જિલ્લામાં 42 ટકા વન વિસ્તાર છે. અહીંનું વાતાવરણ શુદ્ધ અને ખુશનુમા રહે તે માટે કેન્દ્ર સરકારે અહીં મોટા ઉદ્યોગો નહીં સ્થાપવાનો નિર્ણય કર્યો હતો.
✓ કેન્દ્ર સરકારે હવે કેવડિયાને નો પોલ્યુશન ઝોન જાહેર કરીને કેવડિયાના વાગડિયાથી પ્રદૂષણ ઓકતા વાહનો પર પ્રતિબંધ મૂકી દીધો છે.
✓ હવે અહીં ઈ-વ્હિકલ જેવા કે બસ, કાર, રિક્ષા વગેરે દોડશે. તેમાં પણ સ્થાનિક આદિવાસીઓને જ યોગ્ય તાલીમ આપીને રોજગારીની તક અપાશે. જે સ્થાનિકોને આદર્શ ગામમાં શિફ્ટ કરાયા છે.

**ખેડૂતોને વૈકલ્પિક આવક વધારવામાં મદદ મળશે**
✓ ઇથેનોલ શેરડી, ચોખા અને ઘઉં જેવા બગડી ગયેલા અનાજ, કૃષિ કચરામાંથી ઇથેનોલ તૈયાર થાય છે. પેટ્રોલમાં તેનું બ્લેન્ડિંગ થવાથી પ્રદૂષણ ઘટાડવા ઉપરાંત ખેડૂતો માટે વૈકલ્પિક આવક ઊભી કરવાનો માર્ગ પણ મોકળો થાય છે.
✓ ઈથોનેલ અંગે મહત્વના MOU

**4. સોશિયલ મીડિયા : ટ્વિટર**

**શું છે બ્લૂ ટિક બ્લૂ બેજ**
✓ ટ્વિટર એકાઉન્ટ સાથે સંકળાયેલ બ્લૂ ટિક અથવા તો બ્લૂ બેજ દર્શાવે છે કે જાહેર હિતમાં આ એકાઉન્ટ અધિકૃત છે અને જે તે વ્યક્તિ સાથે સંકળાયેલું છે.
✓ બ્લૂ બેજ મેળવવા માટે એકાઉન્ટ અધિકૃત, નોંધપાત્ર અને સક્રિય હોવું જરૂરી છે. જો તમે એકાઉન્ટ લાંબા સમય સુધી લૉગ ઇન કરતાં નથી તો તે સક્રિય ગણાતું નથી.
✓ ટ્વિટર એકાઉન્ટ હોલ્ડરે 6 મહિનામાં ઓછામાં ઓછું એકવાર લૉગ ઇન કરવું જરૂરી છે તો જ તેની બ્લૂ ટિક યથાવત્ રાખવામાં આવે છે.

**5. G-7 દેશ : GMCT બાબતે સહમતી**

**G-7 રાષ્ટ્રો 15% ગ્લોબલ મિનિમમ કોર્પોરેટ ટેક્સ લાદવા સહમત**




**ગ્લોબલ કોર્પોરેટ ટેક્સ : એટ એ ગ્લાન્સ**
✓ ગ્લોબલ કોર્પોરેશન ટેક્સનો દર ઓછામાં ઓછો 15 ટકા રાખવા G-7 દેશો સહમત
✓ જે દેશમાંથી બિઝનેસ ઓપરેટ થતો હશે તે દેશની સરકારને ટેક્સ ચૂકવવો પડશે
✓ મોટી મલ્ટિનેશનલ કંપનીઓ માટે 10 ટકા માર્જિનથી વધુના નફા પર ઓછામાં ઓછા 20 ટકા ટેક્સ રાઇટ અપાશે

- ✓ મલ્ટિનેશનલ ટેક કંપનીઓ પાસેથી વસૂલાનાર ટેક્સ કેવી રીતે વહેંચવો તે હજુ નક્કી નથી
- ✓ કઇ કંપનીઓ આ ટેક્સના દાયરામાં આવશે તેની વ્યાખ્યા સૌથી મોટી અને નફાકારક મલ્ટિનેશનલ કંપનીઓ પર છોડાઇ

**ટૂંકી વિગત**

- ✓ વૈશ્વિક અર્થતંત્ર પર નિર્ણાયક અસર કરે તેવા એક ઘટનાક્રમમાં વિશ્વની સૌથી વધુ એડવાન્સ અર્થતંત્રના G-7 રાષ્ટ્રોના ફાઇનાન્સ મિનિસ્ટર્સ આખરે વિશ્વની મહાકાય ટેક કંપનીઓને વાજબી કર દાયરામાં લાવવા સહમત થયા છે.
- ✓ ટેક્સ હેવન્સ દેશો માટે બેડ ન્યૂઝ છે કે G-7 રાષ્ટ્રો 15 ટકા ગ્લોબલ મિનિમમ કોર્પોરેટ ટેક્સ રાખવા સહમત થયા છે. એટલું જ નહીં આગામી મહિને યોજાનારી G-20 દેશોની બેઠકમાં પણ આ નિર્ણયને લાગુ કરવાની યોજના છે.
- ✓ આ નિર્ણયને પરિણામે મહાકાય બહુરાષ્ટ્રીય કંપનીઓ જેવી કે ગૂગલ, એમેઝોન અને ફેસબુકને હવે તેઓ જે દેશમાં ઓપરેટ કરે છે તે દેશમાં વેચાણ પર કર ચૂકવવાની ફરજ પડશે, એટલું જ નહીં તેમનું હેડક્વાર્ટર જ્યાં હશે ત્યાં પણ કર ચૂકવવો પડશે.
- ✓ હાલમા અગ્રણી કંપનીઓ જે દેશમાં નીચો કર હોય ત્યાં પોતાની એક શાખા ખોલી નાખે છે અને પછી ત્યાં જ નફો જાહેર કરે છે, તેને પરિણામે જે દેશમાં તેમની પ્રોડક્ટ્સ અને સર્વિસિસ સૌથી વધારે વેચાઈ હોય ત્યાં તેમણે ફક્ત સ્થાનિક દર જ ભરવો પડે છે.

**ગ્લોબલ મિનિમમ ટેક્સ શા માટે લદાઈ રહ્યો છે**

- ✓ અગ્રણી અર્થતંત્રોનો ઉદ્દેશ બહુરાષ્ટ્રીય કંપનીઓ પોતે ક્યાં વધારે વેચાણ કરે છે તેની પરવા કર્યા વગર પોતાના નફાને અને કરની આવકને નીચો કર ધરાવતાં દેશોમાં શિફ્ટ કરે છે તેને રોકવાનો.
- ✓ ડ્રગ પેટન્ટ, સોફ્ટવેર અને ઇન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી પરની રોયલ્ટી પરની આવકોએ જ્યુરિડિક્શનને વધુને વધુ માઇગ્રેટ કર્યા છે અને તેને પરિણામે કંપનીઓને પોતાના પરંપરાગત હોમ કન્ટ્રીમાં વધુ કર ભરવાનું ટાળવા સક્ષમ બનાવે છે.
- ✓ 15 ટકા કરની દરખાસ્ત સાથે બાઇડેન વહીવટીતંત્રને આશા છે કે અમેરિકન કંપનીઓ પર ફાઇનાન્સિયલ ફટકો માર્યા વગર આવા ટેક્સ આધારિત ઇરોઝનમાં ઘટાડો થશે. ટ્રમ્પ વહિવટીતંત્રે જ 2017માં વિશ્વકક્ષાએ લઘુતમ ટેક્સ પર ભાર મૂક્યો હતો.

**કેવી રીતે કામ કરશે ગ્લોબલ મિનિમમ ટેક્સ**

- ✓ ગ્લોબલ મિનિમમ ટેક્સ રેટ વિદેશોમાં થતા નફા પર લાગુ થશે. જો મલ્ટીનેશનલ કંપની વિદેશમાં ઓછો ટેક્સ દર ચૂકવતી હશે તો તેનો હોમ કન્ટ્રી કંપની પર ગ્લોબલ મિનિમમ ટેક્સ સુધીનો દર લાગુ કરી શક્શે. જેના પગલે નફો ટેક્સ હેવનમાં ઘસડી જવાની પ્રવૃત્તિ પર બ્રેક વાગશે.
- ✓ જો કોઇ કંપની ટેક્સ હેવન દેશમાં 10 ટકા જ ટેક્સ ચૂકવતી હશે તો તેને તે દેશમાં થયેલા નફા પર વધુ પાંચ ટકા ટેક્સ પોતાના હોમ કન્ટ્રીની સરકારને ચૂકવવો પડશે.

**ભારતને 10 બિલિયન ડોલરનું નુકસાન કરાવતી કઇ કંપનીઓ છે ગ્લોબલ મિનિમમ ટેક્સના નિશાન પર?**

- ✓ એપલ, આલ્ફાબેટ, ફેસબુક જેવી ડિજિટલ જાયન્ટ કંપનીઓ તેમજ નાઇક અને સ્ટારબક જેવી મલ્ટિનેશનલ કંપનીઓ સહિતની વિશ્વની મહાકાય કંપનીઓ દ્વારા ચૂકવાતા ઓછા ટેક્સને નિશાન બનાવવા આ કવાયત હાથ ધરાઇ હતી.
- ✓ આ કંપનીઓ મોટા અને વિકસિત દેશોના બજારોમાંથી આયર્લેન્ડ, બ્રિટિશ વર્જિન આઇલેન્ડ્સ અથવા બહામા જેવા કેરેબિયન દેશો, પનામા જેવા મધ્ય અમેરિકાના ઓછો ટેક્સ ધરાવતા દેશોમાં પોતાનો નફો ઘસડી જતી હતી.
- ✓ જેના કારણે અમેરિકાને દર વર્ષે 50 બિલિયન ડોલરના ટેક્સનું નુકસાન થઇ રહ્યું હતું.
- ✓ જર્મની અને ફ્રાન્સને પણ મોટાપાયે નુકસાન થતું હતુ. ભારતને પણ કોર્પોરેટ ટેક્સ ચોરીના કારણે 10 બિલિયન ડોલર કરતાં વધુનું નુકસાન થઇ રહ્યું છે.
- ✓ બેઠક : લંડન (U.K.)

## 6. દિન વિશેષ : 05 જૂન : વિશ્વ પર્યાવરણ દિવસ

**World Environment Day
5 June**

- ✓ **થીમ 2021 : "ઇકૉસિસ્ટમ રિસ્ટોરેશન".** એટલે કે, ક્ષતિગ્રસ્ત કે નષ્ટ થઇ ગયેલી ઇકૉસિસ્ટમને સુધારવામાં મદદ કરવી. ઇકૉસિસ્ટમને ઘણી બધી રીતે પૂર્વવત કરી શકાય છે, જે માટે વૃક્ષો વાવવાં, પર્યાવરણની જાળવણી કરવી એ સૌથી સરળ અને સર્વોત્તમ રીત છે.




- ✓ વર્ષ 1972માં 5 મી જૂને સ્ટોકહોમ ખાતે સમગ્ર વિશ્વના પ્રતિનિધિઓ પર્યાવરણની જાળવણીના નક્કર આયોજન માટે એકઠા થયા હતા. પર્યાવરણની જાળવણી માટે જાહેરનામું બહાર પાડ્યું. જેના ભાગરૂપે સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા તા.૫મી જૂનના દિવસને "વિશ્વ પર્યાવરણ દિન" તરીકે ઊજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.
- ✓ પર્યાવરણ દિવસ મનાવવાનો મુખ્ય ઉદ્દેશ્ય દુનિયાભરમાં લોકો વચ્ચે પર્યાવરણ પ્રદૂષણ, જળવાયુ પરિવર્તન, ગ્રીન હાઉસ ઇફેક્ટ, ગ્લોબલ વોર્મિંગ, બ્લેક હોલ ઇફેક્ટ વગેરે જ્વલંત મુદ્દા અને તેનાથી થનારી વિભિન્ન સમસ્યાઓ પ્રત્યે સામાન્ય લોકોને જાગ્રત કરી અને પ્રર્યાવરણના રક્ષણ માટે હર સંભવ પ્રેરિત કરવાનું છે.
- ✓ મુખ્યમંત્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં ગાંધીનગરથી રાજ્યકક્ષાના વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

**5 જૂને યોજાનારા જાહેર કાર્યક્રમ**

- ✓ મહાનગરોમાં વાવાઝોડાના કારણે પડી ગયેલા વૃક્ષોની જગ્યાએ જ ફરીથી વૃક્ષારોપણનો કાર્યક્રમ
- ✓ ડૉક્ટર્સ, નર્સ અને સફાઇ કામદારો (કોરોના વૉરિયર્સ)ના હસ્તે કોવિડ હોસ્પિટલમાં વૃક્ષારોપણ કરવામાં આવશે
- ✓ 21 લાખ તુલસીના રોપાઓનું શહેરો અને ઔદ્યોગિક એકમોમાં વિતરણનો શુભારંભ
- ✓ મહાનગરોમાં, જિલ્લા કક્ષાએ, તાલુકા કક્ષાએ અને ઔદ્યોગિક એકમોમાં જાગૃતિના કાર્યક્રમ યોજાશે.

## વન વિભાગની સિદ્ધિઓ

- ✓ છેલ્લા બે વર્ષમાં રાજ્યના વન વિસ્તાર (ફોરેસ્ટ કવર) માં 100 ચો.કિ.મી. નો વધારો
- ✓ દરિયા કિનારાના રક્ષક એવા ચેરના વનોમાં સતત વધારો ધરાવતું એક માત્ર રાજ્ય ગુજરાત
- ✓ એશિયાઇ સિંહોની વસ્તીમાં પાંચ વર્ષમાં 29%ના વધારા સાથે સિંહોની કુલ સંખ્યા 674

## દેશના પ્રથમ મરીન નેશનલ પાર્ક (જામનગર) વિશે

- ✓ દુનિયાના કુલ મત્સ્ય ઉત્પાદનમાંથી 25 ટકા પરવાળાના ક્ષેત્રોમાંથી મળે છે.
- ✓ જામનગર મરીન નેશનલ પાર્ક અંદાજે 600 ચો.કિ.મી. વિસ્તારમાં ફેલાયેલો છે.
- ✓ અહીં 42 ટાપુઓ છે જેમાંથી 34 ટાપુઓની ફરતે પરવાળાઓની શૃંખલાઓ છે.
- ✓ પીરોટન ટાપુમાં ક્યારેક ડોલ્ફિન પણ જોવા મળે છે.
- ✓ વનમંત્રી : ગણપતસિંહ વસાવા

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (05-06-2021)

1. વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ગુજરાત સરકાર દ્વારા ક્લાઈમેટ ચેન્જ અંગે કયો એક્શન પ્લાન લોન્ચ કરાયો - **સ્ટેટ એક્શન પ્લાન ઑન ક્લાઈમેટ ચેન્જ-2030**
2. 'સ્ટેટ એક્શન પ્લાન ઑન ક્લાઈમેટ ચેન્જ-2030' તૈયાર કરનાર ભારતનું પ્રથમ રાજ્ય જણાવો - **ગુજરાત**
3. સમગ્ર દેશમાં વર્ષ 2009માં કયા રાજ્ય દ્વારા સૌપ્રથમ ક્લાઈમેટ ચેન્જ વિભાગનો પ્રારંભ કરવામાં આવ્યો હતો - **ગુજરાત**
4. પ્રોજેક્ટ ફોર ઇકોસિસ્ટમ રિસ્ટોરેશન ઇન ગુજરાતનો સૌપ્રથમ પ્રારંભ ક્યારે કરવામાં આવ્યો - **વિશ્વ પર્યાવરણ દિવસ-05 જૂન 2021**
5. 'પ્રોજેક્ટ ફોર ઇકોસિસ્ટમ રિસ્ટોરેશન ઇન ગુજરાત'નો સમયગાળો અને કુલ ખર્ચ જણાવો - **09 વર્ષ-2029 અને રૂ.1,072 કરોડ**
6. 'પ્રોજેક્ટ ફોર ઇકોસિસ્ટમ રિસ્ટોરેશન ઇન ગુજરાત' કઇ વૈશ્વિક સંસ્થાની મદદથી તૈયાર થઇ રહ્યો છે - **જાપાન ઇન્ટરનેશનલ કોઓપરેશન એજન્સી JICA**
7. તાજેતરમાં વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ભારતમાં આગામી કયા વર્ષ સુધીમાં પેટ્રોલમાં કેટલા ટકા ઇથોનોલ ભેળવવાનો લક્ષ્યાંક નક્કી કરાયો છે - **વર્ષ 2025 અને 20%**
8. અગાઉ ભારતમાં પેટ્રોલમાં કયા વર્ષ સુધીમાં 20% ઇથોનોલ ભેળવવાનો લક્ષ્યાંક નક્કી કરાયો હતો - **વર્ષ 2030**
9. 'વિશ્વ પર્યાવરણ દિવસ' નિમિત્તે ભારતના વડાપ્રધાન દ્વારા કયા શહેરને ભારતની પ્રથમ 'ઇલેક્ટ્રિક વ્હીકલ સિટી' બનાવવાની ઇચ્છા વ્યક્ત કરી છે - **કેવડીયા-SOU,ગુજરાત**
10. તાજેતરમાં ગુજરાતના કયા વિસ્તારને ભારત સરકારે 'નો પોલ્યુશન ઝોન' જાહેર કર્યો છે - **કેવડીયા**
11. ઇથોનોલ કઇ બગડી ગયેલી કૃષિ પેદાશોમાંથી તૈયાર કરવામાં આવે છે - **શેરડી, ચોખા અને ઘઉં**
12. જૂન-2021માં G-7 રાષ્ટ્ર સમૂહ દ્વારા કેટલા ટકા ગ્લોબલ મિનિમમ કોર્પોરેટ ટેક્સ લાદવા સહમતી થઇ - **15%**
13. જૂન-2021માં G-7 રાષ્ટ્ર સમૂહ દ્વારા મલ્ટિનેશનલ કંપનીઓ માટે કેટલા ટકા માર્જિનથી વધુના નફા પર ઓછામાં ઓછા ક્ટલા ટકા ટેક્સ રાઇટ આપવા સહમતી સધાય– **10 તથા 20**
14. ગ્લોબલ મિનિમમ ટેક્સ ના હોવાથી ભારતને કોર્પોરેટ ટેક્સ ચોરીના કારણે કેટલુ નુકસાન થતુ હોવાનો અંદાજ છે - **10 બિલિયન ડોલર**
15. સોશિયલ એપ્લિકેશન ટિવટરમાં જાહેર હિતમાં સંબંધિત એકાઉન્ટ અધિકૃત છે અને તે સંબંધિત વ્યક્તિ સાથે સંકળાયેલું છે તે દર્શાવવા શું વ્યવસ્થા છે – **એકાઉન્ટને બ્લૂ ટિક અથવા તો બ્લૂ બેજથી દર્શાવાય છે**
16. ટિવટર એકાઉન્ટ હોલ્ડરે કેટલા મહિનામાં ઓછામાં ઓછું એકવાર લૉગ ઇન કરવું જરૂરી છે તો જ તેની બ્લૂ ટિક યથાવત્ રાખવામાં આવે છે - **6**
17. "વિશ્વ પર્યાવરણ દિવસ" ક્યારે ઉજવાય છે - **5 જૂન**
18. વિશ્વ પર્યાવરણ દિવસ- 2021ની થીમ જણાવો - **ઇકૉસિસ્ટમ રિસ્ટોરેશન**
19. વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીનું આયોજન વૈશ્વિક સ્તરે કઇ સંસ્થા દ્વારા કરવામાં આવે છે - **યુનાઇટેડ નેશન્સ**
20. ભારતના પ્રથમ "મરીન નેશનલ પાર્ક"નું સ્થાન જણાવો - **જામનગર**

**DATE : 06-06-2021**

---

## 1. UNO : સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ રેન્કિંગ (SDG) (વિકાસ)

**ભારતનો ક્રમ 117મો, ગત વર્ષે 115માં ક્રમે હતું નિયત 17 માપદંડ**




- ✓ સમગ્રતયા SDG સ્કોરના મામલે ભારતે 100માંથી 61.9 અંક પ્રાપ્ત.
- ✓ 2015માં સંયુક્ત રાષ્ટ્રના 193 સભ્ય દેશો દ્વારા 2030ના એજન્ડાના એક હિસ્સાના રુપમાં અપનાવવામાં આવેલા 17 માપદંડ ધરાવતા સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સના રેન્કિંગમાં ભારતનો નબળો દેખાવ નોંધાયો હતો.

## ભારતના વિવિધ રાજ્યો વિશે :

- ✓ રાજ્યવાર તૈયારીઓને પ્રસિદ્ધ કરતાં રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ઝારખંડ અને બિહાર 2030 સુધીમાં SDGને પૂર્ણ કરવા માટે સૌથી ઓછા તૈયાર છે, કે જે લક્ષ્ય વર્ષ છે. જ્યારે ઝારખંડ 17 એસડીજીમાંથી પાંચમાં પાછળ રહી ગયું છે ત્યારે બિહાર સાતમા હજુ પાછળ છે.
- ✓ કેરળ, હિમાચલપ્રદેશ અને ચંદીગઢ એસડીજી હાંસલ કરવાના માર્ગ પર સૌથી સારા સ્કોર ધરાવતાં રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ છે.

## વાતાવરણીય પ્રદર્શન ઈન્ડેક્સ

- ✓ ભારત કુલ 180 દેશમાંથી 168માં ક્રમે

## ઈન્ડેક્સ માપદંડ :

- ✓ આ ઈન્ડેક્ષ નક્કી કરવા માટે વાતાવરણની સ્થિતિ, તાપમાન, વાયુ પ્રદુષણ, સેનિટેશન અને પીવાનું પાણી, ઈકોસિસ્ટમ સેવાઓ અને બાયોડાઈવર્સિટી જેવા માપદંડોને ધ્યાનમાં લેવામાં આવ્યા હતા.
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

## 2. કેન્દ્ર સરકાર પર્ફોમન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ 2019-20 જાહેર (શિક્ષણ)




**હેતુ :**

- ✓ પીજીઆઈનો મુખ્ય હેતુ રાજ્યોને એ ક્ષેત્રોની માહિતી આપવાનો છે, જેમાં સુધારાની જરૂર હોય. તેનું લક્ષ્ય તમામ રાજ્યોને ઉચ્ચ સ્તરે લાવવાનું.
- ✓ કેન્દ્રીય શિક્ષણ મંત્રી પોખરિયાલે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટેનો પરફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ 2019-20 રિલીઝ કરવાની મંજૂરી આપી.

**ક્યા રાજ્યોને કયો ગ્રેડ :**

**ગ્રેડ A++ :**

- ✓ પંજાબ, ચંદીગઢ, તામિલનાડુ, આંદામાન-નિકોબાર અને કેરળ

**ગ્રેડ A+ :**

- ✓ **ગુજરાત,** રાજસ્થાન, હરિયાણા, મહારાષ્ટ્ર, એનસીટી-દિલ્હી, પુડુચેરી, દાદરાનગર હવેલી

**ગ્રેડ I :**

- ✓ ઉત્તરપ્રદેશ, આંધ્રપ્રદેશ, પશ્ચિમ બંગાળ, હિમાચલપ્રદેશ, કર્ણાટક, ઓડિશા, ત્રિપુરા, દમણ-દીવ

**ગ્રેડ II :**

- ✓ ઉત્તરાખંડ, ગોવા, ઝારખંડ, લક્ષદ્વીપ, મણિપુર, સિક્કિમ, તેલંગાણા, જમ્મુ-કાશ્મીર

**ગ્રેડ III :** મધ્યપ્રદેશ, આસામ, બિહાર, મિઝોરમ

**ગ્રેડ IV :** અરુણાચલ પ્રદેશ, છત્તીસગઢ, નાગાલેન્ડ

**ગ્રેડ V :** મેઘાલય **ગ્રેડ VI :** લદાખ

**માપદંડ :**

- ✓ PGI અંતર્ગત રાજ્યોમાં શિક્ષણ વ્યવસ્થા 70 માપદંડ પર મપાય છે. આ વખતે જારી PGI રિપોર્ટ પ્રમાણે દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સ્કોરમાં સુધારો થયો છે.
- ✓ પંજાબ, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, આંદામાન નિકોબાર, આંધ્ર પ્રદેશ, અરુણાચલ પ્રદેશ અને મણિપુરમાં ઓછોમાં ઓછો 20%નો સુધારો થયો.
- ✓ 13 રાજ્યના પાયાના શૈક્ષણિક માળખા અને સુવિધાઓમાં 10% સુધારો જોવા મળ્યો છે. બીજી તરફ, 19 રાજ્યમાં 10%નો સુધારો થયો છે.
- ✓ પંજાબે શાસન-સંચાલનમાં સૌથી વધુ સ્કોર હાંસલ કર્યો છે, જ્યારે બિહાર અને મેઘાલય પાયાના માળખા અને સુવિધાઓમાં સૌથી પાછળ છે. પીજીઆઈ રિપોર્ટ છેલ્લા ત્રણ વર્ષથી તૈયાર કરીને જાહેર કરાય છે.

**પ્રથમ પ્રારંભ : 2019**

- ✓ સરકારે સ્કૂલ એજ્યુકેશન ક્ષેત્રમાં પરિવર્તન લાવવા માટે 70 માપદંડ ધરાવતો પરફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ રજૂ કરવામાં આવ્યો હતો.
- ✓ તેની શરૂઆત 2019માં કરવામાં આવી હતી અને PGI 2019-20 આ કડીમાં ત્રીજીવાર રિલીઝ કરવામાં આવ્યા છે.
- ✓ આ ઈન્ડેક્સ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં શિક્ષણ ક્ષેત્રમાં પોઝિટિવ પરિવર્તન લાવવામાં મદદ કરશે.
- ✓ સાથોસાથ એ પણ સુનિશ્ચિત કરશે કે સ્કૂલ પ્રણાલી દરેક સ્તર પર મજબૂત હોય
- ✓ **કેન્દ્રીય શિક્ષણ મંત્રી: રમેશ પોખરિયાલ નિશંક**
- ✓ **મંત્રાલય : શિક્ષણ, ભારત સરકાર**

## 3. નૂરજહાં કેરી : મધ્ય પ્રદેશ

**મધ્ય પ્રદેશમાં અનોખી "નૂરજહાં" કેરી માત્ર એક નંગનો જ ભાવ રૂ. 500થી 1,000 (બાગાયત)**

- ✓ **સ્થાન :** કટ્ટીવાડા, જિ.અલીરાજપુર



- ✓ મધ્ય પ્રદેશના અલીરાજપુરમાં પ્રખ્યાત "નૂરજહાં" કેરીની ખેતી કરવામાં આવે છે. ચાલુ વર્ષે ગયા વર્ષની સરખામણીમાં કેરીનો સારો પાક થયો છે અને કેરીનું કદ પણ ગયા વર્ષની સરખામણીમાં વધારે છે.
- ✓ **કેરીનું મૂળ :** અફઘાન
- ✓ **એક કેરીનું વજન :** 2.5 થી 3 કિલો

## 4. ચીન : ત્રણ વર્ષના બાળકને વેક્સિનેશનની મંજૂરી આપનાર ચીન વિશ્વનો પ્રથમ દેશ (આરોગ્ય)




**અન્ય વિગત :**

- ✓ પહેલીવાર ચીનમાં 3 થી 17 વર્ષ સુધીની વયના લોકો માટે સિનોવેક બાયોટેકની વેક્સિનને ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી આપી દેવામાં આવી.
- ✓ 3 વર્ષ સુધીના બાળકો માટે વેક્સિનને મંજૂરી આપનાર ચીન દુનિયાનો પહેલો દેશ બન્યો.
- ✓ અત્યાર સુધી ચીનમાં 18 થી વધુ વયના લોકોને વેક્સિન અપાઈ રહી હતી. અમેરિકા, બ્રિટન, યુરોપ અને અમુક અન્ય દેશોમાં 12 થી 16 વર્ષની વયના કિશોરોને વેક્સિન આપવાની શરૂઆત થઈ છે.

## 5. જન્મ દિન વિશેષ : 06 જૂન

**એ.ઓ. હ્યુમ**



**જન્મ : 6 જૂન 1829**

**અવસાન : 31 જુલાઈ 1912**

- ✓ 'હિન્દના દીકરાઓ હાથ ધરીને કેમ બેઠા છો, શું કોઈ દેવતાની મદદ મળવાની રાહ જુઓ છો ? 'ભારતની આઝાદીની લડત માટે યુવાઓને પોરસાવતી પ્રસ્તુત કાવ્ય પંક્તિ બ્રિટીશ વહીવટી અધિકારી એલન ઓક્ટોવિયન હ્યુમે લખી છે. આજના દિવસે તેમનો જન્મ થયો હતો.
- ✓ 1849માં ICSની પરીક્ષા પસાર કરી ઉત્તર પ્રાન્તના ઈટાવામાં કલેક્ટર તરીકે નિયુક્ત થયા હતા.
- ✓ ઇટાવામાં પ્રજા કલ્યાણની ભાવના સાથે સ્વખર્ચે હોસ્પિટલ અને 32 શાળાઓનું નિર્માણ કરાવ્યું હતું છતા 1857ના સંગ્રામ વખતે “અંગ્રેજ માત્ર શત્રુની ભાવનાથી કામ કરતા વિપ્લવકારીઓથી બચવા હ્યુમને ઇટાવાથી સ્ત્રી વેશે ભાગવુ પડ્યું.
- ✓ 28 ડિસેમ્બર 1885ના રોજ મુંબઈમાં સ્થપાયેલી હિન્દી રાષ્ટ્રીય મહાસભા (આજની કોંગ્રેસ)ના પ્રેરક અને સંસ્થાપક તરીકે પણ હ્યુમ પ્રસિદ્ધ છે.
- ✓ તેની સ્થાપના પછી તરત કોંગ્રેસને બ્રિટીશ શાસન માટે શંકાની નજરે જોવાઈ હતી. પરિણામે હ્યુમને ભારત છોડવું પડ્યું.
- ✓ ગીતા અને બાઈબલના નિયમિત અભ્યાસી એલન લોકમાન્ય તિલક જ ભારતને આઝાદી અપાવશે તેવું તેઓ દૃઢપણે માનતા હતા.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (06-06-2021)**

1. જૂન 2021માં UN દ્વારા જાહેર કરાયેલા SDG રેન્કિંગમાં વૈશ્વિક સ્તરે ભારતનો ક્રમ જણાવો - **117**
2. SDGનો વિસ્તૃત અર્થ જણાવો - **સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ**
3. જૂન 2021માં UN દ્વારા જાહેર કરાયેલા SDG રેન્કિંગમાં વૈશ્વિક સ્તરે કેટલા માપદંડ નિયત કરવામાં આવ્યા હતા - **17**
4. તાજેતરમાં જાહેર થયેલા સમગ્રતયા SDG સ્કોરમાં ભારતે 100માંથી કેટલા અંક મેળવ્યા છે - **61.9**
5. વાતાવરણીય પ્રદર્શન ઇન્ડેક્સમાં વિશ્વના કુલ 180 દેશમાંથી ભારતનો ક્રમ જણાવો - **168**
6. જૂન 2021માં કેન્દ્ર સરકાર દ્વારા કયા વર્ષનો પર્ફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ જાહેર કરાયો - **2019-20**
7. પર્ફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ-2019-20માં ગ્રેડ A++ અને A+ રાજ્યોના નામ જણાવો - **પંજાબ, ચંદીગઢ, તામિલનાડુ, આંદામાન-નિકોબાર અને કેરળ તથા ગુજરાત, રાજસ્થાન, હરિયાણા, મહારાષ્ટ્ર, એનસીટી-દિલ્હી, પુડુચેરી, દાદરાનગર હવેલી**
8. પર્ફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ અંતર્ગત રાજ્યમાં શિક્ષણ વ્યવસ્થા કેટલા માપદંડ પર માપવામાં આવે છે - **70**
9. પર્ફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સનો સૌપ્રથમ પ્રારંભ કયા વર્ષે થયો હતો - **2019**
10. પર્ફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ ભારત સરકારના કયા મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવે છે - **શિક્ષણ**
11. ભારત સરકારના વર્તમાન શિક્ષણ મંત્રીનું નામ જણાવો - **શ્રી રમેશ પોખરીયાલ-નિશંક**
12. ભારતમાં સૌથી મોંઘી 'નૂરજહાં' કેરીનું એકમાત્ર ઉત્પાદન કયા જિલ્લા-રાજ્યમાં થાય છે - **કઠ્ઠીવાડા, અલીરાજપુર, મધ્ય પ્રદેશ**
13. ભારતમાં સૌથી મોંઘી 'નૂરજહાં' કેરીનું મૂળ ક્યાં આવેલું છે - **અફઘાનિસ્તાન**
14. વિશ્વમાં સૌપ્રથમ ત્રણ વર્ષના બાળકને વેક્સિનેશનની મંજૂરી આપનાર વિશ્વનો પ્રથમ દેશ જણાવો - **ચીન**
15. હિન્દી રાષ્ટ્રીય મહાસભા- મુંબઈના સંસ્થાપક અંગ્રેજ અધિકારીનું નામ જણાવો - **એ.ઓ.હ્યુમ**
16. એ.ઓ.હ્યુમનો જન્મદિવસ જણાવો **- 6 જૂન**

## DATE : 07-06-2021

**1. રોકાણ માટે MOU : ગુજરાત**

**IOCL દ્વારા વડોદરા ખાતે રૂ. 24,000 કરોડ રોકાણ સાથે છ નવા પ્રોજેક્ટ સ્થાપશે**

- ✓ સ્થળ : IOCL




**રોકાણની વિગત :**

- ✓ દેશનો પ્રથમ હાઇડ્રોજન ઉત્પાદન પ્લાન્ટ વડોદરામાં સ્થપાશે.
- ✓ હાઇડ્રોજન ગેસ – ગ્રીન અને ક્લિન એનર્જી તરીકેની ઓળખ
- ✓ રિફાઇનરીની વાર્ષિક ઉત્પાદનક્ષમતા 180 લાખ મેટ્રિક ટન વધારવામાં આવશે તથા અહીં પોલીપ્રોપલીન, બ્યુટાઇલ એક્રિલેટ, લુબ્રિકન્ટ્સ જેવા કાચામાલના ઉત્પાદન માટે નવા એકમો સ્થપાશે.
- ✓ ગાંધીનગરમાં આઇઓસીના આ નવા મૂડીરોકાણ સંદર્ભે મુખ્યમંત્રી વિજય રૂપાણી તથા કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની ઉપસ્થિતિમાં ગુજરાત સરકાર વતી મુખ્યમંત્રીના ACS અને ઉદ્યોગ વિભાગના પણ ACS એમ . કે.દાસ અને આઇઓસી વતી તેના ચેરમેન એમ.એસ. વૈદ્ય દ્વારા એમઓયુ ઉપર સહિ સિક્કા થયા હતા.

**નવા પ્રોજેક્ટ વિશે :**

- ✓ હાઇડ્રોજનને સ્વચ્છ ઇંધણ તરીકે માન્યતા પ્રાપ્ત થઈ છે. એટલે વડોદરા રિફાઇનરીમાં ઉત્પાદન કરી કેવડિયા, વડોદરા, ગાંધીનગર, અમદાવાદ અને ગાંધીધામમાં એસ.ટી. બસો હાઇડ્રોજનથી ચલાવવામાં આવશે.
- ✓ નવી પ્રત્યક્ષ કે પરોક્ષ રોજગારી : અંદાજે 25,000

**2. વિવિધ નિર્ણય : ગુજરાત સરકાર**

**હોટેલ, રેસ્ટોરન્ટ તેમજ વોટરપાર્કને એક વર્ષ માટે પ્રોપર્ટી ટેક્સમાંથી મુક્તિ**

- ✓ **સમયગાળો :** તા. 1લી એપ્રિલ 2021 થી તા. 31 માર્ચ 2022

- ✓ એક વર્ષ સુધી આ ઉદ્યોગોને વીજબીલનાં ફિક્સ ચાર્જમાંથી પણ મુક્તિ આપવામાં આવી છે. એટલે કે ખરેખર જેટલી વીજળીનો વપરાશ થયો હશે તેના પર જ વીજબીલ આકારીને ચાર્જમાંથી તે મુજબનો ચાર્જ વસલવામાં આવશે.




## 3. નર્મદા નદી : જળ શુદ્ધિકરણ (જળ)



- ✓ છેલ્લા 65 થી 70 વર્ષમાં પહેલીવાર નર્મદા નદી અને દરિયાકિનારાના 65 કિ.મી. વિસ્તારની ખારાશ દૂર થતાં નર્મદા ડેમથી ડાઉન સ્ટ્રીમમાં 168 કિમીમાં નર્મદાનું પાણી સીધુ જ પીવા યોગ્ય બન્યું
- ✓ એટલું જ નહીં જીપીસીબી અને સિંચાઇ વિભાગની લેબોરેટરીઝના રિપોર્ટ મુજબ તે મિનરલ વોટર જેવું શુદ્ધ થયું છે અને ફિલ્ટર કર્યા વિના પણ પી શકાય છે.
- ✓ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ભરૂચ વિભાગના નર્મદાના પ્રવેશ બિંદુ ઓર પટારથી અરબી સાગર સંગમ સ્થળ જાગેશ્વર ગામ સુધી 13 સ્થળોના નમૂનાની તપાસમાં આ હકીકત બહાર આવી.
- ✓ જેના પગલે આ વિસ્તારના અધિકારીઓ અને ખેડૂતો પર ખુશાલીનું મોજુ ફરી વળ્યું છે.
- ✓ કોરોનાકાળમાં ગત વર્ષે લોકડાઉન પહેલા અને લોકડાઉન વચ્ચે જીપીસીબીએ નમૂના લીધા હતા, જેના તારણમાં આ હકીકત બહાર આવી.
- ✓ ડેમમાંથી સતત પાણી છોડવામાં આવતા નદીનું તાપમાન પણ 5 થી 7 ડિગ્રી થયું છે.

### નર્મદા નદીનું પાણી કેમ પીવા યોગ્ય ?

- ✓ મિનરલ વોટર સપ્લાય કરતી કંપનીઓના લેબ ટેકનીશીયન અને તેના માટે આપવામાં આવેલા નોર્મ્સ જોતા મિનિમમ 350 ટીડીએસ પાણી હોવું જોઇએ.
- ✓ જો એથી વધારે હોય તો તેની ટ્રીટમેન્ટ કરી મિનરલ કરવું પડતું હોય છે. જો એનાથી ઓછું હોય તો ઓછી ટ્રીટમેન્ટ કરાવી પડતી હોય છે.
- ✓ વિશ્વની સૌથી વધુ વેચાતી સોડા બનાવતી કંપનીઓ પણ 60 થી 100 ટીડીએસનું પાણી જ ઉપયોગમાં લેતી હોય છે, ત્યારે નર્મદા નદીના પાણીનું પરિણામ જોતા પાણી પીવા યોગ્ય છે.

### નર્મદા નદીના જળમાં આવેલા સુધારા :

- ✓ ભરૂચના 168 KMના ડાઉનસ્ટ્રીમમાં નર્મદાના નીર 70 વર્ષ બાદ ફરી ફિલ્ટર વગર સીધું પીવાલાયક, મિનરલ્સથી ભરપૂર
- ✓ નદીના પાણીનું તાપમાન ઘટવા સાથે ખારાશ, PH, COD, BOD, TDS ઘટ્યા
- ✓ સોડિયમ, પોટેશિયમ, કેલ્શિયમ, મેગ્નેશિયમ, ક્લોરાઇડ, ઝીંક સહિતના ભરપૂર મિનરલ્સ

### 4 વર્ષમાં ગ્રેડમાં 4 ગણી છલાંગ :

- ✓ ભરૂચ જિલ્લામાં 4 વર્ષ પહેલાં નર્મદા નદીનું પાણી ઇ કેટેગરી કરતા પણ ઉતરતું હતું.
- ✓ પહેલી વખત 70 વર્ષ બાદ નર્મદામાં પાણી A કેટેગરીનું હોવાનું જણાયું છે.
- ✓ તેનાથી સસ્પેન્ડેડ સોલિસ, બેક્ટરિયા અને બાયોકેમિકલ્સનું પ્રમાણ ઘટી ગયું છે.
- ✓ પાછલા વર્ષોની તુલનામાં ઓગળેલા ઓક્સિજનનું પ્રમાણ વધ્યું છે.

### પાણીની ગુણવત્તાના મૂલ્યાંકનના પાંચ માપદંડ :

- ✓ **A ગ્રેડ :** પીવા યોગ્ય - **B ગ્રેડ :** ન્હાવા યોગ્ય
- ✓ **C ગ્રેડ :** પાણીને ફિલ્ટર ડિસઇન્ફેક્શન કરી પીવાયોગ્ય
- ✓ **D ગ્રેડ :** વન્ય જીવન અને મસ્યપાલન માટે
- ✓ **E ગ્રેડ:** સિંચાઇ,ઔધોગિક સહિતના વપરાશ માટે
- ✓ **F ગ્રેડ :** તમામ હેતુ માટે ફિલ્ટ્રેશન સિવાય બિનઉપયોગી

## 4. વડાપ્રધાન શ્રી મોદી દ્વારા રાષ્ટ્રજોગ સંબોધનમાં મહત્વની જાહેરાતો




### વિનામૂલ્યે રસીકરણ :

- ✓ વિશ્વ યોગ દિવસ તારીખ 21 જૂન 2021 થી 18 વર્ષથી વધુ વયના લોકોનું વિનામૂલ્યે રસીકરણ
- ✓ 75% રસી કેન્દ્ર બજારમાંથી ખરીદશે, 25 ટકા ખાનગી હોસ્પિટલો ખરીદશે
- ✓ ખાનગી હોસ્પિટલો રસી આપતી વખતે નાગરિકો પાસેથી ફક્ત રૂ. 150 સર્વિસ ચાર્જ લઇ શકશે

### વિનામૂલ્યે અનાજ :

- ✓ દેશના 80 કરોડ લોકો માટે PM ગરીબ કલ્યાણ અન્ન યોજનાને નવેમ્બર 2021 એટલે કે દિવાળી સુધી લંબાવાઇ
- ✓ પ્રતિ વ્યક્તિ પ્રતિ માસ પાંચ કિલો અનાજ વિનામૂલ્યે અપાશે
- ✓ **અન્ય :** કેન્દ્ર સરકાર દ્વારા રસી ઉત્પાદકો પાસેથી 75% રસી ખરીદીને રાજ્યોને ફ્રી આપવામાં આવશે
- ✓ રસીના નોંધણી, વિતરણ અને સ્ટોક તમામ જવાબદારી કેન્દ્ર સરકારે રાજ્ય પાસેથી પરત લઇ લીધી

## 5. લક્ષદ્વીપના પ્રવાસન તરીકે વિકાસ માટે નવા નિયમો



**એન્ટિ સોશિયલ એક્ટિવિટી રેગ્યુલેશન ડ્રાફ્ટ :**

- ✓ આમાં કોઇપણને કાયદોઅને વ્યવસ્થાના નામે એક વર્ષ સુધી ટ્રાયલ વગર જેલમાં રાખવાની જોગવાઇ
- ✓ **પંચાયત રેગ્યુલેશન 2021 :** આ અંતર્ગત શિક્ષણ, આરોગ્ય, માછીમારી જેવા ક્ષેત્રોમાં સ્થાનિક મંડળોનો અધિકાર ઘટાડવાની જોગવાઇ
- ✓ **રેગ્યુલેશન ડ્રાફ્ટ :** આની એક જોગવાઇ મુજબ એવી વ્યક્તિ ચૂંટણી નહીં લડી શકે જેને બે બાળકો હોય
- ✓ **પ્લાનિંગ એરિયા :** વિકાસના કાર્યો માટે કોઇ જગ્યાને પ્લાનિંગ એરિયા ઘોષિત કરી શકાય છે. આ કોઇ સંપત્તિ પર અધિગ્રહણ અને નિયંત્રણનો હક આપે છે.
- ✓ **બીફ પર પ્રતિબંધ:** 25 ફેબ્રુઆરીના નોટિફિકેશન મુજબ બીફ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. જ્યારે કે અહીં 96 ટકા આબાદી મુસ્લિમ છે.

**સ્થાનિક લોકો દ્વારા વિરોધ**

- ✓ વહીવટીકર્તા દ્વારા નવો ડિટેન્શન કાયદો અમલમાં મુકાયો છે જે હેઠળ સમાજવિરોધી પ્રવૃત્તિ કરનાર કોઇપણ વ્યક્તિની સત્તાવાળાઓ ધરપકડ કરી શકશે. લોકો દ્વારા નિયમ અને કાયદાનો વિરોધ કરવામાં આવી રહ્યો છે.
- ✓ એડમિનિસ્ટ્રેટરનાં નવા નિયમો અને કાયદાથી લક્ષદ્વીપની આગવી સંસ્કૃતિ અને પરંપરાનો નાશ થશે. વર્ષોથી આ ટાપુ પર જ વસતા 70,000 લોકોએ સરકારની નીતિઓનો સખત વિરોધ કર્યો હતો. લક્ષદ્વીપ ટાપુ તેનાં જંગલો તેમજ સફેદ અને ચમકતા બીચથી સમૃદ્ધ છે.
- ✓ એડમિનિસ્ટ્રેટર તરીકે શ્રી પ્રફુલ્લ પટેલ




**6. ભારતીય ટપાલ વિભાગ : માનવતા માટે નવતર સેવાકીય પહેલ**

- ✓ સ્પીડ પોસ્ટથી વારાણસી, પ્રયાગરાજ, હરિદ્વાર કે ગયામાં અસ્થિ વિસર્જનની સેવાનો પ્રારંભ
- ✓ ટપાલ વિભાગે કોરોના કે નોન કોરોના ડેથ પછી અસ્થિઓના સંપૂર્ણ કર્મકાંડ સાથે વિસર્જન માટેની જવાબદારી ઉપાડી લીધી છે.
- ✓ કોઇપણ વ્યક્તિ પોતાના દિવંગત કુટુંબીના અસ્થિનું વિસર્જન ટપાલ વિભાગની સ્પીડ પોસ્ટ સુવિધાનો લાભ લઇને કરાવી શકશે. તે માટે અસ્થિને વારાણસી, પ્રયાગરાજ, હરિદ્વાર કે ગયા તેમાંથી એક તીર્થ માટે મોકલવા પડશે.
- ✓ આ તીર્થસ્થાને ટપાલ વિભાગ ઓમ દિવ્ય સંસ્થાના માધ્યમથી પંડિતો દ્વારા થયેલા કર્મકાંડ સાથે અસ્થિ વિસર્જન કરાવશે.
- ✓ આ વિસર્જનનું લાઈવ વેબકાસ્ટ કરાશે જેથી પરિવારજનો જોઇ શકે. આ ઉપરાંત પરિવારજનોને ગંગાજળ પણ મોકલાવવામાં આવશે.

**આ રીતે થશે નોંધણી અને અસ્થિ વિસર્જન**

- ✓ કૃષ્ણકુમાર યાદવે જણાવ્યું હતું કે આ સુવિધાનો લાભ લેવા તમારે ઓમ દિવ્ય દર્શન સંસ્થાના પોર્ટલ પર નોંધણી કરાવવાની રહેશે.
- ✓ નોંધણી કરાવ્યા પછી કોઇ પણ વ્યક્તિ સ્પીડ પોસ્ટની મદદથી પોતાના કુટુંબીના અસ્થિ વારાણસી, પ્રયાગરાજ, હરિદ્વાર કે ગયા મોકલી શકશે.

**7. NASA – USA :**

**શુક્રના અભ્યાસ માટે દાવિન્સી પ્લસ અને વેરિટસ નામના બે મિશનની ઘોષણા કરી**

**પ્રથમ અભિયાન ડાવિન્સી પ્લસ**

- ✓ નાસાનું આ મિશન 2028 થી 2030ના વર્ષ દરમિયાન શરૂ કરવામાં આવશે.
- ✓ નાસાના ડિસ્કવરી પ્રોગ્રામ હેઠળ 50 કરોડ ડોલર ખર્ચ થશે.




- ✓ તેનું કાર્ય શુક્ર ગ્રહની રચનાનો અભ્યાસ કરવાનું રહેશે, જેમાં કાર્બન ડાયોક્સાઇડનો વિશેષ અભ્યાસ કરવામાં આવશે, ત્યાં તેની કેવી રીતે રચના અને વિકાસ થયો.
- ✓ DAVINCI+ : ડિપ એટમોસ્ફિયર વિનસ ઈન્વેસ્ટિગેશન ઓફ નોબલ ગેસ, કેમેસ્ટ્રી ઔર ઈમેજિંગ)

**બીજું અભિયાન લક્ષ્ય**

- ✓ વૈજ્ઞાનિકો તેમના અભ્યાસના પરિણામો પરથી આ ગ્રહની રચના વિશેની માહિતી મેળવવાનો પ્રયાસ કરશે.
- ✓ બીજા અભિયાનનો મુખ્ય હેતુ શુક્રની કક્ષાથી તેની સપાટીનો નકશો બનાવવાનો અને ગ્રહના ભૌગોલિક ઇતિહાસની તપાસ કરવાનો.
- ✓ VERITASN : વિનસ એમિસિટિ, રેડિયો સાયન્સ, ઈન્સાર ટોપોગ્રાફી અને સ્પેક્ટ્રોસ્કૉપી

**શુક્ર ગ્રહ વિશે :**

- ✓ શુક્ર સૂર્યમંડળનો દ્વીતીય ગ્રહ છે. સામાન્ય રીતે રાત્રીના આકાશનો આ સૌથી તેજસ્વી ગ્રહ છે.
- ✓ શુક્ર પૃથ્વીનો ભગીની ગ્રહ ગણાય છે. તેનું બાહ્ય વાતાવરણ કાર્બન ડાયૉક્સાઇડના સફેદ વાદળોનુ બનેલું છે. તેની કક્ષા ગૉળાકાર છે. તેને કૉઇ ચંદ્ર નથી.
- ✓ NASA પ્રમુખ : બિલ નેલ્સન

**8. નિમણૂક : ઇઝરાયલના 11માં રાષ્ટ્રપતિ તરીકે ઇસાક હરજોગની નિમણૂક**



- ✓ ઈસાક હરજોગે મતદાનમાં 120 સભ્યના કેસેટ (સંસદ)માં 87 મત મેળવ્યા

**કાર્યકાળ :**

- ✓ ઈસાક હરજોગની સાત વર્ષની મુદત 9 જુલાઈથી શરૂ થશે.
- ✓ હાલના રાષ્ટ્રપતિ રેઉવેન રિવલિન આવતા મહિને પદ છોડશે.

**ઈસાક હરજોગ પરિચય :**

✓ યહૂદી એજન્સીના અધ્યક્ષ, ઇઝરાયલની લેબર પાર્ટીના પૂર્વ અધ્યક્ષ અને વિપક્ષના નેતા છે.

✓ તેઓ દેશના છઠ્ઠા રાષ્ટ્રપતિ ચૈમ હરજોગના પુત્ર.

**9. દિન વિશેષ : 01 જૂન વિશ્વ દૂધ દિવસ**




✓ દર વર્ષે પહેલી જૂને વિશ્વ દૂધ દિવસ મનાવવામાં આવે છે

✓ થીમ-2021 : **સસ્ટેઈનેબિલિટી ઈન ધ ડેરી સેક્ટર**

✓ 2001માં યુનેસ્કોએ 1 જૂનને વિશ્વ દૂધ દિવસ જાહેર કર્યો.

**હેતુ :**

✓ દૂધ એક સંપૂર્ણ અને હેલ્દી આહાર ગણાય છે અને માટે દૂધ આપતા પ્રાણીઓ પ્રત્યે લોકોમાં જાગૃતિ વધે અને લોકો દૂધ રૂપી સંપૂર્ણ આહાર લેતા થાય તે માટે દુનિયા ભરમાં દૂધ દિવસ ઉજવાય છે.

**10. દિન વિશેષ : 07 જૂન : વર્લ્ડ ફૂડ સેફ્ટી ડે**

થીમ-2021 : **"Safe food now for a healthy tomorrow".**

✓ તંદુરસ્ત આવતીકાલ માટે આજનું સુરક્ષિત ભોજન છે. આ વર્ષની થીમ સુરક્ષિત ભોજનના ઉત્પાદન અને ઉપભોગ ઉપર કેન્દ્રિત છે.

✓ ભોજન સુરક્ષિત રહે તો વ્યકિત, અને અર્થવ્યવસ્થાને તાત્કાલિક અને લાંબા સમય માટે ફાયદો થાય છે.

✓ ગત વર્ષ 2020માં FSSAI દ્વારા જાહેર કરાયેલા ફૂડ સેફ્ટી ઈન્ડેક્સમાં દેશના 20 મોટા રાજ્યો પૈકી ગુજરાત રાજ્ય પ્રથમ ક્રમે હતુ

✓ **BHOG (Blissful Hygienic Offering to God)**એ FSSAIની એક એવી પહેલ છે. જેના અંતર્ગત ધાર્મિક સ્થળો ઉપર પિરસવામાં આવતો પ્રસાદ તેમજ અન્ય ખોરાક અંગેની ગુણવત્તાની તપાસ કરી ઓડીટ દ્વારા યોગ્ય ગુણ અપાઈ છે.

**ફૂડ સેફ્ટીમાં ગુજરાત :**

✓ દેશની સૌ પ્રથમ "ક્લિન સ્ટ્રીટ ફૂડ હબ" તરીકેનું સન્માન કાંકરીયાને મળ્યું

✓ રાજ્યની કુલ 9 સ્ટ્રીટ "ક્લિન સ્ટ્રીટ ફૂડ હબ"નાં એવોર્ડથી સન્માનિત

**UN દ્વારા વર્ષ 2020થી ઉજવણીની શરૂઆત**

✓ વિશ્વભરમાં ફૂડ વેસ્ટનું પ્રમાણ ચિંતાજનક સ્તરે વધી રહ્યું છે . તેને કંટ્રોલ કરવા યુનાઇટેડ નેશન (UN) એ ગત 2020થી ફૂડ સેફ્ટી ડેની ઉજવણી શરૂ કરી.

✓ આ દિવસની ઉજવણીની જાહેરાત યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી દ્વારા ફૂડ એન્ડ એગ્રિકલ્ચર ઓર્ગેનાઇઝેશનના સહયોગથી કરવામાં આવી હતી.

**ઉજવણી પાછળનો મુખ્ય હેતુ :**

✓ વ્યક્તિએ કેવું ખાધું ? અને કેટલું ખાધું ? તેના કરતાં શું ખાધું ? તે વધુ અગત્યનું અને જરૂરી બન્યું. આ દિશામાં લોકજાગૃતિ આવે. ખોરાકનો બગાડ અટકે આ બાબતે લઇ લોકો સચેત બને, તે હેતુથી ફૂડ સેફ્ટી દિવસની ઉજવણી કરાઈ છે.

✓ વર્લ્ડ ફૂડ સેફ્ટી ડેની ઉજવણી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન અને ફૂડ એન્ડ એગ્રિકલ્ચર ઓર્ગેનાઇઝેશન આ ક્ષેત્રને લગતી અન્ય સંસ્થાઓના સહયોગથી કરે છે.

✓ સંગઠન દ્વારા વિશ્વમાં ખોરાકજન્ય રોગોનો ભાર ઘટાડવા માટે ખોરાક સુરક્ષા તરફના પ્રયાસોને મજબૂત બનાવવાનો નિર્ણય લેવાયો છે.

**11. જન્મ દિન વિશેષ : 7 જૂન**

**વિદ્યાનગરના વિશ્વકર્મા : ભાઈકાકા- ભાઈલાલભાઈ**

**જન્મ : 7 જૂન – 1888 અવસાન : 31 માર્ચ 1970**



✓ બાળપણમાં ખેતરમાં વર્ષાડોડીનું ફૂલ તોડવા જતા તેનું ઝેરી દૂધ આંખમાં પાડતા કાયમ માટે એક આંખ ગુમાવવી પડી હતી.

✓ ભાઈલાલભાઈને ભાઈકાકા કહેતા હતા તે પછી તેમના બાળકો પણ ભાઈકાકા કહેવા લાગ્યા અને પછી તો આખું ગુજરાત તેમને ભાઈકાકા કહેવા લાગ્યું.

✓ ગાયકવાડી વડોદરા, પુના, ધૂલિયા અંગ્રેજ સરકાર અને સિંધમાં ઈજનેરી પોતાની વ્યવસાયી કુશળતાનો પરિચય આપતા રહ્યા.

✓ તેઓના કૌશલ્યની તારીફ તો સરદાર પટેલ જેવા મહાનુભાવે કરી હતી.

✓ કાંકરિયા તળાવને રમણીય બનાવી તથા પ્રાણીબાગનો વિચાર તેમના જ ફળદ્રુપ દિમાગની નીપજ હતી.

✓ સ્વતંત્ર પક્ષ તરફથી ચૂંટણી લડી તેઓ 1962માં ગુજરાત વિધાનસભામાં વિરોધપક્ષના નેતા થયા હતા.

✓ સરદાર પટેલ યુનિવર્સિટી આણંદના પહેલા ઉપકુલપતિ પણ બન્યા હતા.

✓ શિક્ષણશાસ્ત્રી ભાઈકાકાનું 31 માર્ચ 1970ના રોજ 81 વર્ષની વયે અવસાન થયું હતું.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (07-06-2021)

1. IOCL દ્વારા વડોદરા ખાતે કેટલા કરોડના રોકાણ સાથે છ નવા પ્રોજેક્ટ માટે ગુજરાત સરકાર સાથે જૂન-2021માં MOU કરાયા - **રૂ. 24,000**
2. IOCL દ્વારા દેશનો પ્રથમ હાઈડ્રોજન ઉત્પાદન પ્લાન્ટ ક્યાં સ્થપાશે – **વડોદરા**
3. હાઇડ્રોજનને કયા ઈંધણ તરીકે ઓળખાય છે – **સ્વચ્છ**
4. લૉકડાઉનના કારણે હોટેલ, રેસ્ટોરન્ટ તેમજ વોટરપાર્કને કેટલા સમયગાળા માટે પ્રોપર્ટી ટેક્સ અને ખરેખર વીજ વપરાશ પર ચાર્જ વસૂલ કરવામાંથી મુક્તિ અપાઈ - **તા. 1લી એપ્રિલ 2021 થી તા. 31 માર્ચ 2022**
5. છેલ્લા 65 થી 70 વર્ષમાં પહેલીવાર નર્મદા નદી અને દરિયાકિનારાના 65 કિ.મી. વિસ્તારની ખારાશ દૂર થતાં નર્મદા ડેમથી ડાઉન સ્ટ્રીમમાં કેટલા કિમીમાં નર્મદાનું પાણી સીધુ જ પીવા યોગ્ય બન્યું – **168**

6. પહેલી વખત 70 વર્ષ બાદ નર્મદાના પાણીનો ક્યા ગ્રેડમાં સમાવેશ કરાયો - **A ગ્રેડ**
7. પાણીની ગુણવત્તાના મૂલ્યાંકનના પાંચ માપદંડ મુજબ પીવા યોગ્ય પાણી માટે કયો ગ્રેડ ઓળખાય છે - **A ગ્રેડ**
8. તા. 7 જૂન-2021ના રોજ વડાપ્રધાન શ્રી મોદી દ્વારા રાષ્ટ્રજોગ સંબોધનમાં કઈ ત્રણ મહત્વની જાહેરાતો કરાઈ છે – (1) **તારીખ 21 જૂન 2021 થી 18 વર્ષથી વધુ વયના લોકોનું વિનામૂલ્યે રસીકરણ (2) દેશના 80 કરોડ લોકો માટે PM ગરીબ કલ્યાણ અન્ન યોજનાને નવેમ્બર 2021 એટલે કે દિવાળી સુધી લંબાવાઈ તથા (3) ખાનગી હોસ્પિટલો રસી આપતી વખતે નાગરિકો પાસેથી ફક્ત રૂ.150 સર્વિસ ચાર્જ લઇ શકશે**
9. તાજેતરમાં કયા કેન્દ્રશાસિત પ્રદેશના વિકાસ માટે નવા નિયમો જાહેર કરાયા – **લક્ષદ્વિપ**
10. લક્ષદ્વિપના વર્તમાન એડમિનિસ્ટ્રેટર કોણ છે - **શ્રી પ્રફુલ્લ પટેલ**
11. જૂન-2021થી ભારતીય પોસ્ટ વિભાગ દ્વારા સ્પીડ પોસ્ટથી કયા ચાર ગંગા કિનારાના શહેરોમાં અસ્થિ વિસર્જનની સેવાનો પ્રારંભ કરાયો - **વારાણસી, પ્રયાગરાજ, હરિદ્વાર અને ગયા**
12. જૂન-2021માં NASA દ્વારા શુક્રના અભ્યાસ માટે કયા બે મિશનની ઘોષણા કરાઈ - **દાવિન્સી પ્લસ અને વેરિટસ**
13. જૂન-2021માં ઇઝરાયલના 11માં રાષ્ટ્રપતિ તરીકે કોણ ચૂંટાયા - **ઇસાક હરજોગ**
14. વિશ્વ દૂધ દિવસ ક્યારે ઉજવાઈ છે – **1 જૂન**
15. વિશ્વ દૂધ દિવસ 2021ની થીમ જણાવો - **સસ્ટેઇનેબિલિટી ઈન ધ ડેરી સેક્ટર**
16. વર્લ્ડ ફૂડ સેફ્ટી ડે ક્યારે ઉજવવામાં આવે છે- **7 જૂન**
17. વર્લ્ડ ફૂડ સેફ્ટી ડે સૌપ્રથમ ઉજવવાનો પ્રારંભ કયા વર્ષે થયો - **2020**
18. વર્લ્ડ ફૂડ સેફ્ટી ડે 2021ની થીમ જણાવો - **"Safe food now for a healthy tomorrow"**
19. વર્લ્ડ ફૂડ સેફ્ટી ડે કોના દ્વારા ઉજવવામાં આવે છે **- WHO**
20. દેશમાં FSSAIની "BHOG" પહેલ શું છે - **ધાર્મિક સ્થળો ઉપર પિરસવામાં આવતો પ્રસાદ તેમજ અન્ય ખોરાક અંગેની ગુણવત્તાની તપાસ કરી ઓડીટ દ્વારા યોગ્ય ગુણ અપાઈ છે**
21. BHOGનું વિસ્તૃત નામ જણાવો - **Blissful Hygienic Offering to God**
22. કેન્દ્રીય આરોગ્ય મંત્રીનું નામ જણાવો - **ડૉક્ટર હર્ષવર્ધન**
23. વિદ્યાનગરના વિશ્વકર્મા તરીકે ઓળખાતા ભાઇકાકાનો જન્મદિવસ જણાવો - **7 જૂન 1888**
24. સરદાર પટેલ યુનિવર્સિટી આણંદના પ્રથમ ઉપકુલપતિનું નામ જણાવો - **ભાઈલાલભાઈ પટેલ (ભાઈકાકા)**

**DATE : 08-06-2021**

## સ્થાનિક બાબતો

### 1.વિવિધ નિર્ણય : ગુજરાત સરકાર

**(1) ITI : ઔદ્યોગિક તાલીમ સંસ્થા-ITIમાં આ વર્ષ પૂરતુ માસ પ્રમોશન અપાશે**




**(2) નર્સિંગ :**

- ✓ રાજ્યની નર્સિંગ કોલેજોમાં B.Sc. નર્સિંગ, ઓક્ઝીલરી નર્સિંગ એન્ડ મિડવાઈફ ANM તેમજ જનરલ નર્સિંગ એન્ડ મિડવાઈફ-GNM એમ અલગ અલગ કોર્ષમાં ફાઈનલ વર્ષ સિવાયના નર્સિંગના વિદ્યાર્થીઓને એક વર્ષ માટે પ્રમોશન આપવાની જાહેરાત કરવામાં આવી છે.

**(3) થિયેટરો-મલ્ટિપ્લેક્સ તથા જીમને પ્રોપર્ટી ટેક્સમાંથી એક વર્ષ માટે મુક્તિ**




- ✓ સમયગાળો : 1લી એપ્રિલ 2021થી 31 માર્ચ 2022
- ✓ આ એકમોને વીજ બિલના ફિક્સડ ચાર્જ ભરવામાંથી પણ માફી અપાઇ

### 2. ગુજરાત સરકાર : ઈ-નિર્માણ પોર્ટલ તથા મોબાઇલ એપનું લોન્ચિંગ (શ્રમ અને રોજગાર)

- ✓ સ્થળ : ગાંધીનગર

**શ્રમિકોની ઓનલાઇન નોંધણી કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બનશે**

**પોર્ટલ વિશે :**

- ✓ રાજ્યમાં બાંધકામ શ્રમિકો સહિત અસંગઠિત ક્ષેત્રના શ્રમજીવીઓની ઓનલાઇન નોંધણી માટે ઇ-નિર્માણ પોર્ટલ તથા મોબાઇલ એપનું લોન્ચિંગ

**ફાયદા :**

- ✓ આધાર લિન્ક્ડ યુ-વીન સ્માર્ટ કાર્ડ અંતર્ગત આવા 10 લાખ શ્રમિકોની નોંધણી કરાશે.



- ✓ જે પૈકી અત્યાર સુધીમાં 6 લાખ શ્રમિકોની નોંધણી થઇ ચૂકી છે.
- ✓ આ કાર્ડથી શ્રમિકોને વિવિધ યોજનાઓનો લાભ અપાશે.
- ✓ શ્રમિકોના વસવાટ-કાર્યસ્થળ ઉપર જઇ નોંધણી કરાશે, આ માટે રાજ્યમાં 21,291 કોમન સર્વિસ સેન્ટર ઉપર વ્યવસ્થા ઊભી કરાઇ છે.
- ✓ <u>શ્રમ અને રોજગાર મંત્રી : શ્રી દિલીપ ઠાકોર</u>

### 3. કોરોના રસીકરણની સુધારેલી ગાઇડલાઇન : કેન્દ્ર સરકાર

- ✓ વિનામૂલ્યે રસીકરણનો દેશવ્યાપી પ્રારંભ : 21 જૂન 2021 - વિશ્વ યોગ દિવસ

**<u>સુધારેલી ગાઇડલાઇન :</u>**

- ✓ 18થી વધુ વયના વસતી જૂથોમાં કોને પ્રાથમિકતાના ધોરણે કોરોનાની રસી આપવી તેનો નિર્ણય રાજ્ય સરકારો લઇ શકશે
- ✓ રસીના ઉત્પાદનને વેગ આપવા ઘરેલુ રસી ઉત્પાદક કંપનીઓને પ્રાઇવેટ હોસ્પિટલોને માસિક ઉત્પાદનના 25 ટકા રસી વેચવાની પરવાનગી
- ✓ પ્રાઇવેટ હોસ્પિટલ માટે રસીની કિંમત રસી ઉત્પાદક નક્કી કરશે અને તેમાં બદલાવની અગાઉથી જાહેરાત કરવાની રહેશે
- ✓ પ્રાઇવેટ હોસ્પિટલો કોરોનાની રસી મૂકવાનો પ્રતિ ડોઝ સર્વિસ ચાર્જ રૂપિયા 150 વસૂલી શકશે, રાજ્યો ચાર્જ મોનિટર કરી શકશે




**<u>ખાનગી હોસ્પિટલો માટે રસીના ચાર્જ જાહેર :</u>**

- ✓ સરકારે પ્રાઇવેટ હોસ્પિટલો દ્વારા વસૂલાનારા કોરોનારસીના સુધારેલા ચાર્જ પણ જાહેર કર્યાં હતાં.
- ✓ <u>આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર કોવિશિલ્ડ</u>નો એક ડોઝ રૂપિયા 780, <u>કોવેક્સિન</u>નો એક ડોઝ રૂપિયા 1410 અને <u>સ્પુતનિક ફાઇવ</u>નો એક ડોઝ રૂપિયા 1145માં મૂકાશે.
- ✓ ઉપરાંત રસી લેનારે કોરોનાના <u>એક ડોઝ પર પાંચ ટકા જીએસટી</u> ચૂકવવાનો રહેશે. એટલે કે કોવિશિલ્ડના એક ડોઝ પર રૂપિયા 30, કોવેક્સિનના એક ડોઝ પર રૂપિયા 60 અને સ્પુતનિકના એક ડોઝ પર રૂપિયા 47.40થી 47 જીએસટી ચૂકવવો પડશે. પ્રાઇવેટ હોસ્પિટલો કોરોના રસીનો એક ડોઝ આપવા માટે રૂ. 150 સર્વિસ ચાર્જ વસુલી શકશે.

### 4. NIV : ભારતમાં કોરોનાનો ખતરનાક નવો વેરિઅન્ટ B.1.1.28.2 શોધાયો

**<u>વેરિઅન્ટની શોધ વિશે :</u>**

- ✓ <u>પૂણેની નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઑફ વાયરોલોજીએ</u> કોરોના વાયરસની જીનોમ સિક્વન્સિંગમાં નવા વેરિયન્ટને શોધ્યો.
- ✓ રિપોર્ટ પ્રમાણે આ વેરિયન્ટ બ્રિટન અને બ્રાઝિલથી ભારત આવેલા લોકોમાં જોવા મળ્યો.
- ✓ ઇન્સ્ટિટ્યુટે આને B.1.1.28.2 નામ આપ્યું છે. આ ભારતમાં જોવા મળતા ડેલ્ટા વેરિયન્ટની માફક જ ગંભીર છે. આનાથી સંક્રમિત લોકોમાં કોરોનાના ગંભીર લક્ષણો જોવા મળી શકે છે.
- ✓ B.1.28.2 વેરિયન્ટથી સંક્રમિત થવા પર વ્યક્તિનું વજન ઓછું થવા લાગે છે. આના સંક્રમણના ઝડપથી ફેલાવા પર ફેફસા ડેમેજ થઇ જાય છે. આ વેરિયન્ટ ફેફસામાં ઘા અને તેમાં ભારે નુકસાનનું કારણ બની શકે છે. સ્ટડીમાં કોવિડ જીનોમ સર્વિલાન્સની જરૂરિયાત પર ભાર આપવામાં આવ્યો છે, જેથી કોરોનાના નવા-નવા વેરિયન્ટ્સ વિશે જલદીથી જલદી જાણી શકાય. જીનોમ સિક્વન્સિંગ લેબ એવા મ્યુટેન્ટ્સની શોધ કરી રહ્યું છે જે કોરોના સંક્રમણમાં અચાનક આવનારા ઉછાળા પાછળ કારણ હોય છે.
- ✓ **સંસ્થા : NIV - નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી**
- ✓ **સ્થળ : પૂના**

### 5. વર્લ્ડ બેંક : જાહેરાત (આર્થિક-ઉધોગો)

**<u>ભારતના MSME સેક્ટરને બચાવવા વર્લ્ડ બેંક દ્વારા 500 મિલિયન ડોલરના કાર્યક્રમને મંજૂરી</u>**




**<u>કાર્યક્રમનો હેતુ :</u>**

- ✓ કોરોનાને કારણે જેને સૌથી વધારે મરણતોલ ફટકો પડયો છે તેવા ભારતનાં MSME સેક્ટરને બચાવવા તેમજ તેને ફરી બેઠું કરવા માટે વર્લ્ડ બેન્ક દ્વારા 500 મિલિયન ડોલરના કાર્યક્રમને મંજૂરી આપવામાં આવી.

**<u>કાર્યક્રમ વિશે :</u>**

- ✓ આ કાર્યક્રમ દ્વારા ભારતમાં અસ્તિત્વ ધરાવતા 5,55,000 MSMEની કામગીરીમાં ધરમૂળથી સુધારા કરવામાં આવશે તેને પુનઃ જીવિત કરાશે.
- ✓ આ માટે 15.5 અબજ ડોલરનું ધિરાણ અને લોન મેળવવામાં આવશે.

**<u>પરિણામ-અસરો :</u>**

- ✓ સરકારના આ સહાય કાર્યક્રમથી MSMEમાં આર્થિક રિકવરીનો તબક્કો શરૂ થશે અને તેની ઉત્પાદકતા અને ફાઇનાન્સિંગ પણ વધશે.
- ✓ પ્રાઈવેટ સેક્ટરમાં મધ્યમ ગાળે ફાઇનાન્સિંગ વધશે. MSME સેક્ટર ભારતનાં ઉધોગ સેક્ટરની કરોડરજ્જુ છે. જેનો ભારતની GDPમાં 30 ટકા અને નિકાસોમાં 40 ટકા હિસ્સો છે.
- ✓ ભારતમાં 58 મિલિયન MSMEમાંથી 40 ટકાથી વધુને ફાઇનાન્સ મેળવવામાં તકલીફ પડે છે.
- ✓ <u>ઇન્ટરનેશનલ બેન્ક ફોર રિકન્સ્ટ્રક્શન એન્ડ ડેવલપમેન્ટ (IBRD)-વર્લ્ડ બેંકની</u> 500 મિલિયન ડોલરની આ લોન 5.5 વર્ષનાં ગ્રેસ પિરિયડ સાથે 18.5 વર્ષે પાકવાની છે.
- ✓ ભારતનાં MSME સેક્ટરને બેઠું કરવા વર્લ્ડ બેન્ક દ્વારા 500 મિલિયન ડોલરનો આ બીજો કાર્યક્રમ છે

**MCRRP : ભારત સરકાર**

- ✓ ભારત સરકાર દ્વારા 3.4 અબજ ડોલરનો MSME કમ્પિટિટિવનેસ-અ પોસ્ટ કોવિડ રેઝિલિયન્સ એન્ડ રિકવરી પ્રોગ્રામ (MCRRP) પણ શરૂ કરાશે.
- ✓ સરકારની સહાયથી MSMEની ઉત્પાદકતા અને રિકવરી વધશે

**6. વર્લ્ડ બેંક : ગ્લોબલ ઇકોનોમિક પ્રોસ્પેક્ટ (1) ભારતનો વર્ષ 2021નો GDP અંદાજ 11.2 ટકાથી ઘટાડી 8.3 ટકા કરાયો**

**વિગત :**

વર્લ્ડ બેંકના અંદાજ મુજબ 2021-2022માં ભારતનો જીડીપી 8.3 ટકા અને 2022-23માં 7.5 ટકા રહેશે.

- ✓ વર્લ્ડ બેંકના તાજેતરના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે કોરોનાની બીજી લહેરને કારણે ભારતના આર્થિક વિકાસના અંદાજમાં ઘટાડો કરવામાં આવ્યો છે.
- ✓ આ અગાઉ વર્લ્ડ બેંકે અંદાજ મૂક્યો હતો કે 2021માં ભારતનો જીડીપી 11.2 ટકા રહેશે.

**(2) વિશ્વ :**

- ✓ વર્ષ 2021માં વૈશ્વિક અર્થતંત્રનો વિકાસ દર 5.6 ટકા રહેવાનો અંદાજ
- ✓ છેલ્લા 80 વર્ષનો સૌથી ઊંચો આર્થિક વિકાસ દર
- ✓ **અહેવાલ :** ગ્લોબલ ઇકોનોમિક પ્રોસ્પેક્ટ, વર્લ્ડ બેંક મુખ્યમથક : વોશિંગ્ટન (DC), USA

**7. ખેલકૂદ : વૈશ્વિક સિદ્ધિ**

**ભારતીય ફૂટબોલર સુનિલ છેત્રી 74 આંતરરાષ્ટ્રીય ગોલ સાથે રોનાલ્ડો બાદ બીજા ક્રમે સૌથી વધુ ગોલ કરનાર એક્ટિવ પ્લેયર્સ**




**સૌથી વધુ આંતરરાષ્ટ્રીય ગોલ (એક્ટિવ પ્લેયર્સ)**

| ખેલાડી | દેશ | ગોલ |
|---|---|---|
| ક્રિસ્ટીયાનો રોનાલ્ડો | પોર્ટુગલ | 103 |
| સુનિલ છેત્રી | ભારત | 74 |
| અલી માબખોઉત | યુએઇ | 73 |
| લાયોનેલ મેસી | આર્જેન્ટીના | 72 |
| લેવાન્ડોવસ્કી | પોલેન્ડ | 66 |

**8. જન્મ દિન વિશેષ : 08 જૂન**

**બાલાભાઈ વીરચંદભાઈ દેસાઈ : "જયભિખ્ખુ"**

**જન્મ : 8 જૂન-1908 અવસાન : 24 ડિસેમ્બર-1969**




- ✓ રાજકોટ જિલ્લાના વીંછિયામાં મોસાળમાં તેમનો જન્મ થયો હતો.
- ✓ બાલાભાઇએ વરસોડા, બોટાદ, વિજાપુર અને અમદાવાદમાં શિક્ષણ લીધું હતું.
- ✓ તેમનું બાળપણનું નામ ભીખાલાલ હતું અને પત્નીનું નામ વિજયાબેન.
- ✓ તેમાંથી પત્ની વિજયાબેનમાંથી "જય" અને પોતાના નામમાંથી "ભિખ્ખુ" લઇ ઉપનામ જયભિખ્ખુ રાખ્યું.
- ✓ જૈન ધર્મના વિદ્યાધામ શિવપુરીમાંથી તર્કભૂષણ અને ન્યાયતીર્થની પદવીઓ હાંસલ કરી હતી.
- ✓ જયભિખ્ખુએ 35 વર્ષની લેખન કારકિર્દીમાં વાર્તા, નવલકથા, ચરિત્રો, બાળસાહિત્ય, રેડીયો નાટક વગેરેને લગતા 300 કરતા વધુ પુસ્તકો લખ્યા છે.

**સાહિત્યસર્જન :**

- ✓ મંત્રીશ્વર વિમલ, ભાગ્યવિધાતા, કામવિજેતા, પ્રેમભક્ત કવિ વિજય, ભારત બાહુબલિ, દિલ્હીશ્વર, નરકેસરી, સંસારસેતુ, કંચન અને કામિની, માદરે વતન, યાદવાસ્થળી, કાજળ અને અરીસો, મનઝરૂખો, કન્યાદાન, પગનું ઝાંઝર, રસિયો વાલમ, વગેરેનો સમાવેશ થાય છે.
- ✓ પુરાણ અને ઇતિહાસમાં પડેલા વિરલ અને વિશિષ્ઠ ચરિત્રોનો મહિમા એ જયભિખ્ખુના સાહિત્યસર્જનની વિશેષતા છે.
- ✓ કુમારચંદ્રક : વર્ષ 1948.
- ✓ વર્તમાન ગુજરાતી સાહિત્યકાર-લેખક ડૉ. કુમારપાળ દેસાઇના પિતા એટલે જયભિખ્ખુ

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (08-06-2021)

1. ગુજરાતમાં થિયેટરો-મલ્ટિપ્લેક્સ તથા જીમને પ્રોપર્ટી ટેક્સમાંથી કયા સમયગાળા માટે મુક્તિ અપાઇ - **1લી એપ્રિલ 2021થી 31 માર્ચ 2022**
2. શ્રમિકોની ઓનલાઇન નોંધણી કરનાર દેશનું પ્રથમ રાજ્ય જણાવો - **ગુજરાત**
3. રાજ્યમાં બાંધકામ શ્રમિકો સહિત અસંગઠિત ક્ષેત્રના શ્રમજીવીઓની ઓનલાઇન નોંધણી માટે જૂન-2021માં ગુજરાત સરકાર દ્વારા કયુ પોર્ટલ લોન્ચ કરાયુ - **ઇ-નિર્માણ**
4. આધાર લિન્ક્ડ યુ-વીન સ્માર્ટ કાર્ડ અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા કેટલા લાખ શ્રમિકોની નોંધણી કરવાનું લક્ષ્યાંક રખાયું છે - **10 લાખ**
5. ગુજરાત સરકારના વર્તમાન શ્રમ અને રોજગાર મંત્રીનું નામ જણાવો - **શ્રી દિલીપ ઠાકોર**
6. ભારતમાં ખાનગી હોસ્પિટલમાં કોરોનાની રસી લેનારે એક ડોઝ પર કેટલા ટકા જીએસટી ચૂકવવાનો રહેશે – **પાંચ**
7. જૂન-2021માં ભારતમાં કોરોનાનો ખતરનાક કયો નવો વેરિઅન્ટ શોધાયો - **B.1.1.28.2**
8. જૂન-2021માં ભારતમાં કોરોનાનો ખતરનાક નવો વેરિઅન્ટ B.1.1.28.2 કઇ સંસ્થા દ્વારા શોધાયો – **NIV, પૂણે**
9. NIVનું વિસ્તૃત નામ જણાવો - **નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઑફ વાયરોલોજી**

10. ભારતના MSME સેક્ટરને બચાવવા વર્લ્ડ બેંક દ્વારા કેટલા મિલિયન ડોલરના કાર્યક્રમને જૂન-2021માં મંજૂરી અપાઇ - **500 મિલિયન ડોલર**
11. વર્લ્ડ બેંકના જૂન-2021ના ગ્લોબલ ઇકોનોમિક પ્રોસ્પેક્ટના અહેવાલ મુજબ ભારતનો વર્ષ 2021નો GDP અંદાજ કેટલા ટકાથી ઘટાડી કેટલા ટકા કરાયો - **11.2 તથા 8.3**
12. વર્લ્ડ બેંકના જૂન-2021ના ગ્લોબલ ઇકોનોમિક પ્રોસ્પેક્ટના અહેવાલ મુજબ વર્ષ 2021માં વૈશ્વિક અર્થતંત્રનો વિકાસ દર કેટલા ટકા રહેવાનો અંદાજ છે - **5.6**
13. જૂન-2021માં કયો ભારતીય ફૂટબોલર 74 આંતરરાષ્ટ્રીય ગોલ સાથે બીજા ક્રમે સૌથી વધુ ગોલ કરનાર એક્ટિવ પ્લેયર્સ બન્યો - **સુનિલ છેત્રી**
14. જૂન-2021ની સ્થિતિએ ફૂટબોલની રમતમાં સૌથી વધુ 103 ગોલ કરનાર એક્ટિવ પ્લેયર્સ-દેશનું નામ જણાવો - **ક્રિસ્ટીયાનો રોનાલ્ડો તથા પોર્ટુગલ**
15. ગુજરાતી સાહિત્ય જગતમાં "જયભિખ્ખુ"ના નામે પસિદ્ધ થયેલા લેખકનું પુરૂ નામ જણાવો - **બાલાભાઇ વીરચંદભાઇ દેસાઇ**
16. ગુજરાતી સાહિત્યના લેખક બાલાભાઇ વીરચંદભાઇ દેસાઈએ "જયભિખ્ખુ" ઉપનામ શાના પરથી રાખ્યું હતુ - **પત્ની વિજયાબેનમાંથી "જય" અને પોતાના નામમાંથી "ભિખ્ખુ" લઇ ઉપનામ જયભિખ્ખુ રાખ્યું**
17. ગુજરાતી લેખક "જયભિખ્ખુ"નો જન્મ ક્યારે અને ક્યાં થયો હતો - **8 જૂન-1908 તથા વિંછિયા, જિ.રાજકોટ**
18. સાહિત્યકાર જયભિખ્ખુને કયા વર્ષે કુમારચંદ્રક પ્રાપ્ત થયો હતો – **વર્ષ-1948**
19. વર્તમાન ગુજરાતી સાહિત્યકાર-લેખક ડૉ. કુમારપાળ દેસાઇના પિતાનું નામ જણાવો – **"જયભિખ્ખુ"**

**DATE : 09-06-2021**

## 1. નિર્ણય : ગુજરાત સરકાર (આરોગ્ય)

### કુટુંબદીઠ એક મા-કાર્ડને બદલે હવે દરેક લાભાર્થીને વ્યક્તિગત ઓળખ કાર્ડ આપવાનો નિર્ણય




**નવા કાર્ડની સુવિધાનો વિસ્તાર :**

- ✓ રાજ્યમાં મા અને મા વાત્સલ્ય હેઠળ નિયત માપદંડો ધરાવતા પરિવારોને કુટુંબદીઠ વાર્ષિક રૂપિયા પાંચ લાખ સુધીનું આરોગ્ય કવચ વિનામૂલ્યે પુરૂ પાડવામાં આવે છે. જે યથાવત રહેશે.
- ✓ દેશભરમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અમલમાં આવ્યા બાદ ભારતમાં એક સુત્રતા જળવાય તે ઉદ્દેશ્યથી પ્રત્યેક લાભાર્થી નાગરીકને અલગથી કાર્ડ આપવા સુચના આપવામાં આવી.
- ✓ યોજના હેઠળ માન્યતા ધરાવતી હોસ્પિટલોમાં રૂપિયા પાંચ લાખ સુધી નિશુલ્ક સારવારનું કવચ સમગ્ર પરીવાર પુરતુ મર્યાદિત રહેશે.
- ✓ મા-કાર્ડની મુદત 31મી જૂલાઇ 2021 સુધી લંબાવ્યા બાદ સરકારી હોસ્પિટલ, સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં નવા કાર્ડ કાઢવાનું શરૂ કરી દેવામાં આવ્યુ છે.
- ✓ જ્યાં સુધી નવા કાર્ડ કાઢવામાં ના આવે ત્યાં સુધી જૂના કાર્ડ પરનો લાભા પહેલાની જેમ ચાલુ રહેશે. જેથી કોઇની સારવાર અટકશે નહી.
- ✓ નવા કાર્ડમાં ચાર્જ પેટે રૂ. 20 લેવાશે

## 2. કેન્દ્ર સરકાર : ખરીફ પાક માટે વર્ષ 2021ના ટેકાના ભાવ-MSPના વધારાને મંજૂરી

- ✓ જાહેરાત : કેન્દ્રીય કૃષિમંત્રી શ્રી નરેન્દ્રસિંહ તોમર

**ખરીફ સીઝન 2021 MSP રૂપિયા પ્રતિ ક્વિન્ટલ**

| પાક | નવી MSP | વધારો |
|---|---|---|
| ડાંગર કોમન | ૧,૯૪૦ | ૭૨ |
| ડાંગર ગ્રેડ એ | ૧,૯૬૦ | ૭૨ |
| જુવાર હાઇબ્રિડ | ૨,૭૩૮ | ૧૧૮ |
| જુવાર માલદંડી | ૨,૭૫૮ | ૧૧૮ |
| બાજરા | ૨,૨૫૦ | ૧૦૦ |
| રાગી | ૩,૩૭૭ | ૮૨ |
| મકાઈ | ૧,૮૭૦ | ૨૦ |
| તુવર | ૬,૩૦૦ | ૩૦૦ |
| મગ | ૭,૨૭૫ | ૭૯ |
| અડદ | ૬,૩૦૦ | ૩૦૦ |
| મગફળી | ૫,૫૫૦ | ૨૭૫ |
| સનફ્લાવર સીડ | ૬,૦૧૫ | ૧૩૦ |
| સોયાબીન ચલો | ૩,૯૫૦ | ૭૦ |
| તલ | ૭,૩૦૭ | ૪૫૨ |
| નાઇજર સીડ | ૬,૯૩૦ | ૨૩૫ |
| કપાસ મીડિયમ | ૫,૭૨૬ | ૨૧૧ |
| કપાસ લૉંગ | ૬,૦૨૫ | ૨૦૦ |

## 3. કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય : પીએમ યુવા યોજના

**હેતુ :** દેશના યુવાનોમાં લેખન કૌશલ્ય વિકસાવવા.

**યોજના વિશે :**

- ✓ કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા આ સ્કીમ લોન્ચ કરવામાં આવી છે. જેમાં કેટલાક ટેલેન્ટેડ ઉમેદવારોની પસંદગી કરાશે અને તેમને દર મહિને 50 હજાર રૂપિયાનું સ્ટાઇપેન્ડ આપવામાં આવશે. સાથે સિદ્ધહસ્ત લેખકો દ્વારા તાલીમ પણ આપાશે.




- ✓ જે યુવાનોને સારું લખતા આવડે છે અને લેખક બનવા માંગે છે. તેમના માટેની આ યોજના છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 31 જાન્યુઆરી 2021ના રોજ પોતાની મન કી બાત કાર્યક્રમમાં યુવા પેઢીને લેખન તરફ ધ્યાન આપવા આહાન કર્યું હતું.

- ✓ PMએ યુવાનોને સ્વતંત્રતા સેનાનીઓ, આઝાદી સાથે સંકળાયેલી ઘટનાઓ, સ્વતંત્રતા સંગ્રામ સમયની વીરગાથા અંગે લખવા માટે આમંત્રણ આપ્યું હતું. ત્યાર બાદ શિક્ષણ મંત્રાલયે યુવા લેખકોને તાલીમ અને પ્રોત્સાહન આપવા માટે પ્રધાનમંત્રી યુવા યોજના લોન્ચ કરી હતી.
- ✓ સ્કીમ હેઠળ પહેલાં એક સ્પર્ધા યોજવામાં આવશે. તેમાંથી 75 લેખકોની પસંદગી કરવામાં આવશે. તેમને જાણીતા લેખકો/મેન્ટર લખવાની ટ્રેનિંગ આપશે.
- ✓ મેન્ટરશીપ દરમિયાન 15 ડિસેમ્બર 2021 સુધી બધાની મેન્યુસ્ક્રિપ્ટ્સ (હસ્તપ્રતો) તૈયાર કરી લેવાશે. જેને પુસ્તક સ્વરુપે નેશનલ બુક ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત કરાશે.
- ✓ આ તમામ પુસ્તકો 12 જાન્યુઆરી 2022ના રાષ્ટ્રીય યુવા દિવસે લોન્ચ કરવામાં આવશે. આ પુસ્તકોને અન્ય ભાષાઓમાં પણ અનુવાદ કરવામાં આવશે.
- ✓ આ સ્કીમ (Pradhan mantri yuva yojna)માં 30 વર્ષથી ઓછી વયના કોઇ પણ યુવા ભાગ લઇ શકશે.
- ✓ 1 જૂનથી 31 જુલાઇ 2021 સુધી https://www.mygov.in/ના માધ્યમથી આયોજિત થનારી અખિલ ભારતીય સ્પર્ધા દ્વારા 75 લેખકોની પસંદગી કરવામાં આવશે.
- ✓ **YUVA : યુવા ઉધમિતા વિકાસ અભિયાન**

**4. નિમણૂક : ભારતીય ચૂંટણીપંચ**

**નવા ચૂંટણી કમિશનર તરીકે નિવૃત IAS અનુપચંદ્ર પાંડેની નિમણૂક**




- ✓ 1984 બેચના ઉત્તરપ્રદેશ કેડરના નિવૃત્ત IAS અધિકારી અનુપચંદ્રા પાંડેને નવા ચૂંટણી કમિશનર બનાવવામાં આવ્યા.
- ✓ નિવૃત્ત ચીફ સેક્રેટરી : ઉત્તરપ્રદેશ
- ✓ આગામી વર્ષે ઉત્તર પ્રદેશ, પંજાબ, ગોવા, મણિપુર, ઉત્તરાખંડમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની છે. જેનું નેતૃત્ત્વ તેઓ કરશે.
- ✓ મુખ્ય ચૂંટણી કમિશનર : સુશિલ ચંદ્ર
- ✓ પેનલમાં અન્ય કમિશનર રાજીવ કુમાર.

**5. ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સ 2021 : અંડર 17**




- ✓ સમયગાળો: તા. 21 નવેમ્બરથી 5 ડિસેમ્બર 2021
- ✓ યજમાન : હરિયાણા
- ✓ ખાસ : આ વખતે 18 વર્ષ સુધીના ખેલાડીઓને પણ તક

**યુથ ગેમ્સમાં સામેલ 20 રમતો :**

- ✓ આર્ચરી, એથ્લેટિક્સ, બેડમિન્ટન, બૉક્સિંગ, જિમ્નાસ્ટિક, જુડો, શુટિંગ, સ્વિમિંગ, વેટલિફ્ટિંગ, રેસલિંગ, ટેબલ-ટેનિસ, ટેનિસ, બાસ્કેટબોલ, ફૂટબોલ, હોકી, કબડ્ડી, ખો-ખો, વોલીબોલ, સાઇકલિંગ અને હેન્ડબોલ.

**પ્રથમવાર નવી 5 સ્વદેશી રમતોનો સમાવેશ**

- ✓ **1) થાંગ-તા: આ મણિપુરની માર્સલ-આર્ટ** છે. જેમાં તલવાર, ભાલા, ઢાલનો ઉપયોગ થાય છે. મણિપુર, જમ્મુ-કાશ્મિર, છત્તીસગઢમાં રમતો રમાય છે.
- ✓ **2) કલરિપયટ્ટુ:** એક રીતે આ માર્શલ-આર્ટ છે. જેની શરૂઆત કેરલમાં થઇ હતી. તેને વિશ્વની સૌથી જુની માર્શલ-આર્ટ ટેકનીક મનાઇ છે.
- ✓ **3) મલખંભ: પ્રાચીન રમત** છે. જેમાં લાકડાના એક ખંભા કે દોરડાની ઉપર કરતબ દેખાડવામાં આવે છે. આ મધ્યપ્રદેશની રાજકીય રમત છે.
- ✓ **4) ગતકા:** આ ભારતીય માર્શલ-આર્ટનું રૂપ છે. આ શીખોની પારંપરિક યુદ્ધ કલા છે. **પંજાબ** સરકારે તેને રમતની માન્યતા આપી છે.
- ✓ **5) યોગાસન:** તેને ગત વર્ષે **ભારત સરકારે** રમતની માન્યતા આપી છે.

**6. આસામ : રાયમોનાને આસામનું 6Th રાષ્ટ્રીય ઉધાન ઘોષિત કરાયું**




**7. UN : UN મહાસભાના 76માં સભાના અધ્યક્ષપદે માલદિવ્સના વિદેશ મંત્રી અબ્દુલ્લાહ શાહિદ ચૂંટાયા**



- ✓ માલદીવના વિદેશ મંત્રી અબ્દુલ્લાહ શાહિદને સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના અધ્યક્ષ ચૂંટવામાં આવ્યાં. 191 સભ્યોએ મતદાનમાં ભાગ લીધો અને તેમને 143 વોટ મળ્યા.
- ✓ શાહિદ તુર્કીના રાજદ્વારી વોલકાન બોઝકિરનું લેશે. ચૂંટણીમાં અફઘાનિસ્તાનના ભૂતપૂર્વ વિદેશ મંત્રી ઝાલમેઇ રસૂલ પણ ઉમેદવાર હતાં પરંતુ તેમને માત્ર 48 વોટ મળ્યા.

**ભારતની ભૂમિકા :**

- ✓ માલદીવની જીતમાં ભારતે મહત્ત્વની ભૂમિકા ભજવી છે.
- ✓ હિન્દ મહાસાગરમાં મોકાનું સ્થાન ધરાવતા અને ભારતના પરમ મિત્ર માલદીવને સંયુકત રાષ્ટ્રની સામાન્ય સભાના 76માં સત્રના અધ્યક્ષપદ અપાવવામાં ભારતને સળતા મળી.
- ✓ આંતરરાષ્ટ્રીય કૂટનીતિમાં ભારતને મળેલી આ મોટી કામિયાબી છે કારણ કે હાલ યૂએન. જનરલ એસેમ્બલીના અધ્યક્ષ તૂર્કીના છે જે અવારનવાર કાશ્મીર મુદ્દે પાકિસ્તાનનો પક્ષ લઇને ભારતને નિશાન બનાવ્યા કરે છે.
- ✓ આ વખતની ચૂંટણીમાં એશિયા પેસિફિકના દેશોએ ભાગ લેવાનો હતો.

- ✓ માલદીવ આમ તો સાવ નાનકડો દેશ છે પરંતુ હિન્દ મહાસાગરમાં તેના ભૌગોલિક સ્થાનને જોતાં તેનું ભારે મહત્વ છે.

**8. તુર્કી : મારમરા સમુદ્રમાં 100 ફૂટ ઊંડે સુધી સી-સ્નોટ ફેલાયો**

**સી-સ્નોટ : દરિયાઈ કચરો**




**દરિયામાં ફેલાયેલું સી-સ્નોટ શું છે ?**

- ✓ સી-સ્નોટ દરિયામાં બનતો એક ચીકણો પદાર્થ છે. શેવાળ વધારે પડતું પોષણ મેળવી ઝડપથી વિકસતાં સી-સ્નોટ બને છે. દરિયાની સપાટી પર તેનું ચીકણું પડ જામી જાય છે, જેથી બોટ કે માણસો તરી શકતા નથી.

**મારમરાનો સમુદ્ર કેટલો મહત્વનો ?**

- ✓ મારમરા સમુદ્ર કાળા સમુદ્રને એજિયન સાગર સાથે જોડે છે. તે ત્યાંની લાઇફલાઇન કહેવાય છે. તેના કાંઠે તૂર્કનાં 5 રાજ્ય છે. ઇસ્તંબુલ પણ ત્યાં જ છે. તેથી સ્વાભાવિક છે કે મારમરા સમુદ્રમાંથી ઘણી વ્યાપાર પ્રવૃત્તિઓ થતી રહે છે.

**9. અલ સાલ્વાડોર : બીટકોઇનને કાયદેસર ચલણ તરીકે માન્યતા આપનાર વિશ્વનો પ્રથમ દેશ (આર્થિક)**



- ✓ બીટકોઇન કાયદેસરની ચલણ
- ✓ હાલનું સત્તાવાર ચલણ યુએસ ડોલર
- ✓ આ કાયદો 90 દિવસની અંદર લાગુ થશે
- ✓ સેન્ટ્રલ અમેરિકન દેશ અલ સાલ્વાડોરે વિશ્વની સૌથી મોટી અને લોકપ્રિય ક્રિપ્ટોકરન્સી બિટકોઇનને દેશના કાયદેસરના ચલણ બનાવવાના બિલને મંજૂરી આપી. આ સાથે બિટકોઇનને કાયદેસરના ચલણ તરીકે જાહેર કરનારો તે વિશ્વનો પ્રથમ દેશ બન્યો.
- ✓ અલ સાલ્વાડોરનું સત્તાવાર ચલણ અમેરિકન ડોલર છે. દેશમાં ડોલર પહેલાંની માફક જ કાયદેસરનું ચલણ બની રહેશે અને બિટકોઇનનો ઉપયોગ વિકલ્પ તરીકે કરવામાં આવશે.
- ✓ અલ સાલ્વાડોર કોંગ્રેસે રાષ્ટ્રપતિ નાયબ બુકેલેના આ ક્રિપ્ટોકરન્સીને અપનાવવાના પ્રસ્તાવ મંજૂર કરી દીધો.
- ✓ આ બિટકોઇનને કાયદેસરનું ચલણ બનાવવાનો આ કાયદો 90 દિવસની અંદર લાગુ થશે.
- ✓ નિષ્ણાતો પ્રતિક્રિયા આપતા કહે છે કે અલ સાલ્વાડોર ભવિષ્યનું ફાઇનાન્સિયલ પાવર હાઉસ થઇ જશે.

**10. ખેલકૂદ : યુરો કપ ફૂટબોલ 2021**




- ✓ તારીખ 12 જૂન 2021થી પ્રારંભ
- ✓ સમયગાળો : 1 માસ

**યજમાન દેશ :**

- ✓ ઇંગ્લેન્ડ, રશિયા, અઝરબેજાન, જર્મની, ઇટાલી, રોમાનિયા, સ્પેન, નેધરલેન્ડ, હંગેરી, ડેનમાર્ક, સ્કોટલેન્ડ
- ✓ કુલ ટીમ : 24 - કુલ દેશ : 11
- ✓ ગ્રુપ : A, B, C, D, E અને F - પ્રત્યેક ગ્રુપમાં ચાર દેશ

**11. દિન વિશેષ : 8 જૂન વિશ્વ મહાસાગર દિવસ**




- ✓ **થીમ 2021 :** The Ocean: Life and Livelihoods

**10. દિન વિશેષ : 9 જૂન રાજવી કવિ કલાપીની પૂણ્યતિથિ**



**જન્મ : 26-1-1874 અવસાન : 9-6-1900**

- ✓ ગોહિલ સુરસિંહજી તખ્તસિંહજી,
- ✓ ઉપનામ - 'કલાપી'
- ✓ જન્મ લાઠી (જિ.અમરેલી)ના રાજકુટુંબમાં.
- ✓ 1882 થી 1890 સુધી રાજકોટની રાજકુમાર કૉલેજમાં પ્રાથમિક શિક્ષણ, જે આંખોની તકલીફ, રાજકીય ખટપટોને કૌટુંબિક કલશોને કારણે એ વખતના અંગ્રેજી પાંચમા ધોરણ આગળ અટક્યું.
- ✓ દરમિયાન 1889માં રોહા (કચ્છ)નાં રાજબા (રમા) તથા કોટડા સાંગાણીનાં આનંદીબા સાથે લગ્ન.
- ✓ પિતા અને મોટાભાઇના અવસાનથી સગીર વયે જ ગાદીવારસ ઠરેલા એમને 1895માં લાઠી સંસ્થાનનું રાજપદ સોંપાયું.
- ✓ રમા સાથે આવેલી ખવાસ જાતિની દાસી મોંઘી (પછીથી શોભના) પર ઢળેલી વત્સલતા એને કેળવવા જતાં સધાયેલી નિકટતાને કારણે ગાઢ પ્રીતિમાં પરિણમી અને એમના આંતરબાહ્ય જીવનમાં ખળભળાટ મચી ગયો.
- ✓ ઘણા સાંસારિક, માનસિક, વૈચારિક સંઘર્ષોને અંતે એમણે 1989માં શોભના સાથે લગ્ન કર્યું.
- ✓ ઋજુ અને સંવેદનશીલ પ્રકૃતિના આ કવિ પ્રાપ્ત રાજધર્મ બજાવવા છતાં રાજસત્તા અને રાજકાર્યમાં પોતાની જાતને ગોઠવી ન શક્યા. છેવટે ગાદીત્યાગનો દ્રઢ નિર્ધાર કરી ચૂકેલા કલાપીનું છપ્પનિયા દુકાળ વખતે લાઠીમાં અવસાન થયું.

**સાહિત્ય સર્જન :**

- ✓ 1882થી 1900 સુધીની એમની સર્વ કાવ્ય રચનાઓને સમાવતા સંગ્રહ 'કલાપીનો કેકારવ'નું કાન્તને હાથે 1903માં મરણોત્તર પ્રકાશન થયું.
- ✓ કલાપીનો કાવ્યકલાપ, હમીરજી ગોહિલ (દીર્ઘકાવ્ય), કાશ્મીરનો પ્રવાસ, સ્વીડનબોર્ગનો ધર્મ વિચાર, હૃદયત્રીપૂટી
- ✓ 'રાજવી કવિ કલાપી' નામનું એમનાં જીવન વિશેનું પુસ્તક.

- ✓ ગઝલ ક્ષેત્રે આઇ.એન.ટી દ્વારા વર્ષ 1997થી 'કલાપી એવોર્ડ'ની શરૂઆત કરવામાં આવી હતી.
- ✓ 1966માં ગુજરાતી ચલચિત્ર 'કલાપી' બનાવાયું જેમાં અભિનેતા સંજીવ કુમારે કલાપીની ભૂમિકા ભજવેલી.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (09-06-2021)

1. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં કુટુંબદીઠ કયા એક કાર્ડને બદલે હવે દરેક લાભાર્થીને વ્યક્તિગત ઓળખ કાર્ડ આપવાનો નિર્ણય કરાયો છે – **'મા'**
2. રાજ્યમાં મા અને મા વાત્સલ્ય હેઠળ નિયત માપદંડો ધરાવતા પરિવારોને કુટુંબદીઠ વાર્ષિક કેટલા રૂપિયા સુધીનું આરોગ્ય કવચ વિનામૂલ્યે પુરૂ પાડવામાં આવે છે – **રૂ. 5 લાખ**
3. જૂન 2021માં કેન્દ્ર સરકાર દ્વારા ખેતીની કઈ સિઝન માટે વર્ષ 2021ના ટેકાના ભાવ-MSP પ્રતિ ક્વિન્ટલના વધારાને મંજૂરી આપવામાં આવી – **ખરીફ**
4. વર્તમાન કેન્દ્રીય કૃષિમંત્રીનું નામ જણાવો - **નરેન્દ્રસિંહ તોમર**
5. જૂન 2021માં કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા યુવાનોમાં લેખન કૌશલ્ય વિકસાવવાના હેતુસર કઈ સ્કીમ લોન્ચ કરવામાં આવી છે – **પીએમ યુવા યોજના**
6. પીએમ યુવા યોજના અંતર્ગત પસંદગી પામેલા યુવાઓને પ્રતિ માસ સ્ટાઈપેન્ડ પેટે કેટલી રકમ અપાશે – **રૂ. 50,000**
7. PM YUVA યોજનાનું વિસ્તૃત નામ જણાવો – **યુવા ઉધમિતા વિકાસ અભિયાન**
8. જૂન 2021માં ભારતીય ચૂંટણીપંચના નવા ચૂંટણી કમિશનર તરીકે ક્યા નિવૃત IAS અધિકારીની નિમણૂક કરાઈ - **અનુપચંદ્ર પાંડે**
9. ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સ 2021-અંડર 17 ક્યા રાજ્યમાં યોજાશે – **હરિયાણા**
10. ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સ 2021નો સમયગાળો જણાવો - **તા. 21 નવેમ્બરથી 5 ડિસેમ્બર 2021**
11. ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સ 2021માં કુલ કેટલી રમત સામેલ કરાઈ છે - **20 રમતો**
12. ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સ 2021માં કઈ પાંચ સ્વદેશી રમતો સમાવિષ્ટ કરાઈ છે - **થાંગ-તા(મણિપુર), કલરિપયટ્ટુ(કેરળ), મલખંભ (મધ્યપ્રદેશ), ગતકા (પંજાબ) અને યોગાસન (ભારત)**
13. દરિયામાં બનતો ચીકણો પદાર્થ ક્યા નામે ઓળખાય છે - **સી-સ્નોટ**
14. બીટકોઈનને કાયદેસર ચલણ તરીકે માન્યતા આપનાર વિશ્વના પ્રથમ દેશનું નામ જણાવો - **અલ સાલ્વાડોર**
15. અલ સાલ્વાડોરનું સત્તાવાર ચલણ જણાવો- **અમેરિકન ડોલર**
16. યુરો કપ ફૂટબોલ 2021નો સમયગાળો જણાવો - **12 જૂન 2021થી એક માસ**
17. યુરો કપ ફૂટબોલ 2021ના યજમાન દેશ કયા-ક્યા છે - **ઈંગ્લેન્ડ, રશિયા, અઝરબેજાન, જર્મની, ઈટાલી, રોમાનિયા, સ્પેન, નેધરલેન્ડ, હંગેરી, ડેનમાર્ક, સ્કોટલેન્ડ**
18. યુરો કપ ફૂટબોલ 2021માં કુલ કેટલી ટીમ ભાગ લેશે – **24**
19. UN મહાસભાના 76માં અધ્યક્ષપદે કોણ ચૂંટાયા અને દેશનું નામ જણાવો – **માલદિવ્સના વિદેશ મંત્રી અબ્દુલ્લાહ શાહિદ**
20. વિશ્વ મહાસાગર દિવસ 2021ની થીમ જણાવો – **The Ocean: Life and Livelihoods**
21. વિશ્વ મહાસાગર દિવસ ક્યારે ઉજવાય છે – **8 જૂન**
22. જૂન 2021માં આસામ સરકાર દ્વારા કયુ છઠ્ઠુ રાષ્ટ્રીય ઉધાન જાહેર કરાયું – **રાયમોના**
23. પંડિતયુગના જાણીતા રાજવી કવિનું નામ જણાવો – **કલાપી**
24. કવિ કલાપીનું મૂળનામ જણાવો - **સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ**
25. કવિ કલાપીનો જન્મ કયાં અને ક્યારે થયો હતો – **તા.26-1-1874 તથા લાઠી (અમરેલી)**
26. કવિ કલાપીના સર્વ કાવ્યસંગ્રહનું નામ જણાવો – **'કલાપીનો કેકારવ'**
27. કલાપીનો કેકારવ કાવ્યસંગ્રહનું કોણે પ્રકાશિત કર્યો હતો – **કવિ કાન્ત**
28. કવિ કાન્તે ક્યા વર્ષમાં કલાપીનો કેકારવ કાવ્યસંગ્રહ પ્રકાશિત કર્યો હતો – **1903માં મરણોત્તર**
29. કવિ કલાપીના જીવન વિશેના પુસ્તકનું નામ જણાવો – **'રાજવી કવિ કલાપી'**
30. ગુજરાતી સાહિત્યમાં કલાપી એવોર્ડ કઈ સંસ્થા દ્વારા આપવામાં આવે છે – **આઇ.એન.ટી.**
31. ગુજરાતી સાહિત્યમાં ક્યા ક્ષેત્રમાં વિશિષ્ટ યોગદાન બદલ કલાપી એવોર્ડ આપવામાં આવે છે – **ગઝલ**
32. ગુજરાતી સાહિત્યમાં ગઝલ ક્ષેત્રમાં ઉત્તમ પ્રદાન બદલ અપાતો કલાપી એવોર્ડની શરૂઆત કયારથી થયો – **વર્ષ-1997**
33. ગુજરાતી ચલચિત્ર 'કલાપી' કયારે બન્યુ હતુ કે જેમાં અભિનેતા સંજીવ કુમારે કલાપીની ભૂમિકા ભજવેલી – **વર્ષ-1966**

## DATE : 10-06-2021

### 1. ગુજરાત સરકાર : મુખ્યમંત્રી કિસાન સહાય યોજના-2021ને મંજૂરી (કૃષિ-કુદરતી આપત્તિ)




**હેતુ :**

- ✓ કુદરતી આપત્તિ સમયે ખરીફ પાક નુકસાન સામે ખેડૂતોને સરળતાથી લાભ આપવા

**યોજના વિશે :**

**(1) પાક નુકસાનની ટકાવારી** 33 થી 60 ટકા હોય તો પ્રતિ હેક્ટર રૂપિયા 20,000ની સહાય વધુમાં વધુ 4 હેક્ટરની મર્યાદામાં આપવામાં આવશે.

(2) ખરીફ ઋતુમાં થયેલ પાક નુકસાન 60 ટકાથી વધુ હોય તો પ્રતિ હેક્ટર રૂપિયા 25,000ની સહાય મહત્તમ 4 હેક્ટરની મર્યાદામાં અપાશે.

**અરજી કરવાની પ્રક્રિયા :**

- ✓ આ યોજનાનો લાભ લેવા માટે ખેડૂતોએ ડેડિકેટેડ પોર્ટલ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે.
- ✓ લાભાર્થી ખેડૂતોએ ઇ-ગ્રામ સેન્ટર ઉપર જઇ પોર્ટલ પર ઓનલાઇન અરજી કરવાની રહશે.
- ✓ ખેડૂતોને અરજી માટે કોઇપણ પ્રકારની ચૂકવણી કે ફી ભરવાની રહેશે નહીં. તેમજ અરજીની ડેટા એન્ટ્રી માટે રાજ્ય સરકાર સંપૂર્ણ ખર્ચ ચૂકવશે.
- ✓ આ મુખ્યમંત્રી સહાય યોજનામાં પ્રાથમિક આકારણી અને ખેડૂતોની અરજીના આધારે લાભની ગણતરી તેમજ તાલુકા કક્ષાએથી સહાય મંજૂર થયા બાદ જિલ્લા કક્ષાએથી સહાયની રકમ લાભાર્થીઓના બેંક એકાઉન્ટમાં સીધી DBT દ્વારા ચૂકવવામાં આવશે.
- ✓ રાજયમાં 53 લાખથી વધુ નોંધાયેલા ખેડૂત ખાતેદારો આ સહાય મેળવવાને પાત્ર છે.

**વિવિધ કૃષિ પેકેજ :**

| | |
|---|---|
| ઓગસ્ટ-2020 | રૂ. 3700 કરોડના પેકેજની જાહેરાત |
| ઓકટો.-નવે.-19 | રૂ. 3795 કરોડના પેકેજની જાહેરાત |
| 2018-19 | રૂ. 1673 કરોડની સહાય |
| 2017-18 | રૂ. 1706 કરોડની સહાય |

- ✓ **મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાનો સૌપ્રથમ પ્રારંભ વર્ષ-2020**

**2. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન : ગુજરાતના વડોદરા, રાજકોટ, ભાવનગર અને જામનગરમાં મેટ્રો નિયો અને મેટ્રો લાઇટ શરૂ કરવાની યોજના (યાતાયાત-સુવિધા)**

- ✓ મેટ્રો પ્રોજેક્ટ માટે DPR તૈયાર કરાશે

**મેટ્રો નિયો એટલે શું ?**

**હેતુ :** નાનાં શહેરોમાં ટ્રાફિક સમસ્યાના ઉકેલ માટે મેટ્રો નિયોનું સંચાલન કરવામાં આવે છે.

- ✓ મેટ્રો નિયો બેથી ત્રણ કોચ સાથે દોડાવી શકાય છે.
- ✓ આ રોડ પર જ દોડતી હોવાથી તે ટ્રેક પર લોખંડના વ્હીલના બદલે રબરના ટાયર પર દોડે છે.
- ✓ તેના દરેક કોચમાં 200 થી 300 પેસેન્જરો સરળતાથી મુસાફરી કરી શકે છે.
- ✓ મેટ્રો નિયોના એક કોચની લંબાઇ 12 મીટર તેમજ પહોળાઇ 2.5 મીટર જેટલી હોય છે.

**મેટ્રો લાઇટ એટલે શું ?**

**હેતુ :**

- ✓ મેટ્રો લાઇટ એ મેટ્રો નિયો કરતાં પણ નાનું વર્ઝન છે. જે નિયોની જેમ જ રોડ પર દોડશે, પરંતુ તેમાં પેસેન્જરોની ક્ષમતા કોચ દીઠ 100 જેટલી હોય છે.
- ✓ મેટ્રો લાઇટ એકથી ત્રણ કોચ સાથે દોડાવી શકાય છે અને તેમાં એકવારમાં મહત્તમ 300 જેટલા પેસેન્જરો મુસાફરી કરી શકશે.
- ✓ મેટ્રો લાઇટ પણ મેટ્રો નિયોની જેમ વીજળીથી દોડશે જેના માટે તેના રૂટ પર ઓવરહેડ વાયર દ્વારા વીજ સપ્લાઇ કરવામાં આવશે.
- ✓ આ બંને સિસ્ટમ વીજળીથી દોડતી હોવાથી પ્રદુષણમાં પણ ઘટાડો થશે.

**મેટ્રો નિયો અને લાઇટના સ્ટેશનો**

- ✓ મેટ્રો નિયો અને મેટ્રો લાઇટના સ્ટેશન મેટ્રો ટ્રેનના સ્ટેશન કરતા અલગ બસ સ્ટેશન જેવા હશે.
- ✓ તેના માટે વધુ જગ્યાની જરૂર રહેતી નથી અને રોડ પર વચ્ચે બીઆરટીની જેમ કોરિડોર બનાવી અથવા ફૂટપાથ પર કોરિડોર તૈયાર કરી સ્ટેશન તૈયાર કરવામાં આવે છે.
- ✓ જેમાં ઓટોમેટિક ટિકિટ મશીન, બેગેજ સ્કેનિંગ સિસ્ટમ, મેટલ ડિટેક્ટર જેવી સુવિધા નહીં હોય.
- ✓ જો કે સીસીટીવીની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

**3. કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર-CCC 2.0 - ગાંધીનગર**

**મુખ્યમંત્રીશ્રીના હસ્તે ગાંધીનગર ખાતે CCC. 2.0નું ઉદઘાટન કરાયું**




**1. કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર 2.0 વિશે**

- ✓ નવિન કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર 2.0માં આવતા ડેટાને મશીન લર્નીંગ, વિઝયુઅલ પાવર cQube ટૂલથી એનેલાઇઝ કરાશે.
- ✓ સ્ટેટ લેવલે શિક્ષક અને વિધાર્થીની ઓનલાઇન રિયલ ટાઇમ એટેન્ડન્સ જાણી શકવા સાથે જિલ્લાવાર તેમજ કોર્સવાર માહિતી દીક્ષા પર્ફોમન્સના આધાર ઉપર આપી શકાય તેવી અધતન સુવિધા આ નવા કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર 2.0 માં ઉપલબ્ધ

**વિશેષતાઓ:-**

- ✓ રાજ્યભરની 54,000 જેટલી પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના અંદાજે 3 લાખથી વધુ શિક્ષકો તેમજ 1 કરોડ વિધાર્થીઓના વિશાળ માળખાની સુવ્યવસ્થિત દેખરેખ-નિરીક્ષણ માટે અત્યંત આધુનિક ટેકનોલોજીથી સજ્જ છે.. CCC 2.0
- ✓ CCC 2.0માં દરેક વિધાર્થીના દરેક પરીક્ષાના, દરેક વિષયના દરેક પ્રશ્ન અને ઉત્તરના ગુણની વિગતો ઉપલબ્ધ
- ✓ છેલ્લા બે-ત્રણ વર્ષમાં એક-એક બાળકે જે તે વિષયમાં કેટલી પ્રગતિ કરી છે તેનું એનાલિસિસ અહીંથી થશે.
- ✓ આના આધારે બાળકોના ડ્રોપ આઉટની સંભાવના, પ્રથમવાર શિક્ષણમાં ડ્રોપ આઉટનું ફોરકાસ્ટિંગ કરાશે, અગાઉથી તે ડ્રોપ આઉટને નિવારી શકાય- અટકાવી શકાશે.
- ✓ સિઝનલ માઇગ્રેશન જ્યાં થાય છે ત્યાં બાળકનું ટ્રેકિંગ થશે અને જે વિસ્તારથી જે વિસ્તારમાં માઇગ્રેશન થયું હશે તેને માઇગ્રેશન સેલ CCC મારફતે સંકલન કરાશે અને જે વિસ્તારમાં બાળકો ગયા છે ત્યાં નજીકની શાળામાં તેમનું નામાંકન થશે.
- ✓ ફિલ્ડમાં 3,250 જેટલા CRC, 250-300 જેટલા BRC અને URC, આ સિવાય TPO કેડર કેળવણી નિરીક્ષણ, સેકન્ડરી અને હાયર સેકન્ડરીના સુપરવાઇઝર સ્ટાફ આ બધાના રિયલ ટાઇમ GPS ટ્રેકિંગ અહીંથી CCCના માધ્યમથી કરી શકાશે.
- ✓ ગુજરાત સરકારે રાજ્યની એક-એક શાળા એટલે લગભગ 40 હજાર શાળામાં ટેબલેટ આપ્યા છે. આ ટેબલેટથી અમે શાળામાં રિયર ટાઇમ વીડિયો કોન્ફરન્સ કરી શકીશું.

- ✓ CCCથી હવે દરેક શાળામાં ગુણોત્સવની જેમ એક્રેડેશનની કામગીરી થાય તેવી રિયલ ટાઇમ એક્રેડેશનની કામાગીરી કરવામાં આવશે.
- ✓ આવતા સમયમાં ટેકનોલોજી ડ્રિવન લર્નિંગ અને ટેકનોલોજી ડ્રિવન ઓનલાઇન મોનિટરિંગ આ બંને પરિબળો-પ્રયાસોથી ગુજરાતના શિક્ષણમાં આમૂલી પરિવર્તન આવશે. આ આમૂલ પરિવર્તનમાં CCC 2.0 મહત્વની કડી બની રહેશે.

**2. G-Shala App (ગુજરાત સ્ટુડન્ટ્સ હોલીસ્ટિક એડપ્ટીવ લર્નિંગ એપ)**

- ✓ આ પ્રોજેકટ અન્વયે ધોરણ-૧ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે ઇ-કન્ટેન્ટ અને લર્નીંગ મેનેજમેન્ટ સિસ્ટમ તૈયાર કરવામાં આવ્યા છે.
- ✓ સ્માર્ટફોન-ટેબ્લેટ ધરાવતા હોય તેવા ધોરણ 1 થી 12ના વિદ્યાર્થીઓ હોમલર્નિંગ અંતર્ગત લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમ G-SHALA (ગુજરાત સ્ટુડન્ટ્સ હોલીસ્ટિક એડપ્ટીવ લર્નિંગ એપ) એપ્લિકેશન અને ઇ-કન્ટેન્ટ થકી શિક્ષણ મેળવે તેવું આયોજન કરવામાં આવ્યું છે.
- ✓ આ ઇ-કન્ટેન્ટમાં એનિમેટેડ વીડિયો, પ્રયોગોના સિમ્યુલેશન્સ, સ્વ અધ્યયન અને સ્વ મૂલ્યાંકન મોડ્યૂલ અને સંદર્ભ-પૂરક સાહિત્ય ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. આ સુવિધાઓને વિદ્યાર્થીઓ કોઇપણ ડિવાઇસ કે પ્લેટફોર્મથી એક્સસ કરી શકશે.
- ✓ ગુજરાતના વિદ્યાર્થીઓ-બાળકોના ઉજ્જવળ ભાવિના હિતને કેન્દ્રસ્થાને રાખવાના મુખ્યમંત્રીશ્રીના દૃષ્ટિવંત આયોજન અનુરૂપ

**3. જ્ઞાન સેતુ કાર્યક્રમ**

- ✓ જ્ઞાન સેતુ કાર્યક્રમ અન્વયેનું અભ્યાસ સાહિત્ય તજજ્ઞો દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે અને તે ધો-1 થી 10ના સરકારી શાળાના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે પુરૂ પાડવામાં આવશે
- ✓ એટલું જ નહિ, કોઇ પણ વિદ્યાર્થી તે ડાઉનલોડ કરી શકે તે હેતુથી સમગ્ર શિક્ષાની વેબસાઇટ ઉપર પણ ઉપલબ્ધ બનાવાશે.
- ✓ વિદ્યાર્થીઓને માર્ગદર્શન માટે અમદાવાદ દૂરદર્શન કેન્દ્ર ડી.ડી.ગિરનાર પરથી 10 જૂનથી 10 જુલાઇ દરમ્યાન એપિસોડ ટેલિકાસ્ટ કરવામાં આવશે અને શિક્ષકો વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ કે પરોક્ષ માર્ગદર્શન આપશે.

**4. જ્ઞાનસેતુ બ્રિજ કોર્ષ :**

- ✓ "જ્ઞાન સેતુ-બ્રિજકોર્સ કલાસ રેડીનેસ" કાર્યક્રમ પણ શિક્ષણ વિભાગે ધોરણ-1 થી 10ના વિદ્યાર્થીઓ માટે આજથી એક માસ એટલે કે 10 જૂનથી 10 જુલાઇ સુધીના સમય માટે શરૂ કર્યો છે. તેનો પણ વર્ચ્યુઅલ પ્રારંભ મુખ્યમંત્રીશ્રીએ કરાવ્યો હતો.
- ✓ કોરોના મહામારીના વિશિષ્ટ સંજોગોમાં ગયુ આખું વર્ષ વિદ્યાર્થીઓએ ઓનલાઇન અભ્યાસ કર્યો છે.
- ✓ નવા વર્ષમાં નવા ધોરણનો અભ્યાસક્રમ શરૂ કરતા પહેલાં આગલા વર્ષના અભ્યાસક્રમના અગત્યના મૂદાઓનું પૂનરાવર્તન અને મહાવરાથી તે વધુ પાકા-દ્રઢ કરીને જ આગલા ધોરણનો અભ્યાસ શરૂ કરાવવામાં આ જ્ઞાન સેતુ મહત્વપૂર્ણ કાર્યક્રમ બનશે. તેવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ દર્શાવ્યો હતો.
- ✓ વિભાગ : શિક્ષણ
- ✓ શિક્ષણ મંત્રી : ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા

**4. વર્ષ 2021નું પ્રથમ સૂર્યગ્રહણ : તારીખ 10 જૂન 2021 (ખગોળ વિજ્ઞાન)**




**સ્થળ અને સમય :**

- ✓ વર્ષ 2021નું સૌપ્રથમ સૂર્યગ્રહણ 10 જૂનના રોજ યોજાયું. ભારતમાં અરુણાચલપ્રદેશ અને લદ્દાખના કેટલાક વિસ્તારોમાં જ સૂર્યાસ્ત પહેલાં થોડી મિનિટ માટે સૂર્યગ્રહણ જોઇ શકાયું હતું.
- ✓ ભારતના સ્થાનિક સમય પ્રમાણે 11:45 કલાકે સૂર્યગ્રહણનો પ્રારંભ થયો હતો અને બપોરે 3:30 કલાકે ચંદ્રે આંશિક સૂર્યગ્રહણ થયું હતું જે 4:52 કલાક સુધી ચાલ્યું હતું ત્યારબાદ ધીમેધીમે સૂર્યનો ચંદ્રની આગોશમાંથી મોક્ષ થયો હતો.
- ✓ ઉત્તર–પૂર્વ, અમેરીકા, યુરોપ, ઉતરી એશિયા, અને ઉતરી એટ્લાન્ટિક મહા સાગરમાં આ ગ્રહણ જોવા મળશે. એટલે આ જગ્યા એ આ ગ્રહણની અસરો જોવા મળશે.

**કંકણાકૃતિ ગ્રહણ :**

- ✓ વલયાકાર ગ્રહણમાં ચંદ્ર જયારે પૃથ્વીથી દુર હોય પણ પૃથ્વી અને સૂર્યની વચ્ચે આવી જાય ત્યારે તે સુર્ય ને એવી રીતે ઢાંકે છે. જેનાથી સુર્યનો ફક્ત મધ્ય ભાગ જ ઢંકાઇ છે જેના કારણે પૃથ્વી પરથી સુર્ય વલય અથવા કંકણ જેમ ચમકતો દેખાય છે જેને કંકણાકૃતિ ગ્રહણ પણ કેહવાય છે.
- ✓ **આગામી સૂર્યગ્રહણ 4 ડિસેમ્બર 2021ના રોજ યોજાશે.**
- ✓ **અહેવાલ :** એમપી બિરલા પ્લેનેટોરિયમ, નવી દિલ્હી

**5. કેન્દ્ર સરકાર : બાળકો માટે નવી ગાઇડલાઇન જાહેર (આરોગ્ય)**

**ગાઇડ લાઇનના મુખ્ય અંશો :**

- ✓ 18 વર્ષથી નાના બાળકોમાં રેમડેસિવિરના ઉપયોગના સંદર્ભમાં સુરક્ષા અને અસરકારકતા પૂરતા ડેટા ઉપલબ્ધ નથી. તેથી બાળકોની સારવારમાં તેનો ઉપયોગ નહીં કરવા ભલામણ કરવામાં આવે છે.
- ✓ જો બાળકમાં કોરોના સંક્રમણ ગંભીર બને તો જ એચઆર સીટીસ્કેનની ભલામણ કરાઇ છે. ગંભીર લક્ષણો ધરાવતા બાળકોની સારવારમાં સ્ટિરોઇડ્સ અને એન્ટિકોગ્યુલન્ટ્સનો ઉપયોગ હોસ્પિટલની ચાંપતી નજર હેઠળ જ કરવાની ભલામણ કરાઇ છે.
- ✓ બાળદર્દીને ચોક્કસ સમયે, ચોક્કસ ડોઝ ચોક્કસ સમયગાળા માટે જ આપવામાં આવે. એસિમ્પ્ટોમેટિક કોરોનાના મધ્યમ લક્ષણ ધરાવતા બાળકોમાં સ્ટિરોઇડનો ઉપયોગ નુકસાનકારક સાબિત થઇ શકે છે.
- ✓ પાંચ અને તેથી નાની વયનાં બાળકોને માસ્ક પહેરાવવા જોઇએ નહીં. 6 થી 11 વર્ષના બાળકો માસ્કને કેટલો સુરક્ષિત રીતે વાપરી શકે છે તેના આધારે માતાપિતાના માર્ગદર્શન હેઠળ ઉપયોગ કરી શકે છે. જ્યારે 12 વર્ષ અને તેથી મોટાં બાળકોએ પુખ્તોની જેમ માસ્કનો ઉપયોગ કરવો જોઇએ.

- ✓ બાળકો માટેની કોરોના ગાઇડલાઇનમાં 12 વર્ષથી મોટા બાળકો માટે માતાપિતાના સુપરવિઝનમાં 6 મિનિટનો વોક ટેસ્ટ કરાવવાની ભલામણ કરાઇ.

**બાળકોમાં કોરોના સંક્રમણના ચાર તબક્કા**

**(1) એસિમ્પ્ટોમેટિક કેસ**

- ✓ માતાપિતાની સીધી કાળજી હેઠળ બાળકોને રાખવા જોઇએ
- ✓ એસિમ્પ્ટોમેટિક બાળકો માટે કોઇ દવાની જરૂર નથી પરંતુ અન્ય તકલીફો માટે દવા આપી શકાય
- ✓ સંક્રમિત બાળકે માસ્ક પહેરવું, હાથ વારંવાર ધોવા, સોશિયલ ડિસ્ટન્સ જાળવવું
- ✓ ડિહાઇડ્રેશન અટકાવવા વધુ પ્રવાહી આપવું, પૌષ્ટિક આહાર આપવો
- ✓ મોટાં બાળકો સાથે પરિવારના સભ્યોએ ફોન વીડિયો કોલ દ્વારા સતત સંપર્કમાં રહેવું
- ✓ સંક્રમણ વધે તો તાત્કાલિક ડોક્ટરનો સંપર્કસાધવો

**(2) હળવાં લક્ષણ ધરાવતા કેસ :**

- ✓ સંક્રમિત બાળકે માસ્ક પહેરવું, હાથ વારંવાર ધોવા, સોશિયલ ડિસ્ટન્સ જાળવવું
- ✓ તાવ માટે દર 4-6 કલાકે પીસીએમનો 10-15 એમજી/કિગ્રા/ડોઝ આપતા રહેવું
- ✓ ખાંસી માટે થ્રોટ સ્મૂધનિંગ દવાઓ આપતા રહેવું
- ✓ મોટાં બાળકોને ગરમ સેલાઇનના કોગળા કરાવતા રહેવું
- ✓ ડિહાઇડ્રેશન ન થાય તે માટે પ્રવાહી અને પૌષ્ટિક આહાર આપતા રહેવું
- ✓ દિવસમાં બેથી ત્રણ વાર રેસ્પિરેટરી રેટ માપી ચાર્ટ બનાવવો
- ✓ છાતીની ગતિ. ખાંસી, ઓક્સિજન સેચ્યુરેશન પર ધ્યાન રાખવું

**(3) મધ્યમ લક્ષણ ધરાવતા કેસો :**

- ✓ મધ્યમ લક્ષણ ધરાવતા બાળકને તાત્કાલિક ઓક્સિજન થેરપી પર મૂકવું
- ✓ ફ્લુઇડ અને ઇલેક્ટ્રોલાઇટ બેલેન્સ જાળવવા વધુ પ્રવાહી આપવું અથવા ફ્લુઇડથેરપી આપવી
- ✓ મધ્યમ સંક્રમણ ધરાવતાં બધાં બાળકોને સ્ટિરોઇડ આપવાની આવશ્યકતા નથી
- ✓ 100 ડિગ્રીથી વધુ તાવ હોય તો દર 4-6 કલાકે પીસીએમનો 10-15 એમજી /કિગ્રા/ડોઝ આપતા રહેવું
- ✓ જરૂર જણાય તો વધુ ટેસ્ટ કરાવવા, નાછૂટકે જ એચઆર સીટીસ્કેન કરાવવાની ભલામણ કરવામાં આવી છે.

**(4) ગંભીર સંક્રમણ ધરાવતા કેસ :**

- ✓ બાળકને તાત્કાલિક ઓક્સિજન થેરપી પર મૂકવું
- ✓ ફ્લુઇડ અને ઇલેક્ટ્રોલાઇટ બેલેન્સ જાળવવા વધુ પ્રવાહી આપવું અથવા ફ્લુઇડથેરપી આપવી
- ✓ જરૂર જણાય તો ચોક્કસ સમયગાળામાં સ્ટિરોઇડના ચોક્કસ ડોઝ આપી શકાય
- ✓ ચોક્કસ સમયે, ચોક્કસ સમયાંતરે ચોક્કસ ડોઝ સ્ટિરોઇડના આપવા બેક્ટિરિયલ ઇન્ફેક્શન વધે તો એન્ટિબાયોટિક્સ આપવી
- ✓ ઓર્ગન ડિસફંક્શન જણાય તો રિનલ રિપ્લેસમેન્ટ થેરપી જેવો ઓર્ગન સપોર્ટ આપી શકાય

**6. નિર્ણય : RBI**

**ATM ઇન્ટરચેંજ ફી રૂ.15થી વધારીને રૂ. 17 કરાશે**

- ✓ અમલ : તા. 01/01/2022થી



**નવી જોગવાઇ :**

- ✓ રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (RBI)એ 10 જૂન, 2021ના રોજ બીજી બેંકના ATM દ્વારા કરવામાં આવતા દરેક નાણાકીય વ્યવહાર પર એટીએમ ઇન્ટરચેંજ ફી 15 રૂપિયાથી વધારીને 17 રૂપિયા કરવાનો નિર્ણય.
- ✓ કોઇપણ બેંકના ગ્રાહકો દ્વારા દર મહિને મળતા ફ્રી ATM ટ્રાન્ઝેક્શન પછી ગ્રાહકો પર વસૂલવામાં આવતા ગ્રાહકોની મહત્તમ મર્યાદા 20 રૂપિયાથી વધારીને 21 રૂપિયા કરવામાં આવી.
- ✓ ઇન્ટરચેંજ ફીમાં વધારો 1 જાન્યુઆરી, 2022થી લાગુ થશે. બેંક ગ્રાહકો દર મહિને ATMમાંથી 5 વાર મફત ટ્રાંઝેક્શન કરી શકે છે.
- ✓ જો બેંક 'એ' નો ગ્રાહક તેના કાર્ડથી બેંક 'બી'ના ATMમાંથી પૈસા ઉપાડે છે, તો બેંક 'એ' બીજી બેંકને ચોક્કસ ફી ચૂકવવી પડે છે. આને એટીએમ ઇન્ટરચેંજ ફી કહેવામાં આવે છે.

**7. નવીન પહેલ : LPG ગ્રાહકોને હવે પોતાના ડિસ્ટ્રિબ્યૂટર્સની પસંદ કરવાની સ્વતંત્રતા (સેવા)**




**પ્રથમ તબક્કામાં ભારતના પાંચ શહેરોમાં પાયલોટ પ્રોજેક્ટ**

- ✓ **ચંડીગઢ, કોઇમ્બતુર, ગુરુગ્રામ, પુણે અને રાંચી**

**ફાયદા :**

- ✓ LPG ગ્રાહકો જે તે વિસ્તારમાં સેવા આપતી તેમની ઓઇલ માર્કેટિંગ કંપની (OMC)નાં ડિસ્ટ્રિબ્યૂટર્સ પૈકી કોઇપણ ડીલીવરિંગ ડિસ્ટ્રિબ્યૂટર્સની પસંદગી કરી શકશે.
- ✓ આના કારણે ગ્રાહકો વધુ સશક્ત થશે અને ડિસ્ટ્રિબ્યૂટર્સ વચ્ચે તંદુરસ્ત સ્પર્ધા શક્ય બનશે.
- ✓ **મંત્રાલય : પેટ્રોલિયમ અને કુદરતી ગેસ, નવી દિલ્હી**

**8. ફૂટબોલ EURO કપ-2020**

**પ્રારંભ : તા. 12-06-2021**




- ✓ **ખાસ સ્પષ્ટતા : ફૂટબોલ EURO કપ વર્ષ 2020માં યોજાવાનો હતો પણ કોરોનાને કારણે તેનો પ્રારંભ વર્ષ 2021માં થયો એટલે ફૂટબોલ EURO કપ-2021 લખાય-બોલાય છે.**

## 9. G-7 શિખર સંમેલન-2021 (વૈશ્વિક સંબંધો)




- ✓ સમયગાળો : તા.12-13 જૂન 2021
- ✓ યજમાન : કોર્નહિલ-UK
- ✓ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી વર્ચ્યૂઅલી ભાગ લેશે
- ✓ ભારતીય વડા પ્રધાન બીજી વાર G-7 સંમેલનમાં ભાગ લેશે.

**G-7ની અન્ય બાબતો :**

- ✓ G-7 જૂથના અધ્યક્ષ તરીકે બ્રિટનના વડા પ્રધાન બોરિસ જોનસનના નિમંત્રણ પર વડા પ્રધાન 12 અને 13 જૂને આઉટરીચ સત્રમાં ભાગ લેશે.
- ✓ આ સંમેલનમાં ભાગ લેવા માટે ભારત ઉપરાંત ઓસ્ટ્રેલિયા, દક્ષિણ કોરિયા અને દક્ષિણ આફ્રિકાને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે.
- ✓ G-7 દેશો : કેનેડા, ફ્રાન્સ, જર્મની, ઇટાલી, જાપાન, બ્રિટન અને અમેરિકા.
- ✓ G-7 એટલે સાત દેશોનો સમૂહ

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (10-06-2021)**

1. કુદરતી આપત્તિ સમયે ખરીફ પાક નુકસાન સામે ખેડૂતોને સરળતાથી લાભ આપવા ગુજરાત સરકારે જૂન 2021માં કઇ યોજનાને મંજૂરી આપી - **મુખ્યમંત્રી કિસાન સહાય યોજના**
2. મુખ્યમંત્રી કિસાન સહાય યોજના અંતર્ગત કઇ ઋતુમાં યોજનાનો લાભ આપવામાં આવે છે – **ખરીફ**
3. ગુજરાતમાં મુખ્યમંત્રી કિસાન સહાય યોજના અંતર્ગત પાક નુકસાનની ટકાવારી કેટલા ટકા હોય તો પ્રતિ હેક્ટર કેટલા રૂપિયાની સહાય વધુમાં વધુ 4 હેક્ટરની મર્યાદામાં આપવામાં આવશે - **33 થી 60 તથા રૂ. 20,000**
4. ગુજરાતમાં મુખ્યમંત્રી કિસાન સહાય યોજના અંતર્ગત ખરીફ ઋતુમાં થયેલ પાક નુકસાન કેટલા ટકાથી વધુ હોય તો પ્રતિ હેક્ટર કેટલા રૂપિયાની સહાય મહત્તમ 4 હેક્ટરની મર્યાદામાં અપાશે – **60 તથા રૂ. 25,000**
5. મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાનો ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સૌપ્રથમ કયા વર્ષે પ્રારંભ કરાવ્યો હતો - **વર્ષ-2020**
6. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા આગામી સમયમાં ગુજરાતના કયા ચાર શહેરોમાં મેટ્રો નિયો અને મેટ્રો લાઈટ શરૂ કરવાની યોજના છે - **વડોદરા, રાજકોટ, ભાવનગર અને જામનગર**
7. CCC. 2.0 ગુજરાતના કયા શહેરમાં આવેલું છે જેનું મુખ્યમંત્રીશ્રીએ તાજેતરમાં ઉદ્દઘાટન કર્યું હતુ – **ગાંધીનગર**
8. CCC 2.0નું વિસ્તૃત નામ જણાવો - **કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર 2.0**
9. CCC 2.0 શું છે - **સ્ટેટ લેવલે શિક્ષક અને વિદ્યાર્થીની ઓનલાઇન રિયલ ટાઇમ એટેન્ડન્સ જાણી શકવા સાથે જિલ્લાવાર તેમજ કોર્સવાર માહિતી દીક્ષા પર્ફોમન્સના આધાર ઉપર આપી શકાય તેવી અધતન સુવિધા**
10. સ્માર્ટફોન-ટેબ્લેટ ધરાવતા હોય તેવા ધોરણ 1 થી 12ના વિદ્યાર્થીઓ હોમલર્નિંગ અંતર્ગત લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમ એપ કયા નામે ઓળખાય છે - **G-SHALA**
11. ગુજરાત સરકારની G-SHALA એપનું વિસ્તૃત નામ જણાવો - **ગુજરાત સ્ટુડન્ટ્સ હોલીસ્ટિક એડપ્ટીવ લર્નિંગ એપ**
12. જ્ઞાન સેતુ કાર્યક્રમ અન્વયે અભ્યાસ સાહિત્ય તજજ્ઞો દ્વારા તૈયાર કરવામાં આવેલું કયા ધોરણની સરકારી શાળાના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે પુરૂ પાડવામાં આવશે - **ધો-1 થી 10**
13. ગુજરાત સરકાર દ્વારા "જ્ઞાન સેતુ-બ્રિજકોર્સ કલાસ રેડીનેસ" કાર્યક્રમ કયા ધોરણના બાળકો માટે એક માસ માટે તૈયાર કરાયો છે - **ધો.1 થી 10**
14. વર્ષ 2021નું પ્રથમ સૂર્યગ્રહણ કઇ તારીખે યોજાયુ અને ભારતમાં કયા સ્થળે જોવા મળ્યું - **તા.10 જૂન 2021 તથા અરુણાચલપ્રદેશ-લદ્દાખ**
15. વર્ષ 2021નું આગામી સૂર્યગ્રહણ સંભવિત ક્યારે યોજાશે – **તા. 4 ડિસેમ્બર 2021**
16. ખગોળકીય બાબતોની માહિતી આપતુ એમપી બિરલા પ્લેનેટોરિયમ ક્યાં આવેલું છે - **નવી દિલ્હી**
17. કેન્દ્ર સરકાર દ્વારા જૂન 2021માં કેટલા વર્ષથી નીચેની ઉંમરના બાળકો માટે ગાઈડલાઈન જાહેર કરાઇ – **18**
18. બાળકોમાં કોરોના સંક્રમણના કુલ ચાર તબક્કા જણાવો - **(1) એસિમ્પ્ટોમેટિક કેસ (2) હળવાં લક્ષણ ધરાવતા કેસ (3) મધ્યમ લક્ષણ ધરાવતા કેસો અને (4) ગંભીર સંક્રમણ ધરાવતા કેસ**
19. RBI દ્વારા આગામી 1 જાન્યુઆરી 2022થી ATM ઇન્ટરચેંજ ફી રૂ.15થી વધારીને કેટલી કરાશે - **રૂ. 17**
20. LPG ગ્રાહકોને હવે પોતાના ડિસ્ટ્રિબ્યૂટર્સની પસંદ કરવાની સ્વતંત્રતા આપવાના હેતુથી ભારતના પ્રથમ કયા પાંચ શહેરોમાં પાયલોટ પ્રોજેક્ટનો પ્રારંભ કરાશે - **ચંડીગઢ, કોઈમ્બતુર, ગુરુગ્રામ, પુણે અને રાંચી**
21. ફૂટબોલ EURO કપ વર્ષ 2020માં યોજાવાનો હતો પણ કોરોનાને કારણે તેનો પ્રારંભ કયા વર્ષે થયો - **વર્ષ 2021**
22. G-7 શિખર સંમેલન-2021નો સમયગાળો જણાવો - **તા.12-13 જૂન 2021**
23. G-7 શિખર સંમેલન-2021 કયા સ્થળે યોજાશે - **કોર્નહિલ-UK**
24. ભારતના વડાપ્રધાન સતત કેટલામી વાર G-7 સંમેલનમાં ભાગ લેશે – **બીજીવાર**
25. G-7 શિખર સંમેલન-2021ના અધ્યક્ષ અને દેશ જણાવો - **વડાપ્રધાન બોરિસ જોનસન તથા બ્રિટન**
26. G-7 દેશોના નામ જણાવો - **કેનેડા, ફ્રાન્સ, જર્મની, ઇટાલી, જાપાન, બ્રિટન અને અમેરિકા**

**DATE : 11-06-2021**

## 1. મુખ્યમંત્રી બાલ સેવા યોજના-2021 : નવા નિયમ-જોગવાઈ જાહેર

### માં-બાપમાંથી એકનું કોરોના પૂર્વે અને બીજાનું કોરોનામાં મૃત્યુ થયું હોય તેવા કિસ્સામાં પણ અનાથ બાળકોને સહાય અપાશે




- ✓ **આ યોજનાનો લાભ આવક મર્યાદાને ધ્યાને લીધા સિવાય મળવાપાત્ર થશે**

**વધુ વિગત :**

- ✓ માતા કે પિતા બેઉમાંથી એકનું કોરોના અગાઉ (માર્ચ-2020 પહેલા) અને બીજાનું કોરોનાકાળમાં મૃત્યુ થયું હશે તો મહિને રૂ.4,000ની રોકડ સહાય સહિતના લાભો મળશે.

**અગાઉની જોગવાઈ**

- ✓ અગાઉ આ યોજનાની જાહેરાત વખતે કોરોનાકાળમાં એટલે કે માર્ચ 2020થી અત્યાર સુધીમાં માતા પિતા બંનેની છત્રછાયા ગુમાવનાર, અનાથ બાળકોને લાભ આપવાનું નક્કી થયુ હતુ.

**અરજી નિકાલની પ્રક્રિયા :**

- ✓ આ યોજના હેઠળ મળતી અરજીઓ પરત્વે સમાજ કલ્યાણ કચેરી સહિતની સ્પોન્સરશીપ એન્ડ ફોસ્ટર કેર એપ્રુવલ કમિટીને અરજી મળ્યાના 07 જ દિવસમાં તેનો નિર્ણય કરવાનો રહેશે.

**લાભ :** આ યોજના કોરોના મહામારીના અંત સુધી અમલમાં રહેશે. અનાથ બાળક 10 વર્ષથી નાની વયનુ હશે તો તેના ઉછેરની જવાબદારી જેમણે ઉપાડી હોય તેમના બેંક એકાઉન્ટમાં સહાય જમા થશે.

- ✓ 10 વર્ષથી વધુ વયના બાળકના નામના જ બેંક એકાઉન્ટમાં સીધી સહાય જમા કરાવાશે.
- ✓ સરકારે જ્યાં સુધી અનાથ બાળકનું શિક્ષણ ચાલુ રહે અથવા 24 વર્ષની વયમર્યાદા એ બેમાંથી જે વહેલુ હોય તેને ધ્યાને રાખીને સમાજ કલ્યાણ વિભાગની યોજનાઓનો લાભ આપવાનું નક્કી કર્યું છે .




**બાળ સેવા યોજનાની જાહેરાત બાદ નિર્ણયમાં ફેરફારથી સેંકડો અનાથ બાળકોને રાહત થશે**

- ✓ અગાઉ કોરોનામાં માતા-પિતા બેઉ ગુમાવ્યા હોય તેમને સહાયની જાહેરાત થઇ ત્યારે ગુજરાતમાંથી 44 બાળકો મળ્યા હતા. એમ કહેતા ટોચના અધિકારીએ કહ્યું એકાદ સપ્તાહમાં સમાજ કલ્યાણ અધિકારીઓ કોરોના અગાઉ એકનું અને કોરોના બાદ બીજાનું મૃત્યુ થયુ હોય તેવા બાળકોને શોધીને અરજીઓ કરાવવાની પ્રક્રિયા શરૂ કરશે.
- ✓ **વિભાગ : સામાજિક ન્યાય અને અધિકારીતા**

## 2. 47મું G-07 (ગ્રુપ-07) શિખર સંમેલન : મહત્વની જાહેરાત

- ✓ સ્થળ : કોર્નવલ/ કોર્નહિલ -UK
- ✓ **G-07ના સભ્ય દેશો ગરીબ દેશ માટે વર્ષ 2022 સુધીમાં વેક્સિનના કુલ 100 કરોડ ડોઝ દાનમાં આપશે**




**વેક્સિન દાન કરનાર મુખ્ય દેશ :**

- ✓ US : 50 કરોડ ડોઝ
- ✓ UK : 10 કરોડ ડોઝ
- ✓ **PM-UK-બોરિસ જોન્સન**
- ✓ **પ્રમુખ - US - જો બાઇડેન**
- ✓ **સંમેલનની થીમ : ટકાઉ સામાજિક-ઔદ્યોગિક બહાલી**

**ચાર ક્ષેત્રો અંગે ચર્ચા થશે :**

1. **ભવિષ્યની મહામારી વિરુદ્ધ લડાઈની આગેવાની કરવી.**
2. **મુક્ત અને નિષ્પક્ષ વેપારને સમર્થન આપવું.**
3. **ક્લાઈમેટ ચેન્જનો સામનો અને જૈવ વિવિધતાનું સંરક્ષણ કરવું.**
4. **સંયુક્ત મૂલ્યો અને મુક્ત સમાજની હિમાયત કરવી.**

## 3. દિન વિશેષ : 11 જૂન

### આંતરરાષ્ટ્રીય લેવલ ક્રોસિંગ જાગરૂકતા દિવસ




## 4. દિન વિશેષ : 11 જૂન વર્લ્ડ એગ્રિકલ્ચર ડે




## 5. જન્મ દિન વિશેષ : 11 જૂન ક્રાંતિવીર : રામપ્રસાદ બિસ્મીલ



**જન્મ : 11 જૂન-1897 અવસાન : 19 ડિસેમ્બર-1927**

- ✓ **'સરફરોશી કી તમન્ના અબ હમારે દિલ મેં હૈ, દેખના હૈ જોર કિતના બાજુએ કાતિલ મૈ હૈ'** પ્રસ્તુત પ્રસિદ્ધ કાવ્ય પંક્તિના લેખક અને જાણીતા ક્રાંતિકારી રામપ્રસાદ બિસ્મીલનો જન્મદિવસ.
- ✓ રામપ્રસાદ બિસ્મીલે દેશ માટે માત્ર 30 વર્ષની વયે જાન કુરબાન કરી હતી.
- ✓ યુપીના શાહજહાંપુરના નપુરમાં જન્મેલા રામપ્રસાદ ઘરમાં જ ઉચ્ચ દરજ્જાનું શિક્ષણ પામ્યા હતા.
- ✓ ભાઈ પરમાનંદની જન્મટીપની સજા વખતે રામપ્રસાદે 'મેરા જીવન' નામથી કવિતા લખી અને ક્રાંતિકારી પ્રવૃત્તિઓ માટે ભણતર છોડી દીધું.
- ✓ દેશવાસીઓના નામ સંદેશ અને આત્મકથા જેવા પુસ્તકો લખ્યા છે.
- ✓ રાજકીય વિચારસરણીમાં તેઓ લોકમાન્ય તિલકના ગાઢ અનુયાયી હતા.
- ✓ તેમણે ત્રણ ઉપનામથી 11 પુસ્તકોનું સર્જન કર્યું હતું. એની આવકમાંથી તેઓ પોતાની ક્રાન્તિકારી પ્રવૃત્તિઓ ઘરનાની મરજી વિરૂદ્ધ ચલાવતા.
- ✓ તેમના ઉપનામ બિસ્મિલનો ગુજરાતી અર્થ ઘાયલ થાય, બીજા બે ઉપનામ રામ અને અજ્ઞાત છે.
- ✓ હિંદુસ્તાન રિપબ્લિકન એસોસિએશનના તેઓ સ્થાપક સભ્ય હતા.
- ✓ 1918માં તેમના પર મૈનપુરી કાવતરાનો અને કાકોરી લુંટ કેસનો આરોપ હતો.
- ✓ મૈનપુરીમાં બળવાખોરી અને દેશદ્રોહનો આરોપ હતો.
- ✓ કાકોરી લૂંટ કેસમાં તેમના પર સરકારી ખજાનો લૂંટવાનો આરોપ હતો.
- ✓ મૈનપૂરી અને કાકોરી હત્યાકાંડ બદલ રામપ્રસાદ બિસ્મીલને ગોરખપુર જેલમાં ફાંસીની સજા થઈ હતી.
- ✓ ક્રાન્તિકારીઓના કેસ લડવા માટે પૈસાની જરૂરત સંતોષવા એક મુસાફર ટ્રેનમાં લઈ જવાતા સરકારી ખજાનાને તેમણે 10 સાથીઓ સાથે મળીને લૂંટ્યો હતો.
- ✓ એક નાનકડી ગફલત (ઘટનાસ્થળે પૈસા એકઠા કરવાની ચાદરે ધોબી દ્વારા ઓળખાઈ ગયા) થતાં બિસ્મિલ સહિત તમામ સાથીઓ ઓળખાઈ ગયા અને પકડાયા પછી 18 મહિનાની કાનૂની લડાઈ બાદ ભારતના આ સપૂતોને દેશદ્રોહી ઠરાવી તા. 19-12-1927ના રોજ ફાંસી અપાઈ હતી.




**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (11-06-2021)**

1. ગુજરાતમાં મા-બાપમાંથી એકનું કોરોના પૂર્વે અને બીજાનું કોરોનામાં મૃત્યુ થયું હોય તેવા કિસ્સામાં પણ અનાથ બાળકોને કઈ યોજના અંતર્ગત સહાય અપાશે - **મુખ્યમંત્રી બાલ સેવા યોજના**
2. મુખ્યમંત્રી બાલ સેવા યોજના અંતર્ગત અનાથ બાળકને માસિક કેટલી સહાય ચૂકવાશે – **રૂ.4,000**
3. મુખ્યમંત્રી બાલ સેવા યોજના અંતર્ગત આવેલી અરજીનો નિકાલ કેટલા સમયમાં કરવાનો રહેશે – **07 દિવસ**
4. તા. 12-13 જૂન 2021ના રોજ કેટલામું G-7 શિખર સંમેલન યોજાયું – **47મું**
5. G-7ના સભ્યો દેશો ગરીબ દેશો માટે વર્ષ 2022 સુધીમાં વેક્સિનના કુલ કેટલા ડોઝ દાનમાં આપવાની જાહેરાત કરી છે - **100 કરોડ**
6. G-7 શિખર સંમેલન 2021ની થીમ જણાવો - **ટકાઉ સામાજિક-ઔધોગિક બહાલી**
7. આંતરરાષ્ટ્રીય લેવલ ક્રોસિંગ જાગરૂકતા દિવસની ઉજવણી ક્યારે કરવામાં આવે છે - **11 જૂન**
8. વર્લ્ડ એગ્રિકલ્ચર ડે ક્યારે મનાવવામાં આવે છે - **11 જૂન**
9. ક્રાંતિવીર રામપ્રસાદ બિસ્મીલનો જન્મ દિવસ જણાવો - **11 જૂન-1897**
10. 'સરફરોશી કી તમન્ના અબ હમારે દિલ મેં હૈ, દેખના હૈ જોર કિતના બાજુએ કાતિલ મૈ હૈ' કાવ્ય પંક્તિના લેખકનું નામ જણાવો – **ક્રાંતિવીર રામપ્રસાદ બિસ્મીલ**
11. ક્રાંતિવીર રામપ્રસાદ બિસ્મીલ રાજકીય વિચારસરણીમાં કોના ગાઢ અનુયાયી હતા- **લોકમાન્ય તિલક**
12. કયા હત્યાકાંડ બદલ રામપ્રસાદ બિસ્મીલને ગોરખપુર જેલમાં ફાંસીની સજા થઈ હતી - **મૈનપૂરી અને કાકોરી**

## DATE : 12-06-2021

### 1. રસીકરણ અભિયાન–ગુજરાત : રાજ્યમાં કોરોના રસીના 2 કરોડ ડોઝ અપાયા (આરોગ્ય)




- ✓ ગુજરાત રસીકરણના દરેક તબક્કે પર મિલિયન રસીકરણમાં સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે
- ✓ રાજ્યમાં દૈનિક 3 લાખ વ્યક્તિઓને કોવિડ-19 રસીના ડોઝ આપવામાં આવી રહ્યા છે- 1200થી વધુ રસીકરણ કેન્દ્રો કાર્યરત
- ✓ તા. 12-06-2021ની સ્થિતિએ 2 કરોડ રસીના આ ડોઝમાં1 કરોડ 55 લાખ પ્રથમ ડોઝ અને 45 લાખ સેકન્ડ ડોઝ આપવામાં આવ્યા છે.
- ✓ ગુજરાતમાં રસીકરણ અભિયાન શરૂ થયાના માત્ર પાંચ મહિનામાં બે કરોડ લોકોને વ્યાપક રસીકરણ અભિયાન હેઠળ આવરી લેવાયા છે.

- ✓ તા. 12-06-2021ની સ્થિતિએ હેલ્થ વર્કર જુથમાં 6.17 લાખને પ્રથમ ડોઝ અને 4.46 લાખને બીજો ડોઝ આપવામાં આવ્યો છે.
- ✓ કુલ 13.24 લાખ ફ્રન્ટ લાઇન વર્કરને પ્રથમ ડોઝ તથા 6.54 લાખને બીજો ડોઝ અપાયો.
- ✓ 45થી વધુ ઉંમર ધરાવતા કુલ 99.41 લાખ લોકોને પ્રથમ ડોઝ અને 33.82 લાખ લોકોને બીજો ડોઝ આપવામાં આવ્યો.
- ✓ 18થી 44 વય જુથના 36.02 લાખ લોકોને પ્રથમ ડોઝ અને 59 હજાર લોકોને બીજો ડોઝ આપવામાં આવ્યો.
- ✓ ગુજરાતમાં તા. 16 જાન્યુઆરી-2021થી તબક્કાવાર રસીકરણનો પ્રારંભ થયો હતો.
- ✓ **પ્રથમ તબક્કા**માં હેલ્થ અને ફ્રન્ટલાઈન વર્કર.
- ✓ **બીજો તબક્કો :** તા.1લી માર્ચ 2021થી શરુ થયેલા બીજા તબક્કામાં કોમોર્બીડ અને વૃદ્ધ લોકો.
- ✓ **ત્રીજો તબક્કો :**તા.1લી એપ્રિલ 2021થી શરુ થયેલા ત્રીજા તબક્કામાં 45થી વધુ વયના લોકો
- ✓ **ચોથો તબક્કો :** ચોથા તબક્કામાં 18થી 44 વયના લોકોને રસી આપવાનું આયોજન કરાયુ.
- ✓ હેલ્થ વર્કર ફ્રન્ટલાઈન વર્કર અને કોમોર્બીડ વ્યક્તિઓના સફળ રસીકરણ અભિયાનના અમલીકરણ બાદ રાજ્ય સરકારે ગુજરાત સ્થાપના દિન-1લી મેથી રાજ્યના યુવાનોને રસી આપવાનો પ્રારંભ કર્યો હતો.

## 2. સ્વદેશી ‘સજગ’ શિપ : ગુજરાતના સમુદ્રની સુરક્ષા માટે પોરબંદર કોસ્ટગાર્ડમાં ‘સજગ’/સજાગ શિપ કાર્યરત (સુરક્ષા)




**‘સજગ’ શિપ વિશે :**

- ✓ પોરબંદર કોસ્ટગાર્ડમાં આજથી એક એડવાન્સ પ્લેટફોર્મ પ્રકારની ગણાતી ‘સજગ' નામની શીપનો વધારો.
- ✓ 105 મીટર ઓફશોર પેટ્રોલીંગ વેસલ્સ સીરીઝમાં ત્રીજા નંબરે આવતી અને 40/60 બોફોર્સ ગન, 12.7 mmની SRPG ગન તથા એક્સટર્નલ ફાયર ફાઈટિંગ સીસ્ટમ, 26 નોટની મહત્તમ સ્પીડ
- ✓ સ્વદેશી બનાવટના 11 શિપ તૈયાર થયા છે જેમાંથી 9મું સજગ શિપ છે. આગામી બે માસમાં પોરબંદર કોસ્ટગાર્ડને ‘સાર્થક' નામનું શિપ તેમજ એડવાન્સ લાઈટ માર્ક 3 નામના 2 હેલિકોપ્ટર અપાશે.
- ✓ કોસ્ટગાર્ડ IG : રાકેશ પાલ

## 3. સંરક્ષણ મંત્રાલય : ભારત સરકાર

**ભારતીય સેનાના યુદ્ધો અને ઓપરેશનના ઈતિહાસને જાહેર કરવાની નવી આર્કાઇવ નીતિને કેન્દ્રની મંજૂરી**




**નવી આર્કાઇવ નીતિ વિશે :**

- ✓ 25 વર્ષ પછી યુદ્ધ કે મિશનનો રેકોર્ડ રાષ્ટ્રીય મ્યુઝિયમમાં સચવાશે.
- ✓ ભારતે અત્યાર સુધીમાં અનેક યુદ્ધો લડ્યા છે. સેંકડો મિશન પૂર્ણ કર્યા જેના વિશે વધારે માહિતી નથી. હવે સરકારે આ સંદર્ભે પહેલ કરી છે.
- ✓ યુદ્ધો અને અભિયાનોથી સંબંધિત ઇતિહાસને સંગ્રહિત કરવા, તેને ગોપનિયતા યાદીમાંથી હટાવવા અને તેના સંગ્રહ સાથે જોડાયેલા નીતિને મંજૂરી આપી.
- ✓ યુદ્ધના ઇતિહાસનું સમયસર પ્રકાશનથી લોકોને આ ઘટનાની સાચી માહિતી મળશે. શૈક્ષણિક સંશોધન માટે અધિકૃત સામગ્રી ઉપલબ્ધ રહેશે બિનજરૂરી અફવાઓ દૂર કરવામાં મદદ મળશે.

**શું શું રેકોર્ડ રાખવામાં આવશે?**

- ✓ સંરક્ષણ મંત્રાલય હેઠળની તમામ સંસ્થાઓ, જેમ કે આર્મીની ત્રણેય શાખાઓ (ભૂમિ-જળ-હવા), ઇન્ટિગ્રેટેડ ડિફેન્સ સ્ટાફ, આસામ રાઇફલ્સ અને ભારતીય કોસ્ટગાર્ડનો 25 વર્ષથી જૂનો રેકોર્ડ સુરક્ષિત થશે.
- ✓ યુદ્ધ ડાયરીઓ (યુદ્ધ દરમિયાનની બનેલી ઘટનાઓની વિગતવાર વિગતો), લેટર્સ ઓફ પ્રોસિડિંગ્સ (વિવિધ સંસ્થાઓ વચ્ચે અભિયાન/યુદ્ધની સંબંધિત પરસ્પરનો સંવાદ) અને ઓપરેશનલ રેકોર્ડ બુક સહિત તમામ માહિતી સંરક્ષણ મંત્રાલયના ઈતિહાસ વિભાગને પૂરી પાડવામાં આવશે.
- ✓ સંરક્ષણ પ્રધાન : રાજનાથસિંહ

## 4. GST કાઉન્સિલની 44મી બેઠક-નવી દિલ્હી

- ✓ કોરોના-બ્લેક ફંગસની દવાઓ પર GST નાબૂદ

**મહત્વના GSTના નિર્ણયોની વિગત :**

**૧. કોરોના - બ્લેક ફંગસની દવાઓ**

| દવા | હાલનો દર | નવો દર |
|---|---|---|
| ટોસિલિઝૂમેબ | ૦૫ ટકા | ૦૦ ટકા |
| એમ્ફોટેરિસિન બી | ૦૫ ટકા | ૦૦ ટકા |
| એન્ટી કોલ્યુગાન્ટ્સ | ૧૨ ટકા | ૦૫ ટકા |
| રેમડેસિવિર | ૧૨ ટકા | ૦૫ ટકા |

**૨. ઓક્સિજનને સંલગ્ન ડિવાઇસ**

| ડિવાઇસ | હાલનો દર | નવો દર |
|---|---|---|
| મેડિકલ ઓક્સિજન | ૧૨ ટકા | ૦૫ ટકા |
| ઓક્સિ. કોન્સન્ટ્રેટર | ૧૨ ટકા | ૦૫ ટકા |
| ઓક્સિજન જનરેટર | ૧૨ ટકા | ૦૫ ટકા |
| વેન્ટિલેટર માસ્ક | ૧૨ ટકા | ૦૫ ટકા |
| કેન્યૂલા અને હેલ્મેટ | ૧૨ ટકા | ૦૫ ટકા |
| બાઇપેપ મશીન | ૧૨ ટકા | ૦૫ ટકા |
| HNFC ડિવાઇસ | ૧૨ ટકા | ૦૫ ટકા |

**૩. ટેસ્ટિંગ કિટ અને મશીન**

| વિગત | હાલનો દર | નવો દર |
|---|---|---|
| કોવિડ ટેસ્ટિંગ કિટ | ૧૨ ટકા | ૦૫ ટકા |
| ડી-ડાઇમર કિટ | ૧૨ ટકા | ૦૫ ટકા |
| આઇએલ-૬ કિટ | ૧૨ ટકા | ૦૫ ટકા |
| એલડીએચ કિટ | ૧૨ ટકા | ૦૫ ટકા |

**૪. કોવિડ સંબંધિત મટીરિયલ**

| મટીરિયલ | હાલનો દર | નવો દર |
|---|---|---|
| પલ્સ ઓક્સિમીટર | ૧૮ ટકા | ૦૫ ટકા |
| હેન્ડ સેનિટાઇઝર | ૧૮ ટકા | ૦૫ ટકા |
| સ્મશાનની ફરનેસ | ૧૮ ટકા | ૦૫ ટકા |
| એમ્બ્યુલન્સ | ૨૮ ટકા | ૦૫ ટકા |

- ✓ અમલ : 30 સપ્ટેમ્બર 2021 સુધી
- ✓ GST કાઉન્સિલના અધ્યક્ષ : કેન્દ્રીય નાણામંત્રી શ્રી નિર્મલા સીતારમણ

## 5. પત્રકારત્વનો સર્વશ્રેષ્ઠ પુલિત્ઝર પ્રાઈઝ :

**(1) વિજેતા : મૂળ ભારતીય પત્રકાર મેઘા રાજગોપાલન**

✓ **કેટેગરી :** ઈન્વેસ્ટીગેટીવ રિપોર્ટિંગ - **સંસ્થા :** BuzzFeed ન્યુઝ




**અન્ય બે સહયોગી :**

1. **એલિસિન કિલિંગ** 2. **ક્રિસ્ટો બુશ્વેક**

**વિષય : ચીનના ઉઈગર ડિટેન્શન કેમ્પના ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિતની સાચી સ્થિતિ સામે લાવવી**

- ✓ ચીને 2017માં તેના ઝિનઝિયાંગ પ્રાંતમાં હજારો મુસ્લિમોને પકડવાનું શરૂ કર્યું હતું. ત્યારે મેઘા રાજગોપાલન દ્વારા તેનાં ડિટેક્શન કેમ્પની મુલાકાત લઈને મુસ્લિમોની બદતર સ્થિતિ અંગેનો રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો.
- ✓ ચીન તે વખતે આવું ડિટેક્શન કેમ્પ જેવુ કોઇ સ્થળ અસ્તિત્વમાં હોવાનો સતત ઈનકાર કરતું હતું.
- ✓ તે વખતે ચીન સરકારે મેઘા રાજગોપાલનને ચૂપ કરવાના પ્રયાસો કર્યા હતા અને તેનો વિઝા રદ કરાયો હતો તેમજ દેશમાંથી ભગાડી મુકવામાં આવ્યા હતા.
- ✓ ચીને કેદીઓને પુરવા માટે ગુપ્ત રીતે ઝિનઝિયાંગમાં જેલો બનાવી હતી.

**(2) વિજેતા : મૂળ ભારતીય અમેરિકન નીલ બેદી**

✓ **કેટેગરી : લોકલ રિપોર્ટિંગ કેટેગરીમાં ઈન્વેસ્ટીગેટીવ રિપોર્ટિંગ**

**વિષય :**

- ✓ ફ્લોરિડામાં પોલીસ દ્વારા સંભવિત ક્રિમિનલ બાળકોને શોધવા માટે એન્ફોર્સમેન્ટ અધિકારીઓ દ્વારા સત્તા અને કાયદાનો દુરુપયોગ કેવી રીતે કરાય છે તેનો રિપોર્ટ તેમણે ટામ્પા બે ટાઈમ્સનાં એડિટર સાથે મળીને તૈયાર કર્યો હતો

**(3) બ્લેક લાઈવ્ઝ મેટર્સના રિપોર્ટિંગ માટે એવોર્ડ**

- ✓ ન્યૂયોર્ક ટાઇમ્સને કોરોનાનાં કવરેજ માટે પબ્લિક સર્વિસ એવોર્ડ આપવામાં આવ્યો હતો
- ✓ **અમેરિકાનાં મિનિયોપોલિસના સ્ટાર ટ્રિબ્યુન**ને અશ્વેત જ્યોર્જ ફ્લોઈડની હત્યા પછી બ્લેક લાઈવ્ઝ મેટર્સ દ્વારા કરવામાં આવેલા વિરોધ પ્રદર્શનોનાં કવરેજ માટે એવોર્ડ અપાયો હતો.
- ✓ ગયા વર્ષે 25મી મેના રોજ અશ્વેત નાગરિક જ્યોર્જ ફ્લોઈડનું પોલીસ અધિકારી દ્વારા પગથી ગળુ દબાવીને હત્યા કરાઇ હતી. આ ઘટનાનો વીડિયો બનાવનાર 17 વર્ષની અશ્વેત યુવતી ડેરનેલા ફ્રેઝિયરને તેની બહાદુરી માટે સ્પેશ્યલ પુલિત્ઝર એવોર્ડ આપવામાં આવ્યો હતો. તેનો વીડિયો વાઇરલ થયો હતો અને કોર્ટમાં પૂરાવા તરીકે માન્ય રખાયો હતો.
- ✓ બ્લેક લાઈવ્ઝ મેટર્સ માટે **એસોસિએટેડ પ્રેસને ફોટોગ્રાફી કેટગરીમાં** બે એવોર્ડ અપાયા હતા.

**ઈનામી રકમ :**

- ✓ પબ્લિક સર્વિસમાં પુલિત્ઝર મેળવનારને ગોલ્ડ મેડલ આપવામાં આવે છે જ્યારે અન્ય કેટેગરીમાં દરેકને 15,000 ડોલર ઈનામ પેટે આપવામાં આવે
- ✓ ફ્લોઈડની હત્યાનો વીડિયો બતાવનારને સ્પેશિયલ એવોર્ડ

✓ **કોની યાદમાં : જોસેફ પુલિત્ઝર**

✓ **એવોર્ડ આપનાર સંસ્થા :** કોલંબિયા યુનિવર્સિટી

**6. G-7 શિખર સંમેલન : G-7 દેશના વડાઓ દ્વારા 'બિલ્ડ બેંક બેટર વર્લ્ડ' - B3W પ્રોજેક્ટની જાહેરાત**




**પ્રોજેક્ટનો મૂળ હેતુ :**

- ✓ ચીનના બેલ્ટ એન્ડ રોડ પ્રોજેક્ટની લોકપ્રિયતા ખાળવા
- ✓ ગરીબ દેશો ચૂકવી જ ન શકે એવી કારમી શરતે લોન આપીને ગુલામ બનાવવાની ચીનની ચાલનો સામનો કરવા માટે અને મૂલ્યો થકી ઉચ્ચ ધોરણો સ્થાપવા માટે એક એવા પાદર્શક પ્રોજેક્ટની જરૂર છે જે એ ગરીબ દેશોના વિકાસની જરૂરિયાતો વાજબી, પારદર્શક રીતે સંતોષી શકે.

**ચીનના બેલ્ટ એન્ડ રોડ પ્રોજેક્ટ વિશે :**

- ✓ ચીને બેલ્ટ એન્ડ રોડ પ્રોજેક્ટમાં લાખ્ખો કરોડ ડોલરનું રોકાણ કરીને આશરે 100 વિકાસશીલ દેશોમાં પોતાનો જબરજસ્ત પ્રભાવ ઊભો કર્યો છે.
- ✓ ચીનના પ્રમુખ શી જિનપિંગે 2013માં બેલ્ટ એન્ડ રોડ ઇનિશિયેટિવ (BRI) પ્રોજેક્ટ ચાલુ કર્યો હતો.
- ✓ તેમાં ચીનથી યુરોપ સુધી રોડ અને રેલવે વિકસાવવાની મહાત્વાકાંક્ષા હતી. ભારત અને ભૂતાન આ પ્રોજેક્ટમાં સામેલ નથી થયા.

**(2) 'બિલ્ડ બેંક બેટર વર્લ્ડ'**

- ✓ વૈશ્વિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્લાન
- ✓ વિકાસશીલ રાષ્ટ્રોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે G-7 રાષ્ટ્રોની યોજના પર 40 લાખ કરોડ ડોલરનો ખર્ચ થશે

**(3) PM મોદી : G-7 આઉટરિચ સેશનને વર્ચ્યૂઅલી સંબોધન**

✓ **G-7 દેશોને PM મોદી દ્વારા 'વન અર્થ વન હેલ્થ'નો મંત્ર**

**7. ખેલકૂદ : ફ્રેન્ચ ઓપન-2021 (વિમેન્સ)**

✓ યજમાન : પેરિસ



**વિજેતા અને દેશ :**

- ✓ **પ્રથમવાર વિજેતા :** બાર્બોરા ક્રેજસિકેવા,
- ✓ દેશ : ચેક રિપબ્લિક
- ✓ **ઉપવિજેતા :** એનેસ્તેસિયા પાવલ્યુચેન્કોવા-રશિયા
- ✓ ફ્રેન્ચ ઓપનમાં સતત છઠ્ઠી નવી ચેમ્પિયન
- ✓ રમત : ટેનિસ

**8. UNO : બાળ શ્રમ નાબૂદી વર્ષ-2021**

- ✓ UNO દ્વારા 2021ને બાળ શ્રમ નાબૂદી વર્ષ તરીકે જાહેર કરાયું
- ✓ **લક્ષ્યાંક :** સતત વિકાસ લક્ષ્યોમાં બાળ મજુરી, ગુલામી અને ટ્રાફિકિંગ રોકવા જેવા લક્ષ્ય સાથે મળીને વર્ષ 2025 સુધીમાં પ્રાપ્ત કરવા

## 9. દિન વિશેષ : 12 જૂન  વિશ્વ બાળ શ્રમ નિષેધ દિવસ

✓ **થીમ-2021 :** 'act now : end child labour'




**ઉજવણી:** ILO- International Labour Organisation

**અહેવાલ : ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન**

- ✓ દુનિયામાં 20 વર્ષમાં પહેલીવાર બાળ શ્રમમાં વધારો નોંધાયો છે. યુનાઈટેડ નેશન્સે કહ્યું છે કે, દુનિયાભરમાં દર 10માંથી એક બાળક કામ કરી રહ્યું છે. એટલું જ નહીં, બીજા લાખો બાળકો કોવિડ–19 મહામારીના કારણે જોખમમાં છે. ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન અને યુનિસેફે કહ્યું છે કે, 2016માં બાળ શ્રમિકોની સંખ્યા 15.2 કરોડથી વધીને 16 કરોડ થઈ ગઈ છે.
- ✓ તેમાં વસતી વધારો અને ગરીબીના કારણે આફ્રિકામાં સૌથી વધુ બાળ શ્રમિક વધ્યા છે.
- ✓ યુનિસેફના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર હેનરિટા ફોરે 12 જૂને વિશ્વ બાળ શ્રમ નિષેધ દિવસ અગાઉ એક નિવેદનમાં કહ્યું કે, આપણે બાળ શ્રમ વિરુદ્ધની લડાઈમાં જમીન ખોઈ ચૂક્યા છીએ અને ગયા વર્ષે આ લડાઈમાં વધુ મુશ્કેલીઓ સર્જાઈ.
- ✓ વૈશ્વિક લૉકડાઉનના બીજા વર્ષે સ્કૂલો બંધ થવાથી તેમજ આર્થિક સંકટે અનેક પરિવારોને બાળકો પાસે કામ કરવાના વિકલ્પો અપનાવવા પડ્યા. તેના કારણે બાળ શ્રમ વધ્યો છે.
- ✓ યુએનએ 2021 ને બાળ શ્રમ નિર્મુલન જાહેર કર્યું હતું. આ સાથે કહ્યું હતું કે, 2025 સુધી આ દુષણ ખતમ કરવા માટે આપણે ઠોસ પગલાં લેવાની જરૂર છે.
- ✓ યુએનનું કહેવું છે કે, મહામારી સાથે સંબંધિત આર્થિક તંગી અને સ્કૂલ બંધ થવાના કારણે બાળ મજૂરોએ હવે વધુ કલાકો કે બદતર સ્થિતિમાં કામ કરવું પડી શકે છે.
- ✓ શિક્ષણથી બાળશ્રમિકોની સંખ્યા 1.5 કરોડ સુધી ઘટી શકે છે
- ✓ યુનિસેફના વરિષ્ઠ સલાહકાર ક્લાઉડિયા કપ્પા કહે છે કે, રોજગારી માટે લઘુતમ ઉંમર નક્કી હોય ત્યાં સુધી મફત અને સારું શિક્ષણ આપીને બાળ શ્રમિકોની સંખ્યા દોઢ કરોડ સુધી ઘટાડી શકાય.
- ✓ ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશનના ડિરેક્ટર જનરલ ગાય રાઈડર કહે છે કે, ગ્રામીણ વિકાસમાં રોકાણમાં વધારો અને કૃષિમાં ધ્યાન આપવાથી પણ આ સંખ્યા ઘટાડી શકાય કારણ કે, એ ક્ષેત્રમાં કુલ બાળ શ્રમિકોનો 70 % હિસ્સો છે. અમે નવા રિપોર્ટમાં આ મુદ્દા રજૂ કરીશું. આપણે નવી પેઢીના બાળકોને જોખમમાં ના મૂકી શકીએ.




અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (12-06-2021)

1. ગુજરાતમાં કઈ તારીખથી તબક્કાવાર કોરોના રસીકરણનો સૌપ્રથમ પ્રારંભ થયો હતો - **16 જાન્યુઆરી 2021**
2. ગુજરાતમાં કોરોના રસીકરણના કયા તબક્કામાં 18 થી 44 વર્ષના લોકોને રસી આપવાનો શરૂ કરાયું - **ચોથા**
3. જૂન 2021માં ગુજરાતના સમુદ્ર કિનારે સુરક્ષા માટે કોસ્ટ ગાર્ડમાં કયું સ્વદેશી જહાજ સામેલ કરાયું - **સજગ/સજાગ**
4. જૂન 2021માં ગુજરાતના સમુદ્ર કિનારે સુરક્ષા માટે કયા કોસ્ટ ગાર્ડમાં સ્વદેશી જહાજ કાર્યરત કરાયું - **પોરબંદર કોસ્ટગાર્ડ**
5. ભારતમાં સ્વદેશી બનાવટના કુલ 11 શિપ તૈયાર કરાયા છે તેમાં સજગનો નંબર જણાવો - **09**
6. જૂન 2021માં ભારતીય સેનાના યુદ્ધો અને ઓપરેશનના ઇતિહાસને જાહેર કરવા કઈ નવી નીતિ કેન્દ્ર દ્વારા જાહેર કરાઈ - **આર્કાઈવ નીતિ**
7. જૂન 2021માં ભારતીય સેનાના યુદ્ધો અને ઓપરેશનના ઇતિહાસને જાહેર કરવા નવી આર્કાઈવ નીતિ કેન્દ્ર દ્વારા જાહેર કરાઈ તેમાં કેટલા વર્ષ પછી રેકોર્ડ રાષ્ટ્રીય મ્યુઝીયમમાં સચવાશે - **25 વર્ષ**
8. ભારતના વર્તમાન સંરક્ષણ મંત્રીનું નામ જણાવો-**રાજનાથ સિંહ**
9. જૂન 2021માં GST કાઉન્સિલની કેટલામી બેઠક યોજાઇ - **44**
10. જૂન 2021માં યોજાયેલી GST કાઉન્સિલની બેઠકમાં કઈ દવા ઉપર GST 30 સપ્ટેમ્બર 2021 સુધી નાબૂદ કરાયો -**કોરોના અને બ્લેક ફંગસ**
11. GST કાઉન્સિલના વર્તમાન અધ્યક્ષનું નામ જણાવો - **કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામન**
12. પત્રકારત્વમાં અપાતો વિશ્વનો સર્વશ્રેષ્ઠ પુરસ્કાર જણાવો - **પુલિત્ઝર પ્રાઈઝ**
13. જૂન 2021માં પત્રકારત્વનો વિશ્વનો સર્વશ્રેષ્ઠ પુરસ્કાર પુલિત્ઝર પ્રાઈઝ કયા મૂળ ભારતીય બે પત્રકારને અપાયો - **મેઘા રાજગોપાલન અને નીલ બેદી**
14. જૂન 2021માં પુલિત્ઝર પ્રાઈઝ મૂળ ભારતીય પત્રકાર મેઘાને કઈ કેટેગરી માટે અપાયો - **ઇન્વેસ્ટિગેટિવ રિપોર્ટિંગ**
15. જૂન 2021માં પુલિત્ઝર પ્રાઈઝ વિજેતા મૂળ ભારતીય પત્રકાર મેઘાની સંસ્થાનું નામ જણાવો - **Buzzfeed news, લંડન**
16. જૂન 2021માં પુલિત્ઝર પ્રાઈઝ વિજેતા મૂળ ભારતીય પત્રકાર મેઘા રાજગોપાલન-લંડનનો ઇન્વેસ્ટિગેટિવ રિપોર્ટ વિશે જણાવો - **ચીનના મુસ્લિમો માટેના ઉઈગર ડિટેન્શન કેમ્પની સાચી માહિતી સામે લાવવી**
17. મૂળ ભારતીય નીલ બેદીને કઈ કેટેગરી માટે જૂન 2021માં પુલિત્ઝર પ્રાઈઝ અપાયો - **લોકલ રિપોર્ટિંગ કેટેગરીમાં ઇન્વેસ્ટિગેટિવ રિપોર્ટિંગ**
18. યુએસમાં બ્લેક લાઇવ્ઝ મેટર્સના રિપોર્ટિંગ માટે પુલિત્ઝર પ્રાઈઝ એવોર્ડ વિજેતા - **સ્ટાર ટ્રિબ્યુન**
19. કોરોનાના કવરેજ માટે 'પબ્લિક સર્વિસ એવોર્ડ' વિજેતા જણાવો - **ન્યૂયોર્ક ટાઇમ્સ**
20. બ્લેક લાઇવ્ઝ મેટર્સ માટે ફોટોગ્રાફી કેટેગરીમાં કઈ સંસ્થાને પુલિત્ઝર પ્રાઈઝ અપાયો - **એસોસિએટ પ્રેસ**

21. પુલિત્ઝર પ્રાઇઝ કોની યાદમાં અને ક્યાંથી અપાય છે - **જોસેફ પુલિત્ઝર અને કોલમ્બિયા યુનિવર્સિટી-USA**

22. G-7 શિખર સંમેલન-2021માં G-7 દેશના વડાઓ દ્વારા કયા પ્રોજેક્ટની જાહેરાત કરી હતી - **'બિલ્ડ બેંક બેટર વર્લ્ડ'-B3W**

23. 'બિલ્ડ બેંક બેટર વર્લ્ડ' - B3W પ્રોજેક્ટનો મૂળ હેતુ જણાવો - **ચીનના બેલ્ટ એન્ડ રોડ પ્રોજેક્ટની લોકપ્રિયતા ખાળવા**

24. ચીનના પ્રમુખ શી જિનપિંગે કયા વર્ષે બેલ્ટ એન્ડ રોડ ઇનિશિયેટિવ (BRI) પ્રોજેક્ટ ચાલુ કર્યો હતો - **2013**

25. 'બિલ્ડ બેંક બેટર વર્લ્ડ' અંતર્ગત વિકાસશીલ રાષ્ટ્રોમાં ઇન્ફ્રાસ્ટ્રકચર માટે G-7 રાષ્ટ્રોની યોજના પર કેટલો ખર્ચ થશે - **40 લાખ કરોડ ડોલર**

26. G-7 શિખર સંમેલન-2021નાઆઉટરિચ સેશનને વર્ચ્યૂઅલી સંબોધન કરતાં PM મોદીએ વિશ્વને કયો નવો મંત્ર આપ્યો - **'વન અર્થ વન હેલ્થ'**

27. વિમેન્સ ફ્રેન્ચ ઓપન-2021 પ્રથમવાર વિજેતા ખેલાડી અને દેશનું નામ જણાવો- **બાર્બોરા ક્રેજસિકેવા તથા ચેક રિપબ્લિક**

28. વિમેન્સ ફ્રેન્ચ ઓપન-2021 ઉપવિજેતા ખેલાડી અને દેશનું નામ જણાવો - **એનેસ્તેસિયા પાવલ્યુચેન્કોવા તથા રશિયા**

29. UNO દ્વારા કયા વર્ષને બાળ શ્રમ નાબૂદી વર્ષ તરીકે જાહેર કરાયું - **2021**

30. વિશ્વ બાળ શ્રમ નિષેધ દિવસ ક્યારે ઉજવવામાં આવે છે-**12 જૂન**

31. વિશ્વ બાળ શ્રમ નિષેધ દિવસ-2021ની થીમ જણાવો - **'act now : end child labour'**

32. વિશ્વ બાળ શ્રમ નિષેધ દિવસ કઇ સંસ્થા દ્વારા ઉજવવામાં આવે છે - **ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન**

**DATE : 13-06-2021**

## રાષ્ટ્રીય બાબતો

### 1.નાગરિક ઉડ્ડયન મંત્રાલય : ભારત સરકાર (સુવિધા)

### ભારતમાં મેડિકલ ડ્રોન દ્વારા મેડિસિન પહોંચાડાશે

✓ 18મી જૂનથી પ્રથમ ટ્રાયલ

✓ **સંચાલન :** બિયોન્ડ વિઝયુઅલ લાઇન ઓફ સાઇટ (BVLOS).




**વિગત :**

✓ દેશના અંતરિયાળ વિસ્તારોમાં હવે દવાઓ તથા મેડિકલ સામગ્રી ડ્રોન દ્વારા પહોંચાડવામાં આવશે. કેન્દ્રના નાગરિક ઉડ્ડયન મંત્રાલયે આ માટે પરવાનગી આપી દીધી.

✓ 18મી જૂનથી બેંગલુરૂમાં મેડિકલ ડ્રોનની ટ્રાયલ શરૂ કરાશે.

✓ બિયોન્ડ વિઝયુઅલ લાઇન ઓફ સાઇટ (BVLOS) મુજબ ડ્રોનનું સંચાલન કરાશે.

✓ બેંગ્લુરૂની થ્રોટલ એરોસ્પેસ સિસ્ટમ્સ (TAS)ને ટ્રાયલ માટે DGCA દ્વારા માર્ચ મહિનામાં ઓબ્જેક્ટ ડિલિવરી ટ્રાયલની મંજૂરી અપાઇ છે.

### 2. ભારતીય રેલવે- 'મેરી સહેલી' અભિયાન (મહિલા સુરક્ષા)

✓ **હેતુ :** લાંબા અંતરની ટ્રેનમાં એકલી મુસાફરી કરતી મહિલાઓ માટે નવતર પહેલ




**વિગત :**

✓ રેલવે સ્ટેશન પર તેમ જ ટ્રેનમાં એકલી મુસાફરી કરતી મહિલા પેસેન્જરો સાથે થતા ગુના અટકે અને તેમના મનમાં સુરક્ષાની ભાવના પ્રબળ થાય તે ઉદ્દેશ સાથે આરપીએફએ લાંબા અંતરની ટ્રેનોમાં "મેરી સહેલી" અભિયાન શરૂ કર્યું.

✓ જેમાં આરપીએફની મહિલા કોન્સ્ટેબલો લેડીઝ અને અન્ય રિઝર્વ કોચમાં એકલા પ્રવાસ કરતી મહિલાઓની મુલાકાત લે છે.

✓ મુસાફરી દરમિયાન તેમને કોઇ સમસ્યા કે હાલાકી હોય તો તત્કાલ આરપીએફના હેલ્પલાઇન નં.139 અને જીઆરપીના હેલ્પલાઇન નં.1512 પર સંપર્ક કરી શકે તે માટે જાગ્રત કરે છે.

✓ આરપીએફના આ અભિયાનથી ટ્રેનમાં મહિલાઓ સાથે થતા ગુનાના પ્રમાણમાં ખૂબ ઘટાડો થાય છે.

✓ હાલ અમદાવાદ-હાવડા એક્સપ્રેસ અમદાવાદ- આગરા સુપરફાસ્ટ, અમદાવાદ-ગ્વાલિયર સુપરફાસ્ટ અને અન્ય ટ્રેનોમાં આ અભિયાન ચાલી રહ્યું છે.

### 3. જમ્મુ – શ્રી વેંકટેશ્વર સ્વામી મંદિરનું ઉપરાજ્યપાલ શ્રી મનોજ સિન્હાના હસ્તે ભૂમિપૂજન (ધર્મ-પર્યટન)

✓ જમ્મુના છેવાડાના વિસ્તારમાં 62 એકર જમીન પર રૂ. 33.22 કરોડના ખર્ચે મંદિરનું નિર્માણ થશે.

**દક્ષિણ ભારતના વાસ્તુશિલ્પ મુજબ બે તબક્કામાં નિર્માણ :**

✓ પ્રથમ તબક્કામાં મુખ્ય મંદિર, વાહનમંડપમ તથા સ્ટાફ માટે રહેઠાણ, શ્રદ્ધાળુઓ માટે વેઇટિંગ રૂમ તથા અન્ય સુવિધાઓ ઊભી કરાશે, જેની પાછળ રૂ. 27.22 કરોડ ખર્ચ થશે.

✓ બીજા તબક્કામાં વેદ પાઠશાળા અને કલ્યાણ મંડપમનું કામ થશે, જેનો રૂ. 5.5 કરોડ ખર્ચ થવાનો અંદાજ.

✓ શ્રી વેંકટેશ્વર સ્વામી મંદિરની સાથોસાથ શ્રી અંદલ તથા શ્રી પદ્માવતીના મંદિર પણ બનાવાશે.

✓ ગર્ભગૃહ અને અર્ધમંડપમ દક્ષિણ ભારતથી લવાયેલા ગ્રેનાઇટના પથ્થરથી બનાવાશે. વાસ્તુશિલ્પ દક્ષિણ ભારતના મંદિરો મુજબનું હશે.

### 4. ખેલકૂદ : ફ્રેન્ચ ઓપન-2021 (મેન્સ ડબલ્સ)



**વિજેતા જોડી અને દેશ :**

✓ **નિકોલસ માહૂટ અને પિયરે હ્યુઝ**

✓ **દેશ : ફ્રાન્સ**

✓ **ઉપવિજેતા :** એલેકઝાન્ડર બુબલિક અને આંદ્રે ગોલુબેવ – કઝાકિસ્તાન - યજમાન : પેરીસ-ફ્રાંસ

**5. ખેલકૂદ : ફ્રેન્ચ ઓપન-2021**

**મેન્સ સિંગલ વિજેતા અને દેશ :**

✓ નોવાક જોકોવિચ - દેશ : સર્બિયા

✓ **સિદ્ધિ :** બીજુ ફ્રેન્ચ ઓપન અને 19મું ગ્રાંડસ્લેમ વિજેતા.

✓ **ઉપવિજેતા :** સ્ટીફાનોસ સિતસિયાસ



**જૂન 2021ની સ્થિતિએ સૌથી વધુ ગ્રાંડસ્લેમ મેન્સ સિંગલ્સ વિજેતા**

| ખેલાડી | દેશ | ટાઇટલ્સ |
| --- | --- | --- |
| ફેડરર | સ્વિત્ઝર્લેન્ડ | 20 |
| નડાલ | સ્પેન | 20 |
| યોકોવિચ | સર્બિયા | 19 |
| સામપ્રાસ | અમેરિકા | 14 |
| ઈમર્સન | ઓસ્ટ્રેલિયા | 12 |

✓ યજમાન : પેરીસ-ફ્રાંસ

**6. ખેલકૂદ : ફ્રેન્ચ ઓપન-2021**

✓ યજમાન : પેરિસ-ફ્રાન્સ



**કેટેગરી : મહિલા ડબલ્સ વિજેતા અને દેશ :**

✓ બાર્બોરા ક્રેજસિકોવા અને કેટરિના સિનિયાકોવા

✓ દેશ : ચેક રિપબ્લિક - રમત : ટેનિસ

**7. ખેલકૂદ – સન્માન : ICC Hall of Fame**

**ICC દ્વારા ભારતીય ક્રિકેટર વિનુ માંકડનો 'આઈસીસી હોલ ઓફ ફેમ'માં સમાવેશ કરાયો**

**ICC Hall of Fame વિશે :**

✓ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (ICC) એ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ પહેલા આઈસીસી હોલ ઓફ ફેમમાં 10 ખેલાડીઓને સામેલ કર્યા.




✓ આ 10 ક્રિકેટરોએ ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં અભૂતપૂર્વ યોગદાન આપ્યું છે. આ 10 ખેલાડીઓને સામેલ કરવાની સાથે આ પ્રતિષ્ઠિત યાદીમાં સામેલ થનારા ક્રિકેટરોની સંખ્યા 103 થઈ ગઈ છે.

✓ ભારતના લેફ્ટ આર્મ સ્પિનર વિનુ માંકડને આઈસીસી હોલ ઓફ ફેમમાં સ્થાન આપવામાં આવ્યું છે. તેમાં પાંચ યુગોના 10 ખેલાડીઓને જગ્યા આપવામાં આવી છે.

✓ વિનુ માંકડની બે વર્લ્ડ વોર બાદના યુગ માટે પસંદગી કરવામાં આવી છે. આ યુગ 1946થી લઈને 1970 સુધીનો છે.

✓ વિનુ માંકડ સિવાય ઈંગ્લેન્ડના ટેડ ડેક્સ્ટરને પણ આ યુગ દરમિયાન આઈસીસી હોલ ઓફ ફેમમાં સામેલ કરવામાં આવ્યા છે.

✓ વિનુ માંકડની વાત કરીએ તો તેમણે 44 ટેસ્ટ મેચ રમી છે. જેમાં માંકડે 31.47ની એવરેજથી 2109 રન બનાવ્યા હતા. તેમણે આ દરમિયાન 162 વિકેટ પણ ઝડપી હતી. તેમની ગણના ભારતના મહાન ઓલરાઉન્ડરોમાં થાય છે.

**8. G-7 શિખર સંમેલન-UK (વૈશ્વિક સંબંધો)**

✓ સહમતિ : G-7 દેશો ક્લાઈમેટ એક્શનને વધુ સુદ્રઢ કરવા સહમત




**ક્લાઈમેટ ચેન્જ પ્લાન વિશે :**

✓ બ્રિટનમાં કોર્નવોલ ખાતે આયોજિત G-7 દેશોના નેતા જળવાયુ પરિવર્તન સંબંધી લક્ષ્યાંકોને વધુ કડકપણે અમલી બનાવવા તેમજ કોલસા અને અશ્મિ ઇંધણના ઉપયોગને નિયંત્રિત કરવા સહમત થયા.

✓ અમેરિકા, બ્રિટન, કેનેડા, ફ્રાન્સ, જર્મની, ઇટાલી અને જાપાનના નેતાઓ ઉપરાંત અતિથિ દેશો ભારત, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા, દક્ષિણ કોરિયા ત્રીજી અને અંતિમ બેઠક માટે મળ્યા હતા.

✓ બ્રિટનની સરકારે જારી કરેલા નિવેદન મુજબ કાર્બન ઉત્સર્જનને ઘટાડવા એક્શન પ્લાન ઘડી કાઢયો હતો.

✓ તેમાં કોલસાના ઉપયોગને નિયંત્રિત કરવા, ફોસિલ ફ્યૂઅલ ઊર્જા સેક્ટરને સીધા સરકારના પ્રોત્સાહનનો અંત લાવવા તેમજ પેટ્રોલ-ડીઝલ કારને તબક્કાવાર વપરાશમાંથી દૂર કરવા જેવા પગલાંનો સમાવેશ થાય છે.

✓ કાર્બન ઉત્સર્જનને ઘરઆંગણે ઘટાડવા પગલાં લેવા ઉપરાંત G-7 દેશોના નેતા વિકાસશીલ દેશોને ગ્રીન વિકાસ સાધવામાં અને જળવાયુ પરિવર્તનની અસરોનો સામનો કરવામાં મદદ મળે તે હેતુસર આંતરરાષ્ટ્રીય ક્લાઈમેટ ફાઇનાન્સને વધારવા પણ સહમત થયા હતા.

✓ આ દેશો ક્લાઈમેટ ફાઇનાન્સને વધારીને વાર્ષિક 100 અબજ ડોલર કરવાની નેમ ધરાવે છે. બીજી તરફ ચીનના વૈશ્વીક પડકારો અંગે પણ તમામ નેતાઓ દ્વારા ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

**ઉત્સર્જન ઘટાડવાનું લક્ષ્યાંક :**

✓ G-7 દેશો વર્ષ 2010ની તુલનાએ વર્ષ 2030 સુધીમાં ઉત્સર્જનને અડધું કરવાની નેમ ધરાવે છે. બ્રિટને વર્ષ 1990ના મુકાબલે 2030 સુધીમાં ઉત્સર્જનના સ્તરમાં 68 ટકા કાપ મૂકવાની નેમ જાહેર કરી હતી.

✓ વર્ષ 2010ની તુલનામાં જોવામાં આવે તો આ કાપ 58 ટકાનો હશે. જોન્સને આ પ્રસંગે બ્રિટનના બ્લૂ પ્લેનેટ ફંડ લોન્ચ કરવાની ઘોષણા કરી હતી.

**ભારતના PM શ્રી મોદીના G-7ના બીજા સત્રમાં સંબોધનના મહત્વના અંશો :**

- ✓ કોરોનાની વેક્સિન તમામ દેશોને મળી રહે તેમજ ઝડપથી તેનું ઉત્પાદન કરી શકાય તે માટે વેક્સિન પરની પેટન્ટ હટાવવા G-7 દેશોનાં નેતાઓને અપીલ કરી હતી.
- ✓ ભારત અને સાઉથ આફ્રિકા જેવા દેશો માટે TRIPS દૂર કરવા WTOમાં રજૂઆત.
- ✓ ટ્રિપ્સ હટાવવા માટે મોદીને સાઉથ આફ્રિકા, ઓસ્ટ્રેલિયાનાં દેશોના વડાઓનો તરત સપોર્ટ મળ્યો હતો.

**ક્લાઈમેટ ચેન્જની સમસ્યા ઉકેલવા સામૂહિક પ્રયાસો જરૂરી : ભારતીય વડાપ્રધાનનું આહ્વાન**

- ✓ પીએમ મોદીએ બીજા સેશનમાં ક્લાઈમેટ ચેન્જ તેમજ ઓપન સોસાયટી મુદ્દે સંબોધન કર્યું હતું
- ✓ ક્લાઈમેટ ચેન્જની સમસ્યા ઉકેલવા માટે સામૂહિક પ્રયાસો જરૂરી છે.
- ✓ G-20 પૈકી ભારત એકમાત્ર એવો દેશ છે કે જેણે પેરિસ સમજૂતી મુજબ તેની પોતાની ફરજ નિભાવી છે.
- ✓ પડકારોનો સામનો કરવા અને મૂલ્યોનું જતન કરવા ઓપન સોસાયટીની તેમણે તરફેણ કરી હતી.
- ✓ G-7 દેશો જે સમાન મૂલ્યો અને ચિંતાઓ તેમજ પડકારોનો સામનો કરી રહ્યા છે તેમાં ભારત કુદરતી રીતે જ સહયોગી દેશ છે.
- ✓ G-7 દેશો હાલ સરમુખત્યારશાહી, આતંકવાદ અને ઉગ્રવાદનાં ખતરાઓ સામે મૂલ્યોનું જતન કરવાનાં પડકારોનો સામનો કરી રહ્યા છે. ભારત પણ તેમાં કુદરતી રીતે સહભાગી છે.
- ✓ લોકશાહી, વિચારોની સ્વતંત્રતા અને ઉદારતાનાં જતન માટે ભારતીય સમાજ પ્રતિબદ્ધ.
- ✓ તેમણે સમાજને વધુ ખુલ્લો મૂકવા પર ભાર મૂક્યો હતો અને ખુલ્લા સમાજની નબળાઈઓ દૂર કરવા અનુરોધ કર્યો હતો.
- ✓ ટેકનિકલ કંપનીઓ દ્વારા સાયબર સેક્ટરને સુરક્ષિત રાખવાની જવાબદારી નિભાવવા સૂચન કર્યું હતું. G-7માં ભારતનો હિસ્સો ફળદાયી અને રચનાત્મક રહ્યો હતો.

**બે દિવસીય G-7 બેઠકમાં ચર્ચાયેલા મહત્વના મુદ્દા**

- ✓ વેક્સિન અને રિકવરી, આરોગ્ય, પર્યાવરણ તેમજ ક્લાઈમેટ ચેન્જ, ખુલ્લો સમાજ અને ખુલ્લી ઈકોનોમીનાં મુદ્દા ચર્ચાયા હતા.
- ✓ ફ્રાન્સે વેક્સિનનાં ઉત્પાદનમાં ભારતને તેનાં નિષ્ણાતોની મદદ લઈને તેને ગ્લોબલ હબ બનાવવા અનુરોધ ક્ય હતો.

**9. દિન વિશેષ : 13 જૂન આંતરરાષ્ટ્રીય આલ્બિનિઝમ જાગૃતિ દિવસ**




- ✓ **થીમ-2021 : Strength Beyond All Odds.**
- ✓ આલ્બિનિઝમ રંજક દ્રવ્યોની ખામીને કારણે થતો રોગ.
- ✓ આલ્બિનિઝમ આનુવંશિક ડીસઓર્ડર છે. જે આંખોને પણ અસર કરે છે.
- ✓ આલ્બિનિઝમ એક ડિસોર્ડર છે જેમાં મેલનિનની સંપૂર્ણ અથવા આંશિક ગેરહાજરી હોય છે, જે સૂર્યના અલ્ટ્રાવાયોલેટ કિરણોથી ચામડીને રક્ષણ આપે છે.
- ✓ 26 જૂન 2014ના રોજ સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર આયોગના પ્રસ્તાવના માધ્યમથી 13 જૂનને આંતરરાષ્ટ્રીય આલ્બિનિઝમ જાગૃતિ દિવસના રૂપે મનાવવાની ઘોષણા કરાઇ હતી.

**10. જન્મ દિન વિશેષ : 13 જૂન ગણેશ દામોદર સાવરકર**



**જન્મ : 13 જૂન 1879**

**અવસાન : 16 માર્ચ 1945**

- ✓ ગણેશ સાવરકર વીર સાવરકરના મોટાભાઈ હતા.
- ✓ તેઓ પોતે સ્વાતંત્ર સેનાની અને અભિનવ ભારત સોસાયટીના સ્થાપક હતા.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (13-06-2021)</u>

1. ભારતમાં આગામી સમયમાં મેડિકલ ડ્રોન દ્વારા દવા પહોંચાડવા માટે બેંગલુરુમાં ટ્રાયલની મંજૂરી કોના દ્વારા અપાઇ - **નાગરિક ઉડ્ડયન મંત્રાલય**
2. ભારતમાં આગામી સમયમાં મેડિકલ ડ્રોન દ્વારા દવા પહોંચાડવા માટેનું સંચાલન કોના દ્વારા કરવામાં આવશે - **BVLOS**
3. BVLOSનું વિસ્તૃત નામ જણાવો - **બિયોન્ડ વિઝ્યુઅલ લાઈન ઓફ સાઈટ**
4. ભારતીય રેલવે દ્વારા લાંબા અંતરની ટ્રેનમાં મુસાફરી કરતી મહિલાઓની સુરક્ષા માટે કયું નવું અભિયાન શરૂ કરાયું - **મેરી સહેલી અભિયાન**
5. ભારતીય રેલવેમાં RPF અને GRP હેલ્પલાઇન નંબર જણાવો - **139 અને 1512**
6. જમ્મુમાં ઉપરાજ્યપાલના હસ્તે જૂન 2021માં 62 એકરમાં નિર્માણ પામનાર કયા મંદિરનું ભૂમિપૂજન કરાયું - **શ્રી વેંકટેશ્વર સ્વામી**
7. જમ્મુ-કાશ્મીરના વર્તમાન ઉપરાજ્યપાલનું નામ જણાવો - **શ્રી મનોજ સિંહા**
8. ફ્રેન્ચ ઓપન -2021 મેન્સ ડબલ્સ વિજેતા અને દેશ જણાવો - **નિકોલસ માહૂટ અને પિયરે હ્યુઝ તથા ફ્રાન્સ**
9. ફ્રેન્ચ ઓપન -2021 મેન્સ સિંગલ વિજેતા અને દેશ જણાવો - **નોવાક જોકોવિચ, સર્બિયા**
10. નોવાક જોકોવિચ જૂન 2021ની સ્થિતિએ કુલ કેટલા ગ્રાન્ડ સ્લેમ વિજેતા થયો છે - **19**
11. ફ્રેન્ચ ઓપન-2021ની રમત જણાવો - **ટેનિસ**
12. ફ્રેન્ચ ઓપન -2021 મેન્સ સિંગલ ઉપવિજેતા જણાવો - **સ્ટીફાનોસ સિતસિપાસ**
13. ફ્રેન્ચ ઓપન-2021 મહિલા ડબલ્સ વિજેતા ખેલાડી અને દેશનું નામ જણાવો - **બાર્બોરા ક્રેજસિકોવા અને કેટરિના સિનિયાકોવા તથા ચેક રિપબ્લિક**
14. જૂન-2021માં ICC દ્વારા કયા ભારતીય ક્રિકેટર ઓલરાઉન્ડરનો 'આઈસીસી હોલ ઓફ ફેમ'માં સમાવેશ કરાયો - **વિનુ માંકડ**
15. જૂન-2021માં ICC દ્વારા ભારતીય ક્રિકેટર ઓલરાઉન્ડર વિનુ માંકડ સહિત કેટલા ખેલાડીનો 'આઈસીસી હોલ ઓફ ફેમ'માં સમાવેશ કરાયો – **10**

16. ICC દ્વારા ભારતીય ક્રિકેટર ઓલરાઉન્ડર વિનુ માંકડની કયા સમયગાળા માટે 'આઈસીસી હોલ ઓફ ફેમ'માં પસંદગી કરાઈ – **વર્ષ 1946થી 1970 સુધી**
17. બ્રિટનના કોર્નવોલ ખાતે આયોજિત G-7 શિખર સંમેલન-2021માં સભ્ય દેશો કયા મુદ્દાને વધુ સુદ્રઢ કરવા સહમત થયા - **ક્લાઈમેટ એક્શન**
18. G-7 શિખર સંમેલન-2021માં અમેરિકા, બ્રિટન, કેનેડા, ફ્રાન્સ, જર્મની, ઇટાલી અને જાપાનના નેતાઓ ઉપરાંત ક્યા અતિથિ દેશો સમિટની ત્રીજી અને અંતિમ બેઠકમાં જોડાયા હતા - **ભારત, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા અને દક્ષિણ કોરિયા**
19. G-7 શિખર સંમેલન-2021માં સભ્ય દેશો ક્લાઈમેટ ફાઇનાન્સને વધારીને વાર્ષિક કેટલો કરવાની નેમ વ્યક્ત કરી હતી - **100 અબજ ડોલર**
20. G-7 શિખર સંમેલન-2021માં G-7 દેશો વર્ષ 2010ની તુલનાએ કયા વર્ષ સુધીમાં ઉત્સર્જનને અડધું કરવાની નેમ વ્યક્ત કરી – **2030**
21. બ્રિટને વર્ષ 1990ના મુકાબલે 2030 સુધીમાં ઉત્સર્જનના સ્તરમાં કેટલા ટકા કાપ મૂકવાની નેમ જાહેર કરી હતી - **68**
22. G-7ના બીજા સત્રને સંબોધતા ભારતના PM શ્રી મોદીએ કોરોનાની વેક્સિન તમામ દેશોને મળી રહે તેમજ ઝડપથી તેનું ઉત્પાદન કરી શકાય તે માટે કયા પગલાં ભરવા G-7 દેશોનાં નેતાઓને અપીલ કરી હતી - **વેક્સિન પરની પેટન્ટ હટાવવા**
23. G-7ના બીજા સત્રને સંબોધતા ભારતના PM શ્રી મોદીએ કયા દેશો માટે TRIPS દૂર કરવા WTOમાં રજૂઆત કરી - **ભારત અને સાઉથ આફ્રિકા**
24. G-20 પૈકી કયો એકમાત્ર એવો દેશ છે કે જેણે પેરિસ સમજૂતી મુજબ તેની પોતાની ફરજ નિભાવી છે - **ભારત**
25. G-7 શિખર સંમેલન-2021માં ચર્ચાયેલા મહત્વના મુદ્દાઓ જણાવો - **વેક્સિન અને રિકવરી, આરોગ્ય, પર્યાવરણ તેમજ ક્લાઈમેટ ચેન્જ, ખુલ્લો સમાજ અને ખુલ્લી ઈકોનોમી**
26. આંતરરાષ્ટ્રીય આલ્બિનિઝ્મ જાગૃતિ દિવસ ક્યારે મનાવવામાં આવે છે - **13 જૂન**
27. આંતરરાષ્ટ્રીય આલ્બિનિઝ્મ જાગૃતિ દિવસ-2021ની થીમ જણાવો – **Strength Beyond All Odds**
28. આલ્બિનિઝ્મ કયા દ્રવ્યોની ખામીને કારણે થતો રોગ છે - **રંજક**
29. કયા દિવસે સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર આયોગના પ્રસ્તાવના માધ્યમથી 13 જૂનને આંતરરાષ્ટ્રીય આલ્બિનિઝ્મ જાગૃતિ દિવસના રૂપે મનાવવાની ઘોષણા કરવામાં આવી - **26 જૂન 2014**
30. ગણેશ દામોદર સાવરકરનો જન્મ દિવસ જણાવો - **13 જૂન 1879**
31. કયા સ્વાતંત્ર સેનાનીએ અભિનવ ભારત સોસાયટીના સ્થાપના કરી હતી - **ગણેશ દામોદર સાવરકર**

**DATE : 14-06-2021**

## 1. ગુજરાત સરકાર : કોરોનાની સંભવિત ત્રીજી લહેર સામે સરકારનો એક્શન પ્લાન જાહેર

### મે મહિનાથી જ કોરોનાનો એક્શન પ્લાન તૈયાર કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય




**ટેસ્ટ-ટ્રેકિંગ :**

- ✓ RTPCR લેબની સંખ્યા 104થી વધારીને 155 તથા RTPCR ટેસ્ટ મશીનોની સંખ્યા 234થી વધારીને 285 થશે.
- ✓ સિટી સ્કેન મશીન 18 થી વધારી 44 કરાશે.
- ✓ ટેસ્ટની ક્ષમતા 75 હજારથી વધારીને દૈનિક 1.25 લાખ ટેસ્ટની કરાશે.

**હોસ્પિટલ :**

કોવિડ ફેસિલિટી 1800થી વધારીને 2400 કરાશે, બાળકો માટેના બેડ 2000થી વધારીને 4000 થશે. બાળકો માટેના વેન્ટિલેટર 500થી વધારીને 1 હજાર થશે.

- ✓ ઓક્સિજન બેડ 61000થી વધારી 1.10 લાખ થશે. ICU બેડની સંખ્યા 15 હજારથી વધારીને 30 હજાર થશે.
- ✓ રાજ્યભરમાં 15 હજારથી વધારે કોવિડ આઇસોલેશન સેન્ટરો ચાલુ રખાશે.
- ✓ વેન્ટિલેટરની સંખ્યા 7 હજારથી વધારીને 15 હજાર કરાશે.

**ઓક્સિજન :**

- ✓ ઓક્સિજનની ક્ષમતા 150 મેટ્રીક ટનથી 1800 મેટ્રીક ટન કરાશે.
- ✓ પીએસએ ઓક્સિજન પ્લાન્ટની સંખ્યા 24થી 400 તથા પીએસએ પ્લાન્ટની ક્ષમતા 20 મેટ્રીક ટનથી 300 મેટ્રીક ટન કરાશે.
- ✓ ઓક્સિજન કન્સેન્ટ્રેટરની સંખ્યા 700થી વધારીને 10,000 કરાશે.

**દવા :**

- ✓ રેમડેસિવિર, એમ્ફોટેરિસિન-બી, ટોસિલિઝુમેબ, ફેવિપેરાવીર સહિતની દવાઓનો પૂરતો જથ્થો અગાઉથી મેળવીને એક કરવામાં આવશે.

**મેડિકલ સ્ટાફની સંખ્યા વધારવામાં આવશે :**

- ✓ સ્પેશિયાલિસ્ટ ડૉક્ટર્સની સંખ્યા 2350થી વધારીને 4000
- ✓ MBBS ની સંખ્યા 5200થી વધારી 10,000
- ✓ નર્સની સંખ્યા 12,000થી વધારી 22,000
- ✓ ચોથા વર્ગના કર્મચારીઓની સંખ્યા 8 હજારથી વધારીને 15 હજાર
- ✓ અટેન્ડન્ટની સંખ્યા 4 હજારથી વધારીને 10,000 થશે

## 2. RBI : ભારતમાં આગામી માર્ચ 2026 સુધી રિટેલ ફુગાવાને 4 ટકાના દરે સિમિત રાખવાનું લક્ષ્યાંક

**અન્ય બાબતો :**

- ✓ આરબીઆઈ દ્વારા માર્ચ 2026 સુધી રિટેલ ફુગાવાને 4 ટકાનાં દરે સીમિત રાખવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે. જેમાં 2 ટકા વધારો કે ઘટાડાને અવકાશ છે. પાંચ મહિના પછી રિટેલ ફુગાવો RBIનાં 6 ટકાનાં લક્ષ્યાંકથી ઉપર ગયો.
- ✓ આરબીઆઈએ 2021-22માં રિટેલ ફુગાવો 5.1 ટકા રહેવાનું અનુમાન નક્કી કર્યું હતું.
- ✓ પહેલા ત્રિમાસિક ગાળામાં 5.2 ટકા, બીજામાં 5.4 ટકા, ત્રીજામાં 4.7 ટકા અને ચોથામાં 5.3 ટકાની ધારણા રાખી હતી.
- ✓ ફુગાવાને અંકુશમાં રાખવા આરબીઆઈએ વ્યાજ દર યથાવત્ રાખ્યા હતા.

## 3. ગ્લોબલ વિન્ડ એનર્જી કાઉન્સિલ : અંદાજ પ્રમાણે ભારત વર્ષ 2021-25 દરમિયાન પવન ઊર્જા થકી 20 ગીગાવોટ વીજળી ઉત્પન્ન કરવાની ક્ષમતા સિદ્ધ કરશે

GWEC
GLOBAL WIND ENERGY COUNCIL

## 4. કેરળ : કોફીની નવી પ્રજાતિ શોધાઈ વૈજ્ઞાનિક નામ એર્ગોસ્ટેના ક્વોરેન્ટના

## 5. UN- ઉચ્ચકક્ષાની બેઠકને PM મોદીનું સંબોધન (પર્યાવરણ)

**મહત્વના અંશો :**

**લેન્ડ ડિગ્રેડેશનને રોકવા વિશ્વને આહાન :**

- ✓ પવિત્ર ધરતી માના ડિગ્રેડેશનને રોકવાની લડાઇમાં ભારત સૌથી આગળ છે. ભારતે ફોરેસ્ટ કવરને વધારવામાં સફળતા મેળવી છે.




- ✓ ભારતે પાછલા 10 વર્ષની અંદર લગભગ 30 લાખ હેક્ટર વન ક્ષેત્ર ઉમેર્યું છે. ભારતે પોતાના વન ક્ષેત્રને દેશના કુલ ક્ષેત્રફળના લગભગ એક ચતુર્થાંશ ભાગ સુધી વધારી દીધું છે.
- ✓ અમે લેન્ડ ડિગ્રેડેશનને અટકાવવાની અમારી રાષ્ટ્રીય પ્રતિબદ્ધતાને પ્રાપ્ત કરવાના માર્ગે છીએ.

**પડકાર :**

- ✓ વિકાસશીલ દેશો માટે લેન્ડ ડિગ્રેડેશન એક મોટો પડકાર છે. ભારત પોતાના સાથી વિકાસશીલ દેશોને લેન્ડ રિસ્ટોરેશન સ્ટ્રેટેજી તૈયાર કરવામાં મદદ કરી રહ્યું છે.
- ✓ હાલમાં લેન્ડ ડિગ્રેડેશન વિશ્વના બે તૃતીયાંશ હિસ્સાને પ્રભાવિત કરી રહ્યું છે. જો તેને અનિયંત્રિત છોડી દેવામાં આવશે તો તે આપણા સમાજો, અર્થવ્યવસ્થાઓ, ખાદ્ય સુરક્ષા, સ્વાસ્થ્ય, સુરક્ષા અને જીવનની ગુણવત્તાના પાયાને જ ખતમ કરી દેશે.

**કચ્છના બન્નીમાં ભારતને સારા પરિણામો મળ્યા**

- ✓ વડાપ્રધાને ઉમેર્યું હતું કે અમે જમીનના રક્ષણ માટે કેટલાક નવા ઉપાયો અજમાવ્યા છે. એક ઉદાહરણ કચ્છના રણનું બન્ની ક્ષેત્ર છે.
- ✓ ગુજરાત સૌથી વધારે ડિગ્રેડેડ જમીન ધરાવે છે અને આ ક્ષેત્રમાં ઘણો ઓછો વરસાદ વરસે છે.
- ✓ આ બન્ની ક્ષેત્રમાં ઘાસના મેદાનોને વિકસિત કરીને ભૂમિનું પુન : સ્થાપના કરવામાં આવે છે.
- ✓ આ પ્રયાસમાં 250 થી 300 કરોડ ટન કાર્બન ડાયોક્સાઇડ જેટલી વધારાની કાર્બન ક્રેડિટ મેળવવાનું લક્ષ્ય પણ પૂરું થઈ જશે.
- ✓ જમીનનું ધોવાણ અટકાવવા વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણને ઉત્તેજન અપાઈ રહ્યું છે. માનવ ગતિવિધિને કારણે જમીનને નુકસાન થઈ રહ્યું છે અને તેની ભરપાઇ કરવી એ માણસોની સામૂહિક જવાબદારી છે .

## 6. ઈઝરાયેલ : 12 વર્ષે ઈઝરાયેલમાં સતા પરિવર્તન

**નવા વડાપ્રધાન તરીકે 49 વર્ષના નફતાલી બેનેટના શપથ**



- ✓ **ચૂંટણી :** સત્તાપક્ષને 60 તો વિરોધપક્ષને 59 સાંસદોનું સમર્થન
- ✓ આઠ પક્ષના મોરચા દ્વારા નવી સરકારની રચના
- ✓ રાજધાની : તેલ અવિવ

## 7. વૈશ્વિકકક્ષાએ પરમાણુ હથિયારની સ્થિતિ-2021

STOCKHOLM INTERNATIONAL PEACE RESEARCH INSTITUTE

sipri

- ✓ વર્ષ 2021ની સ્થિતિએ વિશ્વમાં કુલ 13,080 પરમાણુ બોમ્બ જ્યારે વર્ષ 2020માં આ આંકડો 13,400 હતો.

| દેશ | 2021માં | 2020માં |
|---|---|---|
| અમેરિકા | 5,550 | 5,800 |
| રશિયા | 6,255 | 6,375 |
| બ્રિટન | 225 | 215 |
| ફ્રાન્સ | 290 | 290 |
| ચીન | 350 | 320 |
| ભારત | 156 | 150 |
| પાકિસ્તાન | 165 | 160 |
| ઈઝરાયલ | 90 | 90 |
| ઉ.કોરિયા | 40-50 | 30-40 |

- ✓ અહેવાલ : સ્ટોકહોમ આંતરરાષ્ટ્રીય શાંતિ અનુસંધાન સંસ્થાન-(SIPRI)

## 8. માલી : નવા વડાપ્રધાન તરીકે ચોગુ એલ ચોગુ કોકલા માઈગા

- ✓ રાજધાની : બામાકો

## 9. જન્મ દિન વિશેષ : 14 જૂન

**પંજાબ કેસરી રાજા રણજિતસિંહ - શેરે પંજાબ શેરે હિન્દ**




**જન્મ : 14-06-1780 અવસાન : 1839**

- ✓ હિન્દના સ્વતંત્ર રાજા રણજીતસિંહનો જન્મ પંજાબના સુકર ચાડીયા સંસ્થાનના શીખ ઠાકોર ચંદનસિંહના પરિવારમાં થયો હતો.

- ✓ માત્ર સત્તર વરસની ઉંમરે તેઓ ગાદીએ આવ્યા. સમગ્ર ઉત્તર ભારતમાં શીખ રાજ્યોનું એક ગંજાવર મજબુત એકમ ઉભું કરવાની તેમની ધગશ હતી.
- ✓ શિસ્તબદ્ધ અધતન લકરી જાણકારીવાળા યુરોપિયન ઓફિસરો રાખી તેમણે પોતાની સેનાને યુરોપિયન ઢબે જ કેળવી. પોષાક પણ પાઘડી સિવાય યુરોપિયન જ રાખ્યો.
- ✓ લાહોરમાં તેમણે તોપો અને લશ્કરી સામગ્રી બનાવવાનું કારખાનું રાખ્યું. પોતાના દેશમાં જ બધુ બનાવ્યું. તેમણે કાશ્મિરથી સિંધ અને સતલજથી પેશાવર એમ વિશાળ મજબુત સામ્રાજ્ય-એકહથ્થુ સત્તા મેળવી.
- ✓ જગવિખ્યાત કોહિનૂર હિરો તેમણે અફઘાનિસ્તાનના આફાબેગમ પાસેથી મેળવેલો.
- ✓ તેઓ જાતે વણેલો શણનો જામો હંમેશા પહેરતા. ખૂબ સાદા રહેતા. ઠઠારો-દેખાડોથી દૂર રહેતા. પાતળા શરીર પર વજનદાર માથાવાળું તેમનું ઠીંગણું શરીર ઘોડા પર સવાર થતાં જ તેમનું વ્યક્તિત્વ ભવ્ય લાગતું.
- ✓ પોતે નિરક્ષર હોવા છતાંયે શિક્ષણ, કેળવણી અને જ્ઞાનવિદ્વતાને તેમણે ઘણું મહત્વ આપ્યું. તે સમયે ભારતમાં પંજાબમાં ગામે ગામ શિક્ષણના કેન્દ્ર તરીકે પંકાતું.
- ✓ શૂરવીરતા, સંગઠન, પરાક્રમ અને શીખ એકતાને વરેલા ભારતમાતાના આ વીર-પનોતા પુત્રને બ્રિટીશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના અંગ્રેજ વેપારી- અમલદારો ખુશામત અને અવનવી ભેટ-સોગાદોથી નવાજતા, સાચવતા.
- ✓ પંજાબમાં અહમદ શાહ દુરાણીના સતત આક્રમણથી ઘણા મુસ્લિમ રાજ્યો બનેલા. તે સમયે પરાક્રમી વીર રણજીતસિંહે પોતાની શૂરવીરતા સંગઠનથી ઉત્તર ભારતમાં એકહથ્થુ સત્તા મેળવી.
- ✓ વર્ષ 1839માં 59 વર્ષે યુદ્ધમાં તેઓ મૃત્યુ પામ્યા.

### 10. દિન વિશેષ : 14 જૂન   વિશ્વ રક્તદાન દિવસ




**થીમ-2021 : "Give blood and keep the world beating"**

- ✓ **ખાસ:** 18થી 65 વર્ષની દરેક સ્વસ્થ વ્યક્તિ દર ત્રણ મહિને રક્તદાન કરી શકે
- ✓ વિશ્વ રક્તદાન દિવસ દુનિયાભરના સ્વૈચ્છિક રક્તદાતાઓ પ્રત્યે આભાર વ્યક્ત કરવા માટે ઉજવવામાં આવે છે.
- ✓ આ દિવસ દર વર્ષે જૂન 14ના રોજ ઉજવવામાં આવે છે.
- ✓ આની શરૂઆત સને 2007ના વર્ષથી કરવામાં આવેલ છે. જે એબીઓ રક્તસમુહ પ્રણાલી (ABO blood group system)ના શોધક,જે માટે તેમને ઇ. સ. 1930ના વર્ષનું નોબૅલ પારિતોષિક પણ એનાયત કરવામાં આવ્યું હતું.
- ✓ કાર્લ લેન્ડસ્ટેઇનર(Karl Landsteiner)નો જન્મ દિવસ 14મી જૂન, 1868 હોવાથી તેમની યાદમાં વિશ્વ આરોગ્ય સંસ્થાએ પહેલ કરી વિશ્વને રક્તદાનનું મહત્વ સમજાવવા આ દિન મનાવી પ્રયાસ આદર્યો છે.




- ✓ વિશ્વ રક્તદાન દિવસ ઉજવવાનો એક મહત્વનો હેતુ, રક્તાધાન (blood transfusion) માટે સુરક્ષિત રક્તની ઉપલબ્ધતા ચાલુ રાખવાનો પણ છે.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (14-06-2021)

1. ભારતમાં કોરોનાની સંભવિત ત્રીજી લહેરને પહોંચી વળવા જૂન 2021માં  કયા રાજ્ય દ્વારા સૌપ્રથમ એકશન પ્લાન તૈયાર કરાયો - **ગુજરાત**
2. RBI દ્વારા વર્ષ 2021-22માં રિટેલ ફુગાવો કેટલા ટકા રહેવાનું અનુમાન કરાયું હતું - **5.1%**
3. જૂન-2021ના RBIના અહેવાલ મુજબ ભારતમાં આગામી માર્ચ 2026 સુધી રીટેલ ફુગાવાને કેટલા ટકાના દરે સીમિત રાખવાનો લક્ષ્યાંક નક્કી કરાયો છે - **4%**
4. 'ગ્લોબલ વિન્ડ એનર્જી કાઉન્સિલ'ના જૂન 2021ના અંદાજ મુજબ ભારત વર્ષ 2021-25 દરમિયાન પવન ઊર્જા થકી કેટલા ગીગાવૉટ વીજળી ઉત્પન્ન કરવાની ક્ષમતા સિદ્ધ કરશે - **20**
5. જૂન 2021માં કૉફીની કઇ નવી પ્રજાતિ કયા રાજ્યમાં શોધાઇ - **એંગોસ્ટેના ક્વૉરેન્ટના અને કેરલ**
6. તાજેતરમાં UN ઉચ્ચકક્ષાની બેઠકમાં કયા દેશના વડાપ્રધાન દ્વારા લેન્ડ ડિગ્રેડેશનને  રોકવા વૈશ્વિક આહ્વાન કર્યું હતું - **શ્રી નરેન્દ્ર મોદી, ભારત**
7. ભારતમાં છેલ્લા દસ વર્ષમાં અંદાજે કેટલા લાખ હેક્ટર વન ઉમેરાયું છે - **30 લાખ**
8. જૂન 2021માં કેટલા વર્ષ બાદ ઈઝરાયલમાં દેશમાં સત્તા પરિવર્તન આવ્યું છે - **12**
9. જૂન 2021માં ઇઝરાયેલના નવા વડાપ્રધાન તરીકે  કોની નિમણૂક કરાઇ - **નફતાલી બેનેટ**
10. જૂન 2021માં માલીના નવા વડાપ્રધાન તરીકે કોણ ચૂંટાયા - **ચોગુએલ કોકલા માઇગા**
11. ગ્લોબલ વિન્ડ એનર્જી કાઉન્સિલના અંદાજ પ્રમાણે ભારત વર્ષ 2021-25 દરમિયાન પવન ઊર્જા થકી કેટલી વીજળી ઉત્પન્ન કરવાની ક્ષમતા સિદ્ધ કરશે - **20 ગીગાવૉટ**
12. સ્ટોકહોમ આંતરરાષ્ટ્રીય શાંતિ અનુસંધાન સંસ્થાન-(SIPRI)ના તાજેતરના અહેવાલ પ્રમાણે વિશ્વમાં વર્ષ 2020 તથા વર્ષ 2021માં કેટલા પરમાણુ બોમ્બ હતા - **13,400 તથા 13,080**
13. સ્ટોકહોમ આંતરરાષ્ટ્રીય શાંતિ અનુસંધાન સંસ્થાન-(SIPRI)ના તાજેતરના અહેવાલ પ્રમાણે વર્ષ 2021ની સ્થિતિએ સૌથી વધુ પરમાણુ બોમ્બ કયા દેશ પાસે કેટલા હતા – **5,550**
14. વિશ્વ રક્તદાન દિવસ ક્યારે મનાવાય છે – **14 જૂન**

15. "વિશ્વ રક્તદાન દિવસ"-2021ની થીમ જણાવો - **"Give blood and keep the world beating"**

16. કેટલી ઉંમરના વ્યક્તિ દર ત્રણ મહિને રક્તદાન કરી શકે - **18 થી 65 વર્ષ**

17. "વિશ્વ રક્તદાન દિવસ" ઉજવવાનો પ્રારંભ કયા વર્ષથી થયો - **2007**

**DATE : 15-06-2021**

## 1. સરસ્વતી નદીના ઉદગમ સ્થાન કોટેશ્વર મહાદેવ મંદિર-અંબાજીનો યાત્રાધામ તરીકે વિકાસ કરાશે : ગુજરાત સરકાર




દેશમાં ગંગા જેવી પવિત્ર નદીની આરતી થાય છે તેમ ગુજરાતમાં સરસ્વતી નદીની આરતી થાય તેવું આયોજન ઉત્તર ગુજરાતમાં કરવામાં આવ્યું.

- ✓ અંબાજી પાસે આવેલા કોટેશ્વર મંદિર પાસે સરસ્વતી આરતી થાય તે માટેના એક પ્રોજેક્ટ પર જિલ્લા કલેક્ટર તંત્ર કામ કરી રહ્યું છે.
- ✓ લુપ્ત સરસ્વતી નદી કોટેશ્વર મંદિર પાસે પ્રાદુર્ભાવ પામે છે, જિલ્લા કલેક્ટરે મંદિર પરિસર, અન્ય મિલકતો તેમજ ખેતી સહિતની જમીનનો કબજો લઇ લીધો

**માસ્ટર પ્લાન તૈયાર કરાશે :**

- ✓ અંબાજી નજીકના સરસ્વતી નદીના ઉદગમ સ્થાન કોટેશ્વરમાં હરિદ્વારની પવિત્ર ગંગા આરતીની જેમ જ સરસ્વતી આરતી કરાશે
- ✓ ઉપરાંત અયોધ્યામાં રામમંદિરના આર્કિટેક્ટ સી.બી.સોમપુરાની ટીમ કોટેશ્વરધામની ડિઝાઇન વિકસાવવા આગામી દિવસોમાં આવશે.
- ✓ કોટેશ્વર મંદિરની ફરતે ડુંગરાઓને હરિયાળા બનાવવા સૂચનાઓ અપાઇ છે.

**પ્રાચીન મહત્વ :**

- ✓ સરસ્વતી નદી ભારતીય વૈદિક પરંપરાની મુખ્ય નદી પૈકીની એક છે.
- ✓ લુપ્ત સરસ્વતી કોટેશ્વર મહાદેવના મંદિર પાસેથી ગુજરાતમાં પ્રાદુર્ભાવ પામે છે ત્યારે કોટેશ્વર મંદિરનો વિકાસ કરી યાત્રાધામ તરીકે જાણીતું થાય તેવા પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે.
- ✓ **મુખ્ય આયોજક : આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ**

## 2. ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક-2021 : લવ જેહાદ અંગેનો કાયદાનો ગુજરાતમાં 15 જૂન-2021થી અમલ શરૂ




## 3. ગલવાન ઘાટી : ચીની સૈનિકો સાથે હિંસક અથડામણનું એક વર્ષ પૂર્ણ – તા. 15 જૂન 2021




- ✓ ભારતીય સેનાના 20 શહિદ જવાનોને આર્મી ચીફ એમ.એમ. નરવણે દ્વારા ભાવસભર શ્રદ્ધાંજલિ
- ✓ ઘટના સ્થળ : ગલવાન ઘાટી, LAC-લદ્દાખ

## 4. આત્મનિર્ભર ભારત : 43 ટકા ભારતીય ગ્રાહકો ચીનની પ્રોડક્ટ ખરીદીથી દૂર રહ્યાં-સરવે

**વિગત :** કોરોના મહામારી અને ચીન સાથે થયેલા તણાવના કારણે 43 ટકા ભારતીય ગ્રાહકોએ ચીનની પ્રોડક્ટ ખરીદીથી દૂર રહ્યાંનું એક ઓનલાઇન કંપનીએ સરવેમાં જણાવાયું છે.

- ✓ ગ્રાહકો સાથેનો સર્વે તા. 1-10 જૂન દરમિયાન હાથ ધરવામાં આવ્યો હતો અને દેશના 281 જિલ્લાઓમાં રહેતા 17,800 નાગરિકોને આવરી લેવામાં આવ્યા હતા.
- ✓ જાન્યુઆરીથી મે 2021 દરમિયાન ચીનની આયાતમાં વાર્ષિક ધોરણે 42 ટકાનો વધારો થયો.
- ✓ ભારત દ્વારા જે આયાતમાં વધારો કરવામાં આવ્યો છે તે માત્ર તબીબી ઉપકરણો અને તબીબી ઓક્સિજન સાધનોની આયાતમાં વધારો થયો.
- ✓ હકીકતમાં ઇન્ટરમિડિયટ ચીજવસ્તુઓની ભારતીય આયાતમાં ચીનનો હિસ્સો 127 છે, અને કેપિટલ ગુડ્ઝમાં 30 ટકા છે, કન્ઝ્યુમર ગુડ્ઝમાં 26 ટકા છે.
- ✓ સર્વેક્ષણમાં પ્રથમ સવાલ એ હતો કે છેલ્લા 12 મહીનામાં ભારતીય ગ્રાહકોએ ચીનથી કેટલા ઉત્પાદનોની ખરીદી કરી તેના જવાબમાં 43 ટકા લોકોએ કહ્યું હતું કે તેઓ ચીનમાં બનાવેલ કંઈપણ ખરીદતા નથી.

## 5. ચોમાસાની પૂર્વ તૈયારી : કેન્દ્રીયસ્તરે ઉચ્ચકક્ષાની બેઠક યોજાઇ (આપત્તિ વ્યવસ્થાપન)

- ✓ અધ્યક્ષ : કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ




**મુખ્ય હેતુ :** દેશના મુખ્ય કેચમેન્ટ ઝોન અને ક્ષેત્રોમાં પૂર અને જળસપાટી વધવા અંગેના વર્તારા માટે એક સ્થાયી વ્યવસ્થા બનાવવા અને આ માટે કેન્દ્રની અને રાજ્યોની એજન્સીઓ વચ્ચેના સંકલન રાખવા નિર્દેશ આપ્યો.

**ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ :**

- ✓ ભારતીય હવામાન ખાતાને તથા સેન્ટ્રલ વોટર કમિશનને હવામાન તથા પૂર અંગે સચોટ વર્તારા માટે આધુનિક ટેક્નિક અને સેટેલાઇટ ડેટાનો ઉપયોગ કરવાની સલાહ આપી હતી.
- ✓ વીજળી પડવા અંગેની ભારતીય હવામાન ખાતાની ચેતવણીને ટેલિવિઝન, એફએમ રેડિયો, એસએમએસ તેમજ સોશિયલ મીડિયા દ્વારા લોકો સુધી ઝડપથી પહોંચાડવા માટે એસઓપી ઘડાશે.

**હવામાન વિવિધ એપ :**

- ✓ હવામાન ખાતાની હવામાન સંબંધી વર્તારા અંગે 'ઉમંગ', રેઇન એલાર્મ' તેમજ 'દામિની' જેવી મોબાઇલ એપ્સનો મહત્તમ ઉપયોગ કરવાનું પણ સૂચવ્યું હતું.
- ✓ 'દામિની' એપ દ્વારા વીજળી પડવા અંગેની ચેતવણી ત્રણ કલાક પહેલાં અપાઇ છે કે જેથી જાનમાલનું નુકસાન ઓછામાં ઓછું થાય.
- ✓ કેન્દ્રીય ગૃહમંત્રી : શ્રી અમિત શાહ
- ✓ કેન્દ્રીય જળશક્તિ મંત્રી:શ્રી ગજેન્દ્રસિંહ શેખાવત
- ✓ કેન્દ્રીય ગૃહરાજ્યમંત્રી : શ્રી નિત્યાનંદ રાય

**6. ભારતીય સેના મંજૂરી**

**ઇન્ડિયન આર્મીમાં પ્રથમવાર મિલિટરી પોલીસ માટે નેપાળી મહિલાઓની ભરતીને મંજૂરી અપાઇ**




- ✓ યુવાનોની હાજરી વધારવા માટે નેપાળના પુરુષ અને મહિલા બંનેની ભરતી ચાલુ રખાશે.

**7. સોનામાં BIS માપદંડ : અમલ તા. 16 જૂન 2021થી**

**ભારતમાં પ્રથમ તબક્કાવાર 256 જિલ્લામાં સોનામાં BIS માપદંડ પ્રમાણેનું હોલમાર્કિંગ ફરજિયાત (વ્યાપાર)**

- ✓ ઓગસ્ટ 2021 સુધી હાલના તબક્કે કોઇ પેનલ્ટી વસૂલ કરાશે નહીં. ઉદ્યોગ દ્વારા રજૂ કરાયેલી ચિંતા અંગે સરકારે સહાનુભૂતિપૂર્વક વિચારણા કરી છે અને તેનો ઉકેલ આવી જશે.
- ✓ વાર્ષિક 40 લાખ સુધીનું ટર્નઓવર ધરાવનારને હોલમાર્કિંગમાંથી મુક્તિ અપાઇ.
- ✓ 256 જિલ્લામાં જ્વેલર્સ 14, 18 અને 22 કેરેટના સોનાના ઝવેરાતનું વેચાણ કરી શકશે.
- ✓ ઘડિયાળ, ફાઉન્ટેન પેન અને વિશેષ પ્રકારની જ્વેલરીને હોલમાર્કિંગમાંથી મુક્તિ અપાઇ.
- ✓ **ગ્રાહક બાબતોના કેન્દ્રીય મંત્રી : શ્રી પીયૂષ ગોયલ**

**8. દિન વિશેષ : 15 જૂન વિશ્વ વૃદ્ધ દુર્વ્યવહાર જાગૃતિ દિવસ (World Elder Abuse Awareness Day)**

- ✓ **થીમ 2021 : 'Access to Justice.'**




- ✓ દર વર્ષે 15 જૂનના રોજ વિશ્વ વૃદ્ધ દુર્વ્યવહાર દિવસની ઉજવણી.
- ✓ સંયુકત રાષ્ટ્ર (UN)ની સામાન્ય સભા દ્વારા ડિસેમ્બર, 2011માં ઠરાવ પસાર કરીને આ દિવસ ઉજવવાની શરૂઆત કરી.
- ✓ આ દિવસ ઉજવવાની ભલામણ International Network for the Prevention of Elder Abuse (INPEA) દ્વારા કરવામાં આવી હતી. તે વૃદ્ધો સાથેના દુર્વ્યવહાર તેમજ પીડાના વિરુદ્ધમાં અવાજ ઉઠાવતી વિશ્વની અગ્રણી સંસ્થા છે.
- ✓ સૌપ્રથમ આ દિવસ 15 જૂન, 2012ના રોજ ઉજવવામાં આવ્યો હતો.
- ✓ **ઉદ્દેશ્ય:** આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ્ય અસહાય વૃદ્ધ લોકો સાથે શારીરિક, ભાવનાત્મક તેમજ નાણાકીય દુર્થવ્યહારની સમસ્યા પર વૈશ્વિક સમુદાયોનું ધ્યાન કેન્દ્રિત કરવાનો છે.
- ✓ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO)ના અનુમાન મુજબ 6 માંથી 1 વૃદ્ધ વ્યકિત કોઇને કોઇ રૂપમાં દુવ્યવહારનો શિકાર બને છે.
- ✓ વર્ષ 2019 થી 2030 દરમિયાન 60 વર્ષ કે તેથી વધુ આયુષ્યના વ્યકિતની સંખ્યા 38% વધાવાનું અનુમાન છે, જે 1 બિલિયન થી 1.4 બિલિયન થશે.
- ✓ વૃદ્ધ વ્યકિતઓની વધતી વૈશ્વિક જનસંખ્યા અને આયુષ્યમાં વૃદ્ધિની સાથે વૃદ્ધોનો દૂરપયોગ વધી રહ્યો છે. જે એક ગંભીર સામાજિક સમસ્યા છે.
- ✓ વૃદ્ધોની સ્થિતિ અંગે જાગૃતિ લાવવા દર વર્ષે 21 ઓગસ્ટના રોજ વિશ્વ વરિષ્ઠ નાગરિક દિવસ (World senior Citizen Day) ઉજવવામાં આવે છે.
- ✓ વૃદ્ધ વ્યકિતઓના યોગદાન તેમજ તેમના જીવનને પ્રભાવિત કરતાં મુદ્દાઓને ઓળખવા માટે દર વર્ષે 1 ઓકટોબરના રોજ વૃદ્ધ વ્યકિતઓનો આંતરરાષ્ટ્રીય દિવસ ઉજવવામાં આવે છે.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (15-06-2021)**

1. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં બનાસકાંઠાના કયા મંદિરને યાત્રાધામ તરીકે વિકસાવવાની જાહેરાત કરી છે - **કોટેશ્વર મહાદેવ મંદિર-અંબાજી**
2. લવ જેહાદ અંગેનો કાયદાનો ગુજરાતમાં ક્યારથી અમલ શરૂ થયો – **તા. 15 જૂન-2021**
3. તા. 15 જૂન 2021ના રોજ ગલવાન ઘાટીમાં ભારત-ચીની સૈનિકો વચ્ચે થયેલી હિંસક અથડામણને કેટલા વર્ષ પૂર્ણ થયા - **એક વર્ષ**
4. ભારતીય લશ્કરના વર્તમાન જનરલનું નામ જણાવો - **એમ.એમ. નરવણે**
5. જૂન 2021માં થયેલા એક સરવે પ્રમાણે કેટલા ટકા ભારતીય ગ્રાહકો ચીનની પ્રોડક્ટ ખરીદીથી દૂર રહ્યાં- **43 ટકા**
6. **ભારતીય** હવામાન ખાતાની હવામાન સંબંધી વર્તારા અંગેની મહત્વની ત્રણ મોબાઇલ એપ્સના નામ જણાવો - **'ઉમંગ', રેઇન એલાર્મ' તેમજ 'દામિની'**
7. ભારતમાં વીજળી પડવા અંગેની ચેતવણી ત્રણ કલાક પહેલાં કઇ એપ દ્વારા આપવામાં આવે છે - **'દામિની'**
8. ભારતના વર્તમાન કેન્દ્રીય જળશક્તિ મંત્રીનું નામ જણાવો - **શ્રી ગજેન્દ્રસિંહ શેખાવત**
9. જૂન 2021માં ઇન્ડિયન આર્મીમાં પ્રથમવાર મિલિટરી પોલીસ માટે કઇ દેશની મહિલાઓની ભરતીને મંજૂરી અપાઇ – **નેપાળી**

10. ભારતમાં પ્રથમ તબક્કાવાર 256 જિલ્લાઓમાં સોનામાં BIS માપદંડ પ્રમાણેનું હોલમાર્કિંગ કઇ તારીખથી ફરજિયાત કરાયું - **તા. 16 જૂન 2021**
11. ભારતના 256 જિલ્લાઓમાં જ્વેલર્સ કયા કેરેટના સોનાના ઝવેરાતનું વેચાણ કરી શકશે - **14, 18 અને 22**
12. કેન્દ્રીય ગ્રાહક બાબતોના વર્તમાન કેન્દ્રીય મંત્રીનું નામ જણાવો - **શ્રી પીયૂષ ગોયલ**
13. પ્રતિ વર્ષ વિશ્વ વૃદ્ધ દુર્વ્યવહાર દિવસની ઉજવણી કયારે કરવામાં આવે છે - **15 જૂન**
14. વિશ્વ વૃદ્ધ દુર્વ્યવહાર જાગૃતિ દિવસ-2021ની થીમ જણાવો - **'Access to Justice.'**
15. સંયુકત રાષ્ટ્ર (UN)ની સામાન્ય સભા દ્વારા કયારે ઠરાવ પસાર કરીને વિશ્વ વૃદ્ધ દુર્વ્યવહાર દિવસ ઉજવવાની શરૂઆત કરી - **ડિસેમ્બર, 2011**
16. સૌપ્રથમ વિશ્વ વૃદ્ધ દુર્વ્યવહાર દિવસની ઉજવણી કયારે કરવામાં આવી હતી - **15 જૂન, 2012**
17. વૃદ્ધોની સ્થિતિ અંગે જાગૃતિ લાવવા દર વર્ષે વિશ્વ વરિષ્ઠ નાગરિક દિવસ (World senior Citizen Day) કયારે ઉજવવામાં આવે છે - **21 ઓગસ્ટ**
18. વૃદ્ધ વ્યકિતઓના યોગદાન તેમજ તેમના જીવનને પ્રભાવિત કરતાં મુદ્દાઓને ઓળખવા માટે દર વર્ષે વૃદ્ધ વ્યકિતઓનો આંતરરાષ્ટ્રીય દિવસ કયારે ઉજવવામાં આવે છે- **1 ઓક્ટોબર**

**DATE : 16-06-2021**

## સ્થાનિક બાબતો

### 1. અગરિયાઓને આર્થિક સહાય : ગુજરાત સરકાર




**સહાય અંગે :**

- ✓ તાઉ-તે વાવાઝોડામાં અસરગ્રસ્ત અગરિયાઓને એકર દીઠ રૂ. 3,000ની સહાય અપાશે
- ✓ આ સહાય 10 એકર સુધીની જમીન ધરાવતા અગરિયાઓને અપાશે

### 2. નિર્ણય : ઇન્ફોર્મેશન ટેકનોલોજી – ભારત સરકાર

**ટ્વીટરને ભારતમાં IT અંતર્ગત મળતું કાયદાકીય સુરક્ષા કવચ પરત લેવાયું**

- ✓ ટ્વિટરનો સોશિયલ મીડિયા ઈન્ટરમીડિયેરીનો દરજ્જો રદ્દ કરાયો : પ્રથમ FIR ઉત્તરપ્રદેશમાં નોંધાઇ
- ✓ ભારત સરકારે ફેબ્રુઆરી 2021માં નવા આઇટી નિયમો જાહેર કર્યાં હતા અને તેનો અમલ 25 મેથી શરૂ કરાયો હતો.
- ✓ કંપનીએ નવા આઇટી કાયદાઓનું પાલન કર્યું નથી તેથી હવે અન્ય પબ્લિશરોની જેમ ટ્વિટરને પણ ભારતમાં કાયદાકીય પગલાંનો સામનો કરવો પડશે.

**સરકારના નિર્ણયની ટ્વિટર પર અસર :**

- ✓ ટ્વિટરની યજમાન પ્લેટફોર્મ તરીકે ગણતરી નહીં થાય
- ✓ ટ્વિટર પર મુકાનારી દરેક પોસ્ટ માટે તેને જવાબદાર ગણાશે
- ✓ યૂઝર દ્વારા કરાયેલી પોસ્ટ માટેના આરોપોનો સામનો કરવો પડશે
- ✓ વાંધાજનક પોસ્ટ માટે પોલીસ ટ્વિટરના ટોચના અધિકારીઓને પૂછપરછ માટે બોલાવી શકશે
- ✓ ટ્વિટર પર કોઇ આરોપ સિદ્ધ થશે તો તે આઇપીસી અને અન્ય કોઇપણ કાયદા અંતર્ગત સજાને પાત્ર ગણાશે

**ITના નવા નિયમો :**

- ✓ ટ્વિટર હવે નવા આઇટી નિયમોનું પાલન કરશે ત્યારે જ તેને કાયદાકીય સુરક્ષા કવચ આપવા પર વિચારણા કરાશે. ત્યાં સુધી આઇટી એક્ટની કલમ 79 અંતર્ગત લેવાતા સજાપાત્ર પગલાં સામે ટ્વિટરને સંરક્ષણ મળશે નહીં. તેથી 26 મે પછી નોંધાનારા કોઇપણ કેસમાં ટ્વિટર કાયદાકીય છૂટછાટ માટે દાવો કરી શકશે નહીં. જો કોઇ કેસ કોર્ટમાં પહોંચશે તો ટ્વિટર આઇટી એક્ટ અંતર્ગત સુરક્ષા કવચનો લાભ લઇ શકશે નહીં.
- ✓ સરકારના આ નિર્ણયનો અર્થ એ થયો કે હવે કોઇપણ યૂઝર દ્વારા ટ્વિટર પર કરાયેલી કોઇપણ ઉશ્કેરણીજનક અને ગેરકાયદેસર પોસ્ટ માટેની જવાબદારી ટ્વિટરની રહેશે.
- ✓ પોલીસ ટ્વિટરના ભારત ખાતેના મેનેજિંગ ડિરેક્ટર સહિતના ટોચના એક્ઝિક્યુટિવ અધિકારીઓની પૂછપરછ કરી શકશે.
- ✓ આમ આઇટી એક્ટની કલમ 79 અંતર્ગત કાયદાકીય સુરક્ષા કવચ ગુમાવનારી ટ્વિટર પહેલી અમેરિકન કંપની બની છે. યૂટ્યૂબ, ફેસબુક, વોટ્સએપને આ કાયદાકીય કવચ જારી રહેશે.
- ✓ કેન્દ્રીય IT મંત્રી : શ્રી રવિશંકર પ્રસાદ

### 3. લોથલ : NMHCના નિર્માણમાં સહયોગ માટે બે મંત્રાલય વચ્ચે MOU-નવી દિલ્હી (પ્રાચીન વારસો)



**MOU વિશે :**

- ✓ કેન્દ્રીય બંદરો, જહાજ અને જળમાર્ગ મંત્રાલય તેમજ સંસ્કૃતિ મંત્રાલયે ગુજરાતમાં લોથલ ખાતે રાષ્ટ્રીય સમુદ્રી ધરોહર સંકુલનું નિર્માણ કરવા માટે પારસ્પરિક સહયોગના ઉદ્દેશથી સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા.

**NMHCની વિશેષતાઓ :**

- ✓ NMHC દેશમાં આ પ્રકારનું પ્રથમ નિર્માણ જે એક જ જગ્યાએ દેશના મજબૂત સમુદ્રી ઇતિહાસ અને 80 સમુદ્રકાંઠાની ધબકતી સંસ્કૃતિ બંનેને પ્રદર્શિત કરવાનું સુવિધાજનક બનશે અને તેનાથી

આંતરરાષ્ટ્રીય મંચમાં ભારતના સમુદ્રી વારસાની છબી વધુ ઉન્નત થશે.

- ✓ આ ખજાનાને એક જગ્યાએ સાથે મુકવાની જરૂર છે. અમદાવાદથી લગભગ 80 કિલોમીટર દૂર લોથલ ખાતે ASI સાઇટની નજીકમાં 400 એકરના વિસ્તારમાં તેનું નિમાર્ણ કરાશે.

**વિવિધ થીમ :**

- ✓ રાષ્ટ્રીય સમુદ્રી ધરોહર સંગ્રહાલય, લાઇટ હાઉસ સંગ્રહાલય, હેરિટેજ થીમ પાર્ક, સંગ્રહાલયની થીમ આધારિત હોટેલો અને મેરિટાઇમ થીમ આધારિત ઇકો રિસોર્ટ, સહિત વિવિધ માળખાઓને સમાવાશે.
- ✓ **NMHC : નેશનલ મેરિટાઇમ હેરિટેજ કોમ્પલેક્સ**
- ✓ **કેન્દ્રીય બંદરો, જહાજ અને જળમાર્ગ રાજય મંત્રી : શ્રી મનસુખ માંડવીયા**
- ✓ **સાંસ્કૃતિક રાજ્ય મંત્રી : શ્રી પ્રહલાદસિંહ પટેલ**

**4. ગ્રીન ફંગસ : ભારતમાં ગ્રીન ફંગસનો પ્રથમ કેસ મધ્યપ્રદેશમાં નોંધાયો**

- ✓ મધ્યપ્રદેશમાં સૌપ્રથમ ગ્રીન ફંગસનો કેસ સામે આવ્યો. રાજ્યમાં કોવિડ-19ના સંક્રમણમાંથી બહાર આવ્યા બાદ એક દર્દી હવે ગ્રીન ફંગસથી સંક્રમિત થયો હોવાનું સામે આવ્યું.
- ✓ કોરોનાની આડઅસર તરીકે બ્લેક, વ્હાઇટ, યલો ફંગસ પછી હવે નવા ફંગસનો ઉમેરો થયો.

**શોધ :**

- ✓ ઇન્દોરની શ્રી અરવિંદો ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસના ડિપાર્ટમેન્ટ ઓફ ચેસ્ટ ડિસીસના વડા ડોક્ટર રવિ દોષીએ જણાવ્યું હતું કે નવો રોગ એક એસ્પરગિલોસિસ ઇન્ફેક્શન છે અને આ ફંગસ અંગે વધારે સંશોધન કરવાની જરૂર છે. એસ્પરગિલોસિસ વધારે કોમન ઇન્ફેક્શન નથી અને ફેફસાં ઉપર અસર કરે છે.

**5. આસામ સરકાર : ભારતરત્ન અને પદ્મ પુરસ્કારની રાજ્યકક્ષાએ આવૃત્તિ શરૂ કરવાની જાહેરાત**

**6. ખેલકૂદ : વિશેષ સિદ્ધિ**

**મિતાલી રાજ અને ઝુલન ગોસ્વામીએ ભારત માટે સૌથી વધારે સમય સુધી ટેસ્ટ ક્રિકેટ રમનાર મહિલા ક્રિકેટરનો રેકોર્ડ નોંધાવ્યો- તા. 16 જૂન 2021**



**કારકિર્દી :**

- ✓ આ બંનેએ 2002માં એક સાથે પ્રથમ ટેસ્ટ રમી હતી અને હવે લોંગેસ્ટ કારકિર્દીની યાદીમાં આ બંને ખેલાડીએ નામ નોંધાવ્યું છે.
- ✓ ભારતીય ક્રિકેટના ઇતિહાસમાં હવે માત્ર સચિન તેંડુલકરની કારકિર્દી જ મિતાલી તથા ઝૂલન કરતાં વધારે લાંબી છે.
- ✓ ઇંગ્લેન્ડ સામેની એકમાત્ર ટેસ્ટ મેચ માટે મેદાનમાં ઊતરતાની સાથે મિતાલી અને ઝૂલનની ટેસ્ટ કારકિર્દીનો સમયગાળો 19 વર્ષ અને 154 દિવસનો થઇ ગયો હતો.
- ✓ મિતાલી અને ઝૂલનની ટેસ્ટ કારકિર્દી જેટલી લાંબી છે તેટલી તો ભારતીય મેન્સ ક્રિકેટર રાહુલ દ્રવિડ, સૌરવ ગાંગુલી, અનિલ કુંબલે તથા મહેન્દ્રસિંહ ધોની જેવા દિગ્ગજોની પણ નથી.
- ✓ કુંબલેની કારકિર્દી 18 વર્ષ 88 દિવસ, દ્રવિડની 15 વર્ષ 222 દિવસ, ગાંગુલીની 12 વર્ષ 143 દિવસની રહી છે. આ દરમિયાન દ્રવિડે 164, કુંબલેએ 132 તથા ગાંગુલીએ 113 ટેસ્ટ રમી હતી.
- ✓ મિતાલી 1999 કરતાં લાંબા સમયથી વન ડે ક્રિકેટ રમી રહી છે અને વિમેન્સ ક્રિકેટમાં તેના નામે લોંગેસ્ટ વન-ડે કારકિર્દીનો રેકોર્ડ નોંધાયેલો છે.

**7. બિલીવ : ભારતીય ક્રિકેટર સુરેશ રૈનાની આત્મકથાનું વિમોચન**




**8. દ્વિપક્ષીય સંબંધો : US પ્રમુખ જો બાઇડેન અને રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતીન વચ્ચે જિનીવા ખાતે દ્વિપક્ષીય મંત્રણા યોજાઇ**



- ✓ જિનીવા : સ્વિટ્ઝર્લેન્ડ

**9. UNO : UN સુરક્ષા પરિષદમાં બ્રાઝિલ બિન કાયમી સભ્ય તરીકે ચૂંટાયો**

- ✓ સમયગાળો : વર્ષ 2022-2023

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (16-06-2021)

1. તાઉ-તે વાવાઝોડામાં અસરગ્રસ્ત અગરિયાઓને ગુજરાત સરકાર એકર દીઠ કેટલી આર્થિક સહાય આપશે - **રૂ. 3,000**
2. કેટલા એકર જમીન ધરાવતા અગરિયાઓને તાઉ-તે વાવાઝોડામાં નુકસાનની ગુજરાત સરકાર દ્વારા આર્થિક સહાય અપાશે - **10**
3. જૂન-2021માં ભારત સરકારના IT મંત્રાલય દ્વારા કઇ સોશિયલ મીડિયા સાઇટનું કાયદાકીય સુરક્ષા કવચ રદ કરાયું – **ટ્વિટર**
4. ભારતમાં સોશિયલ મીડિયા માટેના નવા IT નિયમોનો અમલ કયારથી શરૂ થયો - **25 મે 2021**
5. ભારતમાં આઇટી એક્ટની કઇ કલમ અંતર્ગત કાયદાકીય સુરક્ષા કવચ ગુમાવનારી ટ્વિટર પહેલી અમેરિકન કંપની બની – **79**
6. જૂન-2021માં કેન્દ્રીય બંદરો, જહાજ અને જળમાર્ગ મંત્રાલય તેમજ સંસ્કૃતિ મંત્રાલયે કયા ઐતિહાસિક સ્થળે સૌપ્રથમ NMHC નિર્માણ માટે સમજૂતી કરાર કરાયા – **લોથલ (ગુજરાત)**
7. NMHCનું વિસ્તૃત નામ જણાવો - **નેશનલ મેરિટાઇમ હેરિટેજ કોમ્પલેક્સ (રાષ્ટ્રીય સમુદ્રી ધરોહર સંકુલ)**
8. NMHCનું અંદાજિત કેટલા એકર વિસ્તારમાં નિર્માણ કરાશે - **400**
9. જૂન-2021માં ભારતમાં સૌપ્રથમ ગ્રીન ફંગસનો કેસ કયા રાજ્યમાં નોંધાયો – **મધ્યપ્રદેશ**

10. કોરોનાની આડઅસર તરીકે જૂન 2021 સુધીમાં કઇ-કઇ ફંગસ જોવા મળી છે - **બ્લેક, વ્હાઇટ, યલો**
11. જૂન-2021માં કયા રાજ્ય દ્વારા ભારતરત્ન અને પદ્મ પુરસ્કારની રાજ્યકક્ષાએ આવૃત્તિ શરૂ કરવાની જાહેરાત કરી – **આસામ**
12. તા. 16 જૂન 2021ની સ્થિતિએ ભારત માટે સૌથી વધારે સમય સુધી ટેસ્ટ ક્રિકેટ રમનાર મહિલા ક્રિકેટર તરીકે કોનો રેકોર્ડ નોંધાયો – **બેટસમેન મિતાલી રાજ અને બોલર ઝુલન ગોસ્વામી**
13. જૂન 2021માં ભારતીય ક્રિકેટર સુરેશ રૈનાની કઇ આત્મકથાનું વિમોચન કરાયું – **બિલીવ**
14. વર્ષો બાદ જૂન 2021માં US પ્રમુખ જો બાઇડેન અને રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતીન વચ્ચે કયા શહેરમાં દ્વિપક્ષીય મંત્રણા યોજાઇ – **જિનીવા**
15. જૂન 2021માં કયો દેશ UN સુરક્ષા પરિષદમાં બિન કાયમી સભ્ય તરીકે કયા સમયગાળા માટે ચૂંટાયો – **બ્રાઝિલ તથા વર્ષ 2022-2023**

**DATE : 17-06-2021**

## 1. CBSE અને ગુજરાત બોર્ડ : નિર્ણય (શિક્ષણ)

**ધો. 12ના વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન ધો. 10, 11 અને 12ના પરિણામો આધારિત રહેશે**

**CBSE ફોર્મ્યુલા :**

**ધોરણ 10 :**
કુલ પાંચમાંથી સૌથી વધુ ગુણ ધરાવતા 3 વિષયના સરેરાશ ગુણના 30 ટકા ગુણ ગણતરીમાં લેવાશે

**ધોરણ 11 :** વાર્ષિક પરીક્ષાના થિયરીના ગુણના 30 ટકા ગુણ ગણતરીમાં લેવાશે

**ધોરણ 12 :**
- ✓ એક અથવા વધુ યુનિટ ટેસ્ટ, મિડ ટર્મ એક્ઝામ પ્રીબોર્ડ એક્ઝામમાં મેળવેલા ગુણના 40 ટકા ગણતરીમાં લેવાશે

**પ્રેક્ટિકલના ગુણ :**
- ✓ સીબીએસઇના પોર્ટલ પર શાળા દ્વારા અપલૉડ કરાયેલા ગુણના વાસ્તવિક આધારે ગણતરી કરાશે

**CISCE બોર્ડની ફોર્મ્યુલા :**
- ✓ CISCE બોર્ડની મૂલ્યાંકન ફોર્મ્યુલામાં વિદ્યાર્થીના ધોરણ 10ના બોર્ડનાં પરિણામ, વિષયોમાં પ્રોજેક્ટ અને પ્રેક્ટિકલ વર્ક ધોરણ 11 અને 12ની શાળાકીય પરીક્ષામાં મેળવેલા શ્રેષ્ઠ ગુણ અને છેલ્લાં 6 વર્ષ દરમિયાન વિદ્યાર્થીએ શાળામાં કરેલા દેખાવના આધારે મૂલ્યાંકન કરાશે.

**દરેક શાળામાં રિઝલ્ટ કમિટીની રચના કરાશે :**
- ✓ CBSEએ જણાવ્યું હતું કે, ધોરણ 12 માટેનું મૂલ્યાંકન દરેક વિષયમાં વિદ્યાર્થીએ એક અથવા વધુ યુનિટ ટેસ્ટ, મિડ ટર્મ અથવા તો પ્રીબોર્ડ થિયરી એક્ઝામના માર્કના આધારે મૂલ્યાંકન કરાશે. આ મૂલ્યાંકન કેવી રીતે કરવું તેનો નિર્ણય શાળાના આચાર્ય સહિતની દરેક શાળામાં રચાનારી રિઝલ્ટ કમિટી લેશે.
- ✓ આ સમિતિમાં શાળાના આચાર્ય, શાળાના બે સૌથી વરિષ્ઠ શિક્ષક અને નજીકની શાળાના ધોરણ 12માં ભણાવતા બે શિક્ષકનો સમાવેશ કરાશે.
- ✓ જો આ કમિટી ફક્ત પ્રીબોર્ડ પરીક્ષાના ગુણના આધારે જ મૂલ્યાંકન કરવાનો નિર્ણય લેશે તો તે પ્રમાણે વિદ્યાર્થીને ગુણ અપાશે. બીજી શાળાઓ પ્રીબોર્ડ અને મિડ ટર્મ પરીક્ષાઓના ગુણના આધારે : પણ મૂલ્યાંકનનો નિર્ણય કરી શકે છે.

**ગુજરાત બોર્ડની ફોર્મ્યુલા :**
- ✓ ગુજરાત બોર્ડ નક્કી કરેલી 50 : 25 : 25ની ફોર્મ્યુલા મુજબ ધોરણ-10માં વિદ્યાર્થીએ જે તે વિષયમાં મેળવેલા ગુણના 50 ટકાને ધ્યાનમાં લેવાશે.
- ✓ ધોરણ-11ની બે સામયિક કસોટીમાં મેળવેલા ગુણના 25 ગુણભારના આધારે માર્ક અપાશે. જ્યારે ધોરણ-12ની પહેલી અને બીજી કસોટીના પણ 25 ગુણભારને ધ્યાનમાં લેવાશે

## 2. વિશ્વ યોગ દિવસ : 21 જૂન 2021

**ભારત સરકાર દ્વારા આ વર્ષે કોરોનાને ધ્યાને રાખીને ખાસ સ્લૉગન “બી વિથ યોગા, બી એટ હોમ” અપાયું**




## 3. ચીન : ત્રણ ચીની અવકાશ યાત્રીઓનું નવા સ્પેસ સ્ટેશન ‘તિયાંગોંગ’ ઉપર સફળ ઉતરાણ



- ✓ ત્રણ અવકાશયાત્રીઓને લઇને વહેલી સવારે ગોબીના રણમાંથી ચીન સ્પેસશિપ લોંગ માર્ચ-2F ઊડ્યું હતું અને સાત કલાકની યાત્રા બાદ તિયાંગોંગ સ્પેસ સ્ટેશન પહોંચેલા અવકાશયાત્રીઓ હવે ત્રણ મહિના ત્યાં પસાર કરશે. ચીને પાંચ વર્ષ બાદ પહેલીવાર માનવયુક્ત ઉડ્ડયન નોંધાવ્યું હતું.
- ✓ શેનઝાઉ-12 ક્રાફ્ટ સફળતાપૂર્વક તિયાંગોંગ સ્પેસ સ્ટેશનના કોર મોડ્યુલના ફોરવર્ડ પોર્ટ પર ડોક થયું હતુ.
- ✓ એરક્રાફ્ટ : શેનઝાઉ-12

## 4. માઇક્રોસોફ્ટ-USA : મૂળ ભારતીય સત્યા નાડેલાની CEOમાંથી માઇક્રોસોફ્ટના ચેરમેન તરીકે નિમણૂક-બઢતી




**પરીચય-કારકિર્દી :**
- ✓ ભારતીય મૂળના સત્યા નાડેલા વર્ષ 1992થી માઇક્રોસોફ્ટમાં કાર્યરત છે. વર્ષ 2014માં સ્ટીવ બોલમરના સ્થાને તેમને કંપનીએ CEO બનાવ્યા હતા.

- ✓ તેમનાં કાર્યકાળમાં કંપનીના શેરમાં સાત ગણો વધારો થયો હતો અને કંપનીની માર્કેટ કેપ બે લાખ કરોડ ડોલરની નજીક પહોંચી ગઈ હતી.
- ✓ 53 વર્ષના સત્યા નાડેલાએ વર્ષ 1992માં માઈક્રોસોફ્ટમાં ટેકનિકલ સ્ટાફ તરીકે નોકરી શરૂ કરી હતી.
- ✓ વર્ષ 2019માં CEO તરીકે તેમને 4.29 કરોડ ડોલર એટલે કે અંદાજે 316 કરોડ રૂપિયાનો પગાર મળતો હતો.

### 5. અંતરિક્ષ સંશોધન : ભારત-કેનેડાના ખગોળશાસ્ત્રીઓએ 535 ફાસ્ટ રેડિયો બર્સ્ટ્સ શોધવા સફળતા (અવકાશ વિજ્ઞાન)



**શોધ :** કેનેડા અને ભારતના ખગોળશાસ્ત્રીઓને અંતરીક્ષમાંથી આવતાં અને ભારે રહસ્યમય ગણાતાં 535 નવાં ફાસ્ટ રેડિયો બર્સ્ટ્સ (F.R.B.) શોધવામાં મહત્વની સફળતા મળી.

- ✓ સમગ્ર વિશ્વમાં અત્યારસુધીમાં શોધાયેલાં ફાસ્ટ રેડિયો બર્સ્ટ્સમાં આ સંખ્યા સૌથી વધુ.

**ફાસ્ટ રેડિયો બર્સ્ટ્સ વિશે :**

- ✓ ફાસ્ટ રેડિયો બર્સ્ટ્સ એટલે અફાટ અંતરીક્ષમાંથી આવતાં ભારે રહસ્યમય અને સેકન્ડના એક હજારમાં હિસ્સા (મિલિ સેકન્ડ)માં થતા પ્રકાશનાં ઝબકારા.

**શોધ કરનાર સંસ્થાઓ :**

- ✓ કેનેડિયન હાયડ્રોજન ઈન્ટેન્સીટી મેપિંગ એક્સપરિમેન્ટ (C.H.I.M.E.-ચાઈમ), ભારતની ટાટા ઈન્સ્ટિટ્યુટ ઓફ ફન્ડામેન્ટલ રિસર્ચ (T.I.F.R.-મુંબઈ) અને નેશનલ સેન્ટર ફોર રેડિયો એસ્ટ્રોફિઝિક્સ (N.C.R.A.-T.I.F.R.-પુણે).

#### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (17-06-2021)

1. જૂન 2021માં CBSE અને ગુજરાત બોર્ડે ધો. 12ના વિદ્યાર્થીઓનું પરિણામ કયા આધારે તૈયાર કરવાનું જાહેર કર્યું છે - **ધો. 10, 11 અને 12ના પરિણામો આધારિત**
2. ભારત સરકાર દ્વારા આ વર્ષે 21 જૂન 2021ના રોજ વિશ્વ યોગ દિવસ નિમિતે કોરોનાને ધ્યાને રાખીને કયુ ખાસ સ્લૉગન રાખ્યું છે - **"બી વિથ યોગા, બી એટ હોમ"**
3. તા. 17 જૂન 2021ના રોજ કયા દેશના ત્રણ અવકાશ યાત્રીઓએ નવા સ્પેશ સ્ટેશન 'તિયાંગોગ' ઉપર સફળ ઉતરાણ કર્યું - **ચીન**
4. જૂન 2021માં ચીને કેટલા વર્ષ બાદ પહેલીવાર માનવયુક્ત ઉડ્ડયન નોંધાવ્યું હતું - **પાંચ**
5. જૂન 2021માં ચીનનું ક્યુ ક્રાફ્ટ સફળતાપૂર્વક તિયાંગોગ સ્પેસ સ્ટેશનના કોર મોડ્યુલના ફોરવર્ડ પોર્ટ પર ડોક થયું હતુ - **શેનઝાઉ-12**
6. જૂન 2021માં USAની કંપની માઈક્રોસોફ્ટ દ્વારા કયા ભારતીયને CEOમાંથી ચેરમેન તરીકે નિમણૂક કરાઈ - **સત્યા નાડેલા**
7. ભારતીય સત્યા નાડેલા કયા વર્ષથી માઈક્રોસોફ્ટમાં કાર્યરત છે તથા કયારે માઈક્રોસોફ્ટમાં CEO બન્યા હતા – **વર્ષ 1992 તથા વર્ષ 2014**
8. જૂન 2021માં કયા દેશના ખગોળશાસ્ત્રીઓને અંતરીક્ષમાંથી આવતાં અને ભારે રહસ્યમય ગણાતાં 535 નવાં ફાસ્ટ રેડિયો બર્સ્ટ્સ (F.R.B.) શોધવામાં સફળતા મળી - **કેનેડા અને ભારત**
9. અંતરીક્ષમાંથી આવતાં ભારે રહસ્યમય અને સેકન્ડના એક હજારમાં હિસ્સા (મિલિ સેકન્ડ)માં થતા પ્રકાશનાં ઝબકારાને કયા નામે ઓળખવામાં આવે છે - **ફાસ્ટ રેડિયો બર્સ્ટ્સ**
10. જૂન 2021માં કયા દેશની કઈ સંસ્થાના વૈજ્ઞાનિકોએ અંતરીક્ષમાંથી આવતાં અને ભારે રહસ્યમય ગણાતાં 535 નવાં ફાસ્ટ રેડિયો બર્સ્ટ્સ (F.R.B.) શોધ્યા હતા – **કેનેડાની કેનેડિયન હાયડ્રોજન ઈન્ટેન્સીટી મેપિંગ એક્સપરિમેન્ટ (C.H.I.M.E.-ચાઈમ), ભારતની ટાટા ઈન્સ્ટિટ્યુટ ઓફ ફન્ડામેન્ટલ રિસર્ચ (T.I.F.R.-મુંબઈ) અને નેશનલ સેન્ટર ફોર રેડિયો એસ્ટ્રોફિઝિક્સ (N.C.R.A.-T.I.F.R.-પુણે)**

## DATE : 18-06-2021

### 1. ગુજરાત સરકાર : મંજૂરી

### નવલખી બંદરે રૂ. 192 કરોડના ખર્ચે 485 મીટર લાંબી નવી જેટી બનશે (કાર્ગો પરિવહન)




- ✓ આ બંદરની કાર્ગો પરિવહન ક્ષમતા વાર્ષિક 8 મિલિયન મેટ્રીક ટનની છે. નવી જેટી બનતા આ ક્ષમતામાં વધારો થઇને 16 થી 20 મિલિયન મેટ્રીક ટન જેટલી થશે.
- ✓ નવી જેટી માટે ભારત સરકાર તરફથી પર્યાવરણ અને સીઆરઝેડ ક્લીયરન્સ પણ મળી ગયું છે.
- ✓ મોરબીના નવલખી બંદર ખાતેથી મીઠું, કોલસો, સિરામીક અને મશીનરી ઉધોગના માલ-સામાનનું મોટાપાયે પરિવહન થાય છે.

### 2. મોબાઈલ ક્રોપ ક્લિનિક (MCC) યોજના : ગુજરાત સરકાર (કૃષિ)



**યોજના વિશે :**

- ✓ ગુજરાતના ખેડૂતોને ખેતર પર રોગ-જીવાત નિયંત્રણ માટે સમયસર અને સ્થળ પર માર્ગદર્શન મળી રહે તે માટે રાજ્ય સરકારે 1.40 કરોડના ખર્ચે મોબાઈલ ક્રોપ ક્લિનિક (MCC) યોજના જાહેર કરી.
- ✓ આ યોજના હેઠળ અણધાર્યા રોગ અને જીવાત ઉપદ્રવ સામે ખેડૂતોના પાકને રક્ષણ મળી રહેશે.

- ✓ પ્રાથમિક તબક્કે રાજ્યના 10 જિલ્લામાં આ યોજના શરૂ કરવામાં આવી છે.

**કામગીરી :**

- ✓ ગુજરાતના 10 જિલ્લાના ગામડાઓમાં કૃષિ નિષ્ણાતો સ્થળ પર જઈને ખેડૂતોને રોગ-જીવાત નિયંત્રણ માટે વિનામૂલ્યે માર્ગદર્શન અને સહાય આપશે

**10 જિલ્લામાં પાયલોટ પ્રોજેક્ટ :**

- ✓ જામનગર, પંચમહાલ, કચ્છ, મહેસાણા, ખેડા, સુરત, રાજકોટ, અમરેલી, નર્મદા અને વલસાડ

## 3. પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના 3.0 (રોજગારી આરોગ્ય)

**આ યોજના અંતર્ગત ભારતમાં કોરોનાની ત્રીજી લહેર માટે 1 લાખ કોવિડ ફ્રન્ટલાઈન વોરિયર્સને તાલીમબદ્ધ કરાશે**

- ✓ દેશના 26 રાજ્યના 111 ટ્રેનિંગ સેન્ટર પર કાર્યક્રમ શરૂ




**કોવિડ વોરિયર્સ માટે ફ્રેશ કોર્ષ :**

- ✓ કેન્દ્ર દ્વારા કૉવિડ વૉરિયર્સને તાલીમબદ્ધ કરવા ફ્રેશ કોર્સ શરૂ કરાયાં છે જેમાં હોમ કેર સપોર્ટ, બેઝિક કેર સપોર્ટ, એડવાન્સ્ડ કેર સપોર્ટ ઈમર્જન્સી કેર સપોર્ટ, સેમ્પલ કલેક્શન સપોર્ટ અને મેડિકલ ઇક્વિપમેન્ટ સ્પોર્ટ જેવા 6 ટૂંકાગાળાના અભ્યાસક્રમ સામેલ કરાયાં છે.
- ✓ આ વિશેષ યોજના પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના 3.0 અંતર્ગત શરૂ કરાઈ છે. તેના માટે રૂ. 236 કરોડની ફાળવણી કરાઈ.

## 4. વિશ્વનું સૌથી મોટું સૂચિત મેગ્નેટ-સેન્ટ્રલ સોલેનોઇડ : નવો સૂર્ય

- ✓ વિશ્વના 35 દેશ 17 લાખ કરોડના ખર્ચે સૂર્યથી 10 ગણો ગરમ નવો સૂર્ય બનાવી રહ્યા છે.




**ઉદ્દેશ :**

- ✓ આ મશીનનો ઉદ્દેશ પૃથ્વી પર સૂર્યના સ્તરની એનર્જીનું નિર્માણ કરવાનો છે.
- ✓ છેલ્લાં કેટલાંક વર્ષોમાં ગ્લોબલ વૉર્મિંગ અને ક્લાઇમેટ ચેન્જ જેવાં જોખમોના કારણે ક્લીન એનર્જી સંદર્ભે ઘણા પ્રયાસ કરાઇ રહ્યા છે. તે અંતર્ગત 10 વર્ષથી વિશ્વનું સૌથી મોટું મેગ્નેટ તૈયાર કરાઇ રહ્યું હતું, જે ધરતીને ઘણી બધી રીતે બદલી શકે છે.
- ✓ આ મેગ્નેટ વિશાળકાય મશીન ઇન્ટરનેશનલ થર્મોન્યૂક્લિયર એક્સપરિમેન્ટલ રિએક્ટર (આઇટીઇઆર)નો ભાગ છે.
- ✓ આ મેગ્નેટ 59 ફૂટ લાંબું અને 1 હજાર ટન વજનનું હશે. તેનું ડિઝાઇનિંગ અને મેન્યુફેક્ચરિંગ જનરલ એટોમિક્સ કર્યું છે.
- ✓ તે એટલું શક્તિશાળી હશે કે 1 હજાર ફૂટ લાંબા અને 1 લાખ ટનના એરક્રાફ્ટ કેરિયરને પણ જમીનથી 6 ફૂટ ઉપર ઉઠાવવામાં સફળ રહેશે.
- ✓ તે ધરતીના મેગ્નેટિક ફિલ્ડથી 2.80 લાખ ગણું શક્તિશાળી હશે.
- ✓ આ મેગ્નેટનું નામ સેન્ટ્રલ સોલેનોઇડ છે. તે અમેરિકાના કેલિફોર્નિયા શહેરમાં બનાવાઇ રહ્યું હતું અને હવે ફ્રાન્સ મોકલાશે.
- ✓ આ પ્રોજેક્ટમાં હાઇડ્રોજન પ્લાઝમાને 15 કરોડ ડિગ્રી સે. તાપમાને ગરમ કરાશે, જે સૂર્યના આંતરિક ભાગથી પણ 10 ગણુ વધુ ગરમ હશે.
- ✓ આ પ્રક્રિયાની મદદથી ફ્યૂઝન રિએક્શન કરાશે. આઇટીઇઆરની ટીમના જણાવ્યાનુસાર આ માનવ ઇતિહાસનો સૌથી જટિલ પ્રોજેક્ટ છે.

**પ્રોજેક્ટમાં સામેલ વિવિધ દેશો :**

- ✓ ભારત, ચીન, જાપાન, કોરિયા, રશિયા, બ્રિટન અને સ્વિત્ઝર્લેન્ડ જેવા દેશો પાસેથી પણ ફંડ લેવાયું. મશીન 75% તૈયાર થઇ ચૂક્યું છે.

## 5. ભારત-શ્રીલંકા સંબંધો : ભારતની શ્રીલંકાને સૌર ઊર્જા પ્રોજેક્ટ માટે 10 કરોડ ડોલરની સહાય



**કરારની વિગતો :**

- ✓ ભારત સરકારના આ નિર્ણયથી 2030 સુધીમાં શ્રીલંકાની કુલ ઊર્જા જરૂરિયાત પૈકી 70 ટકા જરૂરિયાત પુનઃપ્રાપ્ય ઊર્જા થી પૂર્ણ કરી શકાશે.
- ✓ શ્રીલંકાની સરકાર અને એક્સપોર્ટ-ઈમ્પોર્ટ બેન્ક ઓફ ઇન્ડિયા વચ્ચે આ અંગેના કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. શ્રીલંકાના પ્રમુખ ગોતાબાયા રાજપક્ષેની હાજરીમાં શ્રીલંકા ખાતેના ભારતીય હાઇ કમિશનર ગોપાલ બાગલે અને ટ્રેઝરી સેક્રેટરી એસ આર એટ્ટીગલ્લે આ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.
- ✓ આ સેક્ટરમાં શ્રીલંકા સાથે ભાગીદારી કરનાર ભારત પ્રથમ દેશ.

## 6. દિન વિશેષ : 18 જૂન

**ઝાંસીની રાણી લક્ષ્મીબાઈની પૂણ્યતિથિ**




**જન્મ : 19 નવેમ્બર 1828** **અવસાન : 18 જૂન 1858**

ઝાંસી રાજ્યની રાણી હતા. તેઓ સનઃ 1857ના ભારતીય સ્વતંત્રતા સંગ્રામની નાયિકા હતા

- ✓ તેમનો જન્મ કાશી (વારાણસી)માં તથા મૃત્યુ ગ્વાલિયરમાં થયું હતું.
- ✓ તેમનું નાનપણનું નામ મણિકર્ણિકા હતું પણ લાડમાં તેમને મનુ કહેતા.
- ✓ તેમના પિતાનું નામ મોરોપંત તાંબે હતું અને તેઓ એક મહારાષ્ટ્રીયન બ્રાહ્મણ હતા. તેમની માતા ભાગીરથીબાઈ એક સુસંસ્કૃત, બુદ્ધિમાન અને ધાર્મિક મહિલા હતી.

- ✓ મનુ જ્યારે ચાર વર્ષની હતી ત્યારે તેમની માતાનું મૃત્યુ થયું. તેમનું પાલન પિતાએ કર્યું હતું.
- ✓ મનુને નાનપણમાં શાસ્ત્રોની શિક્ષાની સાથે શસ્ત્રોની શિક્ષા પણ મળી.
- ✓ તેમનો <u>વિવાહ સન 1842માં ઝાંસીના રાજા ગંગાધર રાવ નિવાલકરની સાથે</u> થયો, અને તે રીતે તેઓ ઝાંસીની રાણી બન્યાં.
- ✓ વિવાહ પછી તેમનું નામ લક્ષ્મીબાઇ રખાયુ.
- ✓ સન 1851માં રાણી લક્ષ્મીબાઇએ એક પુત્રને જન્મ આપ્યો પણ ચાર મહીનાની ઉંમરમાં જ તેનું મૃત્યુ થયું.
- ✓ સન 1853માં રાજા ગંગાધર રાવનું સ્વાસ્થ્ય ખૂબ બગડતા તેમને દત્તક પુત્ર લેવાની સલાહ અપાઇ.
- ✓ પુત્ર દત્તક લીધા પછી રાજા ગંગાધર રાવનું મૃત્યુ 21 નવેમ્બર 1853માં થયું. દત્તક પુત્રનું નામ દામોદર રાવ રાખવામાં આવ્યું.

**<u>ઝાંસીનું યુદ્ધ :</u>**

- ✓ ઝાંસી 1857ના વિપ્લવનું એક પ્રમુખ કેન્દ્ર બની ગયું હતુ, જ્યાં હિંસા ફાટી નીકળી હતી.
- ✓ રાણી લક્ષ્મીબાઇએ ઝાંસીની સુરક્ષાને સુદ્રઢ કરવાનું શરૂ કરી દીધુ અને એક સ્વયંસેવક સેનાને સંગઠન કરવાનું પ્રારંભ કર્યું.
- ✓ આ સેનામાં મહિલાઓની ભરતી પણ કરવામાં આવી અને તેમને યુદ્ધ પ્રશિક્ષણ પણ અપાયું. જનતાએ પણ આ વિદ્રોહમાં સહકાર આપ્યો.
- ✓ 1857<u>ના સપ્ટેમ્બર તથા ઓક્ટોબર મહિનામાં પડોસી રાજ્યો ઓરછા તથા દતિયાના રાજાઓએ ઝાંસી ઉપર આક્રમણ કર્યું. રાણીએ સફળતાપૂર્વક તેમને હરાવ્યા.</u>
- ✓ 1858ના જાન્યુઆરી મહિનામાં અંગ્રેજ સેનાએ ઝાંસી તરફ આગળ વધવાનું ચાલુ કર્યું અને માર્ચ મહીનામાં શહેરને ઘેરી લીધુ.
- ✓ બે અઠવાડીયાની લડાઇ પછી અંગ્રેજ સેનાએ શહેર ઉપર કબ્જો કરી લીધો. પરંતુ રાણી, દામોદર રાવની સાથે અંગ્રેજોથી બચીને ભાગી જવામાં સફળ થઇ. રાણી ઝાંસીથી ભાગીને કાલપી પહોંચી અને ત્યાં તાત્યા ટોપેને મળી.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (18-06-2021)</u>

1. જૂન 2021માં નવલખી બંદરે અંદાજે કેટલા કરોડના ખર્ચે કેટલા મીટર લાંબી જેટી બનાવવાની ગુજરાત સરકારે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે - **<u>રૂ. 192 કરોડ તથા 485 મીટર</u>**
2. મોરબીના નવલખી બંદર ખાતેથી કયા માલ-સામાનનું મોટાપાયે પરિવહન થાય છે - **<u>મીઠું, કોલસો, સિરામીક અને મશીનરી ઉદ્યોગ</u>**
3. ગુજરાતના ખેડૂતોને ખેતર પર રોગ-જીવાત નિયંત્રણ માટે સમયસર અને સ્થળ પર માર્ગદર્શન મળી રહે તે માટે રાજ્ય સરકારે પાયલોટ પ્રોજેક્ટ તરીકે કઇ યોજના જાહેર કરી છે - **<u>MCC</u>**
4. MCCનું વિસ્તૃત નામ જણાવો - **<u>મોબાઇલ ક્રોપ ક્લિનિક</u>**
5. MCC યોજના અંતર્ગત પાયલોટ પ્રોજેક્ટ તરીકે કયા 10 જિલ્લાનો સમાવેશ કરાયો છે - **<u>જામનગર, પંચમહાલ, કચ્છ, મહેસાણા, ખેડા, સુરત, રાજકોટ, અમરેલી, નર્મદા અને વલસાડ</u>**
6. કઇ યોજના અંતર્ગત ભારતમાં કોરોનાની ત્રીજી લહેર માટે 1 લાખ કોવિડ ફ્રન્ટલાઇન વોરિયર્સને તાલીમબદ્ધ કરાશે – **<u>PMKVY 3.0</u>**
7. PMKVYનું વિસ્તૃત નામ જણાવો - **<u>પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના</u>**
8. વિશ્વનું સૌથી મોટું સૂચિત મેગ્નેટ જે નવા સૂર્ય તરીકે ઓળખાય છે તેનું નામ જણાવો - **<u>સેન્ટ્રલ સોલેનોઇડ</u>**
9. વર્તમાન સૂર્યથી 10 ગણો ગરમ નવો સૂર્ય ભારત સહિત વિશ્વના કેટલા દેશ અંદાજે 17 લાખ કરોડના ખર્ચે તૈયાર કરી રહ્યાં છે–**<u>35</u>**
10. ભારત કયા દેશને સૌર ઊર્જા પ્રોજેક્ટ માટે 10 કરોડ ડોલરની સહાય કરશે - **<u>શ્રીલંકા</u>**
11. વિશ્વનું સૌથી મોટું મેગ્નેટ અમેરિકાના કેલિફોર્નિયામાં તૈયાર થવા જઇ રહ્યું છે તે કયા રિએક્ટરનો ભાગ છે - **<u>ઇન્ટરનેશનલ થર્મોન્યૂક્લિયર એક્સપરિમેન્ટલ રિએક્ટર</u>**
12. ભારત સરકારના સહયોગથી વર્ષ 2030 સુધીમાં શ્રીલંકાની કુલ ઊર્જા જરૂરિયાત પૈકી કેટલા ટકા જરૂરિયાત પુનઃપ્રાપ્ય ઊર્જાથી પૂર્ણ કરી શકાશે - **<u>70</u>**
13. રાણી લક્ષ્મીબાઇનું જન્મસ્થળ તથા શહિદી સ્થળ જણાવો – **<u>કાશી (વારાણસી) તથા ગ્વાલિયર</u>**
14. ઝાંસીની રાણી શ્રી લક્ષ્મીબાઇની પુણ્યતિથિ જણાવો – **<u>18 જૂન-1858</u>**
15. ઝાંસીની રાણી શ્રી લક્ષ્મીબાઇનું બાળપણનું નામ જણાવો - **<u>મણિકર્ણિકા</u>**

**DATE : 19-06-2021**

**<u>1. IFFCO : કલોલ</u>**

**<u>વિશ્વમાં પ્રથમ નાઇટ્રોજનયુક્ત નેનો યુરિયા- લિક્વિડ ખાતર તૈયાર કરાયું (કૃષિ)</u>**




**<u>નેનો યુરિયા વિશે :</u>**

- ✓ સબસિડીવાળા યુરિયા ખાતરથી 10 ટકા ઓછી કિંમતે લિક્વિડ ખાતર ઉપલબ્ધ થતા ખેડૂતોને લાભ થશે. પાકની ઉત્પાદકતા અને ગુણવત્તામાં પણ વધારો થશે.
- ✓ નેનો યુરિયા ઉપલબ્ધ થતા ખેડૂતોને આર્થિક ફાયદો થવાની સાથે જમીનમાં થયેલુ અસંતુલન દૂર થવામાં પણ મદદ મળશે.
- ✓ પાક વિકાસના નિર્ણય તબક્કે નેનો યુરિયા લિક્વિડનો પાંદડા પર છંટકાવ અસરકારક રીતે તેની નાઇટ્રોજનની જરૂરિયાતને પૂર્ણ કરે છે અને પરંપરાગત યુરિયાની તુલનામાં પાકની ઉત્પાદકતા અને ગુણવત્તા વધારે છે.
- ✓ ઇફકોના પ્લાન્ટમાં નેનો યુરિયા લિક્વિડ ખાતરનું ઉત્પાદન શરૂ

**<u>2. નિધન : ભારતના મહાન એથ્લિટ અને પદ્મશ્રી મિલ્ખા સિંહનું 91 વર્ષે નિધન</u>**



- ✓ જન્મ : 20 નવેમ્બર, 1929
- ✓ જન્મ સ્થળ : ગોવિંદપુરા (પાકિસ્તાન)
- ✓ મૃત્યુ : 18 જુન, 2021 - મૃત્યુ : ચંદીગઢ

**વિશેષ પરિચય :**

- ✓ **ઉપનામ :** ફ્લાઈંગ શીખ - **રમત :** દોડવીર-સ્પ્રિન્ટર
- ✓ **આત્મકથા :** ધ રેસ ઓફ માય લાઈફ, વર્ષ-2013
- ✓ **પુત્ર :** જીવ મિલ્ખા સિંહ - **રમત :** ગોલ્ફર

**એશિયન ગેમ્સ :**

- ✓ 1958ની ટોકિયો ગેમ્સમાં 200 અને 400 મીટરની રેસમાં ગોલ્ડ
- ✓ 1962ની જકાર્તા ગેમ્સમાં 400 અને 4 બાય 400 મીટર રિલેમાં ગોલ્ડ
- ✓ 1956ના મેલબોર્ન, 1960ના રોમ અને 1964ના ટોકિયો ઓલિમ્પિકમાં ભાગ લીધો
- ✓ ભારતીય સૈન્યમાં ઓનનરી કેપ્ટન
- ✓ 1959માં પદ્મશ્રી એવોર્ડ
- ✓ 1960ના રોમ ઓલિમ્પિકમાં નોંધાવેલો 400 મીટરનો રાષ્ટ્રીય રેકોર્ડ 40 વર્ષ અતુટ રહ્યો હતો.

**કોમનવેલ્થ ગેમ્સ :**

- ✓ 1958ની કાર્ડિફ ગેમ્સમાં 440 યાર્ડની રેસમાં ગોલ્ડ

**કોમનવેલ્થમાં ગોલ્ડ જીત્યાની ઉજવણીમાં રજા જાહેર થઈ**

- ✓ ભારતના દિગ્ગજ એથ્લિટ મિલ્ખા સિંઘે અનેક આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટ્સ-સ્પર્ધાઓમાં ગોલ્ડ મેડલ જીતીને ઓલટાઈમ મેડલ ટેલીમાં ભારતનું ખાતું ખોલાવ્યું હતુ.
- ✓ ઈ.સ. 1958ની કોમનવેલ્થ ગેમ્સમાં મિલ્ખાસિંઘે 400 મીટરની દોડમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. જે કોમનવેલ્થ ગેમ્સના એથ્લેટિક્સના ઈતિહાસમાં ભારતનો સૌપ્રથમ ગોલ્ડ મેડલ હતો.
- ✓ ઐતિહાસિક સિદ્ધિ મેળવનારા મિલ્ખાસિંઘની વિનંતીને માન આપીને તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ તે દિવસે રજા જાહેર કરી દીધી હતી.

**1960 રોમ ઓલિમ્પિક 0.01 સેકન્ડથી મેડલ ચૂક્યા**

- ✓ લેજન્ડરી એથ્લિટ મિલ્ખા સિંઘ 1960ના ઓલિમ્પિકમાં માત્ર 0.01 સેકન્ડથી મેડલ ચૂકી ગયા હતા.
- ✓ પુરૂષોની 400 મીટરની દોડમાં મિલ્ખા સિંઘે શરૂઆતના 200 મીટરમાં તો સરસાઈ જાળવી રાખી હતી. જોકે, ત્યાર બાદ અમેરિકાનો ઓટ્ટીસ ડેવિસ, જર્મનીનો કાર્લ કૌફમેન તેમનાથી આગળ નીકળી ગયા હતા.
- ✓ મિલ્ખા સિંઘ અને સાઉથ આફ્રિકાનો માઈકલ સ્પેન્સ બરોબરીએ દોડી રહ્યા હતા અને તેમણે લગભગ એક સાથે જ ફિનિશ લાઈન પાર કરી . જોકે , ફોટો ફિનિશમાં મિલ્ખા સિંઘ 0.01 સેકન્ડ પાછળ રહી ગયા અને તેઓ ચોથા ક્રમે રહેતા મેડલ ચૂક્યા હતા.
- ✓ તેઓએ નેશનલ રેકોર્ડ નોંધાવ્યો, પણ એ 0.01 સેકન્ડને કારણે હજુ ભારતને ઓલિમ્પિક એથ્લેટિક્સનો મેડલ મળ્યો નથી.

**પાક. પ્રમુખ જનરલ અયુબે પંજાબમાં કહ્યું, "તમે આજે દોડતાં ન હતા, ઉડતાં હતા"**

- ✓ ભારતીય સૈન્યમાં જોડાયા પછી એપ્લેટિક્સમાં આવેલા મિલ્ખા સિંઘે ઈ.સ. 1958ની ટોકિયો એશિયન ગેમ્સમાં 400 મીટરની રેસ જીતી હતી. જ્યારે પાકિસ્તાનના અબ્દુલ ખાલીકે 100 મીટરની રેસ જીતી.
- ✓ જે પછી બંને 20 મીટરની રેસમાં સાથે હતા અને ભારે રોમાંચકતા બાદ ફોટો ફિનિશમાં મિલ્ખા સિંઘ જીતી ગયા હતા.
- ✓ જે પછી 1960માં તેમને ખાસ પાકિસ્તાન અબ્દુલ ખાલીક સાથે રેસ કરવા આમંત્રણ પાઠવવામાં આવ્યું હતુ.
- ✓ બ્રિટિશ રાજના સમયે હાલ પાકિસ્તાનમાં આવેલા ગોવિંદપુરામાં જન્મેલા મિલ્ખા સિંઘના પરિવારજનોની ભાગલા સમયના રમખાણોમાં હત્યા થઇ હતી. જેના કારણે તેઓ પાકિસ્તાન જવા તૈયાર ન હતા.
- ✓ તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરૂની સમજાવટ બાદ તેઓ અંગત દર્દને દિલમાં દફન કરીને પાકિસ્તાન ગયા હતા.
- ✓ પાકિસ્તાનમાં સાત હજાર પ્રેક્ષકોની હાજરીમાં મિલ્ખા સિંઘે પાકિસ્તાનના એથ્લીટ અબ્દુલ ખાલીદને હરાવ્યો હતો. તે રેસમાં ભારતના માખન સિંઘ પણ અબ્દુલ કરતાં આગળ રહ્યા હતા.
- ✓ એવોર્ડ સેરેમની બાદ પાકિસ્તાનના તત્કાલીન પ્રમુખ અયુબ ખાને પંજાબીમાં મિલ્ખા સિંઘને કહ્યું કે, તમે આજે દોડતાં ન હતા, ઉડતાં હતા. આ શબ્દોને કારણે તેમને ફ્લાઈંગ શીખનું બિરૂદ મળ્યું હતું.

**3. આસામ : બે બાળકની નીતિ તબક્કાવાર રીતે રાજ્યની તમામ યોજનાઓમાં લાગુ કરાશે**




**હેતુ :**

- ✓ આસામમાં ઝડપથી વધતી મુસ્લિમ વસતી પર અંકુશ મૂકવાની વ્યૂહરચના
- ✓ પ્રસ્તાવિત વસતી નિયંત્રણ નીતિ આસામમાં તમામ યોજનાઓમાં લાગુ નહીં થાય કારણ કે, રાજ્યની કેટલીક યોજનાઓનું સંચાલન કેન્દ્ર સરકાર દ્વારા પણ થાય છે.
- ✓ કેટલીક એવી યોજનાઓ પણ છે જેમાં સરકાર ફક્ત બે બાળકની નીતિ લાગુ ના કરી શકે. જેમ કે, સ્કૂલ-કોલેજમાં મફત શિક્ષણ હોય કે પછી વડાપ્રધાન આવાસ યોજના હેઠળ ગરીબોને મકાન ફાળવવાની યોજના હોય.
- ✓ કેટલીક યોજનાઓમાં રાજ્ય સરકાર આવાસ યોજનાની શરૂઆત કરશે.

**હાલ આસામમાં ચૂંટણી લડવા બે બાળકનો માપદંડ**

- ✓ આસામમાં 2018માં આસામ પંચાયત કાયદો-1993માં કરાયેલાં સંશોધન પ્રમાણે, ચૂંટણી લડવા માટે લઘુતમ શૈક્ષણિક યોગ્યતા અને સારી સ્થિતિમાં શૌચાલયની સાથે બે બાળકનો માપદંડ.
- ✓ **મુખ્યમંત્રી : હેમંત બિશ્વા**
- ✓ **રાજધાની : ગુવાહટી**

**4. ઈરાન : કટ્ટરપંથી ઈબ્રાહીમ રઈસી ઈરાનના આઠમાં રાષ્ટ્રપ્રમુખ તરીકે ચૂંટાયા**



**રઈસી વિશે :**

- ✓ ઇરાનના ન્યાયતંત્રમાં ચીફ જસ્ટિસપદે રહી ચૂક્યા છે
- ✓ ઇરાનના મશહદ શહેરમાં 1960માં જન્મેલા રઈસી નાની ઉંમરથી ન્યાયતંત્ર સાથે સંકળાયેલા છે. તેઓ ઇરાનના ચીફ જસ્ટિસપદે રહી ચુક્યા છે.
- ✓ 1979માં તેઓ ઇસ્લામિક ક્રાંતિમાં જોડાયા હતા
- ✓ તેઓ કરઝ રાજ્યના પ્રોસિક્યુટર જનરલ હતા.
- ✓ **રાજધાની : તહેરાન**

**5. UN : સેક્રેટરી જનરલ તરીકે એન્તોનિયો ગુટેરેસ સતત બીજા પાંચ વર્ષ માટે ચૂંટાયા**

- ✓ UNની 75મી જનરલ બેઠકમાં નિર્ણય




- ✓ સિક્યુરીટી કાઉન્સિલના તમામ 193 સભ્યોએ એકમતે એન્તોનિયોનું નામ સૂચવ્યું હતું.
- ✓ **કાર્યકાળ:** 1 જાન્યુઆરી 2022થી તા. 31 ડિસેમ્બર 2026.
- ✓ UNની આ 75મી સામાન્ય બેઠકમાં પ્રમુખ વોલ્કાન બોઝિકરે જાહેરાત કરી હતી કે એન્તોનિયોને સંયુક્ત રાષ્ટ્રના સેક્રેટરી જનરલના પદ માટે બીજી ટર્મમાં ચાલુ રાખવાનો નિર્ણય સર્વાનુમતે લેવામાં આવ્યો છે. ત્યાર પછી શપથ લેવડાવવામાં આવ્યા હતા.

**6. જન્મ દિન વિશેષ : 19 જૂન**

**ગુજરાતી ચાર્લી ચેપ્લીન : પી.ખરસાણી**

**જન્મ : 19 જૂન 1926 અવસાન : 20 મે 2016**

- ✓ 19 જૂને ગુજરાતી ચલચિત્રોના ચાર્લી ચેપ્લીન તરીકે જાણીતા થયેલા પી.ખરસાણીનો જન્મદિન.




- ✓ આજના દિવસે જ 1862ના વર્ષે અમેરિકી સેનેટે ગુલામી પ્રથાને કાયદા થકી તિલાંજલિ આપી હતી.
- ✓ પી.ખરસાણીનું આખું નામ પ્રાણલાલ દેવજીભાઇ ખરસાણી અને જન્મ કલોલ પાસેના ભાટવાડા ગામે થયો હતો.
- ✓ 6 દાયકાથી વધુની તેમની અભિનેતા તરીકેની કારકિર્દીમાં 100થી વધુ ફિલ્મો અને ટેલિવિઝન શ્રેણીઓ તથા 75થી વધુ નાટકોમાં અભિનયના અજવાળા પાથર્યા હતા.

**પ્રદાન :**

- ✓ પત્તાની જોડ, પરણ્યા છતાં કુંવારા, હું કઇક કરી બેસીસ, માફ કરજો આ નાટક નહિ થાય, રણછોડે રણ છોડ્યું, રાજાને ગમી તે રાણી જેવા નાટકો અને માંડી જાયાનું મામેરું, નારી તું નારાયણી, લાખો ફુલાણી, ગોરલ ગરાસણી, ભાથીજી મહારાજ, મેના ગુર્જરી અને ભવની ભવાઇ જેવી ફિલ્મો તેઓની અભિનયક્ષમતાના ઉદાહરણો છે.
- ✓ ગુજરાતી સમાજમાં ચાર્લી ચેપ્લીન અને હરતી ફરતી યુનિ.તરીકે પસિદ્ધ થયેલા પી.ખરસાણીનું 20 મે 2016ના રોજ 90 વર્ષની પૌઢ વયે અવસાન થયું હતું.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (19-06-2021)

1. વિશ્વમાં પ્રથમ નાઇટ્રોજનયુક્ત નેનો યુરિયા-લિક્વિડ ખાતર કઇ સંસ્થા દ્વારા તૈયાર કરાયું – **IFFCO-કલોલ**
2. તાજેતરમાં ભારતના મહાન એથ્લિટ અને પદ્મશ્રી મિલ્ખા સિંહનું ક્યારે-ક્યાં નિધન થયું – **18 જૂન 2021 તથા ચંડીગઢ**
3. મિલ્ખા સિંઘનો જન્મસ્થળ જણાવો - **ગોવિંદપુરા (પાકિસ્તાન)**
4. મિલ્ખા સિંઘનું ઉપનામ જણાવો - **ફલાઇંગ શીખ**
5. મિલ્ખા સિંઘની આત્મકથા-વર્ષ જણાવો - **ધ રેસ ઓફ માય લાઇફ, વર્ષ-2013**
6. મિલ્ખા સિંઘે એશિયન ગેમ્સમાં ક્યા વર્ષે કઇ રમતમાં કયા મેડલ જીત્યા હતા - **1958ની ટોકિયો ગેમ્સમાં 200 અને 400 મીટરની રેસમાં ગોલ્ડ અને 1962ની જકાર્તા ગેમ્સમાં 400 અને 4 બાય 400 મીટર રિલેમાં ગોલ્ડ**
7. મિલ્ખા સિંઘને ભારતીય સૈન્યમાં કઇ પદવી અપાઇ હતી - **ઓનરરી કેપ્ટન**
8. મિલ્ખા સિંઘે કયા વર્ષે કોમનવેલ્થ ગેમ્સમાં 400 મીટરની દોડમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો જે કોમનવેલ્થ ગેમ્સના એથ્લેટિક્સના ઈતિહાસમાં ભારતનો સૌપ્રથમ ગોલ્ડ મેડલ હતો – **1958**
9. મિલ્ખા સિંઘના જીવન પરથી કઇ ફિલ્મનું નિર્માણ થયુ છે – **ભાગ મિલ્ખા ભાગ**
10. જૂન 2021માં બે બાળકની નીતિનો સરકારી યોજનામાં તબક્કાવાર રીતે અમલ કરનાર રાજ્ય - **આસામ**
11. આસામના વર્તમાન મુખ્યમંત્રીનું નામ જણાવો - **હેમંત બિશ્વા**
12. આસામની વર્તમાન રાજધાનીનું નામ જણાવો - **ગુવાહટી**
13. જૂન 2021માં ઈરાનના આઠમાં રાષ્ટ્રપ્રમુખ તરીકે કોણ ચૂંટાયા - **ઈબ્રાહીમ રઈસી**
14. UNની 75મી જનરલ બેઠકમાં સેક્રેટરી જનરલ તરીકે સતત બીજીવાર કોની પસંદગી કરવામાં આવી - **એન્તોનિયો ગુટેરેસ**
15. UN સેક્રેટરી જનરલ એન્તોનિયો ગુટેરેસની બીજી ટર્મનો કાર્યકાળ જણાવો – **તા. 1 જાન્યુઆરી 2022થી તા. 31 ડિસેમ્બર 2026**
16. કયા ગુજરાતી અભિનેતાને ગુજરાતી ચાર્લી ચેપ્લીન તરીકે ઓળખવામાં આવે છે - **પી.ખરસાણી**
17. ગુજરાતી ચાર્લી ચેપ્લીન તરીકે ઓળખાતા પી. ખરસાણીનો જન્મ દિવસ જણાવો - **19મી જૂન, 1926**
18. ગુજરાતી અભિનેતા પી.ખરસાણીનો જન્મ ક્યાં થયો હતો - **કલોલ પાસેના ભાટવાડા ગામે**

**DATE : 20-06-2021**

**1. ગુજરાત સરકાર : દમણગંગા આધારિત રૂ.797 કરોડની લિફ્ટ ઈરીગેશન યોજનાને સૈદ્ધાંતિક મંજૂરી (જળ વ્યવસ્થાપન)**




**હેતુ :**

- ✓ આ લિફ્ટ ઇરિગેશન યોજનાને કારણે સ્થાનિક આદિજાતિના લોકોને સિંચાઈ તથા પીવા માટે પાણી ઉપલબ્ધ થશે.
- ✓ વલસાડ જિલ્લાના ધરમપુર અને કપરાડા તાલુકાઓ માટે દમણગંગા જળાશય આધારિત રૂ.797 કરોડની યોજનાને સૈદ્ધાંતિક મંજૂરી આપી.

**પ્રભાવિત વિસ્તાર :**

- ✓ આ યોજનામાં દમણગંગા જળાશયથી કુલ 163 કિલોમીટર લાંબી પાઇપલાઇનો દ્વારા વલસાડની ત્રણ મોટી નદીઓ - કોલક, પાર અને તાન નદીઓ પથ ઉપર 9 મોટા અને પ્રશાખાઓ ઉપર 7 નાના ચેકડેમોમાં પાણી નખાશે, જેને કારણે આ નદીઓ પુનર્જીવિત થવાથી 1,730 એકર જમીનને ચેકડેમથી સિંચાઇનો લાભ મળશે.
- ✓ કપરાડા તાલુકાના 24 ગામોની આશરે 19 હજાર એકર જમીનને તથા ધરમપુર તાલુકાના 13 ગામોની અંદાજે 13,450 એકર જમીનને સિંચાઈ સુવિધા મળશે તેમજ આ બંને તાલુકાઓમાં પીવાનું પાણી પણ ઉપલબ્ધ થશે.
- ✓ દમણગંગા જળાશય યોજનામાંથી પાણી લિફ્ટ કરીને જમણા કાંઠા મેઇન કેનાલમાં નાખી કેનાલનો ડિસ્ચાર્જ પણ વધારવામાં આવશે.
- ✓ આ વિસ્તાર ડુંગરાળ હોઈ અહીં વરસાદ વધુ પડતો હોવા છતાં પાણી ટકતું નથી, એટલે આ વિસ્તારમાં ઉનાળાના પીવાના પાણીની અને સિંચાઈના પાણીની પણ કાયમ તંગી વર્તાય છે.

**2. નર્મદ ચંદ્રક એવોર્ડ : દર પાંચ વર્ષે અપાતો એવોર્ડ**

**વિજેતા : ડૉ. પ્રવીણ દરજી**




- ✓ સર્જક, કવિ, વિવેચક, નિબંધકાર, સંશોધક અનુવાદક પદ્મશ્રી ડૉ. પ્રવીણ દરજીની બહુમૂલ્ય સાહિત્ય સેવાને લક્ષમાં લઇ ગુજરાતની જાણીતી સાહિત્ય સંસ્થા નર્મદ સાહિત્ય સભા-સુરત દ્વારા નર્મદ ચંદ્રક માટે પસંદગી કરાઇ

**ડૉ.પ્રવીણ દરજીને મળેલાં સન્માન/એવોર્ડ**

- ✓ ગુજરાતી ભાષાના સર્વોચ્ચ : રણજિતરામ સુવર્ણચંદ્રક.
- ✓ ગુજરાત રત્ન ગૌરવ એવોર્ડ
- ✓ પદ્મશ્રી : 2011.
- ✓ **સંસ્થા :** ગુજરાતની જાણીતી સાહિત્ય સંસ્થા નર્મદ સાહિત્ય સભા-સુરત

**3. 'અહિંસા - ગાંધી : ધ પાવર ઓફ ધ પાવરલેસ' દસ્તાવેજી ફિલ્મને સર્વશ્રેષ્ઠ ડોક્યુમેન્ટરી ફિચર એવોર્ડ**




**વિગત :**

- ✓ દક્ષિણ આફ્રિકામાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત ફિલ્મ નિર્માતા અનંતસિંહની મહાત્મા ગાંધી પર આધારિત ડોક્યુમેન્ટ્રીએ 21માં ન્યૂયોર્ક ઇન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલમાં સર્વશ્રેષ્ઠ ડોક્યુમેન્ટ્રી ફીચર એવોર્ડ જીત્યો.
- ✓ 'અહિંસા - ગાંધી : ધ પાવર ઓફ ધ પાવરલેસ' નામની આ ફિલ્મની સ્ક્રિપ્ટ રમેશ શર્માએ લખી છે અને તેઓએ જ તેનું દિગ્દર્શન કર્યું છે.

**ફિલ્મ વિશે :**

- ✓ આ ફિલ્મમાં દુનિયાભરના ઘણા ઇતિહાસકારો અને વિદ્વાનોએ દુનિયા પર ગાંધીની અસર અંગે તેમના વિચારો વ્યકત કર્યા છે. જેમાં ગાંધીજીની પૌત્રી ઇલા ગાંધી અને અમેરિકામાં રહેતા તેમના પૌત્ર અરુણ ગાંધી અને રાજમોહન ગાંધીનો પણ સમાવેશ થાય છે.

**4. સન્માન: સેન્ટ્રલ યુરોપિયન યુનિવર્સિટી ઓપન સોસાયટી એવોર્ડ**

- ✓ **વિજેતા :** કેરળના પૂર્વ સ્વાસ્થ્ય મંત્રી શૈલજા




**વિગત :**કેરળના સ્વાસ્થ્ય મંત્રી કે. કે. શૈલજાને સેન્ટ્રલ યુરોપિયન યુનિવર્સિટી (સીઇયુ) ઓપન સોસાયટી એવોર્ડ મળ્યો.

**માપદંડ :**

- ✓ આ એવોર્ડ દર વર્ષે અસાધારણ વિશેષ વ્યક્તિઓને અપાય છે.
- ✓ શૈલેજાને સ્વાસ્થ્ય સેવાઓમાં શ્રેષ્ઠ કામથી ઓળખ મળી છે.

**5. દિન વિશેષ : 20 જૂન વર્લ્ડ રેફ્યુજી દિવસ**




**UN રેફ્યુજી એજન્સીના આંકડા**

- ✓ 1 કરોડ લોકો દેશ વગરના : કોરોનાને કારણે સરહદો બંધ રહેવા છતાં 30 લાખ લોકો બેઘર બન્યા
- ✓ વિશ્વમાં દર 96મો માણસ બેઘર છે.
- ✓ **કારણ-** ઘણા દેશોમાં યુદ્ધ, દમન, ઘટતાં સંસાધનો, સીરિયામાં 1.1 કરોડ લોકો બેઘર બન્યા, જે વસતીના 45 ટકા છે.

- ✓ અંદાજે 1 કરોડ લોકોનો કોઈ દેશ જ નથી.
- ✓ કડક કોરોના લોકડાઉન છતાં વર્ષ 2019ની સરખામણીમાં 2020માં વધુ 34 લાખ લોકો વિસ્થાપિત થયા.
- ✓ 2019 સુધીમાં 7.9 કરોડ વિસ્થાપિતો હતા, 2020માં 4 ટકા વધીને 8.24 કરોડ થયા
- ✓ સમગ્ર વિશ્વમાં 8.24 કરોડ લોકો બેઘર
- ✓ 4.57 કરોડ આંતરિક રીતે વિસ્થાપિત
- ✓ 2.64 કરોડ રેફ્યુજી
- ✓ 42 લાખ લોકોએ બીજા રાજ્યમાં શરણ માંગ્યુ

### 6. દિન વિશેષ : જૂનનો બીજો રવિવાર ફાધર્સ ડે




અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (20-06-2021)

1. જૂન 2021માં ગુજરાત સરકારે વલસાડ જિલ્લાના ધરમપુર અને કપરાડા તાલુકાઓ માટે કઇ જળાશય આધારિત રૂ.797 કરોડની યોજનાને સૈદ્ધાંતિક મંજૂરી અપાઇ - **દમણગંગા**
2. દમણગંગા આધારિત લિફ્ટ ઈરીગેશન યોજના થકી કપરાડા તથા ધરમપુર તાલુકાના કેટલા ગામડાઓને લાભ મળશે - **24 તથા 13**
3. જૂન 2021માં નર્મદ ચંદ્રક એવોર્ડ કયા સાહિત્ય સર્જકને અપાયો - **ડૉ. પ્રવીણ દરજી**
4. ગુજરાતી સાહિત્યનો નર્મદ ચંદ્રક એવોર્ડ કઇ સંસ્થા દ્વારા અપાય છે - **નર્મદ સાહિત્ય સભા-સુરત**
5. નર્મદ ચંદ્રક એવોર્ડ દર કેટલા વર્ષે આપવામાં આવે છે - **પાંચ વર્ષ**
6. 21માં ન્યૂયોર્ક ઇન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલમાં સર્વશ્રેષ્ઠ ડોક્યુમેન્ટ્રી ફીચર એવોર્ડ કઇ ફિલ્મને અપાયો - **'અહિંસા - ગાંધી : ધ પાવર ઓફ ધ પાવરલેસ'**
7. દક્ષિણ આફ્રિકામાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કયા ફિલ્મ નિર્માતાને 'અહિંસા - ગાંધી : ધ પાવર ઓફ ધ પાવરલેસ' માટે સર્વશ્રેષ્ઠ ડોક્યુમેન્ટ્રી ફીચર એવોર્ડ મળ્યો - **અનંતસિંહ**
8. જૂન 2021માં સેન્ટ્રલ યુરોપિયન યુનિવર્સિટી ઓપન સોસાયટી એવોર્ડથી કયા મહાનુભાવને સન્માનિત કરાયા - **કેરળના પૂર્વ સ્વાસ્થ્ય મંત્રી કે. કે. શૈલજા**
9. વર્લ્ડ રેફ્યુજી દિવસ કયારે મનાવવામાં આવે છે - **20 જૂન**
10. UN રેફ્યુજી એજન્સીના તાજેતરના આંકડા મુજબ કેટલા કરોડ લોકો દેશ વગરના છે – **એક કરોડ**
11. જૂનનો બીજો રવિવાર કયા દિવસ તરીકે ઊજવાય છે - **ફાધર્સ ડે**

## DATE : 21-06-2021

### 1. ગુજરાત યોગ બોર્ડ-ગાંધીનગર : રાજ્યમાં યોગના પ્રચાર માટે ચાલુ વર્ષે 21,000 યોગ ટ્રેનર તૈયાર કરાયા




- ✓ ગુજરાત સમગ્ર દેશમાં યોગ બોર્ડની રચના કરનાર પ્રથમ રાજ્ય
- ✓ તારીખ 21 જૂનના રોજ મુખ્યમંત્રીના હસ્તે પ્રમાણપત્ર વિતરણ
- ✓ ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન : શિશપાલ રાજપૂત
- ✓ વડુ મથક : ગાંધીનગર

### 2. ગુજરાત : સર્વગ્રાહી વિકાસ બાબતે અન્ય રાજ્યોની તુલનાએ ગુજરાતની સ્થિતિ



**આંકડાકીય વિગતો :**

- ✓ દેશના GDPમાં ગુજરાતનો 8.11 ટકા હિસ્સો.
- ✓ 2012 થી 2017 સુધી જીડીપીમાં 10 ટકાનો વૃદ્ધિદર.
- ✓ માથાદીઠ આવક રૂ. 2.16 લાખ છે જે 2015-16માં રૂ. 1.39 લાખ હતી.
- ✓ ભારતમાં સૌથી વધુ ઓપરેટિંગ એરપોર્ટ ગુજરાતમાં જેમાં 16 સ્થાનિક અને એક આંતરરાષ્ટ્રીય છે.

**ગુજરાત સમક્ષના 5 મોટા પડકારો**

- ✓ ખુશી, રોજગાર, સુરક્ષા, આરોગ્ય અને સુવિધાઓ.

**વિવિધ ક્ષેત્રે ગુજરાત :**

- ✓ દરિયાકિનારો : 1600 કિ.મી.
- ✓ દેશના GDPમાં હિસ્સો : 8.11 ટકા
- ✓ ઔદ્યોગિક ઉત્પાદનમાં હિસ્સો : 16.85 ટકા
- ✓ દેશની નિકાસમાં હિસ્સો : 20 ટકા
- ✓ દેશનું હીરા ઉત્પાદન : 80 ટકા
- ✓ દેશના કુલ પેટ્રો કેમિકલ્સમાં : 62 ટકા

**વિવિધ 20 માપદંડ, ગુજરાત અને ભારતમાં રેન્ક :**

| | માપદંડ | ગુજરાત | રેન્ક |
|---|---|---|---|
| 1 | GSDP | ₹16.50 લાખ કરોડ | 5 |
| 2 | નિકાસ 20-21 | ₹4.48 લાખ કરોડ | 1 |
| 3 | માથાદીઠ આવક | ₹ 2.16 લાખ | 3 |
| 4 | IT કલેક્શન | ₹ 49,021 કરોડ | 4 |
| 5 | GST (March-21) | ₹8197 કરોડ | 2 |
| 6 | FDI (Oct 19-March21) | ₹1.81 લાખ કરોડ | 1 |
| 7 | બેન્ક ડીપોઝિટ્સ | ₹ 8.47 લાખ કરોડ | 5 |
| 8 | કરદાતાઓ | 74.80 લાખ | 3 |
| 9 | વસ્તી | 6.79 કરોડ | 5 |
| 10 | બેરોજગારી દર 2021 | 2.3 | 1 |
| 11 | સાક્ષરતા દર | 82.4% | 3 |
| 12 | જાતિદર | 919/1000 | 5 |
| 13 | શહેરીકરણ | 43% | 3 |
| 14 | વર્કિંગ વુમન | 16.9% | 5 |
| 15 | માથાદીઠ વીજવપરાશ | 2378 kwh | 1 |
| 16 | વીજક્ષમતા | 39587MW | 2 |
| 17 | માર્ગ | 1.80 લાખ કિમી | 6 |
| 18 | હેપ્પીનેસ ઇન્ડેક્સ | 6 (દેશમાં) | 6 |
| 19 | જળ વ્યવસ્થાપન રેન્ક | 1 (દેશમાં) | 1 |
| 20 | હેલ્થ ઇન્ડેક્સ 2019 | 4 (દેશોમાં) | 4 |

સ્ત્રોત: રાજ્યોના વિવિધ રિપોર્ટ્સ

### 3. લોકાર્પણ : કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે 3 ફ્લાયઓવર બ્રિજનું લોકાર્પણ



**સ્થાન : સરખેજ ગાંધીનગર હાઇવે અને છત્રાલ પાનસર રોડ કલોલ**

- ✓ કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહે અમદાવાદ અને ગાંધીનગરને જોડતા સરખેજ-ગાંધીનગર હાઇવે પરના વૈષ્ણોદેવી ફ્લાયઓવર અને ખોડિયાર કન્ટેનર ફ્લાયઓવરનું લોકાર્પણ કર્યું.
- ✓ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલા ફ્લાયઓવર લોકાર્પણના પગલે અમદાવાદ –ગાંધીનગર વચ્ચેની પરિવહન સેવા સલામત અને ઝડપી બનશે.

**બ્રિજની વિશેષતાઓ :**

**1. વૈષ્ણોદેવી ફ્લાયઓવર બ્રિજ**

- ✓ સરખેજ- ગાંધીનગર હાઇવે અને ઔડા રિંગ રોડના જંક્શન પર બનેલો 1195 મીટરની લંબાઇ ધરાવતો છ માર્ગીય વૈષ્ણોદેવી ફ્લાયઓવર બ્રિજનું રૂ. 28 કરોડના ખર્ચે નિર્માણ

**2. ખોડિયાર કન્ટેનર ફ્લાયઓવર**

- ✓ ખોડિયાર કન્ટેનર યાર્ડ પાસે બનેલો 794 મીટર લંબાઇ ધરાવતા છ માર્ગીય ફ્લાયઓવર બ્રિજનું રૂ. 17 કરોડના ખર્ચે નિર્માણ
- ✓ આ બ્રિજ નિર્માણ થકી ગુજરાતની 'આર્થિક રાજધાની'-અમદાવાદ અને 'રાજકીય રાજધાની'- ગાંધીનગર વચ્ચેની પરિવહન સેવા વધુ સલામત અને ઝડપી બનશે
- ✓ આ બંને ફ્લાયઓવર સર્વિસ રોડ અને સ્ટ્રીટ લાઇટ સહિતની સુવિધા ધરાવે છે

**3. પાનસર ફ્લાયઓવર બ્રિજ**

- ✓ કલોલના છત્રાલ- પાનસર રોડ ઉપર પાનસર ખાતે 1045 મીટરની લંબાઇ ધરાવતા બે માર્ગીય રેલવે ફ્લાયઓવર બ્રિજનું રૂ. 34.92 કરોડના ખર્ચે નિર્માણ

**4. 'ફ્રી વેક્સિનેશન ફોર ઓલ' ઝુંબેશનો ભારતમાં પ્રારંભ : તારીખ 21 જૂન 2021**

**રસીકરણની નવી નીતિ વિશે :**

- ✓ દેશમાં એક જ દિવસમાં કોરોનાની વેક્સિન આપવાનો નવો રેકોર્ડ સર્જાયો છે. સરકાર દ્વારા નવી વેક્સિન નીતિનો અમલ કરવાનાં પહેલા જ દિવસે ભારતમાં 84.07 લાખથી વધુ લોકોને વેક્સિન.




- ✓ નવી વેક્સિન નીતિ હેઠળ દેશભરમાં 18 વર્ષથી મોટી ઉંમરનાં તમામને સરકાર દ્વારા મફત વેક્સિન આપવાની શરૂઆત કરાઇ.
- ✓ વિશ્વમાં એક જ દિવસમાં આટલી મોટી સંખ્યામાં ક્યારેય રસીકરણ થયું નથી.
- ✓ ભારતે 21 જૂને જે રસી આપી તે ઇઝરાયેલી કુલ વસતી જેટલી છે અને ન્યૂઝીલેન્ડની વસતી કરતા બમણી છે.
- ✓ સરકાર દ્વારા આ અગાઉ 2 એપ્રિલે એક જ દિવસમાં સૌથી વધુ 42,65,157 વેક્સિનના ડોઝ આપવામાં આવ્યા હતા.
- ✓ તા. 21 જૂન 2021 સુધી સૌથી વધુ ગુજરાત સરકાર દ્વારા 5.1 લાખ લોકોનું રસીકરણ

**5. UN : વૈશ્વિક રોકાણ રિપોર્ટ 2021**

**વિશ્વભરમાં કોરોના સંકટ છતાં વર્ષ 2020માં ભારત વિશ્વમાં પાંચમો દેશ**




- ✓ 2020 દરમિયાન ભારતમાં રૂ. 4.7 લાખ કરોડનું FDI આવ્યું. આખી દુનિયામાં આ દરમિયાન રોકાણમાં ઘટાડો નોંધાયો હતો. જ્યારે 2019માં ભારતમાં રૂ 3.78 લાખ કરોડનું FDI આવ્યું હતું.
- ✓ આ રીતે 2019ની તુલનાએ 2020માં ભારતના FDIમાં 27 ટકાનો વધારો નોંધાયો.

**મહત્વના તારણ :**

- ✓ વૈશ્વિક FDIમાં 35 ટકાનો ઘટાડો
- ✓ વૈશ્વિક સ્તરે 2020માં FDI પર કોરોના મહામારીની જોરદાર અસર થઈ હતી. તેમાં 35 ટકાનો ઘટાડો નોંધાયો હતો.
- ✓ વૈશ્વિક FDI 2019માં જ્યાં 1.5 લાખ કરોડ ડોલર હતું તે 2020માં ઘટીને એક લાખ કરોડ ડોલર થઈ ગયું છે.

**6. રામગઢ વાઈલ્ડ લાઈફ સેન્ચ્યુરી : રાજસ્થાનના ચોથા ટાઈગર રિઝર્વ તરીકે કેન્દ્ર દ્વારા મંજૂરી (વન્યજીવ)**



- ✓ **મંજૂરી આપનાર :** નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી

**7. 'એનેતોલિયન ઈલગ 2021' યુદ્ધ કવાયત**

- ✓ દેશ : તુર્કી



**યુદ્ધ કવાયત વિશે :**

- ✓ આ યુદ્ધ કવાયત 3 જુલાઇ 2021 સુધી ચાલશે.
- ✓ આ યુદ્ધ કવાયતનો હેતુ એકબીજા પાસેથી યુદ્ધ કૌશલ્યના પાઠ ભણવાનો છે.
- ✓ તમામ પાઇલટ યુદ્ધ જેવી સ્થિતિમાં જ ક્વાયત કરી રહ્યા છે.
- ✓ આ યુદ્ધ કવાયતમાં બાંગ્લાદેશ, બેલારૂસ, બલ્ગેરિયા, જ્યોર્જિયા, ઇરાક, સ્વીડન, મલેશિયા, ઓમાન, જોર્ડન અને જાપાન નિરીક્ષકના રૂપમાં જોડાયા.

**તુર્કીમાં યુદ્ધ કવાયત :**

- ✓ તુર્કીમાં ચાલી રહેલી યુદ્ધ કવાયતમાં ભાગ લઇ રહેલા રાફેલ જેટ કતારની વાયુસેનાએ ફ્રાન્સ પાસેથી ખરીદેલાં છે.
- ✓ પાકિસ્તાનની વાયુસેના આ કવાયતમાં મિગ-29 વિમાનો સામે લડત આપવાની કવાયતમાં ભાગ લઇ રહી છે.
- ✓ રાફેલ અને મિગ-29 લડાયક વિમાનો ભારતીય વાયુસેનાનો પ્રાણ છે.
- ✓ પાકિસ્તાનને સમર્થન આપી રહેલા તુર્કીમાં આજકાલ 'એનેતોલિયન ઇલગ 2021' નામે યુદ્ધ કવાયત ચાલી રહી છે.
- ✓ આ યુદ્ધ કવાયતમાં પાકિસ્તાનના પાંચ JF-17 લડાયક વિમાનો ભાગ લઈ રહ્યા છે.
- ✓ અઝરબૈજાનના બે મિગ-29 અને કતારના 4 રાફેલ જેટ પણ ભાગ લઈ રહ્યાં છે.
- ✓ પાકિસ્તાનની વાયુસેના તે દરમિયાન રાફેલ અને મિગ-29 એમ બંને પ્રકારનાં વિમાનો સામે યુદ્ધઅભ્યાસ કરી રહ્યાં છે.
- ✓ આ દરમિયાન પાકિસ્તાની વાયુસેનાને બંને વિમાનો વિષે ખૂબ મહત્વપૂર્ણ જાણકારી મળી શકે છે. પાકિસ્તાનના પાઇલટ બંને વિમાનો સામે કઈ રીતે લડવું તે શીખી રહ્યા છે.

**8. દિન વિશેષ : 21 જૂન**

**(1) 7મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ**




- ✓ **પ્રથમ પ્રારંભ : 21 જૂન 2015**
- ✓ **થીમ 2021 : સ્વાસ્થ્ય માટે યોગ (યોગ ફોર વેલનેસ)**
- ✓ **વડાપ્રધાન મોદીએ WHO સાથે મળીને M-Yoga એપ લોન્ચ કરી**
- ✓ સૂત્ર : **વન વર્લ્ડ વન હેલ્થ**
- ✓ વડાપ્રધાન મોદી દ્વારા સંદેશ :યોગ સે સહયોગ તક
- ✓ ખાસ : કોરોનાના કારણે આ વર્ષે યોગ દિવસની ઉજવણી પોતાના ઘરે રહીને કરવાની હતી




- ✓ વડાપ્રધાન મોદી : નવી દિલ્હી




**25 ફિટ ઇન્ડિયા યોગ કેન્દ્ર :**

- ✓ કેન્દ્રીય આયુષ્ય મંત્રી કિરણ રિજ્જુએ યોગ દિવસના એક દિવસ પહેલા રવિવારે નવ રાજ્યોમાં 25 ફિટ ઇન્ડિયા યોગ કેન્દ્ર શરૂ કરવાની જાહેરાત કરી હતી.
- ✓ સોમવારે દેશના તમામ રાજ્યોમાં યોગ અંગે અલગ-અલગ આયોજન કરવામાં આવ્યા છે.
- ✓ ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગાંધીનગર ખાતેથી યોગ દિવસમાં ભાગ લીધો




**(2) 21 જૂન : વર્ષનો સૌથી લાંબામાં લાંબો દિવસ અને ટૂંકી રાત**

**(3) વિશ્વ સેલ્ફી દિવસ**

- ✓ **પ્રારંભ : 2014થી**

**(4) વિશ્વ સંગીત દિવસ**




- ✓ **થીમ 2021: "Music at the intersections"**

- ✓ **<u>પ્રારંભ :</u>** 1981
- ✓ **<u>દેશ :</u>** ફ્રાન્સ

**<u>(5) વર્લ્ડ હાઇડ્રોગ્રાફી દિવસ</u>**

**<u>ઈન્ટરનેશનલ હાઇડ્રોગ્રાફિક ઓર્ગેનાઇઝેશન (IHO) અને તેના આંતરરાષ્ટ્રીય સભ્યો દ્વારા દર વર્ષે 21 જૂને વર્લ્ડ હાઇડ્રોગ્રાફી ડેની ઉજવણી</u>**

- ✓ નવી નવીનતાઓ પર ધ્યાન આપશે જે આપણા સમુદ્રતલ પર નવી માહિતીને ઉજાગર કરવામાં મદદ કરી રહી છે.
- ✓ હાઇડ્રોગ્રાફી દરિયાઇ મેપ અને ભરતીના વિતરણ, સલામત દરિયાઇ પરિવહન માટે વર્તમાન અને જળસ્તરની માહિતી, તેમજ દરિયાઇ સંરક્ષણ માટે

**<u>9. જન્મ દિન વિશેષ : 21 જૂન ડુંગળીચોર : મોહનલાલ પંડ્યા</u>**

**<u>જન્મ : 21 જૂન-1872 અવસાન : 14 મે- 1935</u>**




- ✓ આજે સ્વતંત્રતા સૈનિક, રચનાત્મક કાર્યકર મોહનલાલ કામેશ્વર પંડ્યાનો જન્મદિવસ.
- ✓ <u>ખેડા જિલ્લાના કઠલાલમાં જન્મેલા મોહનલાલ પંડ્યા</u> 1917માં ગોધરામાં ભરાયેલી પહેલી રાજકીય પરિષદ પછી જાહેર જીવનમાં સક્રિય થયા એ પહેલાં પણ ભૂગર્ભ પ્રવૃત્તિ અને જંગલમાં છાપખાનું ઉભું કરી બનાવતી નામે બોમ્બ બનાવવાનું સાહિત્ય પ્રકાશિત કરવું વગેરે પણ તેઓની પ્રવૃત્તિ રહી.
- ✓ ગુજરાત કક્ષાએ 1935 સુધી થયેલા મોટા સત્યાગ્રહો અને રચનાત્મક પ્રવૃત્તિમાં મોહનલાલ પંડ્યાનું યોગદાન રહ્યું પણ
- ✓ તેમને મુખ્યત્વે ખેડા સત્યાગ્રહ દરમિયાન કરેલી પ્રવૃતિ માટે વિશેષ સ્મરવામાં આવેછે.
- ✓ <u>ખેડા સત્યાગ્રહમાં જમીન મહેસુલ વધારા વિરુદ્ધના સત્યાગ્રહમાં અંગ્રેજ સરકારે ખેતરો ખાલસા કર્યા. તેની સામે મોહનલાલના નેતૃત્વમાં ખેડાના નવા ગામ ગામેથી 200 ખેડૂતોએ રાતોરાત ખેતરમાંથી ડુંગળીનો ઊભો પાક ઉપાડી ઘર ભેગો કર્યો તેની સામે મોહનલાલ પંડ્યા સામે કેસ ચલાવી તેઓને 20 દિવસની કેદની સજા કરાઇ હતી.</u>
- ✓ તેમના પર ચાલેલા કોર્ટ કેસ દરમિયાન ખુદ ગાંધીજી પણ કોર્ટમાં હાજર રહ્યા હતા.
- ✓ <u>મોહનલાલ પંડ્યાને 'ડુંગળીચોર'નું બિરુદ આપી ગાંધીજીએ પોતાની આત્મકથા સત્યના પ્રયોગોમાં તેમના વિશે ડુંગળીચોર નામનું એક પ્રકરણ પણ લખ્યું.</u>

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (21-06-2021)</u>

1. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ચાલુ વર્ષે કેટલા નવા યોગ ટ્રેનર તૈયાર કરાયા - **<u>21,000</u>**
2. સમગ્ર દેશમાં અલયદા યોગ બોર્ડની રચના કરનાર પ્રથમ રાજ્યનું નામ જણાવો - **<u>ગુજરાત</u>**
3. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેનનું નામ જણાવો - **<u>શિશપાલ રાજપુત</u>**
4. ગુજરાત રાજ્ય યોગ બોર્ડનું વડુ મથક ક્યાં આવેલું છે - **<u>ગાંધીનગર</u>**
5. જૂન 2021ની સ્થિતિએ ભારતના જીડીપીમાં ગુજરાતનો હિસ્સો જણાવો - **<u>8.11 %</u>**
6. જૂન 2021ની સ્થિતિએ ભારતના ઔધોગિક ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો જણાવો -**<u>16.85%</u>**
7. જૂન 2021ની સ્થિતિએ ભારતની નિકાસમાં ગુજરાતનો હિસ્સો જણાવો - **<u>20 %</u>**
8. જૂન 2021ની સ્થિતિએ ભારતના કુલ હીરા ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો જણાવો - **<u>80 %</u>**
9. જૂન 2021ની સ્થિતિએ ભારતના કુલ પેટ્રોકેમિકલ્સ ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો જણાવો - **<u>62 %</u>**
10. જૂન 2021ની સ્થિતિએ વર્ષ 2020-21ની ગુજરાતની માથાદીઠ આવક જણાવો – **<u>રૂ. 2.16 લાખ</u>**
11. ભારતના હેપીનેસ ઇન્ડેક્સમાં ગુજરાતનો ક્રમ જણાવો - **<u>6</u>**
12. 21જૂનના રોજ અમદાવાદ અને કલોલમાં કયા ત્રણ બ્રિજનું કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે લોકાર્પણ કરાયું - **<u>વૈષ્ણોદેવી ફ્લાયઓવર બ્રિજ, ખોડિયાર કન્ટેનર ફ્લાયઓવર અને પાનસર-કલોલ ફ્લાયઓવર બ્રિજ</u>**
13. ભારતમાં 'ફ્રી વેક્સિનેશન ફોર ઓલ' ઝુંબેશનો પ્રારંભ ક્યારથી થયો - **<u>21 જૂન 2021</u>**
14. ભારતમાં 'ફ્રી વેક્સિનેશન ફોર ઓલ' ઝુંબેશના ભાગરૂપે પ્રથમ દિવસે 21 જૂન 2021ના રોજ કેટલા લોકોનું રેકોર્ડ બ્રેક રસીકરણ કરાયું -**<u>84.07 લાખ</u>**
15. જૂન 2021- UNના વૈશ્વિક રોકાણ રિપોર્ટ 2021 મુજબ વર્ષ 2020માં ભારત વિશ્વમાં રોકાણમાં કયું સ્થાન ધરાવે છે - **<u>5th</u>**
16. વૈશ્વિક રોકાણ રિપોર્ટ 2021 મુજબ વર્ષ 2020માં ભારતમાં કેટલા લાખ કરોડનું FDI આવ્યું છે - **<u>રૂ. 4.7 લાખ કરોડ</u>**
17. વર્ષ 2019ની તુલનાએ 2020માં ભારતમાં FDIમાં કેટલા ટકાનો વધારો નોંધાયો – **<u>27 %</u>**
18. જૂન 2021માં કેન્દ્ર સરકાર દ્વારા રાજસ્થાનના ચોથા ટાઇગર રિઝર્વ તરીકે કઇ વાઇલ્ડ લાઇફ સેન્ચ્યુરીને મંજૂરી અપાઇ - **<u>રામગઢ વાઇલ્ડ લાઇફ સેન્ચ્યુરી</u>**
19. જૂન 2021માં 'એનેતોલિયન ઈલગ 2021' યુદ્ધ કવાયત કયા દેશમાં યોજાઇ – **<u>તુર્કી</u>**
20. તા. 21મી જૂન-2021ના રોજ કેટલામો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવાયો – **<u>7મો</u>**
21. આંતરરાષ્ટ્રીય યોગ દિવસનો પ્રથમ પ્રારંભ કયારે થયો હતો - **<u>21 જૂન 2015</u>**
22. 7માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિતે વડાપ્રધાન મોદીએ WHO સાથે મળીને યોગ માટે કઇ એપ લોન્ચ કરી - **<u>M-Yoga</u>**
23. ભારતમાં નવ રાજ્યોમાં કેટલા ફિટ ઇન્ડિયા યોગ કેન્દ્ર શરૂ કરવાની જાહેરાત કરાઈ – **<u>25</u>**
24. વર્ષનો સૌથી લાંબામાં લાંબો દિવસ જણાવો - **<u>21 જૂન</u>**
25. વિશ્વ સેલ્ફી દિવસ કયારે ઉજવવામાં આવે છે – **<u>21 જૂન</u>**
26. વિશ્વ સેલ્ફી દિવસનો પ્રથમ પ્રારંભ કયારે થયો હતો - **<u>21 જૂન 2014</u>**

27. વિશ્વ સંગીત દિવસ ક્યારે ઉજવવામાં આવે છે – **21 જૂન**

28. વિશ્વ સંગીત દિવસનો પ્રથમ પ્રારંભ કયારે થયો હતો – **21 જૂન 1981**

29. વિશ્વ સંગીત દિવસ 2021ની થીમ જણાવો - **"Music at the intersections"**

30. વર્લ્ડ હાઇડ્રોગ્રાફી દિવસ કયારે ઉજવવામાં આવે છે –**21 જૂન**

31. વર્લ્ડ હાઇડ્રોગ્રાફી દિવસની ઉજવણી કોના દ્વારા કરવામાં આવે છે - **આંતરરાષ્ટ્રીય હાઇડ્રોગ્રાફિક ઓર્ગેનાઇઝેશન અને તેના આંતરરાષ્ટ્રીય સભ્યો દ્વારા**

32. કયા જાણીતા સ્વતંત્રતા સૈનિક-રચનાત્મક કાર્યકરને ડુંગળીચોર ઉપનામ મળેલું છે - **મોહનલાલ પંડ્યા**

33. મોહનલાલ પંડ્યાને ડુંગળીચોરનું ઉપનામ કોના દ્વારા આપવામાં આવ્યું હતુ – **મહાત્મા ગાંધીજી**

34. ડુંગળીચોરના ઉપનામથી જાણીતા મોહનલાલ પંડયાનો જન્મ દિવસ જણાવો - **21 જૂન-1872**

35. મહાત્મા ગાંધીજીની આત્મકથાનું નામ જણાવો - **સત્યના પ્રયોગો**

## DATE : 22-06-2021

## 1. ગુજરાત ઇલેક્ટ્રિક વ્હીકલ પોલિસી-2021 જાહેર

✓ **હેતુ :** પર્યાવરણના જતન-ઇંધણની બચત માટે

✓ **સમયગાળો :** આગામી ચાર વર્ષ




### સરકાર પ્રોત્સાહન શું આપશે

✓ પ્રતિ કિલોવોટે રૂ. 10 હજારની સબસિડી

✓ ટુ-વ્હીલર માટે મહત્તમ રૂ. 20 હજાર સબસિડી

✓ થ્રી-વ્હીલર માટે મહત્તમ રૂ. 50 હજાર સબસિડી

✓ ફોર-વ્હીલર માટે મહત્તમ રૂ. 1.50 લાખ સબસિડી

✓ રાજ્યના RTO પાસ વાહનોને મોટર નોંધણી ફીમાંથી 100% મુક્તિ.

✓ ચાર્જિંગ સ્ટેશન સ્થાપનારને રૂ. 10 લાખની મર્યાદામાં 25% કેપિટલ સબસિડી.

✓ આ નવી નીતિમાં ખાનગી-કર્મિશયલ બંને પ્રકારના વાહનોને સબસિડી અપાશે અને નવી નીતિનો અમલ તથા સંચાલન રાજ્યનો વાહનવ્યવહાર વિભાગ કરશે.

### નવા નીતિના ફાયદા :

✓ છેલ્લા કેટલાક વર્ષોથી આપણે ઇ-વાહનોને પ્રોત્સાહન આપતા હતા અને અત્યાર સુધી માંડ 2 હજાર જેટલા ઇ-વાહનો રસ્તા ઉપર દોડતા હશે, પરંતુ આ નવી પ્રોત્સાહક નીતિને કારણે આવતા 4 વર્ષમાં ઇ-મોપેડ-સ્કૂટર 1.25 લાખ, ઇ-રિક્ષા 75 હજાર અને ઇ-મોટર ગાડીઓ 25 હજાર નવા ખરીદાય તેવો રાજ્ય સરકારનો અંદાજ છે,

✓ ત્યારબાદ વર્ષે અંદાજે રૂ. પાંચ કરોડનું પેટ્રોલ-ડીઝલ ઓછું ખરીદાતા, ફોરિન એક્સ્ચેન્જ બચશે તથા વર્ષે આશરે 6 લાખ ટન કાર્બન ઉત્સર્જન ઘટશે.

✓ સાથોસાથ, આ 2 લાખ જેટલા ઇ-વાહનોની ખરીદી 4 વર્ષમાં થશે તો રાજ્યની તિજોરી ઉપર રૂ. 870 કરોડનું ભારણ આવશે.

### રાજ્યમાં કુલ 528 ચાર્જિંગ સ્ટેશન સ્થપાશે

✓ ભારત સરકારની યોજનામાં રાજ્યમાં 278 ચાર્જિંગ સ્ટેશન મંજૂર થયેલા છે, તદુપરાંત વધુ 250 ચાર્જિંગ સ્ટેશન બનાવવા માટે હાઇવે ઉપરની હોટેલો-પેટ્રોલ-પમ્પોને રૂ. 10 લાખની મર્યાદામાં ૨૫ ટકા કેપિટલ સબસિડી અપાશે.

**કયા રાજયમાં કેટલી સબસિડીના આંકડા**

| ક્યાં કેટલી સબસિડી | એથર ૪૫૦ x મોપેડ | હીરો ફોટોન મોપેડ | મહિન્દ્રા ટ્રેઓ-રિક્ષા |
|---|---|---|---|
| ગુજરાત | 63,500 | 34,000 | 1,18,923 |
| મહારાષ્ટ્ર | 48,500 | 22,000 | 80,923 |
| દિલ્હી | 58,000 | 25,500 | 98,923 |

નોંધ : આ સબસિડીમાં કેન્દ્ર + રાજ્યની રાહત સામેલ છે.

✓ વાહન સબસિડી બેંક ખાતામાં સીધી DBTથી જમા થશે

✓ ઊર્જા મંત્રી : શ્રી સૌરભભાઇ પટેલ વિભાગ : ઊર્જા

## 2. ગુજરાત સ્ટેટ ઇન્સ્ટિટ્યુશનલ રેટિંગ ફ્રેમવર્ક 2020-21 ગુજરાત સરકાર (શિક્ષણ)

✓ ગુજરાત સરકાર દ્વારા વર્ષ 2020-21ના યુનિવર્સિટી અને કોલેજના રેટિંગ જાહેર કર્યા

**યુનિવર્સિટી રેટિંગ**

| ઓવરઓલ સ્ટાર્સ | ૨૦૨૧માં યુનિ.ની સંખ્યા | ૨૦૨૦માં યુનિ.ની સંખ્યા |
|---|---|---|
| ફાઇવ સ્ટાર | 5 | 1 |
| ફોર સ્ટાર | 11 | 14 |
| થ્રી સ્ટાર | 10 | 5 |
| ટુ સ્ટાર | 8 | 8 |
| વન સ્ટાર | 0 | 0 |
| કુલ | 34 | 28 |

**કોલેજ રેટિંગ**

| ઓવરઓલ સ્ટાર્સ | ૨૦૨૧માં યુનિ.ની સંખ્યા | ૨૦૨૦માં યુનિ.ની સંખ્યા |
|---|---|---|
| ફાઇવ સ્ટાર | 5 | 4 |
| ફોર સ્ટાર | 26 | 10 |
| થ્રી સ્ટાર | 37 | 18 |
| ટુ સ્ટાર | 48 | 35 |
| વન સ્ટાર | 1 | 1 |
| કુલ | 117 | 68 |

### ફાઇવ સ્ટાર રેટિંગ યુનિવર્સિટી :

1. **ગુજરાત યુનિવર્સિટી-અમદાવાદ (સતત બીજા વર્ષે નંબર વન)**
2. **પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી-ગાંધીનગર**
3. **નિરમા યુનિવર્સિટી-અમદાવાદ**
4. **સેપ્ટ યુનિવર્સિટી-અમદાવાદ**
5. **જૂનાગઢ એગ્રીકલ્ચર યુનિવર્સિટી-જૂનાગઢ**

### ફાઇવ સ્ટાર રેટિંગ કોલેજો :

1. **ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજિ ફોર એડવાન્સ્ડ સ્ટડીઝ એન્ડ રિસર્ચ-આણંદ**
2. **સેન્ટ.ઝેવિયર્સ કોલેજ-અમદાવાદ**
3. **ચંદનબેન મોહનભાઇ પટેલ ઈન્સ્ટિ. ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન-આણંદ**
4. **વિરાણી સાયન્સ કોલેજ-રાજકોટ**
5. **પી.ટી.સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ-સુરત**




**ભાગ લેનાર સંસ્થાઓ :**

- ✓ આ રેન્કિંગમાં ભાગ લેનાર રાજ્યભરની યુનિવર્સિટી અને કોલેજો સહિતની સંસ્થાઓની સંખ્યા 2019-20 દરમિયાન 130 હતી તે 2020-21માં વધીને 225 થઈ ગઈ છે. રાજ્યની 70 પૈકી 35 યુનિવર્સિટીઓ અને 190 કોલેજોએ ભાગ લીધો હતો.
- ✓ ગત વર્ષે કરતા આ વર્ષે રેટિંગમાં ભાગ લેનારી યુનિવર્સિટીઓની સંખ્યામાં 21 ટકાનો વધારો થયો છે. કુલ 9 યુનિવર્સિટીએ પ્રથમ વખત ભાગ લીધો હતો.
- ✓ ગુજરાત યુનિવર્સિટી સતત બીજા વર્ષે નંબર વન

**માપદંડ :**

- ✓ ટીચિંગ, લર્નિંગ, રિસર્ચ સહિતના વિવિધ પાસાંની ચકાસણીના આધારે વિવિધ યુનિવર્સિટીઓ, કોલેજોની ગુજરાત સ્ટેટ ઇન્સ્ટિટ્યૂશનલ રેટિંગ ફ્રેમ વર્ક (જીએસઆઈઆર) 2020-2021ની જાહેરાત.

**રેટિંગની પદ્ધતિ :**

- ✓ ટીચિંગ એન્ડ લર્નિંગ, સ્ટુડન્ટ સ્ટ્રેન્થ, પ્લેસમેન્ટ, રિસર્ચ એન્ડ પ્રોફેશનલ પ્રેક્ટિસીસ, ગ્રેજ્યુએશન આઉટ કમ્સ, આઉટરિચ એન્ડ ઈન્ક્લુસિવિટી
- ✓ **શિક્ષણ મંત્રી : શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા     વિભાગ : શિક્ષણ**

**3. જન્મ દિન વિશેષ : 22 જૂન     રમૂજના રાજા : રમેશ મહેતા**




**જન્મ : 22 જૂન 1932     અવસાન : 11 મે 2012**

- ✓ આજે 22 જૂનના રોજ ગુજરાતી સિને જગતમાં હાસ્યનું હુલ્લડ, રમૂજના રાજા તરીકે પંકાયેલા રમેશ ગિરધરભાઈ મહેતાનો જન્મદિવસ.
- ✓ ગુજરાતી ફિલ્મોમાં જેમની એન્ટ્રી માત્રથી દર્શકોના ચહેરા પર હાસ્ય આવી જાય તેવા રમેશ મહેતાનો જન્મ ગોંડલના નવા ગામ ખાતે થયો હતો.
- ✓ પિતાનો સાહિત્યિક વારસો પ્રાપ્ત કરનાર બાળક રમેશે માત્ર 6 વર્ષની નાની વયે નાટકોમાં અભિનય શરૂ કર્યો હતો.
- ✓ રમેશ મહેતા પોતાનો નાટકનો શોખ પોષવા માટે 1955માં મુંબઈમાં ઇન્ડિયન થિએટરમાં જોડાયા હતા.
- ✓ **પ્રદાન:** તેઓએ સૂડી વચ્ચે સોપારી અને હું તારો વર છું જેવા નાટકો અને 25 કરતા ફિલ્મોની પટકથા પણ લખી છે.
- ✓ જેસલ તોરલ, રેતીના રતન, હસ્ત મેળાપ, ઘૂંઘટે, રાજા ભરથરી, હોથલ પદમણી, વાલો નામોરી સોન કંસારી જેવી 190 કરતા વધુ ફિલ્મોમાં અભિનયના ઓજસ પાથર્યા હતા.
- ✓ ગુજરાતી ફિલ્મોના 1970-80ના સુવર્ણ દાયકામાં દર્શકો માટે ઉપેન્દ્ર ત્રિવેદી, સ્નેહલત્તા સાથે રમેશ મહેતા સિનેમા ઘરો સુધી આવવા માટેનું આકર્ષણ હતા.
- ✓ ગુજરાતી ચલચિત્ર જગતના આ દિગ્ગજ હાસ્યકારનું 11 મે 2012ના રોજ રાજકોટમાં અવસાન થયું ત્યારે ખરેખર ગુજરાતી ફિલ્મોના એક યુગનો અંત આવ્યો હતો.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (22-06-2021)**

1. પર્યાવરણના જતન-ઇંધણની બચત માટે ગુજરાત સરકારે નવી ઇલેક્ટ્રિક વ્હીકલ પોલિસી-2021 ક્યારે જાહેર કરી – **તા. 22 જૂન 2021**
2. ગુજરાત ઇલેક્ટ્રિક વ્હીકલ પોલિસી-2021નો સમયગાળો જણાવો - **આગામી ચાર વર્ષ**
3. ગુજરાત ઇલેક્ટ્રિક વ્હીકલ પોલિસી-2021 અંતર્ગત પ્રતિ કિલોવોટે કેટલી સબસિડી અપાશે - **રૂ. 10 હજાર**
4. ગુજરાત ઇલેક્ટ્રિક વ્હીકલ પોલિસી-2021 અંતર્ગત ટુ-વ્હીલર માટે મહત્તમ કેટલી સબસિડી અપાશે - **રૂ. 20 હજાર**
5. ગુજરાત ઇલેક્ટ્રિક વ્હીકલ પોલિસી-2021 અંતર્ગત થ્રી-વ્હીલર માટે મહત્તમ કેટલી સબસિડી અપાશે - **રૂ. 50 હજાર**
6. ગુજરાત ઇલેક્ટ્રિક વ્હીકલ પોલિસી-2021 અંતર્ગત ફોર-વ્હીલર માટે મહત્તમ કેટલી સબસિડી અપાશે - **રૂ. 1.50 લાખ**
7. ગુજરાત ઇલેક્ટ્રિક વ્હીકલ પોલિસી-2021 અંતર્ગત રાજ્યના RTO પાસ વાહનોને મોટર નોંધણી ફીમાંથી કેટલા ટકા મુક્તિ અપાશે – **100 ટકા**
8. ગુજરાત ઇલેક્ટ્રિક વ્હીકલ પોલિસી-2021 અંતર્ગત ચાર્જિંગ સ્ટેશન સ્થાપનારને કેટલા રૂપિયાની મર્યાદામાં કેટલા ટકા કેપિટલ સબસિડી અપાશે - **રૂ. 10 લાખ તથા 25 ટકા**
9. ગુજરાતના વર્તમાન ઊર્જા મંત્રીનુ નામ જણાવો - **શ્રી સૌરભભાઇ પટેલ**
10. ગુજરાત ઇલેક્ટ્રિક વ્હીકલ પોલિસી-2021 અંતર્ગત ઈ વાહનોની બેટરીના ચાર્જિંગ માટે હાલના 278 ઉપરાંત નવા 250 સાથે કુલ કેટલા ચાર્જિંગ સ્ટેશનો સ્થપાશે – **528**
11. જૂન 2021માં ગુજરાત સ્ટેટ ઇન્સ્ટિટ્યૂશનલ રેટિંગ ફ્રેમવર્ક 2020-21 કયા વિભાગ દ્વારા જાહેર કરાયું - **શિક્ષણ**
12. ગુજરાત સ્ટેટ ઇન્સ્ટિટ્યૂશનલ રેટિંગ ફ્રેમવર્ક 2020-21 મુજબ ફાઇવ સ્ટાર રેટિંગ મેળવનાર પ્રથમ 1 થી 5 યુનિવર્સિટીના નામ જણાવો - **ગુજરાત યુનિવર્સિટી, પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી, નિરમા યુનિવર્સિટી, સેપ્ટ યુનિવર્સિટી તથા જૂનાગઢ એગ્રીકલ્ચર યુનિવર્સિટી**
13. ગુજરાત સ્ટેટ ઇન્સ્ટિટ્યૂશનલ રેટિંગ ફ્રેમવર્ક 2020-21 મુજબ ફાઇવ સ્ટાર રેટિંગ મેળવનાર પ્રથમ 1 થી 5 કોલેજના નામ જણાવો – **ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજિ ફોર એડવાન્સ સ્ટડીઝ એન્ડ રિસર્ચ-આણંદ, સેન્ટ.ઝેવિયર્સ કોલેજ-અમદાવાદ, ચંદનબેન મોહનભાઈ પટેલ ઈન્સ્ટિ. ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન-આણંદ, વિરાણી સાયન્સ કોલેજ-રાજકોટ તથા પી.ટી.સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ-સુરત**
14. ગુજરાત સ્ટેટ ઇન્સ્ટિટ્યૂશનલ રેટિંગ ફ્રેમવર્ક 2020-21 મુજબ કુલ કેટલી યુનિવર્સિટીને રેટિંગ અપાયું - **34**

15. ગુજરાત સ્ટેટ ઇન્સ્ટિટ્યૂશનલ રેટિંગ ફ્રેમવર્ક 2020-21 મુજબ કુલ કેટલી કોલેજને રેટિંગ અપાયું - **117**

16. ગુજરાત સ્ટેટ ઇન્સ્ટિટ્યૂશનલ રેટિંગ ફ્રેમવર્ક 2020-21 સતત બીજા વર્ષે પ્રથમ ક્રમ મેળવનાર યુનિવર્સિટીનું નામ જણાવો - **ગુજરાત યુનિવર્સિટી**

17. ગુજરાતના વર્તમાન શિક્ષણ મંત્રીનું નામ જણાવો - **શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા**

18. ગુજરાતી ફિલ્મોમાં પ્રસિદ્ધ હાસ્ય કલાકાર રમેશ મહેતાનો જન્મદિવસ જણાવો - **22 જૂન 1932**

19. ગુજરાતી ફિલ્મોમાં પ્રસિદ્ધ હાસ્ય કલાકાર રમેશ મહેતાનું જન્મ સ્થળ જણાવો - **નવાગામ, રાજકોટ**

## DATE : 23-06-2021

### 1. નારગોલ : ગ્રીન ફિલ્ડ પોર્ટ તરીકે વિકસાવવા GMBને ગુજરાત સરકારની સૈદ્ધાંતિક મંજૂરી

✓ જિલ્લો : વલસાડ




**નવી જોગવાઈ અને રકમ :**

પ્રથમ તબક્કે અંદાજે રૂ. 3,800 કરોડના ખર્ચે પીપીપી મોડેલ ઉપર બિલ્ડ-ઓન-ઓપરેટ- ટ્રાન્સફર 'બૂટ' ધોરણે મલ્ટિ ફંક્શનલ પોર્ટ વિકસાવવાનું નક્કી થયું.

✓ જેમાં સોલિડ – લિક્વિડ - કન્ટેઇનર્સ કાર્ગો ફેસિલિટી ઊભી થશે.

✓ 'બૂટ' ધોરણમાં અગાઉ પ્રમોટરને 30 વર્ષનો સમય અપાતો હતો, તે હવે વધારીને 50 વર્ષ સુધી પોર્ટ ચલાવવા પ્રમોટરને અપાશે.

✓ પ્રથમ ચરણમાં પોર્ટની હેન્ડલિંગ ક્ષમતા વાર્ષિક 400 લાખ ટનની કરવામાં આવશે. આ પ્રોજેક્ટ માટે ગ્લોબલ ટેન્ડર બહાર પડશે.

**મહત્વ :** દિલ્હી-મુંબઇ ઇન્ડસ્ટ્રિયલ કોરિડોર રૂટ ઉપર નારગોલનો વિસ્તાર આવેલો હોઇ તેમજ પારડી- વલસાડમાં શુગર-પેપર કેમિકલ-ટેક્સ્ટાઇલના મોટા એકમો આવેલા હોઇ આયાત-નિકાસ માટે મુંબઇના જેએનયુ પોર્ટના વિકલ્પે આ પોર્ટના વિકાસને મોટો વેગ મળશે.

✓ **GMB : ગુજરાત મેરીટાઇમ બોર્ડ**

### 2. સુજલામ સુફલામ જળસંચય અભિયાન-2021 ચોથો તબક્કો સંપન્ન




✓ **ચોથા તબક્કાનો સમયગાળો :** તા. 1 એપ્રિલથી 10 જૂન 2021

**સિદ્ધિઓ :**

✓ જળ સંચયના 15,210 કામો પૂર્ણ. રાજ્યની જળ સંગ્રહ ક્ષમતામાં 19 હજાર લાખ ઘનફૂટનો વધારો થયો છે, જે અગાઉના ત્રણ વર્ષ કરતાં વધારે છે.

✓ ચોમાસા પહેલા યોજાતા આ અભિયાનમાં 4 વર્ષમાં 56,698 કામો પૂર્ણ કરાયાં. જળ સંગ્રહ ક્ષમતામાં 61,787 લાખ ઘનફૂટનો વધારો થયો.

✓ આ અભિયાનમાં 33 જિલ્લાઓમાં 21,402 તળાવો ઊંડાં કરાયા. 26.46 લાખ માનવદિન રોજગારીનું નિર્માણ થયું.

✓ એક જ દિવસમાં 1.23 લાખ લોકોને રોજગારી આપવામાં આવી છે.

✓ **અભિયાનનો સૌપ્રથમ પ્રારંભ :** તા. 1 મે 2018થી સ્થાન : કોસમડી, ભરૂચ

### 3.સદીના વિશ્વના સૌથી મોટા દાનવીરોની પ્રથમવાર યાદી જાહેર : સૌથી મોટા દાનવીર જમશેદજી તાતા - તાતા જૂથના સ્થાપક




**જમશેદજી તાતા વિશે :**

✓ જમશેદજી તાતાનો જન્મ 3 માર્ચ, 1839ના રોજ ગુજરાતના નવસારીમાં નસરવાનજી અને જીવણબાઇ નામના પારસી દંપતીના ઘરે થયો.

✓ તેમનાં માતા-પિતાએ તેમને પશ્ચિમી શિક્ષણ અપાવ્યું હતું. બાદમાં વધુ આધુનિક અભ્યાસ માટે તેને મુંબઇ પણ મોકલ્યા હતા.

✓ વર્ષ 1868માં તેમણે રૂ. 21 હજારની મૂડીથી ટ્રેડિંગ કંપની શરૂ કરીને તાતા જૂથનો પાયો નાંખ્યો હતો.

**ક્રમ, દાનવીરો અને દેશ :**

1. **જમશેદજી તાતા : દાન - 102.4 અબજ ડોલર**
2. **બિલ ગેટ્સ એન્ડ મેલિન્ડા ગેટ્સ–USA : 746 અબજ ડોલર**
3. **વોરેન બફેટ-USA**
4. **હેનરી હ્યુગેસ-UK**
5. **જ્યોર્જ સોરોસ-USA**

**છેલ્લા 100 વર્ષમાં દાનની રકમ :** વિતેલા 100 વર્ષમાં દાનવીરોએ 832 અબજ ડોલરનું દાન આપી ચૂક્યા છે.

✓ વિવિધ ફાઉન્ડેશન દ્વારા 503 અબજ ડોલરનું દાન થયું હતું અને વિવિધ દાતાઓએ 329 અબજ ડોલરનું દાન કર્યું હતું.

✓ યાદીમાં ઉલ્લેખિત દાનવીરોની સંખ્યામાં અમેરિકા મોખરે છે. અહીંના 39 દાનવીરો મોટું દાન કરી ચૂક્યા છે.

✓ યાદીમાં બ્રિટનના 5, ચીનના 3, ભારતના 2 તથા પોર્ટુગલ અને સ્વિટ્ઝર્લેન્ડના એક-એક દાનવીરનો સમાવેશ થાય છે .

✓ **અહેવાલ :** એડેલગિવ હુરુન ઇન્ડિયા

✓ **સંશોધક :** રૂપર્ટ હુગવર્ફ

### 4. નિર્ણય : ITAT (આર્થિક)

**નોટબંધી બાદ ગૃહિણીઓ દ્વારા જમા કરાયેલી રૂ. 2.5 લાખ સુધીની થાપણો ઉપર કોઇ ટેક્સ નહીં : આવકવેરાની તપાસના સર્કલમાં આવશે નહીં**

**કેસની વિગત :**

- ✓ ગ્વાલિયરની એક ગૃહિણી ઉમા અગ્રવાલે નાણાકીય વર્ષ 2016-17માં પોતાના રિટર્નમાં કુલ રૂ.1,30,810ની આવક દર્શાવી હતી.
- ✓ નોટબંધી બાદ તેણે પોતાના ખાતામાં રૂ. 2,11,500 રોકડા જમા કર્યા હતા.
- ✓ ઇન્કમટેક્સ ડિપાર્ટમેન્ટ ખુલાસો કરવા જણાવ્યું હતું. આ પછી અગ્રવાલે જણાવ્યું હતું કે તેના પતિ, પુત્ર, સંબંધીઓ દ્વારા પરિવાર માટે આપવામાં આવેલા નાણામાંથી તેણે ઉપરોક્ત રકમની બચત કરી હતી.
- ✓ સીઆઇટી (અપીલ)એ તેના ખુલાસાને માન્ય રાખ્યો ન હતો તે પછી અગ્રવાલે ITATનું શરણું લીધું હતું.
- ✓ ટ્રિબ્યુનલે જણાવ્યું હતું કે નોટબંધી દરમિયાન એસેસી દ્વારા જમા કરવામાં આવેલ રકમને તેની આવકના રૂપમાં માનવી જોઇએ નહીં. પરિવારોમાં ગૃહિણીઓનું યોગદાન અતુલનીય છે.
- ✓ **ITAT :** ઇન્કમટેક્ષ એપલેટ ટ્રિબ્યુનલ

**5.સિવિલ રજિસ્ટ્રેશન રિપોર્ટ 2019:અહેવાલ**

**ભારતમાં જન્મ અને મરણની નોંધણી દર્શાવતો સિવિલ રજીસ્ટ્રેશન રિપોર્ટ-2019 જાહેર**

**દર 1000 કુમારની તુલનામાં કન્યાનો જન્મ દર અને રાજ્યો :**

**તાજેતરમાં બહાર પડેલા લેટેસ્ટ આંકડા રાજ્યવાર સેક્સ રેશિયાના આંકડા**

| રાજ્ય/પ્રદેશ | 2017 | 2019 |
|---|---|---|
| ઉત્તરાખંડ | 929 | 960 |
| કેરળ | 965 | 960 |
| તેલંગાણા | 915 | 953 |
| કર્ણાટક | 949 | 947 |
| ઓડિશા | 930 | 947 |
| તામિળનાડુ | 932 | 942 |
| પશ્ચિમબંગાળ | - | 941 |
| આંધ્રપ્રદેશ | 935 | 935 |
| છત્તીસગઢ | 968 | 931 |
| હરિયાણા | - | 923 |
| હિમાચલ પ્રદેશ | 934 | 918 |
| રાજસ્થાન | 931 | 916 |
| પંજાબ | 890 | 914 |
| જમ્મુ-કાશ્મીર | 909 | 909 |
| મધ્યપ્રદેશ | - | 905 |
| આસામ | 921 | 903 |
| ગુજરાત | 898 | 901 |

**6. આસામ : ગુવાહાટીમાં વિશ્વનો પ્રથમ જીનેટીકલી મોડીફાઇડ (GM)રબર પ્લાન્ટ કાર્યરત (ઉધોગ)**




**પ્લાન્ટ વિશે :**આ રબર પ્લાન્ટને કેરળ સ્થિત રબ્બર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (RRII)ની લેબોરેટરીમાં લાંબા સંશોધન બાદ વિકસિત કરવામાં આવ્યો.

- ✓ જીએમ રબર પ્લાન્ટ્સ ધારણા અનુસાર આ MnSOD જીનને ઓવર એક્સેસ કરે છે ઝડપથી વિકસે છે.

**7. કેન્દ્ર સરકાર : ફ્રેમ 2 પોલિસી**

**ઇલેક્ટ્રિક વાહનમાં કેન્દ્ર અને રાજ્યની સબસિડી એમ બંનેનો લાભ મળશે**

**વિગત :**ICRAનો રિપોર્ટ-25% વધી. શકે છે ઇલેક્ટ્રિક થ્રિ-વ્હિલર

- ✓ નવી ઇલેક્ટ્રિક વ્હિકલ પોલિસી હેઠળ ગુજરાત સરકારે જાહેર કરેલી સબસિડી તથા કેન્દ્ર સરકારની ફ્રેમ-2 યોજના હેઠળ અપાતી સબસિડીના પગલે ગુજરાતમાં ઇ- ટૂવ્હિલરના ભાવમાં રૂ. 30 હજાર સુધીનો ઘટાડો થશે.
- ✓ રેટિંગ એજન્સી ICRAના મતે ઇલેક્ટ્રિક કાર પર રૂ. 1.50 લાખથી રૂ. 3 લાખ સુધીનો ફાયદો થશે.
- ✓ ઇ-ટુ વ્હિલર પર સબસિડીની કેપ 40% થતા મોટી રાહત
- ✓ આ મહિને જ કેન્દ્ર સરકારે ફ્રેમ-2 પોલિસીમાં ફેરફાર કરીને ઇ-ટૂવ્હિલર પર સબસિડીની કેપ 20 ટકાથી વધારીને 40 ટકા કરી હતી.
- ✓ અંગત વપરાશ માટેના ઇલેક્ટ્રિક ફૉર વ્હીલર પર કોઇ સબસિડી અપાતી નથી પણ ગુજરાત સરકારે અંગત વપરાશના ઇલેક્ટ્રિક ફૉર વ્હિલરને પણ સબસિડીની જાહેરાત કરી છે જેથી આ શ્રેણીના વાહનોના ભાવમાં રૂ. દોઢથી ત્રણ લાખ સુધીનો સીધો ફાયદો થશે.

**8. ભારત - US નેવી યુદ્ધ અભ્યાસ 2021**

- ✓ સમયગાળો : તા. 22-23 જૂન 2021 સ્થળ : હિંદ મહાસાગર

**9. ખેલકૂદ : ICC : WTC-2021**

- ✓ વિજેતા દેશ : ન્યુઝીલેન્ડ ઉપ વિજેતા : ભારત



- ✓ યજમાન : સાઉથમ્પ્ટન, ઇંગ્લેન્ડ
- ✓ ન્યુઝીલેન્ડ 91 વર્ષના ઇતિહાસમાં પ્રથમ ICC WTC વિજેતા
- ✓ ICC : ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ
- ✓ WTC : વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ

**10. દક્ષિણ મહાસાગર : વિશ્વના નવા પાંચમા મહાસાગર તરીકે સધર્ન ઓશન દક્ષિણ મહાસાગરને માન્યતા**

**હવે કુલ પાંચ મહાસાગર :**

**1. ઇન્ડિયન ઓશન 2. એટલાન્ટિક ઓશન**
**3.પેસિફિક ઓશન 4. આર્કટિક ઓશન**

**2. સધર્ન ઓશન (નવીન)**







**નવીન મહાસાગર વિશે :**

- ✓ ધરતીનો 71 ટકા ભાગ પાણીથી ઘેરાયેલો છે. બધે પાણી તો સરખુ જ હોય છતાં, પણ તેમાં રહેલા વિવિધ લક્ષણોને આધારે મહાસાગર, સમુદ્રમાં તેનું વિભાજન થયેલું છે.
- ✓ નેશનલ જ્યોગ્રાફિક સોસાયટી છેક 1905થી આખા જગત માટે ચોકસાઇપૂર્વકના નકશા બનાવે છે.

- ✓ ભૌગોલિક બાબતોની માહિતી જોઈતી હોય તો નેશનલ જ્યોગ્રાફિકથી વધારે ઉપયોગી નકશા કોઈના નથી હોતા. એ સોસાયટીએ આ વર્ષે તેના સત્તાવાર મેપમાં આ મહાસાગર ઉમેરવાની શરૂઆત કરી.
- ✓ નેશનલ જ્યોગ્રાફિકના નિષ્ણાતોએ કહ્યું હતું કે આ પાંચમો મહાસાગર છે એ સંશોધકો તો વર્ષોથી જાણે જ છે. પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે મહાસાગરને માન્યતા આપવા માટે સહમતી સધાઈ ન હતી. એટલે મહાસાગર હોવા છતાં ઓળખ મળતી ન હતી.

**માન્યતા આપનાર સંસ્થા :**

- ✓ અમેરિકના નેશનલ ઓશનિક એન્ડ એટમોસ્ફિઅરિક એડમિનિસ્ટ્રેશન ( NOAA ) એ તો 1999માં જ પાંચમા મહાસાગરને માન્યતા આપી હતી. પરંતુ એ પછી સમુદ્રી વિસ્તાર અંગેના આંતરરાષ્ટ્રીય સંગઠન ઇન્ટરનેશનલ હાઈડ્રોગ્રાફિક ઓર્ગેનાઈઝેશનની બેઠક મળી. તેમાં પાંચમા મહાસાગર અંગે સહમતી ન સધાઈ. પરંતુ એટલું નક્કી થયું કે જગતના સમુદ્રો, જળ પ્રવાહો, મહાસાગરો વગેરેનો નવેસરથી સર્વે કરી સરહદો આંકીશું.
- ✓ આ વર્ષે ફેબ્રુઆરી-2021થી NOAA એ પાંચમા મહાસાગરને માન્યતા આપી દીધી હોવાથી નેશનલ જ્યોગ્રાફિકનો માર્ગ મોકળો થયો છે.

**નામ વિશે :**

- ✓ આ મહાસાગરને અત્યારે સધર્ન નામ અપાયું છે કેમ કે એ એન્ટાર્કટિકની આસપાસ જ આવેલો જળ વિસ્તાર છે. એ મહાસાગર તરીકે અલગ પડે છે કેમ કે આસપાસના સમુદ્રો કરતાં તેનું પાણી વધારે ઠંડુ છે. તેનું પાણી અન્ય સમુદ્રી વિસ્તાર કરતા ઓછું ખારું એટલે કે ઓછું મીઠું ધરાવે છે.
- ✓ આ જળ વિસ્તાર એ રીતે પણ અલગ પડે છે કે ત્યાં બરફનો વધારે જમેલો છે. બરફને કારણે અન્ય મહાસાગર કરતા તેનો દેખાવ અને પાણીનો કલર પણ અલગ પડે છે.
- ✓ જગતના દરેક મહાસાગરના પાણી એકબીજાથી અલગ પડે છે કેમ કે તેની વહેવાની દિશા, તાપમાન, પાણીનો વેગ વગેરે એકબીજાથી અલગ પડે છે. ખાસ તો દરેક મહાસાગર તેમાં વહેતા પાણીના પ્રવાહથી અલગ પડે છે.
- ✓ સધર્ન ઓશન એન્ટાર્કટિકા ખંડ ફરતે જ વહે છે, તેનું પાણી પૂર્વ દિશામાં આગળ વધે છે. એટલે એન્ટાર્કટિકા ફરતે પાણીની એક રિંગ બને છે, આ રિંગ અન્ય મહાસાગરોથી અલગ છે.
- ✓ આ જળ પ્રવાહ એન્ટાર્કટિક સરકમ્પોલાર કરન્ટ (એસીસી) તરીકે ઓળખાય છે. એસીસી જ આ જળ વિસ્તારને મહાસાગરની ઓળખ આપે છે.
- ✓ એસીસી તેને સ્પર્શતા બધા જ મહાસાગર પેસેફિક, એટલાન્ટિક અને ઇન્ડિયન ત્રણેયમાંથી પાણી ખેંચે છે.
- ✓ પાણીના જથ્થાની દ્રષ્ટિએ એસીસી જગતનો સૌથી સમૃદ્ધ સમુદ્રી પ્રવાહ છે. આ મહાસાગરમાં પેંગ્વિન, દરિયાઇ પક્ષીઓ, વ્હેલ, સીલ જેવા સમુદ્રી જીવોનો વસવાટ છે, જે બીજે સામાન્ય રીતે જોવા મળતા નથી.
- ✓ મહાસાગર જાહેર થયો એટલે હવે આંતરરાષ્ટ્રીય પર્યાવરણ સંગઠનો તેની જાળવણી માટે પણ કામ કરે એ જરૂરી છે.
- ✓ ઉપરાંત દુનિયાભરના ભુગોળના પાઠ્યપુસ્તકોમાં પણ આ મહાસાગરને સ્થાન મળશે. જ્યારે 3.4 કરોડ વર્ષ પહેલા એન્ટાર્કટિકા ખંડ દક્ષિણ અમેરિકા ખંડથી અલગ પડ્યો ત્યારે આ મહાસાગર રચાવાની શરૂઆત થઈ હતી.

## 11. બ્રિટલ સ્ટારની નવી પ્રજાતિ શોધાઈ




- ✓ નામ : ઓફિઓજુરા એક્સબોડી
- ✓ સ્થાન : સાઉથ પેસિફિક સમુદ્ર, ન્યુ કેલેડોનિયા

**નવી પ્રજાતિ વિશે :**

- ✓ છેલ્લા 18 કરોડ વર્ષમાં ન બદલાયેલી બ્રિટલ સ્ટારની નવી પ્રજાતિ મળી આવી
- ✓ મરીન બાયોલોજિસ્ટ સાઉથ પેસિફિક સમુદ્રની ઊંડાઇમાં બ્રિટલ સ્ટારની નવી જ પ્રજાતિ શોધી કાઢી. તેને ઓફિઓજુરા એક્સબોડી નામ આપવામાં આવ્યું છે.
- ✓ તેના પેટની સાથે ચાર ઇંચના આઠ જોડાણ છે. દરેકમાં તીવ્ર ન્હોરની હરોળ છે.
- ✓ નિષ્ણાતોનું પણ કહેવું છે કે તેમણે આવી આઠ હાથવાળી બ્રિટલ સ્ટાર અંગે પહેલી વખત સાંભળ્યું છે.
- ✓ તેના હાથથી વધારે તેના દાંત જબરજસ્ત છે. આઠેય દાંતની હરોળની ધાર રેઝરને પણ શરમાવે તેવી છે.
- ✓ આ પ્રજાતિ અંડરવોટર માઉન્ટેનની અંદર રહે છે. તે છેલ્લા 18 કરોડ વર્ષથી જરા પણ બદલાયેલી નથી.
- ✓ આમ બ્રિટલ સ્ટાર પ્રજાતિની આ જાતિ જ્યુરાસિક યુગ કરતાં પહેલાના સમયથી આ જ પ્રકારની સ્થિતિમાં છે અને તે હજી પણ તેવી છે.
- ✓ ફ્રેન્ચ નેચરલ હિસ્ટરી મ્યુઝિયમના વૈજ્ઞાનિકોએ પહેલા 2011માં બેન્ક ડુરાંડમાં 1600 કરતાં પણ વધારે ફૂટ નીચેથી આવી જ મૂલ્યવાન પ્રજાતિ શોધી કાઢી હતી. તે ન્યુ કેલેડોનિયાથી પૂર્વમાં 120 માઇલે આવેલા સાઉથ પેસિફિકમાં અંડરવોટર માઉન્ટેનમાંથી મળી આવી હતી.
- ✓ સ્ટારફિશના દૂરના સગપણમાં આવતી બ્રિટલ સ્ટાર તેના હાથનો ઉપયોગ સમુદ્રના તળિયે ઝડપથી સરકવા માટે કરે છે.
- ✓ સામાન્ય રીતે બ્રિટલ સ્ટારને પાંચ કે છ હાથ હોય છે પરંતુ આઠ કે દસ હાથ હોય તેવી બ્રિટલ સ્ટાર ભાગ્યે જ જોવા મળે છે.
- ✓ ડીએનએના પુરાવા સૂચવે છે કે ઓફિઓજુરા તેની સાથે સંબંધ ધરાવતી નજીકની પ્રજાતિથી 18 કરોડ વર્ષ પહેલા છૂટી પડી હતી. આ સમયગાળો જ્યુરાસિક યુગ પહેલાનો કે ટ્રાયસિક યુગ કહી શકાય.

## 12. દિન વિશેષ : 23 જૂન ઇન્ટરનેશનલ ઓલિમ્પિક ડે



✓ **થીમ-2021 : Stay healthy, stay strong, stay active with the #OlympicDay workout on 23 June.**

**મહત્વ :**

✓ ઇન્ટરનેશનલ ઓલિમ્પિક સમિતિની સ્થાપના 1894ની 23મી જૂને પેરિસ ખાતે કરવામાં આવી હતી. તેથી આ દિવસને ઇન્ટરનેશનલ ઓલિમ્પિક દિવસ તરીકે મનાવવામાં આવે છે.

✓ આ દિવસે પ્રથમ વખત 1948માં ઊજવવામાં આવ્યો હતો .

**13. જન્મ દિન વિશેષ : 23 જૂન ઇલા આરબ મહેતા**

**જન્મ : 23 જૂન – 1938 ; મુંબઇ**




જાણીતા લેખક ગુણવંતરાય આચાર્યના દિકરી...

✓ મૂળ વતન – જામનગર

✓ પિતા – ગુણવંતરાય આચાર્ય ;

✓ નાની બહેન : વર્ષા અડાલજા (બંને જાણીતા લેખક)

✓ પતિ – ડો. આરબ મહેતા (લગ્ન–1964); પુત્ર – સલિલ ; પુત્રી – સોનાલી.

**અભ્યાસ :**

✓ 1958 – મુંબઇની રામનારાયણ રૂઇઆ કોલેજમાંથી બી.એ.

✓ 1960 – ગુજરાતી અને સંસ્કૃત વિષયો સાથે એમ.એ.

**વ્યવસાય :** 1960-67 – રુઇયા કોલેજમાં અધ્યાપક

✓ 1971થી મુંબાઇની સેંટ ઝેવીયર્સ કોલેજમાં પ્રાધ્યાપક

**રચનાઓ – 20 પુસ્તકો**

✓ પ્રથમ મૌલિક કૃતિ– ત્રિકોણની ત્રણ રેખાઓ

✓ નવલકથા - અને મૃત્યુ, રાધા, થીજેલો આકાર, એક હતા દિવાન બહાદુર, બત્રીસ પૂતળીની વેદના, એક સાંજ, વારસદાર, પાંચ પગલાં પૃથ્વી પર, વિયેનાવૂડ્ઝ, નાગ પરીક્ષા,ત્રિકોણની ત્રણ રેખાઓ, આવતી કાલનો સૂરજ,

✓ વાર્તાસંગ્રહ – એક સિગરેટ એક ધૂપસળી

✓ પરિચય પુસ્તિકા – આના કેરેનિના

**સન્માન :** ગુજરાતી સાહિત્ય અકાદમીનો પુરસ્કાર

✓ ગુજરાતી સાહિત્ય પરિષદના પુરસ્કારો

✓ નાટ્યપ્રયુક્તિમાં રહેલી નારી મનની અભિવ્યક્તિ-‘બત્રીસ પૂતળીની વેદના’

✓ ‘બત્રીસ પૂતળીની વેદના’(1982)

✓ ‘બત્રીસ પૂતળીની વેદના’એ આધુનિકયુગના આઠમા દાયકાની નોંધપાત્ર નવલકથા છે. ગુજરાતી સાહિત્યમાં 1982માં પ્રગટ થયેલી આ નવલકથા ઇલા આરબ મહેતાએ નારી સમસ્યાઓને અભિવ્યક્તિ કરતી ઐતિહાસિક કૃતિ છે.

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (23-06-2021)

1. જૂન 2021માં ગુજરાત સરકારે કયા પોર્ટને ગ્રીન ફિલ્ડ પોર્ટ તરીકે વિકસાવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી - **નારગોલ**
2. નારગોલ પોર્ટને પ્રથમ તબક્કે અંદાજે કેટલા કરોડના ખર્ચે PPP મોડેલ ઉપર BOOTના ધોરણે વિકસાવવામાં આવશે – **રૂ. 3,800**
3. BOOTનું વિસ્તૃત નામ જણાવો - **બિલ્ડ- ઓન -ઓપરેટ- ટ્રાન્સફર**
4. નારગોલ પોર્ટ કયા જિલ્લામાં આવેલું છે - **વલસાડ**
5. ગ્રીન ફિલ્ડ પોર્ટ-નારગોલમાં કેવા પ્રકારની સુવિધા ઉપલબ્ધ કરાવાશે - **સોલિડ-લિક્વિડ કન્ટેનર કાર્ગો**
6. GMBનું વિસ્તૃત નામ જણાવો - **ગુજરાત મેરીટાઇમ બોર્ડ**
7. 10 જૂને 'સુજલામ સુફલામ જળ અભિયાન'નો કેટલામો તબક્કો સંપન્ન થયો - **4th**
8. 'સુજલામ સુફલામ જળ અભિયાન'-2021માં જળસંચયના કેટલા કામો પૂર્ણ કરાયા - **15,210**
9. 'સુજલામ સુફલામ જળ અભિયાન'નો ગુજરાતમાં સૌપ્રથમ પ્રારંભ ક્યારે અને ક્યાં થયો હતો - **01 મે 2018 અને કોસમડી, ભરૂચ**
10. 'સુજલામ સુફલામ જળ અભિયાન'-2021નો સમયગાળો જણાવો - **01 એપ્રિલથી 10 જૂન 2021**
11. જૂન 2021ના 'એડેલગિવ હરુંન ઇન્ડિયા'ના અહેવાલ મુજબ સદીના વિશ્વના સૌથી મોટા દાનવીરની યાદીમાં કોને પ્રથમ સ્થાન અપાયું - **જમશેદજી તાતા, તાતા જૂથના સ્થાપક**
12. સૌથી મોટા દાનવીરોની યાદી મુજબ જમશેદજી તાતા કેટલા દાન સાથે વિશ્વ પ્રથમ ક્રમ ધરાવે છે - **102.4 અબજ ડોલર**
13. ITATના તાજેતરના ચુકાદા મુજબ નોટબંધી બાદ ગૃહિણીઓ દ્વારા જમા કરાયેલી કેટલી રકમ સુધીની થાપણ ઉપર કોઇ ટેક્સ લગાવવામાં આવશે નહીં - **રૂ.2.50 લાખ**
14. ITATનું વિસ્તૃત નામ જણાવો - **ઇન્કમટેક્સ અપીલ ટ્રીબ્યુનલ**
15. ભારતમાં સિવિલ રજીસ્ટ્રેશન રિપોર્ટ -2019 મુજબ દર 1,000 દીકરાએ દીકરીનો સૌથી વધુ જન્મ દર ધરાવતું રાજ્ય જણાવો - **ઉતરાખંડ અને 960**
16. જૂન 2021માં વિશ્વનો પ્રથમ જીનેટીકલી મોડીફાઇડ રબર પ્લાન્ટ કયા શહેરમાં કાર્યરત કરાયો - **ગુવાહાટી, આસામ**
17. કેન્દ્ર સરકારની ઇલેક્ટ્રિક વાહનો અંગેની ફ્રેમ-2 યોજના અને ગુજરાત સરકારની નવી ઇલેક્ટ્રિક વાહન પોલિસી અંતર્ગત ગુજરાતમાં ઇ-ટુ વ્હીલર અને ફોર વ્હીલરમાં કુલ કેટલી સબસિડી મળશે - **રૂ.30,000 અને રૂ. 3,00,000**
18. તાજેતરમાં સાઉથ પેસિફિક સમુદ્ર, ન્યુ કેલેડોનિયા ખાતે 18 કરોડ વર્ષમાં ન બદલાયેલી બ્રિટલ સ્ટારની શોધાયેલી નવી પ્રજાતિનું નામ જણાવો - **ઓફિઓજુરા એક્સબોડી**
19. ઇન્ટરનેશનલ ઓલિમ્પિક ડે ક્યારે મનાવવામાં આવે છે - **23 જૂન**
20. ઇન્ટરનેશનલ ઓલિમ્પિક ડે-2021ની થીમ જણાવો - **Stay healthy, stay strong, stay active with the #OlympicDay workout on 23 June**
21. ઇન્ટરનેશનલ ઓલિમ્પિક સમિતિની સ્થાપના કયારે-ક્યાં કરાઇ હતી – **તા. 23 જૂન, 1894 તથા પેરિસ**
22. તા.22-23 જૂન-2021ના રોજ હિંદ મહાસાગરમાં કયા બે દેશ વચ્ચે નેવી યુદ્ધ અભ્યાસ 2021 યોજાયો – **ભારત અને US**
23. ક્રિકેટના 91 વર્ષના ઈતિહાસમાં પ્રથમવાર વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ-2021ની વિજેતા ટીમ જણાવો - **ન્યુઝીલેન્ડ**

24. ક્રિકેટની વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ-2021ની ઉપવિજેતા ટીમ જણાવો - **<u>ભારત</u>**
25. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ-2021ની ફાઇનલ મેચ ક્યાં યોજાઇ હતી - **<u>સાઉથમ્પ્ટન, ઇંગ્લેન્ડ</u>**
26. તાજેતરમાં વિશ્વના નવા પાંચમા મહાસાગર તરીકે કોને માન્યતા મળી - **<u>સધર્ન ઓશન દક્ષિણ મહાસાગર</u>**
27. વિશ્વના પાંચ મહાસાગરના નામ જણાવો - **<u>ઇન્ડિયન ઓશન, એટલાન્ટિક ઓશન, પેસિફિક ઓશન, આર્કટિક ઓશન અને</u>**
28. **<u>સધર્ન ઓશન</u>**
29. સમગ્ર વિશ્વ માટે કઇ સંસ્થા વર્ષ 1905થી ચોકસાઇપૂર્વકના નકશા બનાવે છે - **<u>નેશનલ જ્યોગ્રાફિક સોસાયટી</u>**
30. સધર્ન ઓશનને પાંચમા મહાસાગર તરીકે માન્યતા આપનાર સંસ્થાનું નામ જણાવો - **<u>નેશનલ ઓશનિક એન્ડ એટમોસ્ફિઅરિક એડમિનિસ્ટ્રેશન-અમેરિકા</u>**
31. જાણીતા ગુજરાતી લેખિકા ઇલા આરબ મહેતાનો જન્મ દિવસ કયો છે - **<u>23 જૂન, 1938</u>**
32. જાણીતા ગુજરાતી લેખિકા બહેનો ઇલા આરબ મહેતા તથા વર્ષા અડાલજાના પિતાનું નામ જણાવો - **<u>ગુણવંતરાય આચાર્ય</u>**
33. ગુજરાતી વાર્તાકાર-નવકલકથાકાર ઇલા આરબ મહેતાને સાહિત્ય ક્ષેત્રના કયા બે મહત્વના એવોર્ડ મળ્યા હતા - **<u>ગુજરાતી સાહિત્ય અકાદમીનો પુરસ્કાર તથા ગુજરાતી સાહિત્ય પરિષદનો પુરસ્કાર</u>**
34. 1982માં પ્રગટ થયેલી નવલકથા 'બત્રીસ પૂતળીની વેદના'ની રચના કોણે કરી છે – **<u>ઇલા આરબ મહેતા</u>**

**DATE : 24-06-2021**

**<u>1. ગુજરાત સરકાર : નવી ઇન્ટિગ્રેટેડ લોજિસ્ટિક્સ અને લોજિસ્ટિક્સ પાર્ક પોલિસીને મંજૂરી</u>**

- ✓ ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ GIDBની 38મી બોર્ડ મિટિંગમાં નવી ઇન્ટિગ્રેટેડ લોજિસ્ટિક્સ એન્ડ લોજિસ્ટિક્સ પાર્ક પોલિસી-2021ને સૈદ્ધાંતિક મંજૂરી.

**<u>પોલિસીની જોગવાઇ :</u>**

- ✓ આ પોલિસી હેઠળ લોજિસ્ટિક્સ પાર્ક, વેરહાઉસ, કોલ્ડ સ્ટોરેજ, એર ફ્રેઇટ સ્ટેશન, જેટી, બંદર વગેરેની સ્થાપના માટે ઉત્તેજન અપાશે.
- ✓ <u>નવી જેટી માટે 25 ટકા કેપિટલ સબસિડી મહત્તમ રૂ. 15 કરોડની મર્યાદામાં, 7 વર્ષ માટે 7 ટકા વ્યાજ સબસિડી વાર્ષિક મહત્તમ રૂ.50 લાખની મર્યાદામાં અપાશે.</u>
- ✓ <u>ઉપરાંત 100 ટકા સ્ટેમ્પ ડ્યૂટી માફી અપાશે.</u>
- ✓ રોજગારી સર્જન માટે 120 કલાકથી વધુ તાલીમ માટે તાલીમાર્થી દીઠ રૂ.15 હજાર રિઇમ્બર્સ કરાશે.

**<u>2. કેન્દ્ર સરકાર : કેન્દ્ર અને જમ્મુ-કાશ્મીરના રાજકીય નેતાઓ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મેરેથોન બેઠક</u>**

- ✓ ડિલિમિટેશન - નવા સીમાંકનની કાર્યવાહી
- ✓ પાંચ ઓગસ્ટ 2019ના રોજ જમ્મુ-કાશ્મીરનું બે કેન્દ્રશાસિત પ્રદેશમાં વિભાજન કરી તેને વિશેષ દરજ્જો આપતા બંધારણના આર્ટિકલ 370ને રદ કરાયાના બે વર્ષ બાદ <u>24 જૂને વડા પ્રધાન નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં પહેલીવાર જમ્મુ-કાશ્મીરની 8 રાજકીય પાર્ટીઓના 14 નેતાઓ સાથે સીધો સંવાદ</u> હાથ ધરાયો હતો.
- ✓ વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથેની જમ્મુ-કાશ્મીરના નેતાઓ સાથેની આ બેઠક લગભગ સાડા 3 કલાક ચાલી હતી, જેમાં જમ્મુ-કાશ્મીરમાં ડિલિમિટેશનની પ્રક્રિયા, જમ્મુ-કાશ્મીરને સંપૂર્ણ રાજ્યનો દરજ્જો, વિધાનસભાની ચૂંટણીઓ જેવા મુદ્દાઓ પર વ્યાપક ચર્ચા-વિચારણા કરાઇ.

**<u>પીએમ મોદી @ એ ગ્લાન્સ :</u>**

- ✓ જમ્મુ-કાશ્મીરમાંથી દિલ્હી અને દિલની વચ્ચે રહેલું અંતર દૂર કરવા માગું છું
- ✓ જમ્મુ-કાશ્મીરમાં લોકતાંત્રિક પ્રક્રિયા મજબૂત બનાવવા પર સરકારનું મુખ્ય ધ્યાન
- ✓ જિલ્લા વિકાસ પરિષદોની ચૂંટણીની જેમ વિધાનસભાની ચૂંટણી અમારી પ્રાથમિકતા
- ✓ જમ્મુ-કાશ્મીરની જનતાના વિકાસ માટે સાથે મળીને કામ કરવાની આવશ્યકતા
- ✓ જમ્મુ-કાશ્મીરમાં થતું એકપણ મોત અત્યંત પીડાદાયક હોય છે, યુવાપેઢીની સુરક્ષા સામૂહિક જવાબદારી
- ✓ જમ્મુ કાશ્મીરના ઉપરાજ્યપાલ : શ્રી મનોજ સિંહા

**<u>3. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ : 2G મુક્ત 5G યુક્ત ભારત માટે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝની જાહેરાત (સંચાર)</u>**

- ✓ ગૂગલ-જીયો સ્માર્ટ ફોન યોજના આગામી 30 સપ્ટેમ્બર ગણેશ ચતુર્થીના દિવસે ગૂગલ-જીયોનો નવો સ્માર્ટ ફોન લોન્ચ કરાશે
- ✓ 44મી વાર્ષિક સામાન્ય સભા યોજાઇ-મુંબઇ

**<u>ગ્રીન એનર્જી પ્રોજેક્ટ :</u>**

- ✓ આગામી 3 વર્ષમાં ન્યૂ એનર્જી બિઝનેસમાં કુલ રૂ. 75 હજાર કરોડનું રોકાણ કરશે. આ માટે જામનગરમાં 5000 એકર વિસ્તારમાં ધીરુભાઇ અંબાણી ગ્રીન એનર્જી ગીગા કૉમ્પ્લેક્સનું નિર્માણ થશે.




- ✓ રીન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ મેનેજમેન્ટ એન્ડ કન્સ્ટ્રક્શન ડિવિઝન તથા રીન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ ફાયનાન્સ ડિવિઝન નામના બે વિભાગ શરૂ કરશે.
- ✓ 4 ગીગા ફેક્ટરી સ્થાપશે, આ માટે રૂ. 60 હજાર કરોડનું રોકાણ કરશે.
- ✓ વાહનોમાં ઇંધણ તરીકે વાપરી શકાય એવા ગ્રીનહાઇડ્રોજનનું ઉત્પાદન કરશે.

- ✓ સોલર મેન્યુફેક્ચરિંગ યુનિટ્સ તથા બેટરી ફેક્ટરીની સ્થાપના કરશે.
- ✓ જામનગરમાં જ ફયુઅલ સેલનું ઉત્પાદન કરતો પ્લાન્ટ સ્થાપશે.
- ✓ ગ્રીન હાઇડ્રોજનના ઉત્પાદન માટે ઇલેક્ટ્રોલાઇઝર યુનિટની સ્થાપના કરશે
- ✓ હવામાંથી ઓક્સિજન અને હાઇડ્રોજનમાંથી વીજળીનું ઉત્પાદન કરશે.
- ✓ 2030 સુધીમાં 100 ગીગાવોટ સોલરવીજ ઉત્પાદન ક્ષમતા મેળવશે
- ✓ ભારતનો પ્રથમ વિશ્વસ્તરીય કાર્બન ફાઇબર પ્લાન્ટ સ્થાપશે.
- ✓ મુકેશ અંબાણીએ ઝીરો કાર્બન દરજ્જો મેળવવા માટે 2035નું લક્ષ્યાંક જાહેર કર્યું.

**4. એપલ ડેઇલી-હોંગકોંગ**

- ✓ લોકશાહીનો અવાજ ચીને દબાવી દીધો




- ✓ 26 વર્ષ જૂનું લોકતંત્ર સમર્થક અખબાર એપલ ડેઇલી 24 જૂને બંધ કરાયું
- ✓ છેલ્લી એડિશનની 10 લાખ કોપી વેચાઇ

**5. નિધન : વિશ્વના પ્રથમ એન્ટિવાયરસ સોફ્ટવેર મેકાફીના સર્જક જ્હોન મેકાફીનું 75 વર્ષે નિધન**



**પરિચય :** જ્હોન મેકાફી બ્રિટિશ મૂળનો અમેરિકન કમ્પ્યુટર પ્રોગ્રામર હતો. તેણે દુનિયાનો પ્રથમ કમર્શિયલ એન્ટી વાયરસ સોફ્ટવેર 1987માં વિકસાવ્યો હતો.

- ✓ જ્હોન મેકાફીના એ એન્ટી વાયરસ સોફ્ટવેરનું નામ મેકાફી જ હતું અને આજેય એ સોફ્ટવેર દુનિયાના 50 કરોડ જેટલાં યુઝર્સ.

**6. જન્મ દિન વિશેષ : 24 જૂન**

**શાસ્ત્રીય ગાયક પંડિત ઓમકારનાથ ઠાકુર**

**જન્મ : 24-06-1897 અવસાન : 29-12-1967**




- ✓ યુરોપમાં 1933માં સંગીતયાત્રા અને કાર્યક્રમો આપનાર પહેલા ભારતીય શાસ્ત્રીય ગાયક અને સંગીતકાર, બનારસ હિંદુ યુનિવર્સિટીના સંગીત વિભાગના પહેલા ડીન.
- ✓ 12 વર્ષની વયે શાસ્ત્રીય સંગીતની તાલીમ માટે વિષ્ણુ પલુસ્કરના ગાંધર્વ મહાવિદ્યાલયમાં પ્રવેશ લઇ થોડા વખતમાં ગ્વાલિયર ઘરાનાની શાસ્ત્રીય ગાયકીમાં એવી નિપુણતા મેળવી કે, તેઓ પોતાના ગુરુ અને બીજા સંગીતકારોની સંગત કરી શકતા. 1918માં માત્ર 21 વર્ષની ઉંમરે એમણે પોતાનો પહેલો જાહેર કાર્યક્રમ યોજ્યો હતો.
- ✓ પલુસ્કરજીના મૃત્યુ સુધી ઓમકારનાથ તેમના શિષ્ય રહ્યા હતા. પિલુસ્કરજીના આદેશથી તેમણે તેમની ગાંધર્વ મહાવિદ્યાલયની લાહોર શાખાનું આચાર્યપદ શોભાવ્યું હતું.
- ✓ લાહોરમાં તેઓ પતિયાલા ઘરાનાના કાલે ખાન અને અલીબલના સંપર્કમાં આવ્યા હતા. ત્યાંથી ભરૂચ પરત આવી તેમણે ગાંધર્વ નિર્તન સંગીત શાળા શરૂ કરી. ભરૂચમાં તેઓ કોંગ્રેસમાં જોડાઇ સ્વાધીનતા સંગ્રામમાં ભાગ લેતા.
- ✓ વંદે માતરમની તેમની બનાવેલી ધૂન કોંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશનમાં વગાડાતી.
- ✓ પદ્મશ્રી ઓમકારનાથ ઠાકુરનું અવસાન 29-12 1967 ના રોજ થયું હતું.

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (24-06-2021)

1. ગુજરાત સરકારે ઈન્ટિગ્રેટેડ લોજિસ્ટિક્સ અને લોજિસ્ટિક્સ પાર્ક પોલિસી-2021ને ક્યારે મંજૂરી આપી - **24 જૂન 2021**
2. ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ (GIDB)ની કેટલામી બોર્ડ મિટિંગમાં ઇન્ટિગ્રેટેડ લોજિસ્ટિક્સ એન્ડ લોજિસ્ટિક્સ પાર્ક પોલિસી-2021ને સૈદ્ધાંતિક મંજૂરી અપાઇ - **38**
3. ઇન્ટિગ્રેટેડ લોજિસ્ટિક્સ એન્ડ લોજિસ્ટિક્સ પાર્ક પોલિસી-2021 અંતર્ગત નવી જેટી માટે મહત્તમ કેટલા રૂપિયાની મર્યાદામાં કેટલા ટકા કેપિટલ સબસિડી અપાશે – **રૂ. 15 કરોડ તથા 25 ટકા**
4. 24 જૂન 2021ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં પહેલીવાર જમ્મુ-કાશ્મીરની કેટલી રાજકીય પાર્ટીઓના કેટલા નેતાઓ સાથે સીધો સંવાદ યોજાયો – **8 તથા 14**
5. 24 જૂન 2021ના રોજ વડાપ્રધાન મોદીનાં નેતૃત્વમાં જમ્મુ-કાશ્મીરની રાજકીય પાર્ટીઓના નેતાઓ સાથે યોજાયેલી બેઠકમાં કયા મુદ્દે ચર્ચા થઇ – **જમ્મુ-કાશ્મીરમાં ડિલિમિટેશનની પ્રક્રિયા, જમ્મુ-કાશ્મીરને સંપૂર્ણ રાજ્યનો દરજ્જો, વિધાનસભાની ચૂંટણીઓ**
6. જમ્મુ કાશ્મીરના વર્તમાન ઉપરાજ્યપાલનું નામ જણાવો - **શ્રી મનોજ સિંહ**
7. તાજેતરમાં મુંબઇ ખાતે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝની કેટલામી વાર્ષિક સામાન્ય સભા યોજાઇ - **44**
8. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા 30 સપ્ટેમ્બર-2021ને ગણેશ ચતુર્થીના દિવસે સ્માર્ટ ફોનની કઇ યોજના લોન્ચ કરાશે - **ગૂગલ-જીયો સ્માર્ટ ફોન યોજના**
9. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ આગામી 3 વર્ષમાં ન્યૂ એનર્જી બિઝનેસમાં કેટલું રોકાણ કરશે - **રૂ. 75 હજાર કરોડ**
10. રિલાયન્સ દ્વારા ન્યૂ એનર્જી બિઝનેસ અંતર્ગત ગુજરાતમાં કયા સ્થળે 5000 એકર વિસ્તારમાં ધીરુભાઇ અંબાણી ગ્રીન એનર્જી ગીગા કૉમ્પ્લેક્સ બનાવશે – **જામનગર**
11. હોંગકોંગમાં તા.24 જૂન 2021ના રોજ 26 વર્ષ જૂનું લોકતંત્ર સમર્થક કયુ અખબાર બંધ કરાયું જેની છેલ્લી એડિશનની 10 લાખ કોપી વેચાઇ - **એપલ ડેઇલી**
12. જૂન 2021માં વિશ્વના પ્રથમ એન્ટિવાયરસ સોફ્ટવેર મેકાફીના સર્જકનું 75 વર્ષે નિધન થયુ તેનું નામ જણાવો - **જ્હોન મેકાફી**

13. બ્રિટિશ મૂળના અમેરિકન કમ્પ્યુટર પ્રોગ્રામર જહોન મેકાફીએ દુનિયાનો પ્રથમ કમર્શિયલ એન્ટી વાયરસ સોફ્ટવેર કયા વર્ષે વિકસાવ્યો હતો - **1987**

14. પદ્મશ્રી શાસ્ત્રીય ગાયક પંડિત ઓમકારનાથ ઠાકુરનો જન્મ કયારે થયો હતો – **તા. 24-06-1897**

15. પદ્મશ્રી શાસ્ત્રીય ગાયક પંડિત ઓમકારનાથ ઠાકુર કયા ઘરાનાના હતા – **ગ્વાલિયર**

16. યુરોપમાં વર્ષ 1933માં સંગીતયાત્રા અને કાર્યક્રમો આપનાર પહેલા ભારતીય શાસ્ત્રીય ગાયક અને સંગીતકારનું નામ જણાવો – **પં. ઓમકારનાથ ઠાકુર**

**DATE : 25-06-2021**

## 1. આઈલેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટીની ચોથી બેઠક : ગુજરાત સરકાર




**નિર્ણય :** બેટ દ્વારકા, શિયાલ બેટ અને પિરોટન ટાપુઓને પર્યટન હોટસ્પોટ તરીકે વિકસાવાશે

**બેટ દ્વારકા : કુલ 15 પ્રોજેક્ટ**

✓ બેટ દ્વારકામાં રૂ. 28.95 કરોડના ખર્ચે ઇકો ટૂરિઝ્મ અને વોટર સ્પોર્ટ્સ, મરિન ઇન્ટરપ્રિટેશન સેન્ટર, બીચ ફ્રન્ટ-લેક ફ્રન્ટ ડેવલપમેન્ટ, ડોલ્ફીન વ્યૂઈંગ જેવા પ્રોજેક્ટ હાથ ધરવા માટે માસ્ટર પ્લાન તૈયાર કરવા એજન્સીની પસંદગી કરાઈ.

**શિયાલ બેટ : કુલ 20 પ્રોજેક્ટ**

✓ શિયાલ બેટ ખાતે રૂ. 35.95 કરોડના ખર્ચે ઇકો રિસોર્ટ, ઇકો પાર્ક, ડોલ્ફીન વ્યૂઈંગ પોઈન્ટ, વોટર સ્પોર્ટ્સ એક્ટિવિટી વગેરે ટૂરિઝ્મ પ્રોજેક્ટ્સ માટે પણ એજન્સી નક્કી કરાઈ છે.

**પિરોટન ટાપુ : કુલ 12 પ્રોજેક્ટ**

✓ પિરોટન ટાપુ ખાતે આશરે રૂ. 40 કરોડના ખર્ચે પ્રોજેક્ટ્સ વનવિભાગ દ્વારા હાથ ધરાશે,

✓ દરિયાઇ જીવસૃષ્ટિથી સમૃદ્ધ એવા આ ટાપુ ઉપર ઇકો ટૂરિઝ્મની સાથોસાથ મેન્ગ્રુવ્સની અગત્યતા, કોસ્ટલ ઇકોલોજી અંગે તાલીમ વર્ગો પણ શરૂ કરવાનું આયોજન.

✓ 144 આઇલેન્ડ ધરાવતું ભારતનું એકમાત્ર રાજ્ય : ગુજરાત

## 2. સ્માર્ટ સિટી રેન્કિંગ લિસ્ટ 2020 જાહેર : ભારત સરકાર (ગુડ ગવર્નન્સ)




**રેન્કિંગ અને શહેરો :**

**(1) ઓવર ઓલ પર્ફોમન્સમાં શ્રેષ્ઠ શહેરો** સુરત અને ઇન્દોર

**(2) ઓવર ઓલ પર્ફોમન્સમાં રાજ્યો :**

✓ ઉત્તર પ્રદેશ મધ્ય પ્રદેશ તામિલનાડુ

**(3) સ્માર્ટ શહેરોની યાદીમાં ગુજરાતનો દબદબો :**

✓ પર્યાવરણ, સામાજિક બાબતો, વહીવટ, સંસ્કૃતિ, સાફ-સફાઈ, પાણીનો યોગ્ય સપ્લાય અને સારા ઇન્ફ્રાસ્ટ્રક્ચરની દ્રષ્ટિએ ગુજરાતનાં સુરત અને મધ્યપ્રદેશના ઇન્દોરને સંયુક્તપણે સ્માર્ટ સિટી એવોર્ડ એનાયત.

✓ **ફોર સ્ટાર કેટેગરીમાં ગુજરાતના શહેરો :** સુરત, અમદાવાદ, વડોદરા અને રાજકોટ.

✓ પૂણે, વિજયવાડા, વિશાખાપટ્નમ અને પિંપરી ચિંચવડનો પણ સમાવેશ કરાયો હતો.

**(4) ગુજરાત સ્માર્ટ સિટી એવોર્ડ : એટ એ ગ્લાન્સ**

✓ ઓવરએલ કેટેગરીમાં સુરત દેશમાં ટોચનાં સ્થાને

✓ ગવર્નન્સ મામલે વડોદરા ટોચના ક્રમે

✓ સેનિટાઇઝેશનમાં સુરત ત્રીજા ક્રમે

✓ પર્યાવરણ મુદ્દે સુરત બીજા ક્રમે

✓ પાણી પુરવઠા મુદ્દે સુરત ત્રીજા ક્રમે

✓ અર્બન મોબિલિટીમાં સુરત બીજા અને અમદાવાદ ત્રીજા ક્રમે

**(5) સ્માર્ટ સિટી લીડરશિપ એવોર્ડમાં અમદાવાદને પ્રથમ ક્રમાંકનો એવોર્ડ, અર્બન મોબિલિટીમાં પણ શહેર ટોપ થ્રીમાં સ્થાન**

✓ કેન્દ્ર સરકાર દ્વારા સ્માર્ટ સિટીને વિવિધ કેટેગરીમાં જાહેર કરાયેલા એવોર્ડમાં અમદાવાદને સ્માર્ટ સિટી લીડર શિપ એવોર્ડમાં પ્રથમ ક્રમાંકનો એવોર્ડ એનાયત થયો છે.

✓ કેન્દ્ર સરકારના મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ દ્વારા સ્માર્ટ સિટી મિશન અંતર્ગત 'ઇન્ડિયા સ્માર્ટ સિટીઝ એવોર્ડ્ઝ કોન્ટેસ્ટ, 2020' યોજાઇ હતી.

✓ આ કોન્ટેસ્ટમાં અમદાવાદને સ્માર્ટ સિટી લીડર શિપ એવોર્ડમાં અમદાવાદ પ્રથમ ક્રમાંકનો એવોર્ડ એનાયત થયો છે. અમદાવાદના નાગરિકો અને AMC માટે ગૌરવની વાત છે.

✓ સ્માર્ટ સિટી અમદાવાદ એક વર્ષ કરતાં વધુ સમય માટે સ્માર્ટ સિટી રેન્કીંગમાં 100 સ્માર્ટ સિટીમાં પ્રથમ ક્રમે રહેલ છે.

✓ સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લી. દ્વારા વર્ષ 2018માં 100 સ્માર્ટ સિટીમાં પ્રથમ એવું આંતરરાષ્ટ્રીય કક્ષાનું કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર તૈયાર કરવામાં આવેલ છે.

✓ ઉપરાંત અન્ય ઘણાં ઉચ્ચ ટેકનોલોજી અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સના અમલમાં અમદાવાદ અગ્રેસર રહેલ છે.

✓ આ બાબતથી પ્રેરાઇને દેશના અનેક શહેરના શાસકોએ અમદાવાદની મુલાકાત લીધી હતી અને પોતાના શહેરોમાં પ્રોજેક્ટ્સનો અમલ કર્યો હતો.

✓ **મંત્રી :** શ્રી હરદીપસિંહ પુરી

✓ **મંત્રાલય :** કેન્દ્રીય હાઉસિંગ અને શહેરી બાબતો

## 3. પ્રેસિડેન્સિયલ ટ્રેન - મહારાજા એક્સપ્રેસ (ભારતીય રેલવે)

## રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દિલ્હીથી પોતાના જન્મસ્થળ કાનપુર જવા આ ખાસ ટ્રેનમાં પ્રવાસ કરશે




**પ્રેસિડેન્સિયલ ટ્રેન વિશે :**

- ✓ આ પ્રેસિડેન્સિયલ ટ્રેનમાં બુલેટપ્રુફ કાચ સાથે સલામતીની બધી સગવડ હશે.
- ✓ લગભગ 15 વર્ષ પછી કોઇ રાષ્ટ્રપતિ સ્પેશ્યલ ટ્રેનમાં યાત્રા કરી રહ્યા હોય તેવું પ્રથમ વખત બન્યું છે.
- ✓ આ પહેલા છેલ્લે રાષ્ટ્રપતિ અબ્દુલ કલામે 2006માં આ સ્પેશ્યલ ટ્રેનમાં યાત્રા કરી હતી.
- ✓ પ્રેસિડેન્સિયલ ટ્રેનનો ઉપયોગ 87 વખત કરવામાં આવી ચૂક્યો છે.
- ✓ આ વખતે પ્રેસિડેન્સિયલ ટ્રેનમાં મહારાજા એક્સપ્રેસના કેટલાક ડબ્બા પણ હશે.
- ✓ મહારાજા એક્સપ્રેસ ભારતીય રેલવેની લક્ઝરી ટ્રેન છે. મહારાજા એક્સપ્રેસ ઓક્ટોબરથી માર્ચ સુધી ચાલે છે.
- ✓ પહેલી વખત આ ટ્રેનમાં પ્રવાસ 1950માં રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્ર પ્રસાદે કુરુક્ષેત્ર જવા માટે પ્રવાસ કર્યો હતો. તેના પછી 1977માં રાષ્ટ્રપતિ નીલમ સંજીવ રેડીએ આ ટ્રેનમાં પ્રવાસ ખેડ્યો હતો.
- ✓ અબ્દુલ કલામે તેના 26 વર્ષ પછી ટ્રેનમાં સફર કરી હતી.
- ✓ રાષ્ટ્રપતિની આ ટ્રેનને પ્રેસિડેન્સિયલ સલૂન પણ કહેવાય છે. આ ટ્રેનમાં બુલેટપ્રુફ વિન્ડોની સાથે સેટેલાઇટ બેઝ્ડ કમ્યુનિકેશન સિસ્ટમ, ઇન્ટરનેટ માટે વાઇફાઇની સગવડ, કોન્ફરન્સ રુમ વગેરેની સગવડ પણ છે.
- ✓ ફક્ત રાષ્ટ્રપતિ જ નહી પણ સામાન્ય લોકો પણ મહારાજા એક્સપ્રેસનો લાભ ઉઠાવી શકે છે. મહારાજા એક્સપ્રેસ દિલ્હીથી આગ્રા, વારાણસી, જયપુર, રણથંભોર અને મુંબઇનો પ્રવાસ ખેડે છે. મહારાજા એક્સપ્રેસની લોકપ્રિયતાનો અંદાજ તેના પરથી લગાવી શકાય છે કે વર્લ્ડ ટ્રાવેલ એવોર્ડ્સ તેને 2012 થી 2018 સુધી વર્લ્ડ ટોપ લક્ઝરી ટ્રેનનો એવોર્ડ આપ્યો હતો.
- ✓ આ ટ્રેનમાં એક લાઉન્જ બાર, બે રેસ્ટોરા, સફારી બાર, લાઇબ્રેરી જેવી સગવડ છે.
- ✓ આ ટ્રેનની છ નાઇટ્સ અને સાત દિવસની ડિલક્સ કેબિન ટવિનની ટિકિટ જ રૂ. 8 લાખ 94 હજારની છે અને તેટલા જ દિવસ માટે પ્રેસિડેન્સિયલ સ્યુટની કિંમત 37 લાખ 93 હજાર.
- ✓ અહીં ચાર દિવસ અને ત્રણ રાત માટે ડીલક્સ કેબિન ટવિનનું ભાડુ ચાર લાખ અને 41 હજાર છે અને તેટલા જ દિવસ માટે પ્રેસિડેન્સિયલ સ્યુટની કિંમત 20 લાખ 61 હજાર છે.

## 4. FATF : FATF દ્વારા પાકિસ્તાનને પુનઃ ગ્રે-લિસ્ટ રાખવાનો નિર્ણય




- ✓ આતંકવાદી સંગઠનોને પોતાની ધરતી પર શરણ આપનાર પાકિસ્તાનને કારમો આઘાત આપતાં ફાઇનાન્શિયલ એક્શન ટાસ્કફોર્સ (FTAF)ની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે પાકિસ્તાનને હાલ ગ્રે લિસ્ટમાં જ રાખવું.
- ✓ ગ્રે લિસ્ટમાં રહેવાથી પાકિસ્તાન આર્થિક ભીંસમાં ગૂંગળાઇ રહ્યું છે. તેથી ગ્રે લિસ્ટમાંથી મુક્ત થવા માટે બધી શરતો માની રહ્યું છે.
- ✓ પાકિસ્તાનને સોંપવામાં આવેલી 27 ટાસ્કમાંથી 26માં પાકિસ્તાને કામ પૂરું કરી લીધું છે. તેથી પાકિસ્તાનને આશા હતી કે આ વખતની બેઠકમાં તેને ગ્રે લિસ્ટમાંથી બહાર કાઢવામાં આવશે.
- ✓ માપદંડ પર કામ કરવા છતાં ગ્રે લિસ્ટમાંથી બહાર ન કાઢવામાં આવ્યું હોવાથી પાકિસ્તાનની પ્રજા નારાજ છે. પ્રજા તેને પાકિસ્તાન પ્રત્યે ભેદભાવ ગણે છે.

**પાકિસ્તાન ઉપર વોચ રાખવામાં આવશે**

- ✓ બેઠકમાં એવી વાત ચર્ચાઇ કે પાકિસ્તાન કામ તો કરી રહ્યું છે, પરંતુ અનેક માપદંડ ઉપર સંપૂર્ણ રીતે અને અસરકારક કામગીરી કરી શક્યું નથી. તેના કારણે મની લોન્ડરિંગનું જોખમ લટકતું રહે છે. તેના પરિણામે ભ્રષ્ટાચાર અને સુઆયોજિત ગુનાખોરીને પ્રોત્સાહન મળે છે.
- ✓ અમે પાકિસ્તાન ઉપર બાજનજર રાખીને બેઠા છીએ.
- ✓ પાકિસ્તાનને ગ્રે લિસ્ટમાં રાખવાથી તેને અનેક આર્થિક પ્રતિબંધોનો સામનો કરવો પડે છે.
- ✓ પાકિસ્તાનની સ્વતંત્ર થિન્ક ટેન્ક તબાદલાબના રિપોર્ટ અનુસાર 2008થી 2019 સુધી ગ્રે લિસ્ટમાં રહેવાને પરિણામે પાકિસ્તાનને રૂ. 2,75,276 કરોડનું નુકસાન થઇ ચૂક્યું છે. તેને આંતરરાષ્ટ્રીય મોનિટરી ફંડ તરફથી મદદ પણ મળી શકતી નથી.

**FATF વિશે :**

- ✓ વૈશ્વિક મની લોન્ડરિંગ અને આતંકવાદી ફંડિંગને રોકવા માટે 1989માં 39 સભ્ય દેશોએ ભેગા મળીને FATFની રચના કરી હતી.
- ✓ આ સંગઠન દરેક દેશની સરકારને નાણાકીય ગરબડો ન થઇ શકે એવા રાષ્ટ્રીય કાયદા અને નિયમન રીફોર્મ કરવા પ્રેરણા આપતું રહે છે.
- ✓ **FATF : ફાઇનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ**

## 5. દિન વિશેષ : 25 જૂન-1975

## ભારતમાં રાષ્ટ્રીય કટોકટીના 46 વર્ષ પૂર્ણ

- ✓ આજથી 46 વર્ષ પહેલાં કોંગ્રેસનાં તત્કાલીન વડાં પ્રધાન ઇન્દિરા ગાંધીએ દેશભરમાં ઇમરજન્સી લાદીને હજારો વિપક્ષી નેતાઓને જેલમાં પૂર્યા હતા. આખા દેશમાં સેન્સરશિપ લાદી હતી.




**કટોકટીની વિગત :**

- ✓ દેશમાં ઈન્દિરા ગાંધીનાં વડપણ હેઠળની કોંગ્રેસ સરકાર દ્વારા 25મી જૂન 1975થી 21 માર્ચ 1977 સુધી 21 મહિના માટે ઈમરજન્સી લાદવામાં આવી હતી.
- ✓ સરકાર દ્વારા લોકોનાં મૂળભૂત અધિકારો પર પ્રતિબંધો લાદવામાં આવ્યા હતા.

✓ પીએમ મોદીએ કટોકટીની 46મી વરસીએ ટ્વિટ કરીને લખ્યું હતું કે કટોકટીના એ કાળા દિવસો ક્યારેય ભુલાશે નહીં.

✓ ભારતના લોકશાહીના જુસ્સાને વધુ મજબૂત કરવા અને બંધારણનાં મૂલ્યોનું જતન કરવા તેમણે લોકોને અપીલ કરી હતી. તે દિવસોમાં બંધારણીય સંસ્થાઓનું રીતસર નિકંદન કાઢવામાં આવ્યું હતું.

**#DarkDaysOfEmergency**

✓ મોદીએ ટ્વિટ કર્યું હતું કે, #DarkDaysOfEmergency ને ક્યારેય ભૂલી શકાશે નહીં. 1975થી 1977નાં સમયગાળામાં બંધારણીય સંસ્થાઓનો રીતસર વિનાશ કરવામાં આવ્યો હતો. આવો આપણે ભારતની લોકતાંત્રિક ભાવનાને મજબૂત કરવા તમામ પ્રયાસ કરવાનો સંકલ્પ કરીએ અને આપણા બંધારણનાં મૂલ્યો પર ખરા ઉતરીએ.

✓ મોદીએ બીજી એક ટ્વિટમાં લખ્યું હતું કે, 25મી જૂન 1975નાં દિવસે આખો દેશ જેલમાં ફેરવાઈ ગયો હતો. 21 મહિના સુધી અનેક અત્યાચારો ગુજારવામાં આવ્યા હતા. આવા અંધકારભર્યા સમયમાં પણ અનેક લોકો લોકશાહીનાં જતન માટે લડયા હતા.

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (25-06-2021)

1. ગુજરાતમાં 'આઇલેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી' દ્વારા કયા ત્રણ ટાપુને પર્યટન હોટ સ્પોટ તરીકે વિકસાવાનો નિર્ણય જૂન 2021માં લેવાયો- **બેટ દ્વારકા, શિયાળ બેટ અને પિરોટન ટાપુ**
2. 144 આઇલેન્ડ ધરાવતું ભારતનું એકમાત્ર રાજ્ય જણાવો - **ગુજરાત**
3. ગુજરાતમાં 'આઇલેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી' દ્વારા બેટ દ્વારકામાં રૂ. 28.95 કરોડના ખર્ચે કુલ કેટલા પ્રોજેક્ટ તૈયાર કરાશે - **15**
4. ગુજરાતમાં 'આઇલેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી' દ્વારા શિયાળ બેટમાં રૂ. 35.95 કરોડના ખર્ચે કુલ કેટલા પ્રોજેક્ટ તૈયાર કરાશે - **20**
5. ગુજરાતમાં 'આઇલેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી' દ્વારા પિરોટન ટાપુમાં રૂ.40 કરોડના ખર્ચે કુલ કેટલા પ્રોજેક્ટ તૈયાર કરાશે - **12**
6. જૂન 2021માં ભારત સરકાર દ્વારા જાહેર કરાયેલ 'સ્માર્ટ સિટી રેન્કિંગ યાદી-2020' મુજબ ઓલઓવર પરફોર્મન્સમાં ભારતના પ્રથમ ક્રમના શ્રેષ્ઠ શહેરો જણાવો - **સુરત અને ઇન્દોર**
7. જૂન 2021માં ભારત સરકાર દ્વારા જાહેર કરાયેલ 'સ્માર્ટ સિટી રેન્કિંગ યાદી -2020' મુજબ ઓલઓવર પરફોર્મન્સમાં ભારતના પ્રથમ ક્રમના શ્રેષ્ઠ રાજ્યો જણાવો - **1.ઉત્તર પ્રદેશ 2.મધ્યપ્રદેશ અને 3.તમિલનાડુ**
8. 'ફોર સ્ટાર' કેટેગરીમાં ગુજરાત અને ભારતના કયા શહેરોનો સમાવેશ કરાયો છે - **સુરત, અમદાવાદ, વડોદરા અને રાજકોટ તેમજ પુણે, વિજયવાડા, વિશાખાપટ્ટનમ, પિંપરી અને ચિંચવડ**
9. ગુજરાત સ્માર્ટ સિટી એવોર્ડમાં એવોર્ડ વિજેતા શહેરો અને કેટેગરી જણાવો - **વડોદરા-ગવર્નન્સ, સુરત-સેનિટાઇઝેશન, સુરત-પર્યાવરણ, સુરત- પાણી પુરવઠા અને સુરત-અમદાવાદ- અર્બન મોબિલીટી**
10. જૂન 2021માં ભારત સરકારના કયા મંત્રાલય દ્વારા 'સ્માર્ટ સિટી રેન્કિંગ યાદી -2020' જાહેર કરાઈ - **હાઉસિંગ અને શહેરી બાબતો**
11. ભારતમાં પ્રેસિડેન્સીયલ ટ્રેન અન્ય કયા નામે ઓળખાય છે - **મહારાજા એક્સપ્રેસ/પ્રેસિડેન્સીયલ સલૂન**
12. મહારાજા એક્સપ્રેસનો રૂટ જણાવો - **દિલ્હી-આગરા-વારાણસી-જયપુર-રણથંભોર અને મુંબઈ**
13. જૂન 2021માં કઈ સંસ્થા દ્વારા પાકિસ્તાનની પુનઃ ગ્રે લિસ્ટમાં રાખવાનો નિર્ણય કરાયો છે - **FATF**
14. FATFનું વિસ્તૃત નામ જણાવો - **ફાઇનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ**
15. FATFનું સ્થાપના વર્ષ જણાવો - **1989**
16. ભારતમાં રાષ્ટ્રીય કટોકટીના 46 વર્ષ ક્યારેય પૂર્ણ થયા - **25 જૂન 2021**
17. તત્કાલીન વડાપ્રધાન ઇન્દિરા ગાંધી દ્વારા ભારતમાં રાષ્ટ્રીય કટોકટી કેટલા સમય માટે લાદવામાં આવી હતી - **25 જૂનથી 1975થી 21માર્ચ 1977 (21માસ)**

## DATE : 26-06-2021

### 1. ભારત સરકાર : નેશનલ સ્પેસ ટ્રાન્સપોર્ટેશન પોલિસી 2020ને મંજૂરી

✓ **હેતુ :** ભારતમાં રોકેટ લોન્ચ સાઇટ નિર્માણ અને સંચાલન માટે ખાનગી કંપનીઓને પરવાનગી




**નવી પોલિસી વિશે :**

✓ આંતરરાષ્ટ્રીય કરારો પ્રમાણે દેશ પ્રત્યેની જવાબદારી પૂરી કરવા પ્રાઇવેટ કંપનીએ માલિકીના ભાગરૂપે ફાઇનાન્સિયલ ગેરેંટી અથવા વીમા કવચ આપવા પડશે.

✓ વિદેશમાંથી રોકેટ લોન્ચિંગ માટે જે તે દેશના કાયદા અંતર્ગત લેવાની થતી તમામ મંજૂરી પ્રાઇવેટ કંપનીએ મેળવવી પડશે

✓ IN-SPACeની મંજૂરી માટે કંપનીએ વિદેશમાંથી લીધેલી મંજૂરીઓ અરજી સાથે બિડવાની રહેશે. વિદેશ મંત્રાલય સહિતના મંત્રાલયોની મંજૂરી બાદ IN-SPACE ભારતીય કંપનીને મંજૂરી આપશે

✓ વિદેશમાં થતા રોકેટ લોન્ચ માટે ભારત સરકારની કોઇ જવાબદારી રહેશે નહીં

✓ દેશની સ્વાયતતા અને સામાજિક વિકાસને હાનિ પહોંચવી જોઈએ નહીં.

✓ વિદેશો સાથે ભારતના સ્પેસ કરારોનું ઉલ્લંઘન થવું જોઈએ નહી.

✓ ભારતીય કંપનીઓ સરકારની સંબંધિત સંધિઓ અને આંતરરાષ્ટ્રીય કરારોનું પાલન કરવાનું રહેશે.

### 2. RBI : સહકારી બેંકોના ડિરેક્ટર પદ માટે નવી ગાઇડલાઇન (આર્થિક)

**નવી જોગવાઈ :**સાંસદ, ધારાસભ્ય મ્યુનિસિપલ કાઉન્સિલર પણ સહકારી બેંકોમાં ડિરેક્ટર પદે નહિ રહી શકે

અર્બન અને ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટિવ બેંકોમાં હવેથી સાંસદ, ધારાસભ્ય કે મ્યુ. કાઉન્સિલર મેનેજિંગ ડિરેક્ટર કે ફૂલ ટાઇમના ડિરેક્ટર પદે રહી શકશે નહી.

- ✓ ગુજરાતમાં અર્બન અને ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટિવ બેંકોમાં લાભના પદો ઉપર ચોંટી રહેલા સાંસદો, ધારાસભ્યો અને મ્યુ. કાઉન્સિલરોને બેમાંથી એક વિકલ્પ પસંદ કરવાની ફરજ પડશે.

**વય મર્યાદા :**

- ✓ ચાર્ટડ એકાઉન્ટન્ટ, એમબીએ (ફાઇનાન્સ) કે બેંકિંગ, સહકારી કારોબાર પ્રબંધન ડિપ્લોમા ધરાવતા વ્યક્તિને મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિમણૂંક કરવા માટે લઘુત્તમ વય મર્યાદા 35 અને મહત્તમ વય મર્યાદા 70 રાખવાનો નિર્ણય લેવાયો.
- ✓ બેંકના સિનિયર-મિડિયમ સ્તરે આઠ વર્ષ સુધીનો અનુભવ ધરાવતા અધિકારીને પણ મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિમણૂંક કરવાની પણ છૂટ આપવામાં આવી.
- ✓ સહકાર વિભાગે ગાઇડલાઇનના અમલ સંદર્ભે અધિકારીઓની તાલિમ શરૂ કરી છે.

**3. અયોધ્યા નગરી : વર્ષ 2051**

**વડાપ્રધાન મોદી સમક્ષ વિઝન ડોક્યુમેન્ટ રજૂ કરાયો**



**વિઝન ડોક્યુમેન્ટમાં સમાવિષ્ટ બાબતો :**

- ✓ મંદિર નિર્માણ અને વિકાસ યોજનાઓ પૂરી થયા બાદ અયોધ્યામાં રોજ 1 લાખ પર્યટકો પહોંચવાનો અંદાજ. જેના કારણે 4 લાખ લોકોને પ્રત્યક્ષ અને 8 લાખને પરોક્ષ રોજગારી મળશે.
- ✓ રાજ્ય સરકાર અયોધ્યાના વિકાસ માટે વિવિધ તબક્કે રૂ. 50 હજાર કરોડથી વધુ ખર્ચ કરશે.
- ✓ અયોધ્યામાં હેરિટેજ સિટી, સોલર સિટી, સમરસ અયોધ્યા, સ્માર્ટ સિટી બનશે.
- ✓ આ રિંગ રોડ શહેરને લખનઉ, ગોરખપુર, આઝમગઢ, પ્રયાગરાજ અને રાયબરેલીના માર્ગો સાથે જોડશે.
- ✓ સરયૂ નદીમાં ક્રૂઝ ટુરિઝમ પ્રોજેક્ટ
- ✓ સરયૂકાંઠે આધ્યાત્મિક રામાયણવન
- ✓ સરયૂ નદી પર આઇકોનિક બ્રિજ.
- ✓ રામ કી પૈડી પુનરુદ્ધાર પરિયોજના
- ✓ રામાયણ યુગના વૃક્ષારોપણ, ચાર રસ્તા, કોરિડોરનો વિકાસ.
- ✓ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ.
- ✓ અયોધ્યાના 103 હેરિટેજ જળકુંડનો જિર્ણોદ્ધાર. એરપોર્ટ, રેલવે સ્ટેશન, બસસ્ટેન્ડ, પહોળા રસ્તા, વિશ્વકક્ષાનું મ્યુઝિયમ.

**4. દિન વિશેષ : 26 જૂન**

**આંતરરાષ્ટ્રીય માદક પદાર્થના સેવન અને તસ્કરી નિવારણ દિવસ**







- ✓ **થીમ 2021 :** **'Share Facts on Drugs, save Lives'**

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (26-06-2021)

1. ભારતમાં રોકેટ લોન્ચ સાઇટ નિર્માણ અને સંચાલન માટે ખાનગી કંપનીઓને પરવાનગી આપવાના હેતુસર કેન્દ્ર સરકાર દ્વારા જૂન 2021માં કઇ પોલિસીને મંજૂરી અપાઇ - **નેશનલ સ્પેસ ટ્રાન્સપોર્ટેશન પોલીસી 2020**
2. RBIની જૂન 2021ની નવી સહકારી બેંકોમાં વિવિધ પદો અંગેની નવી જોગવાઇ અનુસાર સહકારી બેંકોમાં ડિરેક્ટર પદે કોણ નહી રહી શકે - **સાંસદ, ધારાસભ્ય, મ્યુન્સિપલ કાઉન્સિલર**
3. RBI નવી ગાઇડલાઇન મુજબ સહકારી બેંકોમાં મેનેજિંગ ડિરેક્ટર પદે કઇ લાયકાત ધરાવનારની નિમણૂંક કરવાની રહેશે - **ચાર્ટડ એકાઉન્ટન્ટ, એમબીએ (ફાઇનાન્સ) કે બેંકિંગ, સહકારી કારોબાર પ્રબંધન ડિપ્લો**
4. RBI નવી ગાઇડલાઇન મુજબ નિયત લાયકાત ધરાવતા કઇ વયના વ્યક્તિની સહકારી બેંકોમાં મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિમણૂંક કરી શકાશે - **લઘુત્તમ વય મર્યાદા 35 અને મહત્તમ વય મર્યાદા 70**
5. જૂન 2021માં વડાપ્રધાન સમક્ષ અયોધ્યા નગરીના વિકાસ માટેનો કયો વિઝન ડોક્યુમેન્ટ રજૂ કરાયો - **અયોધ્યા નગરી વર્ષ 2051**
6. ઉત્તરપ્રદેશ સરકાર અયોધ્યાના વિકાસ માટે વિવિધ તબક્કે કેટલો ખર્ચ કરશે – **રૂ. 50 હજાર કરોડથી વધુ**
7. આંતરરાષ્ટ્રીય માદક પદાર્થના સેવન અને તસ્કરી નિવારણ દિવસ ક્યારે મનાવવામાં આવે છે -**26 જૂન**
8. આંતરરાષ્ટ્રીય માદક પદાર્થના સેવન અને તસ્કરી નિવારણ દિવસ 2021ની થીમ જણાવો - **Share Facts on Drugs, save Lives**

**DATE : 27-06-2021**

**1. ભારત-જાપાન સંબંધો : ઝેન ગાર્ડન અને કૈઝેન એકેડમીનું વડાપ્રધાન મોદી દ્વારા વર્ચ્યુઅલ ઉદ્ઘાટન કરાયું**

- ✓ સ્થળ : AMA અમદાવાદ
- ✓ મૂળ નામ : શ્રીમતી પદ્મા જયકૃષ્ણ જાપાનીઝ ઝેન ગાર્ડન



**ઝેન ગાર્ડન વિશે :**

- ✓ જાપાનીઝ ઝેન ગાર્ડન અને કૈઝન એકેડમીની આ સ્થાપના ભારત અને જાપાન વચ્ચેના સંબંધોને વધુ મજબૂત કરશે.
- ✓ ઝેન ગાર્ડન રેડ બ્રિજ ગુઝેઇ, શોજી ઇન્ટીરિયર, ગ્લોરી ઓફ તોરી થ્રીડી આર્ટ મ્યુરલ ફ્યુઝન ચબુતરો જેવાં કેટલાંક પરંપરાગત જાપાનીઝ રોમાંચક અંશ ધરાવે છે.
- ✓ એમાં કોઇનબોરી, ટાકી વોટરફૉલ સુકુબાઇ બેસીન, કીમોનો સ્કોલ જેવી લોકપ્રિય બાબતોનો સમાવેશ કરાયો છે.
- ✓ તે કૈઝન હોલમાં બેકલીટ નિહોંગો પેઇન્ટીંગ મારફત સુશોભન કરાયુ છે. જે જોવાલાયક છે.

- ✓ ગાર્ડનની આસપાસ ચોસોકો બોનસાઇ પ્લાન્ટેશન કરવામાં આવ્યું છે.
- ✓ ભારતમાં જે રીતે ધ્યાન છે તેવી રીતે જાપાનમાં ઝેનનો મતલબ મેડિટેશન થાય છે. જ્યાં કુદરતી સ્થાનો પર જઈને લોકો ધ્યાન કરે છે. જ્યારે કે કૈઝનનો મતલબ થાય છે સતત ઇમપ્રૂવ થવું.
- ✓ એએમએમાં તૈયાર થયેલા ઝેન ગાર્ડનમાં રેડ બ્રીજ ગુઝેઇ, શોજી ઇન્ટીરિયર, ગ્લોરી ઓફ તોરી થ્રીડી આર્ટ મ્યુરલ ફ્યુઝન ચબુતરો જેવાં કેટલાંક પરંપરાગત રોમાંચક આર્ટપીસ મુકાયા છે.
- ✓ ઝેન ગાર્ડનનું નિર્માણ જાપાન ઇન્ફર્મેશન એન્ડ સ્ટડી સેન્ટર અને ઇન્ડો જાપાન ફ્રેન્ડશિપ એસોસિએશને કર્યું છે.
- ✓ AMA : અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન

## 2. રામપરા વાઈલ્ડલાઈફ સેન્ચુરી-ખીજડીયા

### જીનપુલ વિશે :

- ✓ **જીનપુલ એટલે એવી વ્યવસ્થા કે જ્યાં પ્રજનન માટે શ્રેષ્ઠ પ્રાણીને લાવીને સંવર્ધન કરાતું હોય.**
- ✓ અહીં મુક્તમને વિચરતા અનેક પશુ-પક્ષીઓની સાથે દેશની સૌથી મૂલ્યવાન અને શાન સમા સિંહના સંવર્ધન માટે જીનપુલ પણ છે.




- ✓ જો જંગલમાં વિચરતા સિંહોને કોઇ મુશ્કેલી થાય, તો અહીં સચવાયેલા સિંહોથી આખી પ્રજાતિ લુપ્ત થતી બચાવી શકાય છે.
- ✓ આવી શક્યતા નહીંવત છે, પણ જો વર્ષો બાદ આવું કંઇ થાય તો પણ ભવિષ્યમાં સિંહોના જે બચ્ચાં જન્મશે તેમને આ જ વિસ્તારમાં શિકાર સહિતની બાબતો કુદરતી રીતે જ શીખવાશે અને પછી તેમને જંગલમાં છોડાશે.
- ✓ રામપરાને 1988માં આરક્ષિત જાહેર કરાયું હતું.
- ✓ અહીં 2011થી સિંહ સંવર્ધન શરૂ કરાયું છે. તે અંતર્ગત અહીં 11 સિંહ છે, જેમાં બે મોટા નર, ત્રણ મોટી માદા, ત્રણ નાની માદા અને બાકીના બચ્ચાં.

### 1988માં અભયારણ્ય જાહેર 2011માં જીન પુલની મંજૂરી

- ✓ 15 ચોરસ કિ.મી. વિસ્તારમાં ફેલાયેલુ છે અભયારણ્ય
- ✓ 130 પ્રકારના પક્ષીઓ મોટા ભાગના અલભ્ય
- ✓ 20 પ્રજાતિના સસ્તન પ્રાણીનો મુક્તવિહાર
- ✓ 02 ઝરા ખળખળ વહીને જંગલ જીવતું રાખે
- ✓ 03 વોચ ટાવર ટેકરીઓ પર બનાવી સુરક્ષા વ્યવસ્થા
- ✓ 22 સિંહબાળનો અત્યાર સુધી રામપરામાં જન્મ

### સૌથી અનોખું 280 પ્રજાતિના વૃક્ષો વચ્ચે 150 થી વધુ પ્રજાતિના પશુ-પક્ષી

- ✓ સિંહને મુક્ત માહોલનો અનુભવ કરાવવા 2.5 એકરનુ એક એવા 6 વિશાળ કમ્પાઉન્ડ બનાવ્યા છે જેમાં સિંહ વિહરે છે. સીસીટીવી અને 24 કલાક સુરક્ષાની સજ્જડ વ્યવસ્થા છે.
- ✓ જ્યારે ઝરખ, નાર (વરૂ) દીપડા, ચિંકારા, નિલગાય સહિત 250 પ્રજાતિ મુક્ત વિચરે છે.

## 3. મન કી બાત : PM મોદી દ્વારા 78મી આવૃત્તિ રજૂ કરાઇ




### મુખ્ય વિષય :

- ✓ તમામ લોકો કોઇ પણ પ્રકારની શંકા-કુશંકાઓ રાખ્યા વિના કોરોના વેક્સિન મુકાવે તે જરૂરી

## 4. કેન્દ્ર સરકાર : આક્ષેપિત IAS-IPS અધિકારીઓની ફાઇલ ઉપર રેડ સ્ટિકર લગાવવા કેન્દ્ર સરકારનો આદેશ (વહીવટ)

- ✓ ગુજરાત સહિતના રાજ્યો તેમજ કેન્દ્ર સરકારના તમામ મંત્રાલયોએ આક્ષેપિત અથવા તો જેમની સામે ગેરરીતિઓની ફરિયાદમાં તપાસ અને દંડની ફાઇલ પર રેડ સ્ટીકર લગાવવાનો આદેશ સેન્ટ્રલ વિજિલન્સ કમિશન એટલે કે સીવીસીની સૂચનાથી કેન્દ્ર સરકારે આપ્યો છે.

### હેતુ :

- ✓ સેન્ટ્રલ વિજિલન્સ કમિશને રાજ્યના ચીફ સેક્રેટરીને લખેલા પત્રમાં સિવિલ સેવાના અધિકારીઓ સામેની તપાસમાં ઝડપ અને સરળતા લાવવા નિર્દેશ કરાયો.

## 5. ફાયરવોલ : સાયબર જગતને સુરક્ષિત રાખતું ઇ બોડીગાર્ડ (કમ્પ્યૂટર ટેકનોલોજી)

### ફાયરવોલ શું છે ?

- ✓ ફાયરવોલ એ એક નેટવર્કની સુરક્ષા સિસ્ટમ છે જે ઇન્ટરનેટ અથવા કોઇ ખાનગી નેટવર્ક પરથી કમ્પ્યૂટર પર થતા અનધિકૃત એક્સેસ, માલવેર અને વાઇરસ એટેકને રોકે છે.
- ✓ જ્યારે પણ રેન્સમવેર અથવા હેકર જેવા ખતરનાક કમ્પ્યૂટર દુશ્મનો કમ્પ્યૂટર કે નેટવર્કનો અનધિકૃત રીતે ઉપયોગ કરવાનો પ્રયાસ કરે છે ત્યારે ફાયરવોલ સોફ્ટવેર અથવા હાર્ડવેર કમ્પ્યૂટરને તેમનાથી સુરક્ષિત કરે છે, જેથી કોઇ કમ્પ્યૂટરનો અગત્યનો ડેટા ચોરી ન શકે, કે તેને એનક્રિપ્ટ ન કરી શકે.
- ✓ ફાયરવોલ દ્વારા પ્રાપ્ત થતી સુરક્ષા સુવિધાઓ એક પ્રકારના એપ્લિકેશન સોફ્ટવેર પ્રોગ્રામની જેમ અથવા હાર્ડવેર સિસ્ટમની જેમ જ હોય છે અને જ્યારે પણ કોઇ યૂઝર કમ્પ્યૂટર ને ઇન્ટરનેટ અથવા કોઇપણ ખાનગી નેટવર્ક સાથે કનેક્ટ કરે છે ત્યાર પછી ફાયરવોલ કમ્પ્યૂટર પર આવતા તમામ પ્રકારના અનધિકૃત ટ્રાફિક પર ધ્યાન રાખે છે અને યુઝર્સને તે અનધિકૃત ટ્રાફિક વિશેની સુરક્ષા માહિતી પણ અગાઉથી આપે છે.
- ✓ ફાયરવોલ તેના નામ પ્રમાણે જ કામ કરે છે. તે કમ્પ્યૂટર અને ઇન્ટરનેટ વચ્ચે એક દીવાલની જેમ કામ કરે છે જે તેને સાયબર હુમલાઓથી બચાવે છે.
- ✓ જ્યારે આપણે કમ્પ્યૂટર પર ઇન્ટરનેટનો ઉપયોગ કરીએ છીએ, ત્યારે ઘણા હુમલાખોરો આપણા કમ્પ્યૂટરમાં અનિચ્છનીય એપ્લિકેશનો ઇન્સ્ટોલ કરવાનો, અગત્યનો ડેટા લોક કરવાનો અને કીલોગર્સને પ્રસ્થાપિત કરવાનો પ્રયાસ કરે છે, ફાયરવોલ તેની સામે પણ સુરક્ષા પૂર્ણ પાડે છે. એ રીતે તે ખરા અર્થમાં ઇ-બોડીગાર્ડ છે.

### ફાયરવોલના પ્રકાર કેટલા છે?

- ✓ ફાયરવોલ મુખ્યત્વે બે પ્રકાર.

✓ એક સોફ્ટવેર ફાયરવોલ અને બીજી હાર્ડવેર ફાયરવોલ.

**ફાયરવોલના ફાયદા :**

✓ ફાયરવોલ કમ્પ્યુટર પર આવતા તમામ ઈન્ટરનેટ ટ્રાફિકને મોનિટર કરે છે, અને તે ફક્ત તે જ ઈન્ટરનેટ ટ્રાફિકને નેટવર્કમાં પ્રવેશવાની મંજૂરી આપે છે જે યૂઝરના કમ્પ્યૂટર નેટવર્ક માટે સલામત હોય. એ સિવાયના તમામ ખરાબ ટ્રાફિકને તે અવરોધે છે. ઉદાહરણ તરીકે, જો કોઈ યૂઝર મફત મૂવીઝ કે સોફ્ટવેર ડાઉનલોડ કરવાની સાઇટ વિશે શોધ કરે છે તો આવી ફ્રી વેર વેબસાઇટ પર યૂઝરને પોપ-અપ જાહેરાતો, ક્લોક લિંક્સ જેવી ઘણી બિનજરૂરી સામગ્રીઓ જોવા મળે છે, જે મોટેભાગે અનધિકૃત ઈન્ટરનેટ ટ્રાફિક સ્ત્રોતો સાથે સંકળાયેલી હોય છે. ફાયરવોલ આવા અનધિકૃત ટ્રાફિક સ્ત્રોતને સર્વર કમ્પ્યૂટર સુધી પહોંચતા અટકાવે છે.

✓ ફાયરવોલ કીલોગર્સને ઓળખે અને અટકાવે છે. કીલોગર્સ ખૂબ જોખમી છે. અત્યારના સમયમાં કીલોગર્સ પ્રકારના સાયબર એટેક સૌથી વધુ પ્રમાણમાં જોવા મળે છે. સાયબર અપરાધીઓ કીલોગર્સની મદદથી યૂઝર્સ પોતાના કમ્પ્યૂટરના કી-બોર્ડ દ્વારા શું ટાઇપ કરી રહ્યો છે તેની માહિતી મેળવી લે છે અને તેનો દુરુપયોગ કરીને યૂઝરને નુકસાન પહોંચાડવાનો પ્રયત્ન કરે છે. આવી સ્થિતિમાં, ફાયરવોલ એક પ્રકારનું સુરક્ષા સ્તર પૂરું પાડે છે, અને કમ્પ્યૂટર, કમ્પ્યૂટર પર ટાઈપ કરાતો ડેટા અને સમગ્ર નેટવર્ક ને કીલોગર્સ હુમલાખોરોથી સુરક્ષિત રાખી શકે છે.

✓ ફાયરવોલ નેટવર્કની બહાર જતાં ટ્રાફિકનું પણ મોનિટરિંગ કરે છે. ફાયરવોલ કમ્પ્યૂટર સિસ્ટમમાંથી બહાર જતાં ઇન્ટરનેટ ટ્રાફિકને પણ મોનિટર કરવાની ક્ષમતા ધરાવે છે. તે કોઈ માલવેર કમ્પ્યૂટર નેટવર્કમાંથી અગત્યની માહિતી ચોરીને બહાર તો નથી લઇ જઇ રહ્યોને તેનું પણ ચોક્કસ પેરામીટર દ્વારા મોનિટરિંગ કરે છે

**6. જન્મ દિન વિશેષ : 27 જૂન**

**વિશ્વકોશના વિશ્વકર્મા : ધીરુભાઈ ઠાકર**

**જન્મ : 27 જૂન-1918 અવસાન : 24 જાન્યુઆરી- 2014**




✓ આજે <u>સંગીતકાર રાહુલદેવ બર્મન, જગતભરના વિકલાંગોના પ્રેરણામૂર્તિ હેલન કેલર અને મૂર્ધન્ય સાહિત્યકાર ધીરુભાઈ પ્રેમશંકર ઠાકરનો જન્મદિવસ</u>

✓ મહિલા સાહસિક સુમતિ મોરારજી, મહારાજા રણજીતસિંહ અને આપણા પહેલા ફિલ્ડ માર્શલ સામ માણેકશાની પુણ્યતિથિ.

✓ <u>મૂળ વતન વિરમગામ અને કોડીનારમાં જન્મેલા ધીરુભાઈ ઠાકરે</u> કોડીનાર, ચાણસ્મા, સિદ્ધપુર અને મુંબઈ એમ અનેક ઠેકાણે અભ્યાસ કર્યો હતો.

✓ તેમનો અનુસ્નાતકનો શોધ નિબંધ મુંબઇ યુનિવર્સિટી દ્વારા પુરસ્કૃત થયો હતો.

✓ ગુજરાતની કોલેજોમાં અધ્યાપન કાર્ય કરી મોડાસા કોલેજના આચાર્ય તરીકેથી નિવૃત્ત થયા.

✓ <u>ગુજરાતી સાહિત્યમાં ધીરુભાઇ વિવેચક, નિબંધકાર, ચરિત્રકાર, સંશોધક અને સંપાદક તરીકે પ્રસિદ્ધ</u> છે.

✓ મણિભાઇ નભુભાઈની સાહિત્ય સાધના, રસ અને રુચિ, સાંપ્રત સાહિત્ય, નાટ્યકલા, મણિભાઇ નભુભાઇ : જીવન રંગ, મણિલાલની વિચારધારા, મણિલાલ નભુભાઈનું આત્મવૃતાંત, મણિલાલના ત્રણ લેખો, રંગ કસુંબી, પરંપરા અને પ્રગતિ (કસ્તુરભાઈ લાલભાઈનું જીવન ચરિત્ર) અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા, સફર સો દિવસની, સમાલોચક, સુદર્શન અને પ્રિયંવદા વગેરે તેમના સાહિત્યમાં યોગદાન છે.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (27-06-2021)</u>

1. 27 જૂનના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વિડિયો કોન્ફરન્સ દ્વારા ગુજરાતમાં કયા કેમ્પસમાં ઝેન ગાર્ડન અને કૈઝેન એકેડમીનું ઉદ્ઘાટન કર્યું - **<u>અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન AMA</u>**
2. ઝેન ગાર્ડન અને કૈઝેન એકેડમીએ કયા બે દેશો વચ્ચેના સંબંધો વધુ પ્રસ્થાપિત કરે છે - **<u>જાપાન અને ભારત</u>**
3. જાપાનીઝ સંસ્કૃતિમાં ઝેનનો અર્થ જણાવો - **<u>ધ્યાન/મેડીટેશન</u>**
4. જાપાનીઝ સંસ્કૃતિમાં કૈઝેનનો અર્થ જણાવો - **<u>સતત સુધારો થવો</u>**
5. ગુજરાતમાં કયા અભયારણ્યમાં જીનપુલની વ્યવસ્થા કરવામાં આવી છે - **<u>રામપુરા વાઈલ્ડલાઇફ સેન્ચ્યુરી</u>**
6. રામપુરા વાઈલ્ડલાઇફ સેન્ચ્યુરી ક્યાં આવેલી છે - **<u>ખીજડીયા</u>**
7. પ્રાણી જગત માટે જીનપુલ એટલે શું – **<u>એવી વ્યવસ્થા કે જ્યાં પ્રજનન માટે શ્રેષ્ઠ પ્રાણીને લાવીને સંવર્ધન કરાતું હોય</u>**
8. રામપુરા વાઈલ્ડલાઇફ સેન્ચ્યુરીમાં કયા વર્ષે જીનપુલની મંજૂરી અપાઇ હતી - **<u>2011</u>**
9. રામપુરા વાઈલ્ડલાઇફ સેન્ચ્યુરીમાં કયા વર્ષથી સિંહ સંવર્ધન શરૂ કરાયું છે - **<u>2011</u>**
10. રામપુરા વાઈલ્ડલાઇફ સેન્ચ્યુરીને કયા વર્ષે આરક્ષિત જાહેર કરાયું - **<u>1988</u>**
11. કમ્પ્યુટર ટેકનોલોજી માટે વપરાતા 'ફાયરવૉલ'ની વ્યાખ્યા જણાવો - **<u>ફાયરવોલ નેટવર્કની સુરક્ષા સિસ્ટમ છે જે ઇન્ટરનેટ અથવા કોઈ ખાનગી નેટવર્ક પરથી કમ્પ્યૂટર પર થતા અનધિકૃત એક્સેસ, માલવેર અને વાઇરસ એટેક રોકે છે</u>**
12. ફાયરવૉલ'ના પ્રકાર જણાવો – **<u>સોફ્ટવેર ફાયરવોલ અને હાર્ડવેર ફાયરવોલ</u>**
13. સાયબર જગતને સુરક્ષિત રાખતું ઇ-બોડીગાર્ડ કયા નામે ઓળખાય છે - **<u>ફાયરવોલ</u>**
14. તા. 27 જૂન 2021ના રોજ PM મોદી દ્વારા મન કી બાતની કેટલામી આવૃત્તિ રજૂ કરાઇ - **<u>78</u>**
15. PM મોદી દ્વારા 78મી મન કી બાત અંતર્ગત કયા મુદ્દે દેશવાસીઓને સંબોધિત કર્યા - **<u>તમામ લોકોને કોરોના વેક્સિન મુકાવા અંગે</u>**
16. કેન્દ્રીય એજન્સી CVCનું વિસ્તૃત નામ જણાવો - **<u>સેન્ટ્રલ વિજિલન્સ કમિશન</u>**
17. ગુજરાતી વિશ્વકોશના વિશ્વકર્મા તરીકે કોણ ઓળખાય છે - **<u>ધીરુભાઈ ઠાકર</u>**

18. વિશ્વભરના વિકલાંગોના પ્રેરણામૂર્તિ તરીકે કોણ ઓળખાય છે - **હેલન કેલર**

19. વિકલાંગોના પ્રેરણામૂર્તિ સમાન હેલર કેલરનો જન્મ દિવસ જણાવો – **તા. 27 જૂન**

20. દેશના પ્રથમ ફિલ્ડ માર્શલનું નામ જણાવો - **સામ માણેકશા**

21. ગુજરાતી સાહિત્ય-ઈતિહાસકાર ધીરુભાઈ ઠાકરનો જન્મ ક્યાં થયો હતો – **કોડીનાર**

**DATE : 28-06-2021**

## 1. કેન્દ્ર સરકાર : કોરોનાગ્રસ્ત અર્થતંત્રને બળ માટે રૂ.6,28,993 કરોડનો બીજો બૂસ્ટર ડોઝ




**મુખ્ય જાહેરાતો-નવી જોગવાઈ અને રકમ :**




### ક્રેડિટ ગેરંટી સ્કીમ

- ✓ નાના વેપારીઓ તેમજ વ્યક્તિઓ એનબીએફસી, માઈક્રો ફાઈનાન્સ સંસ્થાઓ દ્વારા રૂ. 1.25 લાખ સુધીની લોન મેળવી શકશે
- ✓ બેન્કનાં MCLR વત્તા વધુમાં વધુ 2% વ્યાજ લઈ શકાશે
- ✓ લોનની મુદત 3 વર્ષ જેની સરકાર ગેરંટી આપશે
- ✓ 89 દિવસના ડિફોલ્ટર સહિત તમામ પ્રકારના લોન લેનારાઓ લોન લઈ શકશે
- ✓ સ્કીમનો લાભ 25 લાખ લોકોને મળશે
- ✓ સ્કીમ માટે આશરે રૂ. 7500 કરોડની જોગવાઈ કરાશે
- ✓ સ્કીમ 31 માર્ચ 2022 સુધી અમલમાં રહેશે

### ECLGS માટે સહાય

- ✓ ECLGS માટે વધારાની રૂ. 1.5 લાખ કરોડની સહાય
- ✓ ECLGS 1.0 અને 2.0 તેમજ 3.0 માટે અત્યાર સુધીમાં 2.69 લાખ કરોડ અપાયા
- ✓ આ સ્કીમમાં અગાઉ રૂ. 3 લાખ કરોડ આપવાની જાહેરાત કરાઈ હતી
- ✓ સ્કીમનો વ્યાપ હવે વધીનેરૂ. 4.5 લાખ કરોડ થયો
- ✓ તમામ સેક્ટર્સને લાભ અપાશે
- ✓ ECLGS-ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરેંટી સ્કીમ

### આર્થિક રાહત પેકેજ

- ✓ કોરોના પ્રભાવિત સેક્ટર્સ માટે રૂ. 1.1 લાખ કરોડની લોન ગેરંટી સ્કીમ
- ✓ હેલ્થ સેક્ટર માટે રૂ. 50,000 કરોડની સહાય
- ✓ અન્ય સેક્ટર્સ માટે રૂ. 60,000 કરોડની સહાય
- ✓ હેલ્થ સેક્ટર માટે લોન પર વાર્ષિક વ્યાજદર 7.95 ટકાથી વધુ નહીં
- ✓ અન્ય સેક્ટર માટે લોન પર વ્યાજનો દર 8.25 ટકાથી વધારે નહીં

### હેલ્થ સેક્ટર માટે ગેરંટી કવર

- ✓ શહેરો અને ગામડાઓમાં હેલ્થ ઇન્ફ્રાસ્ટ્રક્ચર વધારવાના હેતુથી સહાય
- ✓ 8 મેટ્રો શહેરો સિવાય અન્ય શહેરો અને ગામડાઓમાં હેલ્થ અને મેડિકલ ઈન્ફ્રા વિકસાવવા તેમજ નવા પ્રોજેક્ટ માટે ગેરંટી કવર
- ✓ વિસ્તરણ માટે 50 ટકા અને નવા પ્રોજેક્ટ માટે 75 ટકા ગેરંટી કવર
- ✓ સંભવિત જિલ્લાઓમાં 75 ટકા ગેરંટી કવર
- ✓ મહત્તમ લોન રૂ. 100 કરોડ. ગેરંટીનો સમય 3 વર્ષ
- ✓ વ્યાજ દર 7.95 ટકા

### કૃષિ સબસિડી

- ✓ ખેડૂતોને રૂ. 14,775 કરોડની વધારાની સબસિડી
- ✓ ડીએપી ખાતર પર રૂ. 9125 કરોડની સબસિડી
- ✓ એનપીકે ખાતર પર રૂ. 5650 કરોડની સબસિડી
- ✓ રવી મોસમમાં સરકારે 432.48 લાખ મેટ્રિક ટન ઘઉંની ખરીદી કરી
- ✓ ખેડૂતોને અત્યાર સુધીમાં રૂ. 85,413 કરોડની રકમ સીધેસીધી અપાઈ

### ડિજિટલ ઇન્ડિયા : રૂ. 61,109 કરોડ

- ✓ ભારતનેટ બ્રોડબેન્ડ દ્વારા દરેક ગામ સુધી ઇન્ટરનેટ પહોંચાડાશે
- ✓ દેશનાં તમામ ગામોમાં બ્રોડબેન્ડ ઈન્ટરનેટ કનેક્ટિવિટી
- ✓ સ્કીમ માટે કુલ રૂ. 61,109 કરોડ ખર્ચાશે

### ટૂરિસ્ટ ગાઇડ અને ટ્રાવેલ ટૂરિઝ્મ

- ✓ સરકાર 11,000 રજિસ્ટર્ડ ટૂરિસ્ટ ગાઈડ અને ટ્રાવેલ ટૂરિઝ્મને નાણાકીય સહાય કરશે
- ✓ લાઈસન્સ ધરાવતા ટૂરિસ્ટ ગાઈડને રૂ. 1 લાખ લોન અપાશે
- ✓ ટૂરિસ્ટ એજન્સીને રૂ. 10 લાખની લોન અપાશે
- ✓ લોન પર સરકાર ગેરંટી આપશે. કોઈ પ્રોસેસિંગ ચાર્જ લેવાશે નહીં
- ✓ સરકાર પર આને કારણે રૂ. 100 કરોડનો બોજો પડશે

### વિદેશી પ્રવાસીઓને લાભ

- ✓ આ સ્કીમ 31 માર્ચ 2022 સુધી ચાલુ રહેશે
- ✓ સ્કીમ હેઠળ રૂ. 100 કરોડની નાણાકીય સહાય અપાશે
- ✓ પ્રવાસીને ફક્ત એક જ વખત મફત વિઝા અપાશે
- ✓ વિદેશી પ્રવાસીઓને ટૂરિસ્ટ વિઝા આપવાની શરૂઆત થયા પછી સ્કીમના લાભ મળશે
- ✓ 2019માં ભારતમાં 10.93 મિલિયન વિદેશી પ્રવાસીઓ આવ્યા હતા જેમણે મોજમજા અને બિઝનેસ પાછળ 30.098 અબજ ડોલરનો ખર્ચ કર્યો હતો

**બાળકોના આરોગ્ય માટે રૂ. 23,220 કરોડ**

- ✓ બાળકોનાં આરોગ્ય માટે 31 માર્ચ 2022 સુધી રૂ. 23,220 કરોડ ખર્ચ કરાશે.
- ✓ બાળકો માટે આઇસીસીયુ બેડ, વેન્ટિલેટર્સ બેડ, એમ્બ્યુલન્સની સુવિધા
- ✓ કેન્દ્રીય સ્તરે, જિલ્લા સ્તરે અને સબજિલ્લા સ્તરે ઓક્સિજનની પ્રાપ્તિ વધારાશે
- ✓ ટેસ્ટિંગ, નિદાન અને ફોન પર કન્સલ્ટેશન સુવિધા અપાશે

**પ્રોજેક્ટ એક્સ્પોર્ટ**

- ✓ પ્રોજેક્ટ એક્સ્પોર્ટ માટે રૂ. 33,000 કરોડનો બૂસ્ટર ડોઝ
- ✓ નેશનલ એક્સ્પોર્ટ ઇન્સ્યુરન્સ એકાઉન્ટ દ્વારા પ્રોજેક્ટની નિકાસ જોખમો સામે વીમાનું રક્ષણ અપાશે
- ✓ NEIA દ્વારા રૂ. 52,860 કરોડના 211 પ્રોજેક્ટને સહાય. 52 દેશમાં 63 ભારતીય પ્રોજેક્ટની નિકાસ કરાઇ હતી
- ✓ નિકાસને વેગ આપવા રૂ. 88,000 કરોડનાં નિકાસ ઇન્સ્યુરન્સ કવરનાં લાભ. દેશનાં 30 ટકા નિકાસકારોને લાભ
- ✓ પીપીપી પ્રોજેક્ટ અને એસેટ મોનેટાઇઝેશન માટે નવી પોલિસી લાવવામાં આવશે. નવી પોલિસીમાં InvITsને આવરી લેવાશે.

**વિવિધ યોજનાઓનો વ્યાપ વધારાયો**

**આત્મનિર્ભર ભારત યોજનાનો વ્યાપ વિસ્તારાયો**

- ✓ સરકાર દ્વારા ગયા વર્ષે ઓક્ટોબરમાં સ્કીમ લોન્ચ કરાઇ હતી. જેનો વ્યાપ વધારીને 31 માર્ચ 2022 સુધી કરાયો
- ✓ સ્કીમ હેઠળ 21.42 લાખ લાભાર્થીઓને રૂ. 902 કરોડ આપવામાં આવ્યા છે
- ✓ સ્કીમ હેઠળ સરકાર રૂ. 15,000થી ઓછું વેતન મેળવનાર કર્મચારીઓ તેમજ કંપનીઓ પીએફની રકમ ચૂકવે છે
- ✓ સ્કીમ હેઠળ રૂ. 22,810 કરોડનાં ખર્ચનો અંદાજ? આશરે 58.50 લાખ લોકોને લાભ અપાશે
- ✓ સરકાર કંપની અને કર્મચારીનાં 12-12 ટકા પીએફની રકમ ચૂકવે છે

**પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના**

- ✓ કોરોનાગ્રસ્ત ગરીબો માટે સરકારે 26 માર્ચ 2020ના રોજ યોજના જાહેર કરી હતી
- ✓ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના પહેલા આ સ્કીમનો લાભ એપ્રિલથી જૂન 2020 સુધી આપવાનો હતો જે વધારીને નવેમ્બર 2020 કરાયો છે
- ✓ સ્કીમ માટે વર્ષે રૂ. 93,869 કરોડનો ખર્ચ કરાશે
- ✓ **કેન્દ્રીય નાણા મંત્રી : શ્રી નિર્મલા સિતારામન**
- ✓ **નાણા રાજ્યમંત્રી : શ્રી અનુરાગ ઠાકુર**

**2. DRDO : સ્વદેશી 'અગ્નિ પ્રાઇમ' મિસાઇલનું સફળ પરીક્ષણ**




- ✓ કેટેગરી : પરમાણુ સજ્જ બેલેસ્ટિક મિસાઇલ
- ✓ **રેન્જ : 1 હજારથી 2 હજાર કિ.મી.**
- ✓ સ્થાન : ડૉ. કલામ ટાપુ, બાલાસોર-ઓડિશા

**અગ્નિ પ્રાઇમની વિશેષતા :**

- ✓ ભારત દ્વારા અગ્નિ રેન્જની પાંચ મિસાઇલ વિકસિત કરાઇ છે. અગ્નિ પ્રાઇમ આ શ્રેણીની નવી અને આધુનિક મિસાઇલ છે.
- ✓ મિસાઇલમાં અગ્નિ-4 (4,000 કિ.મી. રેન્જ) અને અગ્નિ-5 (5,000 કિ.મી. રેન્જ)ની ખૂબીઓને સામેલ કરવામાં આવી છે.
- ✓ અગ્નિ-3 કરતાં તેનું વજન અડધું છે.
- ✓ હિંદ-પ્રશાંત સાગરમાં શત્રુના યુદ્ધજહાજને નિશાન બનાવવા અગ્નિ પ્રાઇમનો ઉપયોગ થઇ શકે તેમ છે.
- ✓ **સંસ્થા : સંરક્ષણ, સંશોધન અને વિકાસ સંગઠન-DRDO**

**3. ખેલકૂદ : વર્લ્ડકપમાં ત્રણ ગોલ્ડ જીતનાર 27 વર્ષિય ભારતીય તીરંદાજ દીપિકાકુમારી પુન: વિશ્વની નંબર વન તીરંદાજ**

- ✓ વતન : રાંચી




- ✓ અગાઉ સૌપ્રથમ વર્ષ 2012માં નં. 1 પર હતી.
- ✓ **તીરંદાજ વર્લ્ડકપ-2021, પેરીસ(ફ્રાંસ)**
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.22, ગાંધીનગર મો.નં. 99256 98721

**4. ઉત્તરાંખડ હાઇકોર્ટ : 01 જૂલાઇથી શરૂ થતી ચારધામ યાત્રા પર કોરોનાને કારણે પ્રતિબંધ મૂકાયો**



- ✓ ચારધામ : કેદારનાથ, બદ્રીનાથ, ગંગોત્રી અને યમનોત્રી

**5. CEO વર્લ્ડ મેગેઝિન-USA (આરોગ્ય-શિક્ષણ)**

- ✓ **વિશ્વમાં કોરોના મહામારી વચ્ચે TOP 100 શ્રેષ્ઠ મેડિકલ કોલેજોમાં ભારતની 06 કોલેજોને સ્થાન**

CEOWORLD magazine

**વિવિધ કોલેજો અને ક્રમ :**

1. **અમેરિકા : જો હોપકીન્સ યુનિવર્સિટી સ્કૂલ ઓફ મેડિસિન**
2. હાવર્ડ મેડિકલ સ્કૂલ
3. પેન્સિલવેનિયા યુનિવર્સિટીના પેરેલમેન સ્કૂલ ઓફ મેડિસિન

**ભારત :**

- ✓ ભારતની 6 કોલેજો સામેલ
- ✓ દિલ્હી AIIMS (23rd)
- ✓ પૂણેની આર્મ્ડ ફોર્સ મેડિકલ કોલેજ (34th)
- ✓ વેલ્લોરની ક્રિશ્ચિયન મેડિકલ કોલેજ (49th,
- ✓ પુડુચેરીની JIPMER (59th)
- ✓ ચેન્નઈ મદ્રાસ મેડિકલ કોલેજ (64th)
- ✓ ઇન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ BHU (72th).

**6. ખેલકૂદ : T-20 વર્લ્ડકપ 2021 હવે UAEમાં રમાશે**

- ✓ સમયગાળો : સપ્ટેમ્બર-ઓક્ટોબર 2021
- ✓ જાહેરાત : BCCI-મુંબઈ

**7. ચીન : બૈહિતાન હાઈડ્રોપાવર ડેમ**

**ચીનની જીન્શા નદી ઉપર વિશ્વના બીજા ક્રમનો સૌથી મોટો 16 હજાર મેગા વોટના હાઈડ્રોપાવર ડેમનો પ્રારંભ**



**વિગત :** દક્ષિણ-પશ્ચિમ ચીનમાં 289 મીટર (948 ફૂટ) ઊંચા બૈહિતાન હાઇડ્રોપાવર ડેમ વીજળી ઉત્પાદનના મામલે દેશના થ્રી ગોરજેસ ડેમ બાદ દુનિયામાં બીજા સ્થાને છે.

- ✓ આ ડેમ 5,00,000 લોકોની વીજ જરૂરિયાતોને પૂરી કરવાની ક્ષમતા ધરાવે છે.
- ✓ આ ડેમ જીન્શા નદી પર સ્થિત છે, જે યાંગત્સી નદીની ઉપરનો હિસ્સો છે અને આ દક્ષિણ પશ્ચિમી પ્રાંત યુન્નાન અને સિચુઆન સુધી ફેલાયેલો છે.
- ✓ ચીને યાંગત્સી નદી પર ત્રણ મોટા ડેમ બાંધ્યા છે અને ભારતના અરુણાચલ પ્રદેશ પાસે તિબ્બતમાં બ્રહ્મપુત્રા નદી પર મોટો ડેમ બાંધવાની તૈયારી કરી રહ્યો છે.
- ✓ બૈહિતાન હાઇડ્રોપાવર ડેમને લઈને પર્યાવરણ પ્રેમીઓએ ચેતવણી આપી છે. આ ડેમના નિર્માણ દરમિયાન દુર્લભ વનસ્પતિઓ અને પ્રાણીઓના રહેઠાણને મોટા પાયે નુકસાન થયું હતું.
- ✓ બૈહિતાન વિશ્વનો સૌથી વધુ વીજળી ઉત્પન્ન કરતો સિંગલ યુનિટ ડેમ છે. આ ડેમમાંથી ઉત્પન્ન વીજળીના કારણે દર વર્ષે 19.68 ટન કોલસાની બચત થશે, જેના થકી દર વર્ષે વાતાવરણમાં 51.6 મિલિયન ટન કાર્બન ડાયોક્સાઈડ, 1.75 લાખ ટન સલ્ફર ડાયોક્સાઈડ અને 1.50 લાખ ટન નાઈટ્રોજન ઓક્સાઈડ જેવા ઝેરી વાયુઓનું પ્રમાણ ઘટશે.

**8. જન્મ દિન વિશેષ : 28 જૂન**

**રાજનીતિના ચાણક્ય : પી.વી. નરસિંહરાવ**

**જન્મ : 28 જૂન-1921 અવસાન : 23 ડિસેમ્બર-2004**

- ✓ આજે મહાન તત્વજ્ઞ રુસો, ઈતિહાસકાર ઈ.એચ.કાર અને ભૂતપૂર્વ વડાપ્રધાન પી.વી. નરસિંહરાવનો જન્મદિવસ




- ✓ પી.વી.નરસિંહરાવનું આખું નામ પામુલા પરની વેંકટ નરસિંહરાવ અને જન્મ આંધ્રપ્રદેશના કરીમનગરમાં થયો હતો.
- ✓ તેઓએ ભીમદેવરાપલ્લી, હૈદરાબાદ અને નાગપુરથી શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું.
- ✓ સ્નાતક અને એલએલબી થયેલા નરસિંહરાવ 17 ભાષાઓ જાણતા હતા.
- ✓ આઝાદીના આંદોલનથી જાહેર જીવનમાં સક્રિય થયેલા નરસિંહરાવની રાજકીય વિકાસયાત્રા ધારાસભ્ય, સાંસદ, રાજ્ય-કેન્દ્ર સરકારમાં મંત્રી અને છેલ્લે વડાપ્રધાન સુધી રહી હતી.
- ✓ 1991માં સક્રિય રાજનીતિમાંથી નિવૃત્ત થયા પણ રાજીવ ગાંધીના અવસાન પછી તેઓ ભારતના નવમાં વડાપ્રધાન બન્યા હતા.
- ✓ તેમનો પ્રધાનમંત્રીકાળ આર્થિક સુધારાઓ અને ઉદારીકરણનો હતો.
- ✓ વૈશ્વિકીકરણના વાવાઝોડામાં ભારતમાં પણ મુક્ત આર્થિક નીતિનો પ્રારંભ થયો હતો . પરિણામે ભારતીય અર્થતંત્રમાં ધરખમ પરિવર્તનો આવ્યા.
- ✓ 20મા સૈકાના છેલ્લા દાયકામાં ભારતીય અર્થકારણને નવી દિશામાં દોરી ગયા હતા.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (28-06-2021)

1. તા. 28 જૂન 2021ના રોજ કેન્દ્ર સરકાર દ્વારા કોરોનાગ્રસ્ત ભારતીય અર્થતંત્રને બળ માટે કેટલા કરોડનો બીજો બૂસ્ટર ડોઝ અપાયો - **3.6,28,993**
2. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા કોરોનાથી પ્રભાવિત સ્વાસ્થ્ય અને અન્ય ક્ષેત્રો માટે કેટલા કરોડની લોન ગેરેંટી યોજના અમલી બનાવી – **1.1 લાખ કરોડ**
3. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા ઇમરજન્સી ક્રેડિટ લાઇન ગેરંટી સ્કીમમાં કેટલી રકમ ફાળવાઈ - **1.5 લાખ કરોડ**
4. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા વીજ ક્ષેત્રના સુધારા માટે કેટલી રકમ ફાળવાઈ – **3.03 લાખ કરોડ**
5. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા પબ્લિક હેલ્થ માટે વધુ કેટલી રકમ ફાળવાઈ – **23,220 કરોડ**
6. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા ભારત નેટ હેઠળ ગામડાઓને બ્રોડ બેન્ડ સાથે જોડવા કેટલી રકમ જાહેર કરાઈ – **19,041 કરોડ**
7. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા NEIA દ્વારા નિકાસ થતા પ્રોજેક્ટને પ્રોત્સાહન આપવા કેટલી રકમ જાહેર કરાઈ – **33,000 કરોડ**
8. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા NERAMACના પુનરુત્થાન માટે કેટલી રકમ જાહેર કરાઈ – **77.45 કરોડ**
9. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા એક્સપોર્ટ ઈન્સ્યોરન્સ કવર માટે કેટલી રકમ જાહેર કરાઈ – **88,000 કરોડ**
10. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા ઈલેટ્રોનિક્સ ઉત્પાદનની PLI યોજનાને કેટલા સમય લંબાવાઈ – **1 વર્ષ**
11. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા ટુરિસ્ટ ગાઈડ તથા ટુરિસ્ટ એજન્સીને કેટલી લોન અપાશે – **1 લાખ તથા 10 લાખ**
12. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા નાના વેપારીઓ-ઉધોગો માટે કેટલી રકમ જાહેર કરાઈ – **7,500 કરોડ**
13. ભારતમાં કેટલા લાખ વિદેશી પ્રવાસીઓને ફ્રી ટુરિસ્ટ વિઝા અપાશે – **5 લાખ**
14. આત્મનિર્ભર ભારત રોજગાર યોજનાની મુદત ક્યાં સુધી લંબાવાઈ – **તા. 31 માર્ચ 2022**

15. ભારત સરકારના વર્તમાન નાણા મંત્રી કોણ છે - **શ્રી નિર્મલા સિતારામન**
16. 28 જૂને DRDO દ્વારા કયા સ્વદેશી મિસાઈલનું સફળ પરીક્ષણ કરાયું - **'અગ્નિ પ્રાઈમ'**
17. પરમાણુ સજ્જ અગ્નિ પ્રાઈમ મિસાઈલની રેન્જ જણાવો - **1 હજારથી 2 હજાર કિ.મી.**
18. DRDO દ્વારા સ્વદેશી અગ્નિ પ્રાઈમ મિસાઈલનું પરીક્ષણ ક્યા સ્થળેથી કરાયું - **ડૉ. કલામ ટાપુ, બાલાસોર-ઓડિશા**
19. 28 જૂનની સ્થિતિએ કઈ ભારતીય તીરંદાજ પુન: વિશ્વની નંબર વનની રેન્ક અપાઈ – **દીપિકાકુમારી**
20. જૂન 2021માં તીરંદાજ વર્લ્ડકપ-2021 કયાં યોજાયો – **પેરીસ (ફ્રાંસ)**
21. 01 જૂલાઈથી શરૂ થતી ચારધામ યાત્રા પર કોરોનાને કારણે કોના દ્વારા પ્રતિબંધ મૂકાયો - **ઉત્તરાંખડ હાઈકોર્ટ**
22. ચારધામમાં કયા ધાર્મિક સ્થળોનો સમાવેશ થાય છે - **કેદારનાથ, બદ્રીનાથ, ગંગોત્રી અને યમનોત્રી**
23. CEO વર્લ્ડ મેગેઝિન-USA દ્વારા વિશ્વમાં કોરોના મહામારી વચ્ચે TOP 100 શ્રેષ્ઠ મેડિકલ કોલેજોમાં ભારતની કઈ-કઈ કોલેજોને સ્થાન અપાયું અને તેનો ક્રમ જણાવો - **દિલ્હી AIIMS-23, પૂણેની આર્મ્ડ ફોર્સ મેડિકલ કોલેજ-34, વેલ્લોરની ક્રિશ્ચિયન મેડિકલ કોલેજ-49, પુડુચેરીની JIPMER-59, ચેન્નઈ મદ્રાસ મેડિકલ કોલેજ-64 તથા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ BHU-72**
24. CEO વર્લ્ડ મેગેઝિન-USA દ્વારા વિશ્વમાં કોરોના મહામારી વચ્ચે TOP 100 શ્રેષ્ઠ મેડિકલ કોલેજોમાં પ્રથમ ક્રમે આવનાર કોલેજ અને દેશનું નામ જણાવો - **જો હોપકીન્સ યુનિવર્સિટી સ્કૂલ ઓફ મેડિસિન-અમેરિકા**
25. સંભવિત સપ્ટેમ્બર-ઓકટોબર 2021માં T-20 વર્લ્ડકપ જે ભારતમાં યોજાવાનો હતો તેના સ્થાને હવે તે ક્યા દેશમાં યોજાશે - **UAE**
26. ચીનમાં વિશ્વના બીજા ક્રમનો સૌથી મોટો કેટલા હજાર મેગા વૉટના હાઈડ્રોપાવર ડેમ કઈ નદી પર તૈયાર કરાયો - **16 હજાર તથા જીન્શા નદી**
27. ભારતના નવમા વડાપ્રધાન કોણે હતા - **પી.વી નરસિંહરાવ**
28. પૂર્વ વડાપ્રધાન પી.વી.નરસિંહરાવનું આખું નામ જણાવો - **પામુલા પરની વેંકટ નરસિંહરાવ**
29. પૂર્વ વડાપ્રધાન પી.વી.નરસિંહરાવનો જન્મ કયાં થયો હતો – **કરીમનગર (આંધ્રપ્રદેશ)**
30. ભારતમાં ક્યા પ્રધાનમંત્રીના સમય દરમિયાન વર્ષ 1991માં આર્થિક સુધારાઓ અને ઉદારીકરણનો હતો - **પી.વી નરસિંહરાવ**

DATE : 29-06-2021

**1. ગુજરાત વિદ્યાપીઠ-અમદાવાદ : નવા 16માં કુલનાયક પદે ડૉ. રાજેન્દ્ર અમુલખભાઈ ખીમાણીની પસંદગી (શિક્ષણ)**




- ✓ કાર્યકાળ : 5 વર્ષ
- ✓ સ્થાપના : 18 ઓક્ટોબર 1920
- ✓ સ્થાપક : મહાત્મા ગાંધી
- ✓ પ્રથમ કુલપતિ : મહાત્માં ગાંધી

**2. કેન્દ્ર સરકાર : ભારતમાં મોડેર્નાની કોરોનાની રસીને ઇમર્જન્સી યૂઝ માટે DCGIની મંજૂરી (આરોગ્ય)**




**મોડેર્ના રસી વિશે :**

- ✓ મોડેર્ના - મૂળ US કંપની
- ✓ ભારતમાં વિતરણની જવાબદારી : સિપ્લા કંપની, મુંબઈ
- ✓ મુંબઇ ખાતે હેડક્વાર્ટર ધરાવતી મલ્ટિનેશનલ ફાર્મા કંપની સિપ્લાને ડીસીજીઆઇ દ્વારા નવા ડ્રગ્સ અને ક્લિનિકલ ટ્રાયલ રૂલ્સ 2019 અંતર્ગત મોડેર્નાની કોરોનાની રસીના ભારતમાં રિસ્ટ્રિક્ટેડ ઇમર્જન્સી યૂઝ માટે આયાત કરવાની પરવાનગી આપી દેવાઇ છે.
- ✓ મોડેર્નાએ પ્રથમ 100 લાભાર્થીઓની સુરક્ષાનું એસેસમેન્ટ કરી 7 દિવસમાં રિપોર્ટ રજૂ કરવાનો રહેશે.

**ભારતમાં હવે કુલ 4 કોરોનાની રસીને મંજૂરી**

1. **કોવિશીલ્ડ :** ઓક્સફર્ડ યુનિ. અને સીરમ ઈન્ડિયા દ્વારા ઉત્પાદિત
2. **કોવેક્સિન :** ભારત બાયોટેક દ્વારા ઉત્પાદિત
3. **સ્પુતનિક ફાઇવ :** રશિયાની ગમાયેલ ઈન્સ્ટિટ્યૂટ અને ડો. રેડ્ડી દ્વારા ઉત્પાદિત
4. **મોર્ડના :** USA

- ✓ **DCGI :** ડ્રગ કન્ટ્રોલર જનરલ ઓફ ઇન્ડિયા, નવી દિલ્હી

**3. SEBI : નવતર પહેલ**

**ઈનસાઈડર ટ્રેડિંગને રોકવા SEBI દ્વારા વ્હીસલ બ્લોઅરને રૂ. 10 કરોડનો રિવોર્ડ અપાશે (આર્થિક-કાયદો)**

**ઈનસાઈડર ટ્રેડિંગ શું છે :**

- ✓ દેશનાં શેરબજારોમાં કંપનીના પ્રમોટર્સ દ્વારા શેરનાં મૂલ્યમાં કૃત્રિમ વધારો કરવા ઈનસાઈડર ટ્રેડિંગ કરવામાં આવે છે.

**ઈનસાઈડર ટ્રેડિંગ અટકાવવા નવી પહેલ અને ઈનામ**

- ✓ સેબીએ આ પ્રકારનાં ઇનસાઇડર ટ્રેડિંગ પર પ્રતિબંધ મૂક્યો છે અને તે માટે કેટલીક નિયમનકારી જોગવાઇઓ કરી છે.
- ✓ સેબીએ ઇનસાઇડર ટ્રેડિંગની જાણ કરનાર વ્હીસલ બ્લોઅરને આપવામાં આવતી રિવોર્ડની રકમ રૂ. 1 કરોડથી વધારીને રૂ. 10 કરોડ કરી છે. આને કારણે વ્હીસલ બ્લોઅરને ઈનસાઈડર ટ્રેડિંગ અંગે સેબીને જાણ કરવા પ્રોત્સાહન મળશે.
- ✓ વ્હીસલ બ્લોઅરને ચૂકવવાપાત્ર રકમ જો રૂ. 1 કરોડથી વધી જતી હોય તો તેવા કિસ્સામાં સેબી દ્વારા વચગાળાનાં રિવોર્ડ પેટે રૂ. 1

કરોડ અપાશે અને બાકીની રકમ સેબી દ્વારા ચૂકવવાપાત્ર રિવોર્ડની બાકી રકમથી બમણી હોય તો સેબી દ્વારા નાણાકીય મંજૂરી આપવામાં આવ્યા પછી ચૂકવાશે.

- ✓ માહિતી આપનારને ચૂકવવાની રિવોર્ડની રકમ રૂ. 1 કરોડ કે તેથી ઓછી હોય તો સેબી દ્વારા ફાઈનલ ઓર્ડર જારી કર્યા પછી તે રકમ ચૂકવાશે.

**અન્ય નિર્ણયો :**

**(1) લિસ્ટેડ કંપની માટે નવા સુધારા :**

- ✓ એક જ કંપનીમાં હોલટાઈમ ડિરેક્ટરમાંથી ID બને તો કૂલિંગ પિરિયડ 1 વર્ષનો રહેશે
- ✓ નવા નિયમો મુજબ કંપનીમાં સ્વતંત્ર ડિરેક્ટર્સની નિયુક્તિ કે તેમને દૂર કરવા માટે કંપનીએ ખાસ ઠરાવ રજૂ કરવો પડશે અને શેરહોલ્ડર્સની મંજૂરી મેળવવી પડશે. નવા સુધારેલા નિયમો 1 જાન્યુઆરી 2022થી અમલમાં આવશે.

**(2) સ્વતંત્ર ડિરેક્ટર્સ (ID) માટેના નિયમો : એટ એ ગ્લાન્સ :**

- ✓ સ્વતંત્ર ડિરેક્ટર્સની નિમણૂક કે રિએપોઇન્ટમેન્ટ કે હોદ્દા પરથી દૂર કરવા તમામ લિસ્ટેડ કંપનીઓનાં શેરહોલ્ડર્સ દ્વારા ખાસ ઠરાવ પસાર કરવાનો રહેશે.
- ✓ સ્વતંત્ર ડિરેક્ટર્સની પસંદગી વખતે નોમિનેશન એન્ડ રેમ્યુનરેશન કમિટી (NRC)ની પ્રોસેસ અનુસરવાની રહેશે. ID ની નિયુક્તિ માટે જરૂરી કુશળતાનાં ધોરણો સહિતની વિગતો પારદર્શક રીતે જાહેર કરવાની રહેશે.
- ✓ કંપનીમાં હાલની IDની જરૂરિયાતને બદલે બે તૃતીયાંશ ડિરેક્ટર્સને સામેલ કરવા NRCની જોગવાઈઓમાં સુધારા કરવા પડશે.
- ✓ તમામ IDની નિયુક્તિ માટે મંજૂરી કંપનીની પછીની જનરલ મિટિંગમાં કે નિયુક્તિથી 3 મહિનામાં લેવાની રહેશે.
- ✓ કૂલિંગ પિરિયડ 3 વર્ષનો રાખવાનો રહેશે.
- ✓ કંપની કે તેની હોલ્ડિંગ કંપની કે પેટા કંપની કે સહયોગી કંપનીમાં કર્મચારીઓનાં સગાઓ કૂલિંગ પિરિયડ વિના ID બની શકશે
- ✓ IDનો રાજીનામા પત્ર તમામ વિગતો સાથે જાહેર કરવો પડશે જેમાં તેમની હાલની ડિરેક્ટરશિપ અને બોર્ડ કમિટીની મેમ્બરશિપ જાહેર કરવાની રહેશે.
- ✓ એક જ કંપનીમાં હોલટાઈમ ડિરેક્ટરમાંથી ID બને તો કૂલિંગ પિરિયડ 1 વર્ષનો રહેશે.
- ✓ ઓડિટ કમિટીમાં 2/3 સભ્યો ID હોવા જોઈશે અને તમામ વ્યવહારો ID દ્વારા મંજૂર કરાયેલા હોવા જોઈશે.
- ✓ ટોચની 1000 કંપનીઓએ તેનાં ડિરેક્ટર્સ તેમજ ઓફિસર્સનો વીમો લેવાનો રહેશે.

**(3) સેબીએ REITs તેમજ Invits માટે બોન્ડ ઈસ્યુ કરવાના નિયમો હળવા કર્યા**

- ✓ સેબીએ રીઅલ એસ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ (REIT) તેમજ ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ (Invits) માટે શેરબજારમાં લોટની સાઈઝ તેમજ એપ્લિકેશન વેલ્યુમાં ફેરફાર કર્યો છે જેમાં ટ્રેડિંગ લૉટ એક યુનિટ રહેશે અને એપ્લિકેશન વેલ્યુ રૂ. 10,000થી રૂ. 15,000 રહેશે.
- ✓ સેબીએ REITs તેમજ Invits માટે બોન્ડ ઈસ્યુ કરવાના નિયમો હળવા કર્યા છે જેમાં અનલિસ્ટેડ સિવાયના REITs તેમજ Invits 3 વર્ષથી અસ્તિત્વ ધરાવતા હોય તો બોન્ડ માર્કેટમાં જઈ શકશે. ફક્ત QIBs પાસેથી જ ભરણું લઈ શકશે.

**(4) એક્રેડિટેડ ઇન્વેસ્ટર્સ માટે ફ્રેમવર્ક**

- ✓ એક્રેડિટેડ ઈન્વેસ્ટર્સ માટે ફ્રેમવર્કને સેબીએ મંજૂરી આપી છે. જે મુજબ રોકાણકારોનો એવો વર્ગ કે જે સારી રીતે માહિતગાર હોય અને રોકાણને લાયક શેર્સ માટે સલાહ આપી શકે તેમને એક્રેડિટેડ રોકાણકારો ગણાશે.
- ✓ ડિપોઝિટરીઝની માન્ય પેટાકંપનીઓ કે માન્ય શેરબજારો કે અન્ય નક્કી કરેલી સંસ્થાઓને એક્રેડિટેશન એજન્સી તરીકે માન્યતા આપવામાં આવશે. સેબી દ્વારા તેનું પ્રમાણપત્ર અપાશે. આ સિવાય સેબીએ IPOની અરજીઓ સ્વીકારવા પેમેન્ટ બેન્કને પરવાનગી આપી છે.

**(5) સેબીએ Profitsaim અને તેના માલિક પર બે વર્ષનો પ્રતિબંધ મૂક્યો**

- ✓ સેબીએ Profitsaim તેમજ તેના એકમાત્ર માલિક સૈયદ અયાઝ પર બે વર્ષનો પ્રતિબંધ મૂક્યો છે. બિનઅધિકૃત રીતે રોકાણને લગતી ટિપ્સ આપવા માટે આ પ્રતિબંધ મુકાયો છે.
- ✓ સેબીઓ કંપનીમાં રોકાણ કરનારને તમામ રકમ પાછી આપવા આદેશ આપ્યો છે.

**(6) સેબીએ AMCsને લઘુતમ રોકાણ માટે મંજૂરી આપી**

- ✓ સેબીએ એસેટ મેનેજમેન્ટ કંપનીઓને નવા ફંડ તરીકે ભેગી કરેલી રકમમાંથી લઘુત્તમ રોકાણ માટે મંજૂરી આપી દીધી.
- ✓ સેબીએ જણાવ્યું કે, એએમસી સાથે જોડાયેલી યોજનાઓમાં જોખમોના આધારે લઘુત્તમ રોકાણ કરી શકાશે.
- ✓ અત્યાર સુધી ન્યૂ ફંડ ઓફર (NFO) હેઠળ ભેગી કરેલી રકમમાંથી 1 ટકા અથવા તો 50 લાખ જે રકમ ઓછી હોય તેના રોકાણ માટે મંજૂરી આપવામાં આવી હતી.
- ✓ સેબીના નવા નિર્ણયો બાદ હવે સ્થિતિમાં સુધારો આવશે.
- ✓ **SEBI : સિક્યુરિટી એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા**
- ✓ **મુખ્ય મથક : મુંબઈ**

**4. એશિયાનો સૌથી લાંબો હાઈસ્પીડ ટ્રેક : પીથમપુર- મધ્યપ્રદેશ (વાહન પરીક્ષણ)**

- ✓ મધ્યપ્રદેશના પીથમપુર ખાતે એશિયાનો સૌથી લાંબો 11.3 કિ.મી.નો હાઈસ્પીડ ટ્રેક શરૂ કરાયો



**હેતુ :**

- ✓ નેશનલ ઓટોમેટ્રિવ ટેસ્ટ ટ્રેક માટે બનાવવામાં આવેલો આ ટ્રેક 11.3 કિલોમીટર લાંબો છે. અહીં ઓટોમોબાઈલ્સ કંપનીઓ માટે કાર, અન્ય વાહનોની મહત્તમ સ્પીડ માપવાની સગવડ છે.
- ✓ આ ટ્રેકનો ઉપયોગ વૈભવી કારો અને અન્ય વાહનોની મહત્તમ સ્પીડ માપવા માટે પણ કરાશે.

**5. સુપ્રીમ કોર્ટ-નવી દિલ્હી : આદેશ**




**આગામી 31 જુલાઈ-2021 સુધીમાં રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશો 'એક રાષ્ટ્ર-એક રેશનકાર્ડ' યોજના લાગુ કરે**

- ✓ **લાભ :** આ યોજના હેઠળ 80 કરોડથી વધુ લોકોને દેશના કોઇ પણ ભાગમાં રાશનકાર્ડ દ્વારા વિનામૂલ્યે ખાદ્યાન્ન લેવાની સુવિધા મળશે
- ✓ **કયા રાજ્યમાં અમલ બાકી :** આસામ, છતિસગઢ, દિલ્હી અને પશ્ચિમ બંગાળ
- ✓ **યોજનાનો પ્રારંભ :** માર્ચ 2021થી સમગ્ર દેશ દેશમાં અમલ
- ✓ હાલ ગુજરાત સહિત માત્ર 17 રાજ્યોમાં સંપૂર્ણ અમલ

**સુપ્રીમ કોર્ટના મહત્વના નિર્દેશ :**

- ✓ કોરોના મહામારી પ્રવર્તી રહી છે ત્યાં સુધી પ્રવાસી શ્રમિકોને અનાજનું વિનામૂલ્ય વિતરણ કરવા કેન્દ્ર સરકાર રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને વધારાના અનાજની ફાળવણી કરે
- ✓ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો પ્રવાસી શ્રમિકો માટે રેશન ઉપલબ્ધ કરાવે અને કોરોના મહામારીનો અત ન આવે ત્યાં સુધી સામુદાયિક રસોડા ચાલુ રાખે.
- ✓ કલ્યાણ યોજનાઓના બિનસંગઠિત ક્ષેત્રના કામદારોને કલ્યાણ યોજનાઓના લાભ આપવા માટે નોંધણી કરવા કેન્દ્ર અને રાજ્ય સરકારો નેશનલ ઇન્ફોર્મેટિક સેન્ટરની મદદથી પોર્ટલ 31 જુલાઇ સુધીમાં તૈયાર કરે.

**વન નેશન વન રેશનકાર્ડ યોજના વિશે :**

- ✓ વન નેશન વન રેશનકાર્ડ ટેકનોલોજી દ્વારા ચાલતી એક એવી સિસ્ટમ છે જે શ્રમિકો, રોજમદારો, શહેરી ગરીબો, સંગઠિત અને બિનસંગઠિતા ક્ષેત્રના હગામી કામદારોને દેશમાં ગમે ત્યાં રેશનની દુકાન ખાતેથી તેમને મળવાપાત્ર અનાજનો ક્વોટા મેળવવાની પરવાનગી આપે છે.

**6. ખેલકૂદ : ICC દ્વારા T-20 વર્લ્ડકપ-2021નો કાર્યક્રમ જાહેર**

- ✓ પ્રારંભ : 17 ઓક્ટોબર
- ✓ ફાઇનલ : 14 નવેમ્બર
- ✓ કુલ ટીમ : 16
- ✓ યજમાન : UAE અને ઓમાન
- ✓ ICC મુખ્યમથક : દુબઇ

**7. દિન વિશેષ : 29 જૂન રાષ્ટ્રીય આંકડા દિવસ**

**પ્રો. પ્રશાંતચંદ્ર મહાલનોબિસની જન્મજયંતિ પર ભારત સરકાર 29મી જૂને રાષ્ટ્રીય આંકડા દિવસની ઉજવણી**




- ✓ **હેતુ :** સામાજિક-આર્થિક આયોજન અને નીતિ ઘડવામાં આંકડાઓની ભૂમિકા વિશે યુવાનોમાં જાગૃતિ લાવવા
- ✓ **પ્રથમ પ્રારંભ :** પ્રથમ વાર 29 મી જૂન 2007ના રોજ ઉજવવામાં આવ્યો હતો.
- ✓ ભારત સરકારે સ્વર્ગીય પ્રોફેસર પ્રશાંતચંદ્ર મહાલનોબિસ દ્વારા આર્થિક આયોજન અને આંકડાકીય વિકાસના ક્ષેત્રે આપેલાં શ્રેષ્ઠ યોગદાનની ઉજવણી કરવાનો નિર્ણય કર્યો હતો.

**પ્રો. પ્રશાંતચંદ્ર મહાલનોબિસનો પરિચય**

- ✓ ભારતના આધુનિક આંકડાશાસ્ત્રના પિતા અને સ્વતંત્ર ભારતના પહેલા આયોજન પંચના અધ્યક્ષ પ્રશાંતચન્દ્ર મહાલનોબિસનો જન્મ 29-6-1893નો રોજ થયો હતો.
- ✓ તેમના ક્ષેત્રમાં મહાલેનોબિસ અંતરની તેમની થિયરીથી જાણીતા છે. તેઓ ભારતીય આંકડાશાસ્ત્ર ઇન્સ્ટિટ્યૂટના સ્થાપક છે.
- ✓ કોલકાતામાં ડિસેમ્બર 1931માં ભારતીય આંકડાકીય સંસ્થા (ISI)ની સ્થાપના કરી.
- ✓ કલકત્તાના બ્રહ્મોસમાજી પારિવારિક વાતાવરણમાં ઉછરેલા પ્રશાંતચંદ્રનું પ્રાથમિક શિક્ષણ બ્રહ્મોસમાજ શાળામાં થયું હતું.
- ✓ પ્રેસિડન્સી કોલેજમાં તેમના પ્રાધ્યાપકો હતા જગદીશચંદ્ર બોઝ અને પ્રફુલ્લચંદ્ર રોય એમના સહાધ્યાયીઓ હતા મેઘનાદ સહા અને સુભાષચંદ્ર બોઝ.
- ✓ તેમણે કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી પદાર્થવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો.
- ✓ 1915માં ભારતમાં આવી તેઓ પ્રેસિડોનેસી કોલેજમાં એ બંને વિષયનું અધ્યાપન કરાવતા, આંકડાશાસ્ત્રમાંના એમના રસને કારણે તેમને નૃવંશશાસ્ત્ર, જીવવિજ્ઞાન અને હવામાનશાસ્ત્રમાં રસ લેવા પ્રેર્યા.

**સન્માન :**

- ✓ પદ્મવિભૂષણ - 1968
- ✓ ઓક્સફર્ડ યુનિવર્સિટીનો વેલ્ડન મેમોરિયલ ઇનામ – 1944
- ✓ રોયલ સોસાયટી, લંડનનો ફેલો -1945

**8. જન્મ દિન વિશેષ : 29 જૂન**

**વિસ્મૃત પ્રતિભા : અરદેશર કોટવાળ**

**જન્મ : 29 જૂન -1796 અવસાન : 1856**

- ✓ સુરતમાં પારસી પરિવારમાં જન્મેલા અરદેશરનું મૂળનામ અરદેશર બહેરમંદખાન હતું.



- ✓ તેમના પૂર્વજો મુઘલાઈમાં બાદશાહોની શાસકોની સેવા કરી ઘણા માનપાન પામ્યા હતા.
- ✓ 23 વર્ષની યુવા વયે અરદેશરે અદાલતમાં કારકુન તરીકે કારકિર્દી શરૂ કરી હતી. 1821માં અરદેશરને સુરત નગરની કોટવાળી મળી હતી. તેમના કોટવાળીના સમય દરમિયાન કાયદો અને વ્યવસ્થાનું એવું તે સુનિયોજન હતું કે સુરતીઓ ઘરનાં બારણાં ઉઘાડા રાખી સૂઈ શકતા.
- ✓ સુરતમાં તેઓએ રાત્રીના સમયે હાક મારી જાગતા રહેવાની જવાબદારી અદા કરે તેવી ડાંડિયાની પ્રથા પણ શરૂ કરાવી હતી.
- ✓ વડોદરા રાજ્યએ તેમને દીવાનપદ ઓફર કર્યું હતું પણ તેઓએ તેનો વિવેકપૂર્વક ઇનકાર કર્યો હતો.
- ✓ સને 1825માં સહજાનંદ સ્વામી સાથે અરદેશરની મુલાકાત થઇ ત્યારે સ્વામીએ તેઓને પાઘડી પહેરાવી અભિવાદન કર્યું હતું. આ

પાઘડી આજે પણ તેમના વંશજો પાસે સચવાઈ છે. 1856માં અરદેશર કોટવાળનું અવસાન થયું હતું.




અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (29-06-2021)

1. જૂન 2021માં ગૂજરાત વિદ્યાપીઠના નવા 16મા કુલનાયક-VC તરીકે કોની નિમણૂક કરાઈ - **ડૉ. રાજેન્દ્ર ખીમાણી**
2. ગૂજરાત વિદ્યાપીઠના નવા 16મા કુલનાયકનો કાર્યકાળ જણાવો - **5 વર્ષ**
3. જૂન 2021માં કેન્દ્ર સરકાર દ્વારા ભારતમાં કઈ ચોથી કોરોના રસીને ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી અપાઈ- **મોડેર્ના, દેશ- USA**
4. તાજેતરમાં SEBI દ્વારા ઇનસાઇડર ટ્રેડિંગને રોકવા વ્હીસલ બ્લોઅરને અપાતી રૂ. 1 કરોડની રકમનો રિવોર્ડ વધારીને કેટલો કરાયો છે - **રૂ. 10 કરોડ**
5. ઇનસાઇડર ટ્રેડિંગ એટલે શું - **દેશનાં શેરબજારોમાં કંપનીના પ્રમોટર્સ દ્વારા શેરનાં મૂલ્યમાં કૃત્રિમ વધારો કરવો**
6. SEBIનું વિસ્તૃત નામ જણાવો - **'સિક્યુરિટી એક્સચેન્જ બોર્ડ ઑફ ઇન્ડિયા'**
7. SEBIનું વડુ મથક ક્યાં આવેલું છે - **મુંબઇ**
8. જૂન 2021માં ભારતનો સૌથી લાંબો નેશનલ ઓટોમેટિવ હાઇસ્પીડ ટ્રેક કયા જિલ્લામાં તૈયાર કરવામાં આવ્યો છે અને તેની લંબાઇ જણાવો - **પીથમપુર, મધ્ય પ્રદેશ અને 11.3 કિલોમીટર**
9. જૂન 2021ની સ્થિતિએ સુપ્રીમ કોર્ટ દ્વારા આગામી 31 જુલાઇ સુધીમાં કેન્દ્રની કઇ યોજના લાગુ કરવા રાજ્યો- કેન્દ્રશાસિત પ્રદેશની આદેશ કરાયો છે - **એક રાષ્ટ્ર એક રેશનકાર્ડ**
10. 'એક રાષ્ટ્ર એક રેશનકાર્ડ' યોજના અંતર્ગત કેટલા કરોડથી વધુ લોકોને દેશના કોઇપણ ભાગમાં રાશન કાર્ડ દ્વારા અનાજ આપવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે છે - **80 કરોડથી વધુ**
11. 'એક રાષ્ટ્ર-એક રેશનકાર્ડ' યોજનાનો પ્રારંભ કયારથી થયો હતો - **માર્ચ 2021**
12. જૂન 2021ની સ્થિતિએ 'એક રાષ્ટ્ર-એક રેશનકાર્ડ' યોજનાનો ગુજરાત સહિત માત્ર કેટલા રાજ્યોમાં સંપૂર્ણ અમલી છે - **17**
13. T-20 વર્લ્ડકપ-2021ના યજમાન દેશ જણાવો - **UAE અને ઓમાન**
14. ગાંધી જયંતી-2020 નિમિતે કોરોના સામેની જાગૃતિ માટેના કયા કાર્યક્રમમાં 5 લાખ બહેનોની ભાગીદારી બદલ ગુજરાત સરકારને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડનું પ્રમાણપત્ર એનાયત કરાયું - **હેન્ડ વોશિંગ**
15. રાષ્ટ્રીય આંકડા દિવસ કયારે ઉજવવામાં આવે છે - **29 જૂન**
16. ભારતમાં પ્રતિ વર્ષ 29 જૂનના રોજ રાષ્ટ્રીય આંકડા દિવસ કોની યાદમાં ઉજવાય છે - **પ્રો. પ્રશાંતચંદ્ર મહાલનોબિસ**
17. રાષ્ટ્રીય આંકડા દિવસ ઉજવવાનો હેતુ જણાવો - **સામાજિક-આર્થિક આયોજન અને નીતિ ઘડવામાં આંકડાઓની ભૂમિકા વિશે યુવાનોમાં જાગૃતિ લાવવા**
18. રાષ્ટ્રીય આંકડા દિવસનો પ્રથમ પ્રારંભ જણાવો - **29મી જૂન 2007**
19. ભારતીય આંકડાઓના પિતા તરીકે કોણ ઓળખાય છે - **પ્રોફેસર પ્રશાંતચંદ્ર મહાલનોબિસ**
20. અરદેશર કોટવાળનો જન્મ દિવસ જણાવો – **29 જૂન-1796**
21. અરદેશર કોટવાળનો જન્મ કયા પરિવારમાં થયો હતો – **પારસી પરિવાર સુરત**

**DATE : 30-06-2021**

## 1. ગુજરાત વન વિભાગ : એશિયન સિંહ ગણતરી (વન્ય પ્રાણી)

**ગુજરાતમાં સિંહોની વસતીનો આંક 700ને પાર : પૂનમ અવલોકનના આધારે અનુમાન**



**મહત્વના તથ્યો :**

- ✓ પાંચ વર્ષમાં સિંહના પરિભ્રમણનો વિસ્તાર 22,000થી વધીને 30,000 ચોરસ કિલોમીટર થયો

**પૂનમ અવલોકન એટલે શું ?**

- ✓ દર મહિનાની પૂનમે વન વિભાગનો સ્ટાફ 24 કલાક દરમિયાન સિંહો પર નજર રાખીને તેની ગણતરી કરતો હોય છે.
- ✓ પૂનમ વખતે રાતે પણ ખાસ્સુ અજવાળું હોવાના કારણે સિંહોનું સરળતાથી અવલોકન કરી શકાય છે.
- ✓ દર પૂનમે બપોરના 2 વાગ્યાથી બીજા દિવસના બે વાગ્યા સુધી દરેક બીટનો સ્ટાફ સતત પોતાના વિસ્તારમાં સક્રિય રહી વનરાજો પર નજર રાખતો હોય છે.
- ✓ તેનાથી કોઇ સિંહ બીટની બહાર નીકળી ગયો હોય, સંખ્યામાં વધ-ઘટ થઇ હોય કે પછી કોઇ જનાવર સાજે માંદુ હોય તેની જાણકારી મળી છે.
- ✓ બીજી તરફ દર પાંચ વર્ષે થતી વસ્તી ગણતરી વખતે મોટે ભાગે સ્ટાફ પાણીના પોઇન્ટ પર બેસીને ત્યાં આવતાં અને જતાં દરેક સિંહની ઝીણીમાં ઝીણી વિગતો નોંધતો હોય છે અને તેના આધારે ગણતરી થતી હોય છે.
- ✓ **પૂનમ અવલોકનની આ પદ્ધતિને વનવિભાગની ભાષામાં 'સીધી બીટ ચકાસણી (બ્લોક કાઉન્ટ મેથડ)' તરીકે પણ ઓળખવામાં આવે છે.**

**વર્ષ 1990થી વર્ષ વાર સિંહોની વિગતો**



દર પાંચ વર્ષે સિંહોની વધતી જતી વસતી...

| | |
|---|---|
| ૧૯૯૦ | ૨૮૪ |
| ૧૯૯૫ | ૩૦૪ |
| ૨૦૦૧ | ૩૨૭ |
| ૨૦૦૫ | ૩૫૯ |
| ૨૦૧૦ | ૪૧૧ |
| ૨૦૧૫ | ૫૨૩ |
| ૨૦૨૦ | ૭૦૦ |

**2. 'દરબાર મૂવ' : પ્રથા બંધ (વહીવટ)**

**જમ્મુ-કાશ્મીરમાં 159 વર્ષ જૂની 'દરબાર મૂવ' પ્રથાને બંધ કરાઇ**

**અગાઉ રાજધાની શિયાળામાં જમ્મુ અને ઉનાળામાં શ્રીનગર બદલવામાં આવતી હતી**




**દરબાર મૂવ એટલે શું, તેની શરૂઆત ક્યારે થઇ ?**

- ✓ હવામાન બદલવાની સાથે દર છ મહિને જમ્મુ-કાશ્મીરની રાજધાની પણ બદલાઇ જતી હતી. રાજધાની શિફ્ટ કરવાની આ પ્રથાને 'દરબાર મૂવ'ના નામે ઓળખવામાં આવે છે.
- ✓ જમ્મુ-કાશ્મીરમાં છ મહિના રાજધાની શ્રીનગરમાં રહે છે જ્યારે બાકીના છ મહિના રાજધાની જમ્મુમાં રહે છે.
- ✓ રાજધાની બદલવાની આ પરંપરા 1862માં ડોગરા શાસક ગુલાબસિંહે શરૂ કરી હતી.
- ✓ ગુલાબસિંહ મહારાજા હરિસિંહના પૂર્વજ હતા જેમના સમયમાં જમ્મુ-કાશ્મીર ભારતનું અભિન્ન અંગ બન્યું હતુ.

**વર્ષે રૂ.200 કરોડની બચત**

- ✓ આ નિર્ણયના કારણે દર વર્ષે રૂ. 200 કરોડની બચત થશે. એક વખત રાજધાનીને શિફ્ટ કરવામાં અંદાજે 110 કરોડ રૂપિયા જેવો ખર્ચ થતો હતો.
- ✓ આ નિર્ણય બાદ હવે સરકારી ઓફીસ જમ્મુ અને શ્રીનગર બંને જગ્યા પર સામાન્ય રૂપથી કામ કરશે.
- ✓ **ઉપરાજ્યપાલ : શ્રી મનોજ સિંહા**

**3. ગોવા : ભારતનું સૌપ્રથમ હડકવામુક્ત રાજ્ય (આરોગ્ય)**




**4. હિમાચલ પ્રદેશ : 100 ટકા ઘરમાં LPG જોડાણવાળું પ્રથમ રાજ્ય (સુવિધા)**

- ✓ હિમાચલ પ્રદેશના ત્રણ નેશનલ પાર્ક : હિમાલયન, પિન વેલી અને ખીરગંગા.

**5. હિટ ડોમ : 1000 વર્ષે એકાદ વખત બનતી ઘટનાનો વાનકુવર - કેનેડા ભોગ બન્યું (વાતાવરણ)**

**ઘટના વિશે :**

- ✓ કેનેડામાં ભયાનક ગરમીના કારણે અનેક લોકો મૃત્યુ પામ્યા છે.
- ✓ 1000 વર્ષમાં કેનેડાએ 49.5 ડિગ્રી સેન્ટિગ્રેડ ગરમી કદી જોઈ નથી. તો હવે ગરમી કેમ પડી રહી છે અને તે ક્યાં સુધી પડશે?



**ખરેખર હિટ ડોમ શું હોય છે?**

- ✓ ગરમ પવનોનો પ્રવાહ ઊંચે ચઢયા પછી આસપાસ પ્રસરવાને બદલે લહેરિયા લેતો ઉપર-નીચે થવા લાગે અને ઉપરના ભાગે પણ ભયાનક ગરમ પવનો લહેરિયાં લેતા રહે પણ ફેલાય નહીં, તો હીટ ડોમ રચાય છે. એ વિસ્તારની ગરમી ક્યાંય જઈ જ શકતી નથી.

**હીટ ડોમ ક્યાં સુધી ચાલશે?**

- ✓ નિષ્ણાતોનો અંદાજ છે કે આવા હીટ ડોમ એક અઠવાડિયા સુધી ચાલે છે પછી વિખરાવા લાગે છે.

**ગરમી આટલી બધી વધે શી રીતે?**

- ✓ હીટ ડોમમાં ખૂબ ઊંચા દબાણથી હવા ઉપર જવાને બદલે સતત નીચે બેસતી રહે છે. તેથી નીચેના વિસ્તારની હવા પર વધુ દબાણ આવતાં સતત વધુ ગરમી સર્જાય છે. એ ગરમી સતત વધતી જ જાય છે."

**ગરમી વધવાનું કારણ**

- ✓ વાતાવરણ સાથે આપણે કરેલા ચેડાંના પરિણામે અચાનક વાયુઓ ચારેબાજુથી કેનેડા ઉપર પારદર્શી ડોમરૂપી ઢાંકણ બનાવીને વહી રહ્યા છે. ગરમીને કેદ કરી લીધી છે. તેના કારણે પારો ભયાનક હદે વધી ગયો છે.

**6. ગ્લોબલ પીસ ઈન્ડેક્સ-2021 : પ્રથમ દેશ આઇલેન્ડ**




**7. આર્ટ કેપિટલ પાસપોર્ટ ઈન્ડેક્સ**

**પ્રથમ દેશ : જર્મની**




**8. દિન વિશેષ : 27 જૂન આંતરરાષ્ટ્રીય MSME દિવસ**

થીમ 2021:"MSME 2021: the key to an inclusive and sustainable recovery."




**MSME : માઇક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઇઝ**

**9. દિન વિશેષ : 30 જૂન (1) સોશિયલ મીડિયા ડે**




**(2) "એસ્ટેરોઇડ ડે" (લઘુગ્રહ દિવસ)**

**30 જૂને, સમગ્ર વિશ્વમાં "એસ્ટેરોઇડ ડે" (લઘુગ્રહ દિવસ)ની ઉજવણી**




- ✓ જગતભરમાં દર 30 જૂને “એસ્ટેરોઇડ ડે"ની વિશિષ્ટ ઉજવણી થાય છે.
- ✓ 30 જૂન 2021નો “એસ્ટેરોઇડ ડે" વિશ્વનો સાતમો એસ્ટોરોઇડ ડે.
- ✓ 30, જૂન-1908ના રોજ સાઇબિરિયામાં તુન્ગુસ્કા નામના વિરાટ લઘુગ્રહની પ્રચંડ ઉર્જાથી આઠ કરોડ વૃક્ષો બળી ગયાં હતા.

**કોની યાદમાં ઉજવણી :**

- ✓ તુન્ગુસ્કા એસ્ટેરોઇડ ઘટના અંતરીક્ષ સંશોધનના તાજેતરના ઇતિહાસમાં ઘણી નવી હતી. સાથોસાથ તુન્ગુસ્કા એસ્ટેરોઇડ પણ ખગોળશાસ્ત્રીઓ માટે નવો હતો.
- ✓ <u>તુન્ગુસ્કા નામના વિરાટ લઘુગ્રહની અતિ પ્રચંડ ઉર્જાથી સાઇબિરિયામાં તા. 30, જૂન-1908ના રોજ 2150 ચોરસ વિસ્તારમાં લગભગ આઠ કરોડ જેટલાં વૃક્ષો બળીને ભસ્મ થઇ ગયાં હતાં.</u>

**10. જન્મ દિન વિશેષ : 30 જૂન**

**સંગીત સાધક :પદ્મશ્રી સંગીતકાર કલ્યાણજી**

**જન્મ : 30 જૂન- 1928 અવસાન : 24 ઓગસ્ટ-2000**

- ✓ આજે મુંબઈમાં પહેલી કાપડ મિલ સ્થાપનાર સર દિનશા માણેકજી પીટીટ અને પ્રસિદ્ધ સંગીતકાર બેલડી કલ્યાણજી-આણંદજી પૈકીના કલ્યાણજીભાઇનો જન્મદિવસ અને દાદાભાઇ નવરોજીની પુણ્યતિથિ.
- ✓ <u>કલ્યાણજીભાઇનો જન્મ કચ્છના કુન્દોડી ગામે થયો હતો.</u>
- ✓ પિતા કરિયાણા અને અનાજના વ્યવસાય માટે મુંબઇ સ્થાયી થયા હતા.




- ✓ મરાઠી-ગુજરાતી વાતાવરણમાં ઉછરેલા કલ્યાણજીભાઇએ તેમના ભાઈ આણંદજી સાથે કલ્યાણજી વીરજી શાહ નામની ઓરકેસ્ટ્રા શરૂ કરી હતી.

**પ્રદાન :**

- ✓ કલ્યાણજીભાઇને તેમના ભાઈ સાથે 1954માં નાગીનથી બોલિવૂડમાં બેકથ્રૂ મળ્યો અને ફિલ્મી દુનિયાની સફર શરૂ થઇ
- ✓ કારકિર્દી દરમિયાન 250થી વધુ ફિલ્મોમાં સંગીત આપનાર કલ્યાણજીભાઇએ હિમાલય કી ગોદ મૈ, બૈરાગ, જબ જબ ફૂલ ખીલે, હાથ કી સફાઇ, કોરા કાગઝ, ઉપકાર, વિધાતા, ગંગા કી સૌગંધ, સચ્ચા જૂઠા, ધર્માત્મા, સરસ્વતીચંદ્ર, ડોન, કુરબાની, મુકદ્દર કા સિકંદર, લાવારીસ, ત્રિદેવ વગેરેનો સમાવેશ થાય છે.

**સન્માન :** સંગીત સાધના સિને મ્યૂઝિક એવોર્ડ,

- ✓ સંગીતનો નેશનલ એવોર્ડ - પદ્મશ્રી.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (30-06-2021)</u>

1. જૂન 2021માં ગુજરાત વન વિભાગ દ્વારા પૂનમ અવલોકનને આધારે યોજાયેલી એશિયન સિંહની ગણતરીમાં સિંહોની વસતી અંદાજે કેટલી જાહેર કરાઈ – **<u>700</u>**
2. ગુજરાતમાં છેલ્લાં પાંચ વર્ષમાં સિંહના પરિભ્રમણનો વિસ્તાર 22,000થી વધીને કેટલા ચોરસ કિલોમીટર થયો - **<u>30,000</u>**
3. સિંહ ગણતરી માટેની પૂનમ અવલોકનની પદ્ધતિને વનવિભાગની ભાષામાં કયા નામથી ઓળખવામાં આવે છે - **<u>‘સીધી બીટ ચકાસણી (બ્લોક કાઉન્ટ મેથડ)'</u>**
4. 159 વર્ષ જૂની 'દરબાર મૂવ' પ્રથા ક્યાં રાજ્યમાં અમલી હતી જેને જૂન 2021માં બંધ કરાઇ - **<u>જમ્મુ-કાશ્મીર</u>**
5. અગાઉ જમ્મુ-કાશ્મીર શિયાળા-ઉનાળામાં રાજધાની ક્યા સ્થળે બદલવામાં આવતી હતી - **<u>જમ્મુ અને શ્રીનગર</u>**
6. જમ્મુ-કાશ્મીરમાં 159 વર્ષ જૂની 'દરબાર મૂવ' પ્રથા બંધ કરવાથી વાર્ષિક અંદાજે કેટલા કરોડની બચત થશે - **<u>રૂ. 200 કરોડ</u>**
7. જૂન 2021માં ભારતના કયુ રાજ્ય સૌપ્રથમ હડકવામુક્ત રાજ્ય બન્યુ - **<u>ગોવા</u>**
8. જૂન 2021માં અંદાજે 1000 વર્ષે એકાદ વખત બનતી કુદરતી ઘટના હિટ ડોમનો કયુ શહેર-દેશ ભોગ બન્યું - **<u>વાનકુવર અને કેનેડા</u>**
9. જૂન 2021માં 100 ટકા ઘરમાં LPG જોડાણવાળું પ્રથમ રાજ્ય જણાવો - **<u>હિમાચલ પ્રદેશ</u>**
10. ગરમ પવનોનો પ્રવાહ ઊંચે ચઢયા પછી આસપાસ પ્રસરવાને બદલે લહેરિયા લેતો ઉપર-નીચે થવા લાગે અને ઉપરના ભાગે પણ ભયાનક ગરમ પવનો લહેરિયાં લેતા રહે પણ ફેલાય નહીં તે ઘટનાને કયા નામે ઓળખવામાં આવે છે -**<u>હિટ ડોમ</u>**
11. ગ્લોબલ પીસ ઈન્ડેક્સ-2021માં પ્રથમ ક્રમે આવનાર દેશ જણાવો - **<u>આઇલેન્ડ</u>**
12. આર્ટ કેપિટલ પાસપોર્ટ ઇન્ડેક્સમાં કયા દેશને પ્રથમ ક્રમ અપાયો છે - **<u>જર્મની</u>**
13. આંતરરાષ્ટ્રીય MSME દિવસ ક્યારે ઊજવવામાં આવે છે - **<u>27 જૂન</u>**
14. આંતરરાષ્ટ્રીય MSME દિવસ 2021ની થીમ જણાવો - **<u>"MSME 2021: the key to an inclusive and sustainable recovery."</u>**
15. MSMEનું વિસ્તૃત નામ જણાવો - **<u>માઇક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઇઝ</u>**
16. સોશિયલ મીડિયા ડે ક્યારે ઉજવવામાં આવે છે - **<u>30 જૂન</u>**
17. સમગ્ર વિશ્વમાં લઘુગ્રહ દિવસ ક્યારે મનાવવામાં આવે છે - **<u>30 જૂન</u>**
18. વિશ્વમાં 30 જૂન 2021ના રોજ કેટલામો “એસ્ટેરોઇડ ડે" (લઘુગ્રહ દિવસ) મનાવવામાં આવ્યો – **<u>સાતમો</u>**
19. પ્રસિદ્ધ સંગીતકાર બેલડી કલ્યાણજી-આણંદજી પૈકીના કલ્યાણજીભાઇનો જન્મ ક્યારે થયો હતો –**<u>30 જૂન-1928</u>**
20. મુંબઈમાં પહેલી કાપડ મિલના સ્થાપક કોણ હતા - **<u>સર દિનશા માણેકજી પીટીટ</u>**
21. સંગીતકાર કલ્યાણજીભાઇનો જન્મ ક્યાં થયો હતો - **<u>કચ્છના કુન્દોડી ગામે</u>**
22. સંગીતકાર કલ્યાણજીભાઇને તેમના ભાઈ સાથે કયા વર્ષમાં નાગીનથી બોલિવૂડમાં બેકથ્રૂ મળ્યો હતો – **<u>વર્ષ 1954</u>**
23. સંગીતકાર કલ્યાણજીભાઇને ક્યા મહત્વના એવોર્ડ્સ મળ્યા છે - **<u>સંગીત સાધના સિને મ્યૂઝિક એવોર્ડ, સંગીતનો નેશનલ એવોર્ડ અને પદ્મશ્રી</u>**

**............વંદે માતરમ્............**




# વિવેકાનંદ એકેડમી, ગાંધીનગર.

## સંસ્થાની વિશેષતા :

- નિષ્ણાંત અને અનુભવી ફેકલ્ટી દ્વારા માર્ગદર્શન
- ગણિત અને અંગ્રેજી વિષય માટે ખાસ આયોજન
- દરરોજ ટેસ્ટ દ્વારા મૂલ્યાંકન
- OMR દ્વારા દર અઠવાડિયે ૧૦૦ ગુણની ટેસ્ટ
- દર મહિને ૧૦૦ ગુણની ટેસ્ટ
- અઠવાડિયામાં ત્રણ વાર સબ્જેક્ટ વાઇઝ ટેસ્ટ
- લાયબ્રેરીની સુવિધા
- ગુણવત્તાસભર મટિરિયલ્સ
- દરેક વિદ્યાર્થી ઉપર પર્સનલ ધ્યાન આપવામાં આવશે.

GPSC (1/2)

Dy.S.O. / નાયબ મામલતદાર

PSI / ASI / Constable

TET / TAT / HTAT

ક્લાર્ક / તલાટી

# વિવેકાનંદ એકેડમી

700, મુખ્ય શોપીંગ સેન્ટર, ઇન્કવાયરી ઓફિસ સામે, સેક્ટર-22, ગાંધીનગર.

**M:9925698721 | 8490927713**

ખાસ નોંધ : સંસ્થાની એપ્લિકેશન "Vivekanand Academy" પર રોજેરોજનું કરન્ટ મુકવામાં આવે છે.જેની વિઝીટ કરવા વિનંતી